# પ્રતાપી પૂર્વજો

પુષ્પ બીજું

✣

સંપાદક:

શ્રીયુત્ ડુંગરશી ધરમશી સંપટ

કરાંચી

પ્રકાશક :

જૈન ઓફિસ

ભાવનગર.

મુદ્રકઃ—
શેઠ દેવચંદ દામજી
આનંદ પ્રિ. પ્રેસ
ભાવનગર.

મૂલ્ય. કાચું પૂંઠું રૂા. ૧–૮–૦
પાકું ,, રૂા. ૨–૦–૦
પ્રથમાવૃત્તિ ૧૯૪૧

સર્વ હક્ક પ્રકાશકે સ્વાધીન રાખ્યા છે.

# પ્રસ્તાવના

હું જન્મે જૈન નથી, પરંતુ જૈનોના સમાગમમાં હું ઘણાં વર્ષો સુધી રહ્યો છું. રંગુન, કલકત્તામાં યુવાનીમાં વેપારને અંગે મને જૈન ભાઇઓ સાથે પુષ્કળ સંસર્ગ રહ્યો હતો. આથી મને જૈન ધર્મ વિષે જાણુવાની જિજ્ઞાસા થઇ. વેદાંત વિગેરે કઠીન વિષયો જાણુવા સમજવાની જિજ્ઞાસા પહેલેથી જ હતી. એટલે રંગુનમાં ઉપલબ્ધ થોડું જૈન સાહિત્યનું અવલોકન કર્યું હતું. મારા જૈન વેપારીબંધુઓને જૈન ધર્મના શુદ્ધ સિદ્ધાન્તો સંબંધી જ્ઞાન હતું નહિ. માત્ર બાહ્ય ક્રિયાઓને શ્રદ્ધા અને પ્રેમથી આચરતા હતા. મારી ધર્મભૂખ એમનાથી ભંગાય તેમ નહોતી. તે સમયે શ્રી વાડીલાલ શાહની સાથે પણુ ચર્ચા થઇ હતી.

એક સત્યશોધક તરીકે મારે તો અસલ જૈન સિદ્ધાન્તો જાણુવાં હતાં. અંગ્રેજી લેખો વાંચીને મને ખોટો ભ્રમ થયો હતો કે જૈનધર્મ એ બુદ્ધ ધર્મની શાખારૂપ છે, પરંતુ ત્યારપછી મને પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજે શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને

અમેરિકાની ધર્મપરિષદમાં ભાગ લેવા જતાં કેટલાક પ્રશ્નોત્તરદ્વારા જૈનધર્મનું ઉત્કૃષ્ટ સ્વરૂપ બતાવ્યું હતું તે મારા વાંચવામાં આવ્યું. પછી બીજા ધર્મોના અભ્યાસ સાથે જૈનધર્મનાં સિદ્ધાન્તો પણ મને સમજાયાં. મારા મનમાં ખાત્રી થઇ કે સર્વ ધર્મોમાં સત્ય રહ્યું છે. પોતપોતાના ધર્મમાં સૌને ઊંચું આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે. શ્રી ભગવદ્ ગીતામાં યોગ્ય જ કહ્યું છે—

**स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धं लभते नरः।**

પોતપોતાના સ્વધર્મમાં પ્રેમીને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**अहिंसा परमो धर्मः** એ સર્વથી પ્રાચીન અને તત્ત્વરૂપ સિદ્ધાન્ત જૈનધર્મમાં શાશ્વતરૂપે વિદ્યમાન છે. એમાં ઉચ્ચ પ્રકારનાં મનોબળ યુક્ત સહનશક્તિનો સંપૂર્ણ ઉદય છે. આથી જ એનું નૈસર્ગિક સૌંદર્ય દીપી નીકળે છે. જે સૌંદર્ય પ્રાચીન કાળમાં પ્રકાશતું હતું તે અસલ સ્વરૂપમાં આજે પણ છે. માત્ર સમજદાર જોઇએ છીએ. જૈનધર્મમાં વિશુદ્ધિનું મહત્ત્વ ખૂબ મોટા પ્રમાણમાં સમજાવ્યું છે તે પણ યોગ્ય થયું છે. આત્મિક ભાવનાની સુધારણા અર્થે જૈનધર્મના સિદ્ધાન્તોએ પુષ્કળ ભાર મૂકયો છે તે નિર્વિવાદ છે.

જૈનધર્મે વિષયાસક્તિને કદાપિ સ્વીકાર્ય ગણી નથી. વિલાસિતાને એમાં સ્થાન નથી. અહિંસા અને સદાચાર ઉપર ભારે ભાર મુકાયો છે. "જિન" એટલે વિજેતા—પોતાની આસુરી શક્તિઓના વિજેતા એમ જેને સમજાયું છે તે જૈનધર્મના ખરા જ્ઞાતા છે. એ વ્યાખ્યા કયા સત્યશોધકને અપીલ ન કરે ?

જૈનધર્મના પ્રાચીન આદર્શ જીવન મળતાં હતાં. એ એમના ચરિત્રોના અભ્યાસથી જણાય છે. મારે એક કડવી ફરિયાદ

કરવાની રહે છે. ભગવાન બુદ્ધના અનેક સુંદર ચરિત્રો લખાયાં છે. શ્રી તીર્થંકરોનાં એવાં સુંદર ચરિત્રો આધુનિક દૃષ્ટિ અને શક્તિથી લખાયાં નથી. મહાન્ વિભૂતિ શ્રી મહાવીરસ્વામીનું ચરિત્ર પણ આકાંક્ષા થવા છતાં લબ્ધ થયું નથી, એ મોટી ફરિયાદ છે. જૈન ધર્મમાં મહાન્ લેખકો થયા છે, છતાં પ્રાચીનોનાં ચરિત્રો સંબંધી એમણે પુરુષાર્થ કર્યો જણાતો નથી.

હું તો જૈનધર્મના મહાન અનુયાયીઓનો પ્રશંસક છું. જે ધર્મમાં શ્રી વસ્તુપાળ, તેજપાળ, ભામાશાહ, વિમળ મંત્રી, મુંજાલ મંત્રી, સાન્તૂ મહેતા, સજ્જન મંત્રી જેવા તેજસ્વી શૂરવીરો થયા છે, મહાન્ વેપારીઓ અને સાહસિકો જેમાં થયા છે, જેમાં આ છેલ્લી સદીમાં બરવાળાના ઘેલાશાહ જેવા ક્ષત્રિયવૃત્તિવાળા વૈશ્યો થયા છે તે ધર્મ ઢીલાઓ અને પોચાઓનો કદી પણ થઈ શકે જ નહિ. હું માઇસોર-માં શ્રી ગોમટેશ્વરની ૫૮ ફીટ ઊંચી પર્વતમાંથી કોતરેલી મૂર્તિના દર્શનાર્થે ગયો હતો. ત્યાં ચંદ્રગુપ્ત મૌર્યે ઘણાં વર્ષો સુધી રહી જૈનધર્મની છેલ્લી ગતિ પ્રાપ્ત કરી હતી. આવા મહાન્ સમ્રાટો પણ જૈનધર્મમાં થયા છે ત્યારે એ ઢીલા પોચાનો ધર્મ છે એમ કેમ કહેવાય? હમણાના જૈન ભાઇઓ આ દૃષ્ટિથી પોતાના ધર્મને પાળે-વિચારે એવું હું ઇચ્છું.

જૈનધર્મના સાધુઓ ખરેખર વૈરાગ્ય અને તપોમય જીવન પાળે છે. સર્વત્ર ખુલ્લા પગે પગપાળા વિચરવું, ટાઢ, તડકા, વરસાદ, ચોર, લૂંટારા, હિંસક સર્પો, પશુઓ, ખાડા, ખાબોચીયાં, ખાઇઓ, નદીઓ, તળાવો વિગેરેની પ્રદક્ષિણા કરીને જે વિહાર કરે છે તે બળવાન આત્મા વગર બનતું નથી. ઉપનિષદ્‌માં બરાબર કહ્યું છે કે **नायमात्मा बलहीनेन लभ्यः** તે પ્રમાણે એ બળવાન આત્માઓ છે. જૈન સાધુઓએ વિસ્તૃત સાહિત્ય હિંદની દરેક ભાષામાં લખ્યું છે. ગુજરાતી ભાષાના વિકાસમાં એમનો અમૂલ્ય ફાળો છે.

આ શ્રી જૈન સાધુપુરુષોને મારી એક નમ્ર વિનંતિ છે કે—એમણે હવે જૈન દૃષ્ટિએ વિશ્વ સાહિત્યને અવલોકી, દેશકાળ અને મર્યાદાઓ સમજી, બાહ્યાચારને વિશ્વ દૃષ્ટિએ યોજી લોકકલ્યાણના માર્ગે પ્રવૃત્તિઓ આદરવાનું અનુકૂળ છે કે નહિ તે વિષય ઉપર વિચાર કરવો જોઇએ.

જૈનસંઘે હંમેશાં ભારે સમાધાનવૃત્તિ જાળવી બીજા ધર્મો સાથે મૈત્રી અને સહિષ્ણુતા દાખવી છે. આજે પણ ગુજરાતમાં જૈનો, વૈષ્ણવો, શૈવો એકરૂપ થઇને પોતાનો પ્રજા તરીકેનો ભાગ બજાવે છે. પોતાના ધર્મ ઉપર શ્રદ્ધા રાખીને પારકા ધર્મ ઉપર આદર બતાવે છે. હવે એમનો દાનપ્રવાહ પણ બદલી લોકકલ્યાણના માર્ગે વહેરાવવા માંડ્યા છે. જૈનો મુખ્યત્વે વેપારી કોમ છે. એમનો દાનપ્રવાહ હંમેશાં અતિ સુંદર રીતે વહ્યો છે. એ દાનપ્રવાહ હજી પણ વિશેષ એ તરફ વહી આધુનિક જમાનાને યોગ્ય શિક્ષણ-વૃદ્ધિ, રોગશાંતિ, અનાશ્રિતોની પાલના, બેકારીનિવૃત્તિ, ઉદ્યોગ-વૃદ્ધિ વિગેરેના મંદિરો સર્જાવવા અને સૂજવાના કોડો પૂરા કરે એવી પ્રાર્થના છે.

શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડીયાએ તસ્દી લઇ આ ગ્રંથનો આમુખ લખી આપ્યો છે તે માટે એમનો અંતઃકરણ-પૂર્વક ઋણી છું.

ભાઇશ્રી દેવચંદ દામજી શેઠે મને નિષ્કામભાવે આપણા જૈન મહાજનોના ચરિત્રો લખવાની જે તક આપી છે તે માટે હું એમનો આભારી છું.

ડુંગરસી ધરમશી સંપટ

# આમુખ

**રાજનગરના રાજરત્નો**નાં શરૂઆતનાં મળેલાં પૃષ્ઠો વાંચતાં મને ખૂબ આનંદ થયો. શ્રીયુત ડુંગરશી ધરમશી સંપટને અભિનંદન આપતાં મને તેટલો જ આનંદ થાય છે. એક કલ્પિત વાર્તા કે નવલ લખવામાં અને જીવનચરિત્રનું ચિત્ર રજૂ કરવામાં બહુ તફાવત છે. લખવાની ટેવ હોય અને ભાષા પર કાબૂ હોય તો કલ્પનાના ઘોડા દોડાવી નવલકથાનાં પૃષ્ઠો ભરી શકાય છે, પણ જીવનચરિત્રમાં તો દરેક પ્રસંગ માટે આધાર જોઈએ, એનો સંગ્રહ કરવો પડે, એનાં મૂળ સ્થાને તપાસ કરવી પડે અને એને સંકલનામાં જોડવાં પડે. પ્રમાણિક તપાસને પરિણામે લખાયલાં જીવનચરિત્રો તેટલા માટે ઘણી ઝીણવટ–તપાસ અને પૃથક્કરણ માગે છે અને એની પ્રત્યેક પંક્તિ લેખનમાં ઉતારવા પહેલાં જવાબદાર લેખકને તે વખતના સમાજનો ઇતિહાસ, ધાર્મિક પ્રવૃત્તિ, ક્રિયાની પદ્ધતિ, રીતરિવાજ આદિ અનેક બાબતોનો વિગતવાર અભ્યાસ

કરવો પડે છે અને કેટલીક વાર તો દિવસો સુધી તપાસ કરવાને પરિણામે ઘણી જ થોડી હકીકત પ્રાપ્ત થાય છે અને તેને વાંચી સમજી શકાય તેવા આકારમાં મૂકતાં ભારે વિચાર અને પરિશ્રમ કરવો પડે છે.

જે યુગનું ચિત્ર શ્રીયુત સંપટે દોર્યું છે તે યુગના એક વ્યાપારીનેતાનું ચરિત્ર હું આલેખવા હમણાં પ્રવૃત્તિ કરી રહ્યો છું, તેથી મને આ કાર્યની વિષમતા અને મહત્તા બરાબર સમજાય છે. વિદ્વદ્વર્ય શ્રીયુત ડુંગરશી સંપટે, **જૈન** ન હોવા છતાં **જૈન** રત્નોને જે ન્યાય આપ્યો છે તે માટે તેમને હાર્દિક અભિનંદન આપવામાં મને જરા પણ સંકોચ થતો નથી. શેઠ શાંતિદાસ, હેમાભાઇ શેઠ, હઠીભાઇ શેઠ અને શેઠાણી હરકુંવરની નાની મોટી અનેક વાતો મેં નાનપણમાં સાંભળેલી હોઇ, એ વાતોમાંની કેટલીકને અક્ષરદેહ ધારણ થતો જોઈ મને ભાઇ સંપટની શૈલી માટે માન થાય છે અને આદરેલ પ્રવૃત્તિ માટે અંતરના પ્રેમોદ્ગાર નીકળી પડે છે.

નવલકથા વાંચવાની શરૂઆત કરતાં એ કલ્પનાચિત્ર છે એ ધોરણે આપણું માનસ તેનો સ્વીકાર કરે છે, પણ જીવનચરિત્રનો મહિમા તદ્દન અલગ છે. એના પ્રત્યેક પાત્રને જીવતાં બનાવવાં પડતાં નથી, એ તો એમ જ જીવ્યા હતા એ ધોરણે જ એનો સ્વીકાર થાય છે અને તેથી નવલકથાકારના ક્ષેત્ર કરતાં ચરિત્રલેખકનું ક્ષેત્ર બહુ સુંદર અને તેટલા માટે જ વધારે જવાબદારીથી ભરપૂર ગણાય છે. ઐતિહાસિક નવલકથાકાર હાલમાં એ ક્ષેત્રમાં ઘણી વધારે છૂટ લેવા લાગ્યા છે એ અધિકાર ક્ષમ્ય ગણાય કે નહિ એ સાહિત્યનો તકરારી વિષય છે. એમાં ઊતરી પડવાનો આ પ્રસંગ નથી, પણ ભાઈ સંપટે તો નવલકથાનું ખમીર જાળવવા છતાં ઐતિહાસિક નવલકથાકાર જેવી એક પણ વધારે પડતી છૂટ લીધી નથી એમ વગરસંકોચે કહી શકાય છે. એમણે પાઠ ભજવી ગયેલા

પાત્રોને મજબૂત કલમથી સજીવન કર્યાં છે અને એમનું પાત્રાલેખન એવું સુંદર છે કે એમના ચિરંજીવ કરેલા શાંતિદાસ શેઠને આપણે અકબરના દરબારમાં ઊભેલા આંતરચક્ષુથી જોઈ શકીએ, અને હરકોર શેઠાણીને પતિના વ્યાપારમાં સલાહ આપતી નજર સન્મુખ કરી શકીએ, એમાં વેલજીશાહને ભરદરિયે મનવાર જોતાં સમય-સૂચકતા અને ધૈર્યથી મદદની બૂમ પાડતા આંખ સન્મુખ રજૂ કરી શકીએ, એક કુશળ કાર્યવાહક શેઠાણીને કરોડોનો મઝીઆરો એક રાતમાં ફતેહમંદ રીતે વહેંચવાની કળામાં નિપુણ તરીકે તારવી શકીએ.

આખા ગ્રંથનું પાત્રાલેખન મજબૂત, તથ્ય અને સમયને ઓળખનારું છે. ખબર ન હોય તો લેખક જૈનેતર છે એમ શોધવું પણ મુશ્કેલ પડે તેવું છે. અને ઊંડા અભ્યાસ અને ખંતભરી શોધક દૃષ્ટિને ન્યાય આપનારું છે. જૈનો તો આ પુસ્તકને રસભરી રાતે વાંચે તેમાં નવાઇ નથી. એમને તો પોતાના પૂર્વજોને ઋણ આપવાની આ અમૂલ્ય તક સાંપડી છે. એમને શાંતિદાસ શેઠથી માંડીને પ્રેમાભાઇ શેઠ સુધીના નગરશેઠોએ તીર્થસેવા કેવા ખેલ-દિલ અને હૃદય ઊર્મિથી કરી છે તે પચાવવાની આ સારી તક મળી છે; પરન્તુ જૈનેતર પણ આ ઇતિહાસ ગુજરાતની સમૃદ્ધિ તરીકે ગણે એમાં જરા પણ નવાઇ નથી.

સાહિત્યની નજરે પાત્રાલેખન સાદું પણ યથોચિત થયું છે. વચ્ચે વચ્ચે વર્ણનો પણ યથોચિત સ્થાને અપાયાં છે અને પુસ્તક હાથમાં લીધા પછી વાંચવાનું મન થાય તેવા આકારમાં તૈયાર થયું છે. મુસલમાની સમય કેવો આકરો હતો, ઝનૂનમાં શી અંધવૃત્ત હતી અને ચારે તરફ દવ લાગ્યો હોય ત્યારે તીર્થરક્ષા કરવાનું બીડું ઝડપવું એ કેટલું મુશ્કેલ કાર્ય હતું એનો ખ્યાલ આ ચરિત્રો આપે

છે. વ્યાપારમાં જૈનો કેટલા સાહસિક હતા, દરિયો ખેડવામાં કેટલા કુશળ હતા, મુત્સદ્દીગીરીમાં કેટલા કાબેલ હતા અને ધર્મભાવનામાં કેટલા મશગૂલ હતા એનો ખ્યાલ કરાવનાર આ પુસ્તકમાં મને ઠામઠામ સુંદર પુષ્પો વેરાયલાં માલૂમ પડયાં છે અને એનું એકથી વધારે વખત પઠન થતાં એ હૃદય પર અવનવી અસર કરનાર થઈ શક્યા છે એ ખ્યાલથી આ પુસ્તકનો વધારે પ્રચાર કરવા આગ્રહ કરું તો તે અયોગ્ય નહિ કહેવાય. ઘણી વાર આવા સફળ પ્રયત્નો જૈનને લગતા હોવાને કારણે એને સાહિત્યક્ષેત્રમાં પૂરતો ન્યાય નથી મળ્યો અને કેટલીક વાર અન્યાય થયો છે એવો મારો આધીન મત હોઈ, આ પુસ્તક સર્વગ્રાહી અને સર્વભોગ્ય હોઈ એનો લાભ જનતા વગર ભેદભાવે લે તેવા પ્રકારની એને જાહેરાત આપવાની વિજ્ઞપ્તિ કરી, ભાઈ ડુંગરશી સંપટને તેમણે કરેલા પ્રયત્ન માટે અને દાખવેલી સાહિત્યરસિકતા માટે ફરીવાર અભિનંદન આપી અત્ર વિરમીશ.

ચોપાટી : સીફેસ : મલબાર વ્યૂ
હોળી પડવો : તા. ૧૪–૩–૧૯૪૧
મુંબઈ

મોતીચંદ ગિરધરલાલ
કાપડિયા

# નિ....વે....દ....ન.

ઈતિહાસ યુગસર્જનમાં હંમેશા મહત્ત્વનો ભાગ ભજવે છે. સંસ્કાર અને સંસ્કૃતિનું એ પ્રેરણા બળ છે.

ભારતવર્ષના ઘડતરમાં અનેક જૈન-વીરોએ સુયોગ્ય ફાળો આપ્યો છે. બંગ, મારવાડ, માળવા, ગુજરાત-સૌરાષ્ટ્ર, હિન્દના પ્રત્યેક પ્રાન્તોમાં જૈન તપસ્વીઓ, શ્રીમંતો અને રાષ્ટ્રસેવકોએ ભારતવર્ષના ઘડતરમાં સુંદર ફાળો આપ્યો છે. કેવળ જૈન દ્રષ્ટિએ નહિ પરંતુ સમસ્ત રાષ્ટ્રની, માનવ-સમાજની વિશાળ દ્રષ્ટિએ એ વીરોનું વીરત્વ એટલું જ ગૌરવભર્યું છે.

દૂર દૂરના ભૂતકાળ કે મધ્યયુગમાંથી જેમ અનેક પ્રભાવિક પુરુષોની ઐતિહાસિક કથાઓ મળી આવે છે, તેમ છેલ્લા છેલ્લા વીસરાતા યુગના પ્રસંગોનું સંશોધન કરવામાં આવે તો તેમાંથી પણ વિવિધ સંસ્કારી જીવનની હારમાળા મળી શકે તેમ છે-નવી પ્રેરણા આવી શકે છે. પરંતુ તે વીણી લેવાની ભાવના હજુ આપણામાં જોઈએ તેટલા પ્રમાણમાં જાગી નથી.

લોકકથાઓ, રાસાઓ, કાવ્ય પ્રશસ્તિઓ અને એવા સાહિત્યને ઐતિહાસિક સરાણે ચઢાવી, યુગ-રુચિને અનુરૂપ સાહિત્ય સર્જવામાં આવે તો અનેક અપ્રગટ વીરપાત્રો આપણને મળી આવે એમ છે.

"જૈન"ના વાર્ષિક ભેટ પુસ્તક માટે આવું જ સાહિત્ય તૈયાર કરવાની અમારી હંમેશની દ્રષ્ટિ છે તેની પૂર્તિ રૂપે છેલ્લા બે-ચાર સૈકાના જીવંત પાત્રોનાં મૂર્ત કથાનકોનો સંગ્રહ ગત વર્ષે વાચકો સમક્ષ રજૂ કરવા પછી આ દિશામાં વધુ પ્રયાસ કરતાં આ બીજું પુષ્પ સમાજ સમક્ષ રજુ કરવાનું સદ્‌ભાગ્ય સાંપડયું છે. કોઇપણ પ્રાંત કે ગામના ટીંબેથી અણુખેડાયેલ પ્રખર વ્યક્તિત્વનો આદર્શ ઇતિહાસ જળકતો હોય છે. ફકત તે તરફ જનતાની રુચિ જાગૃત થવી જોઇએ.

ઐતિહાસિક પાત્રોના સંશોધનમાં રસ લઇ રહેલા બે-ચાર સાહિત્યપ્રેમીઓ સાથે પત્ર-વ્યવહાર શરૂ કરવામાં આવતાં, શ્રીયુત ડુંગરશીભાઈ ધરમશી સંપટે અમારા મનોરથને પહોંચી વળવાનું ઉત્સાહપૂર્વક બીડું ઝડપ્યું. ઐતિહાસિક સંશોધક તરીકે તેઓની સેવા જાણીતી છે. વાચકોમાં રસવૃત્તિ જગાવવા ખાતર ઐતિહાસિક પ્રસંગોને કેવળ નવલકથાના તરંગોથી રંગવાનું તેઓ પસંદ કરતા નથી. ઇતિહાસ એ તો જગતની આરસી છે. તે હંમેશા શુદ્ધ અને તેના યથાર્થ સ્વરૂપમાં જ શોભે-આ રાહે તેઓ કોઈ પણ ઐતિહાસિક પાત્રને ઉપાડે છે, અને તેની મહત્તાના પ્રસંગોની ગુંથણી સાદા સરળ છતાં રસિક રૂપમાં, કોઇપણ જાતની અતિશયોક્તિ વિના રજૂ કરે છે. આ પુસ્તકમાં જે કથાનકો તેઓએ રજૂ કર્યાં છે તે પણ એટલી જ ચીવટપૂર્વક એક સત્ય શોધકને છાજે તે રીતે તેઓએ આલેખ્યાં છે. તેનો પરિચય અન્યત્ર આપવામાં આવેલ છે. તેમાં કંઇપણ વધુ શબ્દો ઉમેરવા કરતા વાંચકો પોતે જ રજૂ થએલ રસ સામગ્રી વાંચી લેખકના પ્રયાસની કદર કરે તે વધારે ઇષ્ટ છે. એમ છતાં આ પ્રસંગે એટલું કહ્યા વિના નથી રહી શકાતું કે આવું સુંદર અને જરૂરી સાહિત્ય પૂરું પાડવા, તેમજ ભવિષ્યમાં વધુ તૈયાર કરવાની જે સેવા-ભાવના તેઓએ દાખવી છે તે માટે સમસ્ત જૈન સમાજ તેઓનો ઋણી રહેશે.

સાથેસાથ એક અગત્યની વાત રજૂ કરીએ. ઉપર દર્શાવ્યું તેમ ભારતના ખૂણે ખૂણે અનેક લોકકથાઓ, અક્ષરદેહ ધારણ કર્યા વિનાની વિસરાતી જાય છે, અનેક જીવનપ્રભાઓ અપ્રગટ રૂપમાં જ અદૃશ્ય થતી જાય છે. એ કથાઓ, એ જીવનપ્રભાઓમાં છેલ્લા સૈકા સુધીનો જ્વલંત ઇતિહાસ છે, આપણા સામાજિક, આર્થિક, ધાર્મિક કે રાષ્ટ્રિય જીવનની અનેરી પ્રેરણા મળી રહે તેમ છે. સમસ્ત રાષ્ટ્રના સળંગ ઇતિહાસના ઘડતરમાં એ અગત્યના અંકોડાઓની ગરજ સારે છે. માત્ર જૈન દૃષ્ટિએ નહિ, પણ ભારતના બૃહદ ઇતિહાસના સર્જનમાં તેનું સ્થાન મહત્ત્વનું છે. ભલે એ જૈન પાત્રો રહ્યાં પરંતુ તેઓનો સેવાપ્રવાહ કોઈપણ જાતના ભેદ-ભાવ વિના એક જ રાષ્ટ્રના સંતાન તરીકે લોકકલ્યાણની દૃષ્ટિએ વહેતો રહ્યો છે.

જો પોતપોતાના વિભાગનું આવું લોકસાહિત્ય, ઇતિહાસ-પ્રેમીઓ યોગ્ય સ્થળેથી મેળવીને, અમોને મોકલી આપે તો તે સુવ્યવસ્થિત કરી, યોગ્ય અક્ષરદેહ આપવાનું કાર્ય અમો કરવા ઉત્સુક છીએ. પ્રાન્તેપ્રાંતના સમાજસેવકોનો સહકાર આમાં જરૂરી છે.

દેવચંદ

# અ . નુ . ક્ર . મ


૧ રાજનગરના રાજરત્નો ... ... ... ... ... ... ... ૧

(૧) શાન્તિદાસ ઝવેરી ... ... ... ... ... ... ૧

(૨) લખપતિ લક્ષ્મીચંદ ... ... ... ... ... ... ૪૧

(૩) ખુશાલશાની ખાનદાની ... ... ... ... ... ૫૫

(૪) વખતશાનું વહીવટીતંત્ર ... ... ... ... ... ૬૭

(૫) રાજરત્ન હેમાભાઇ ... ... ... ... ... ... ૭૦

(૬) પ્રજાકીય પ્રમુખ પ્રેમાભાઇ... ... ... ... ... ૭૯

૨ સાહસિક શ્રીમંત ... ... ... ... ... ... ... ... ૮૯

૩ ખાનદાનીનાં ખમીર ... ... ... ... ... ... ... ૧૧૨

(૧) વફાદાર વાલી ( મહોકમભાઇ ) ... ... ... ... ૧૧૨

(૨) હાથીયો હાકેમ ... ... ... ... ... ... ... ૧૨૧

(૩) વ્યાપારકુશળ વનિતા (હરકુંવર શેઠાણી) ... ... ૧૩૬

૪ મલબારના મલકા વાણિયા ... ... ... ... ... ... ૧૫૬

૫ છાપરીયાની શેઠાઇ ... ... ... ... ... ... ... ... ૧૬૫

૬ ચીનનો પહેલો પ્રવાસી ... ... ... ... ... ... ... ૧૮૬

# પ્રતાપી પૂર્વજો

## પુષ્પ બીજું

# રાજનગરના રાજરત્નો

## (૧) શાંતિદાસ ઝવેરી

એક ઘોડેસ્વાર મેવાડના ડુંગરો વટાવીને નીચેની સપાટભૂમિ ઉપર ઘોડો દોડાવ્યે જતો હતો. એણે ખેતરમાં દૂરથી હરણોનું એક ટોળું જોયું. તેને આવતો જોઇને હરણો ચેતી ન જાય તે માટે ઘોડાને આડે રસ્તે લઇને તે ખેતરના દક્ષિણ તરફના સેઢા પાસે આવી પહોંચ્યો. ત્યાં ઘોડાને વૃક્ષ સાથે બાંધ્યો ને પોતે ચુપકીદીથી સરકતો સરકતો એ હરણોની સમીપ જવા લાગ્યો. નાના નાના છોડવાની ઓથે છુપાતો લપાતો એ આગળ વધીને જ્યારે સો એક ફીટ નજદિક આવી પહોંચ્યો ત્યારે ત્યાં ઉભેલા આકડાના એક છોડની ઓથે બેસીને પોતાની સાથે રાખેલ તીરકામઠું હાથમાં લીધું. ને ભાથામાંથી એક કાતીલ–તીક્ષ્ણ તીર લઇને, ધનુષ્ય ઉપર ચડાવી, કાન સુધી દોરી ખેંચી એ તીર નેમ લઇ એણે છોડયું. સડસડાટ કરતું તીર પવનમાં છૂટયું. એક નાના હરિણને એ લાગ્યું. એની છાતીમાં એ ઘુસ્યું. બચ્ચું ચીસ પાડીને જમીન ઉપર પડયું. બીજાં હરિણો પવનવેગે નાઠાં,

જ્યારે તે બચ્ચાની માતા હરિણી બચ્ચાને વ્હાલથી ચાટતી ઊભી રહી. ને તીરંદાજને આવતો જોઇ તેના સામે ટગર ટગર જોઇ રહી. રાજપુતે હરિણુ બચ્ચાની પાસે જઇ તેને ઉપાડયું. તેના કુમળા દેહમાં ખુંચી ગએલા તીરને ખેંચીને એણે ભાથામાં પાછું નાખ્યું. એણે જોયું તો તે બચ્ચું થોડી ખેંચતાણ પછી મરણ પામ્યું હતું. એની મા ત્યાં ઊભી ઊભી ટગર ટગર જોયા કરતી હતી. રાજપુત બચ્ચાંને ઉપાડી ઘોડા પાસે ગયો ને તેને પલાણની પીઠે બાંધીને ઘોડા ઉપર ચડી બેઠો. હરિણી પણ તેની પાછળ આવી ઊભી હતી. તેથી એણે ઘોડાને દોડાવી મૂકયો ને દૂર જોઇ પાછું વળીને જુએ છે તો હરિણી એની પાછળ દોડતી આવતી હતી. પુત્રવાત્સલ્યથી પાછળ દોડી રહેલી હરિણીની આંખમાંથી આંસુઓ વહેતાં હતાં. તે ધીમે સાદે આક્રંદ કરતી હતી. રાજપુતે કઠોરતાથી પહેલી નજરે હરણી તરફ ઉપેક્ષા કરી. પરંતુ વારંવાર હરિણીનો દયાર્દ્ર ચ્હેરો અને આંસુભીની આંખો તરફ જોતાં એના મનના ભાવો બદલાવા લાગ્યાં.

એણે ઘણા શિકારો ખેલ્યા હતા, પરંતુ આવી તેને મનની નબળાઇ કોઇ વખતે થઇ નહોતી. હું રાજપુત છું. અનેક પેઢીઓથી અમે મૃગયા ખેલતા આવ્યા છીએ. શા માટે અમારે એનાથી કંપવું જોઇએ ? બીજી તરફથી એનો અંતરાત્માનો અવાજ કહેવા લાગ્યો: ‘ અરે ! આ કામ તેં સારું કર્યું નથી. બીચારી મૂંગી હરિણીના દયાર્દ્ર મુખ તરફ તો જો. એનાં બચ્ચાનો જીવ તેં લઇ લીધો. કુમળા ફૂલની પેઠે ઊગતી કળીને ચુંથી નાખી. એ તેં ઠીક ન કર્યું. ’ એનાં મનમાં દ્વંદ્વ જાગ્યું.

એણે એવા વિચારો અટકાવવા પ્રયત્નો કર્યાં, પરંતુ વારંવાર એ કરુણ દ્રશ્ય તેની સામે ખડું થવા લાગ્યું.

હરિણીનું ઢીલું, કરમાયેલું અને દુ:ખી મોં જોઇ એના મનમાં ફરી દ્વંદ્વયુદ્ધ જાગ્યું. કોઇ રીતે એના વિચારોએ એનો કેડો છોડ્યો નહિ. હરિણીની આંસુ ઝરતી આંખો એના હૃદયમાં પ્રતિબિંબો પાડવા લાગી. એણે ઘોડાને ખૂબ દોડાવ્યો. હરિણી પાછળ રહી ગઇ, પરંતુ એની કરુણાજનક મૂર્તિ એના અંતઃકરણમાં ચોંટી રહી.

વખત ઘણો થઇ ગયો હતો. સવારના વ્હેલાં એ નીકળ્યો હતો. હવે તડકો ધૂમ ધગતો હતો, પર્વતોમાં લૂની જ્વાળાઓ ઊઠતી હતી. રાજપુતે ઘર તરફ ઘોડો મારી મૂકયો, પરંતુ ઘર દૂર હતું. પાણીની તૃષા ખૂબ લાગી હતી. કંઠ સુકાતો હતો. એનું શરીર પરસેવાથી તરબોળ થઇ ગયું હતું. એ ખૂબ શ્રમિત થઇ ગયો હતો. રસ્તા ઉપર બાજુએ થોડાં વૃક્ષોનો છાંયો જોવામાં આવ્યો. એટલે ઘોડા ઉપરથી નીચે ઊતરી, વિશ્રામ લેવા ઘોડાના જીનની ગાદી પાથરી બેઠો. પરંતુ તરસ એને હેરાન કરવા લાગી. એણે આસપાસ જોયું. તો પાસેના વૃક્ષ નીચે એક સાધુ પોતાના શિષ્યવૃંદ સાથે આરામ લેતા હતા.

"મને પીવાને જળ મળશે ? હું ઘણો તરસ્યો છું." રાજપુતે ત્યાં જઇને પૂછયું.

"અવશ્ય મળશે. ભદ્ર એમને જળ પાઓ." સાધુપુરુષે શિષ્યને આજ્ઞા કરી. રાજપુતે પાણી પીધું. તે તૃપ્ત થયો. એણે સાધુને અભિવંદન કર્યાં.

"વત્સ, કયાં ગયા હતા ? આવે બપોરે ધખધખતા તાપમાં !"

"હું મૃગયા ખેલવા ગયો હતો. બહુ સમય થઇ ગયો. માત્ર એક જ હરિણીનું બચ્ચું મળ્યું." રજપુતે ખુલાસો કર્યો.

" વત્સ, રજપુત છો ?"

" જી હા. અમારું કુળ સીસોદીયા રજપુતનું છે. હું પાસેના ગામનો જમીનદાર છું."

" તમને એક વાત કરું ? માઠું નહિ લગાડો ? બહુ ઉપયોગી છે."

" ખુશીથી કહો. આપ તો ઉપકારી પુરુષ છો."

" વત્સ ! નિર્દોષ, શાંત અને અસહાય પ્રાણિયોના પ્રાણ લેવામાં ખેલવા જેવું શું છે તે સમજાવશો ? "

"ગુરુદેવ, અમારો ક્ષત્રિયનો એ ધર્મ છે. "

" ક્ષત્રિયનો ધર્મ તો પ્રાણિયોનું રક્ષણ કરવાનો છે તે ભૂલીને જો રક્ષક જ ભક્ષક બને તો તેમાં ક્ષત્રિય ધર્મ ક્યાં રહ્યો?"

" અમારા પુરોહિત તો અમને મૃગયા ખેલવાનો ઉપદેશ આપે છે."

"પરંતુ તમારું હૃદય તમને શું કહે છે ? જે પ્રાણ આપી શકતો નથી તેને પ્રાણ લેવાનો શું હક્ક છે ? અને આ તો તમારું ખેલન-નિર્દોષ હરણાં ખેતરોમાં ચરતાં હોય, પોતાના કુટુંબ અને બચ્ચા-ઓથી વીંટાઇ નિર્દોષ ગેલ કરતાં હોય તેવાં મૂંગા પ્રાણી ઉપર અકસ્માત તમારું ક્રૂર તીર છોડીને એકનાં પ્રાણ લ્યે, તેની છાતી વીંધી નાખે ત્યારે એની માના હૃદયમાં કેવું દુઃખ થતું હશે ? તેનો વિચાર કરો અને તેની પાછળ તેના નિર્દોષ સંબંધી હરણો આક્રંદ કરી, તરફડીઆં મારતાં મારતાં ઝુરીઝૂરીને મરે તેનો વિચાર કર્યો છે ? આપણાં બચ્ચાંને કોઇ નિર્દય કસાઇ કાપી નાંખે તો

આપણને શું થાય ? તે શોચો. લાગણી તો મનુષ્ય અને પશુપંખીઓને એક સરખી જ હોય તે તમે જાણતા હશો ?"

રજપુતને આ ઉપદેશ રગેરગ વ્યાપી ગયો. એની નજર આગળ કરુણામયી હરિણીનું દયાજનક દૃશ્ય ખડું થયું. એનો આત્મા પૂર્વ-જન્મના પૂણ્યોદયથી પીગળ્યો. એ ગળગળો થઇ ગયો. એણે ઊભા થઇને સાધુના ચરણોમાં પ્રણામ કર્યાં, અને હવે પછી કયારે ય પણ મૃગયા ન રમવાની પ્રતિજ્ઞા લીધી.

સાધુજી મહા વિદ્વાન, વયોવૃદ્ધ, ભવ્ય, તેજસ્વી અને સૌમ્ય મૂર્તિ હતા. જીવોના કલ્યાણ માટે વિચરતા હતા. એમની દૃષ્ટિમાંથી અમી ઝરતાં હતાં.

રજપુત આગ્રહ કરીને આ સંતપુરુષને પોતાને ગામ તેડી ગયો. એમનું ઘણું સન્માન કર્યું. પોતાના મુકામ ઉપર ચાતુર્માસ કરવા રોકયા. તે દરરોજ એમનો ઉપદેશ સાંભળતો હતો. સંતપુરુષે એને સદાચરણ, સૌજન્ય, સદ્વર્તન, સભ્યતા, દયા, પ્રેમ, સેવા, પરોપકાર, સત્ય, ન્યાય, ભ્રાતૃભાવ, મૈત્રી, કરુણા, અહિંસા, સહિષ્ણુતા, નમ્રતા, ગંભીરતા, ધીરતા, વીરતા, નિર્ભયપણું, ભૂતદયા, ક્ષમા, ઉદારતા અને ત્યાગનો ઉપદેશ આપ્યો. સંસારના દુઃખોની રૂપરેખા બતાવી. કર્મક્ષયની જરૂરિયાત બતાવી. કલ્યાણમય જીવનની સાર્થકતા દેખાડી. દેવપૂજા, ગુરુસેવા, સ્વાધ્યાય, સંયમ, તપના, ગૃહસ્થના ધર્મોના પાઠ વર્ણવ્યા. ઇન્દ્રિયોને દમન કરવાના માર્ગો દેખાડયા. પદ્મો (પદ્મસિંહ) ગુરુજીનો અનન્ય ભકત બન્યો એણે એમની પાસેથી અહિંસા, સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય અને પરિગ્રહનો સંયમ રાખવાને પાંચ મહાવ્રત અંગીકાર કર્યાં. ત્યારથી એના કુટુંબીઓએ પણ અહિંસા ધર્મ સ્વીકાર્યો.

એ પદ્મસિંહની જીવનલીલા પૂરી થયે પેઢી દર પેઢી વંશવેલો ચાલતો રહ્યો.

પદ્મ——પદ્માદેવી
|
ક્ષમા ધર——જીવની
|
સાહુલવા——પાટી
|
હરપતિ——પુનાઇ
|
વાછા——સાગરદેવી
|
સહસ્રકિરન (સહસો)
| |
કુમારી સૌભાગ્યદેવી
| |
વર્ધ્ધમાન (પ્રદ્યોતન) વિરમદેવી–શાંતિદાસ–રૂપમ, પંજીકા અને દેવકી

પદ્મની છઠ્ઠી પેઢીએ સહસ્રકિરણના સમયમાં મેવાડમાં મુસલમાની આક્રમણથી ઉથલપાથલ થઇ. સહસ્રકિરણનું ગામ અને જમીનદારી મુસ્લીમ આક્રમણકારીઓએ ઝુંટવી લીધાં. એઓ ત્યાંથી બૈરી છોકરાંઓને લઇ અનેક દેશદેશાવરો ભમતા અસહાય અને એકાકી અમદાવાદમાં આવી પહોંચ્યા. એની પાસે કાંઈ સાધન–સંપત્તિ નહોતાં. હજી પંદર સતર વરસની અવસ્થા હશે. એક મારવાડી ઝવેરીની દુકાન બહાર સહસ્રકિરણ ઊભો રહ્યો.

"છોકરા, કેમ ઊભો છો ?"

"નોકરીની લાલચે આવ્યો છું."

"ક્યાંનો છો ? શું નામ ?"

"અસલ તો મેવાડના છીએ. નામ સહસ્રકિરણ રાખેલું છે પરંતુ બધાં મને સહસો કહી બોલાવે છે. મને નોકરીએ રાખશો ?"

"તારી પાસે કાંઇ ભલામણપત્ર કે કોઇની ઓળખાણ છે ?"

"હું અજાણ્યા દેશમાં તો ઓળખાણ કોની આપું ? અત્યારે તો મારું કામકાજ જોઇને ગમે તો રાખશો. આજે જ પરદેશથી અહીં આવ્યો છું."

"હિસાબકિતાબ કાંઇ જાણે છે ?"

"જાણું છું. વેપારીનો પુત્ર છું."

મારવાડી શેઠ સંતપુરુષ હતો. છોકરાની બોલવાની રૂઢી અને મુખાકૃતિ એને ગમ્યાં. એણે કહ્યું. "જા આ દ્રવ્ય લઇ જા. અમે ઘરમાં પાંચ માણસ છીએ તો બજારમાંથી શાક લઇ આવ." એમ કહી રૂમાલ આપી એને બજારમાં મોકલ્યો.

થોડીવારમાં શાક લઇને એ આવ્યો. ઝવેરીએ પરીક્ષા કરી જોઇ. શાક બધું તાજું હતું. મોસંબી લીધી હતી. કિંમત યોગ્ય હતી. વજનમાં પૂરું હતું. પાંચ છ જણાને પૂરું પડે તેટલું હતું. મોંઘું પણ નહોતું. ઝવેરીની પરીક્ષામાં છોકરો સફળ નિવડ્યો.

"જા દિલ્લી દરવાજે જઇને આજે કેટલી પોઠ અનાજની આવી છે તે જોઇ આવ."

છોકરો કલાકેક બાદ પાછો ફર્યો.

"કેટલી પોઠ આવી છે?"

"એકસો ને અગીઆર પોઠો છે."

"શું શું અનાજ આવ્યું છે?"

"૪૧ પોઠ ગોધમની, પર પોઠ કમોદની અને ૧૮ બાજરી ને મગની છે."

"શું ભાવો આજે પરઠાયા?"

"ગોધમ એ રાળનો ફરો અને કમોદ રાળની પોણો ફરોનો ભાવ નીકળ્યો છે. બાજરી-મગનો ભાવ એક રાળનો કહેતા હતા પણ માલ જીણો ને કાંકરીવાળો હતો."

છોકરાની ચતુરાઈ જોઇ ઝવેરીએ એને પેટવડીએ રાખી લીધો.

ધીમે ધીમે એ ઝવેરાતને ઓળખવા માંડયો. ઝવેરી સુજ્ઞ માણસ હતો. એણે આ ચતુર છોકરાને પોતાનો ધંધો શીખવવા માંડયો. હીરા, માણેક, મોતી, નીલમ, લાલ પરવાળાં, લસણીઓ વિગેરેની કિંમત આંકતાં શીખવ્યું. છોકરો પ્રથમથી જ ચતુર અને સૂક્ષ્મ બુદ્ધિનો હતો. આ ઝવેરીએ તેને શીખવીને તેના ઉપર ઓપ ચડાવ્યો. પાંચ છ વરસમાં એ પાવરધો થઇ ગયો. એને દેશદેશાવર મોકલવા માંડયો. ઝવેરીને વૃદ્ધાવસ્થા આવી હતી. એને પોતાને પુત્ર નહોતો. એક જ પુત્રી હતી. એણે યુવાન ઝવેરી સાથે એને પરણાવી દીધી. દુકાન પણ એને સોંપી દીધી. પોતે ધર્મના કામમાં સમય ગાળવા માંડયો. કાળે કરીને એ કાળધર્મ પામ્યો. દુકાન હવે ખૂબ જામી ગઇ હતી. યુવાનના ખંત, ઉત્સાહ અને સાહસે એના કામમાં યશ અપાવ્યો. તેનો ધંધો વિકાસ પામ્યો અને તે લક્ષાધિપતિ થયો.

યુવાને તે સમયના રિવાજ મુજબ બીજી સ્ત્રી કરી. પ્રથમ સ્ત્રી કુમારીને વર્દ્ધમાન કરીને બહુ સુશીલ, શાણો અને બુદ્ધિમાન પુત્ર હતો.

બીજી સ્ત્રીને પેટે શાંતિદાસ અવતર્યો. શાંતિદાસ ગુજરાતી તેમજ ફારસી સારું શીખ્યો હતો. પિતાના ધંધામાં એણે નામ કાઢયું હતું. તેણે ધંધાને અંગે અનેક દેશદેશાવરોમાં જવું શરૂ કર્યું. સીલોનમાંથી મોતીઓ ખરીદવા જતા, ગોળકોંડાના હીરા વેચાતા લાવતા, બ્રહ્મદેશથી માણેકો મંગાવતા હતા. પિતા કાળધર્મ પામ્યા બાદ બંને ભાઇઓ પિતાનો ઝવેરીનો ધંધો ઘણી હોંશિઆરીથી ચલાવતા હતા. વર્ધમાન દુકાનનો વહીવટ સંભાળતો હતો, શાંતિદાસ દેશદેશાવરો ફરી માલ ખરીદતો અને નવાબો, રાજાઓ તેમજ પાદશાહોને ત્યાં જઇ માલ વેચતો હતો. એની પ્રસન્ન મુખમુદ્ર શાંત સ્વભાવ, મીઠી આકર્ષક વાત કરવાની ઢબ અને સજ્જન વ્યવહાર સહુને મુગ્ધ કરતાં હતાં. એનું પ્રમાણિકપણું ખરેખર વખાણવા જેવું હતું. કોઇને પણ ન ઠગવાનું એમનું પણ હતું. એ ભારે શ્રદ્ધાળુ પુરુષ હતો. મુસાફરીયે જતો ત્યારે તે તે તરફના તીર્થો શ્રીપાર્શ્વનાથ, સમેતશિખર શ્રી કેશરીઆજી,પાવાપુરી અને શત્રુંજયની એણે યાત્રાઓ કરી હતી. દેવના દર્શન વગર એ દાણો પણ મોઢામાં મૂકતો નહિ. ગૃહસ્થના ધર્મો પોતાના ગુરુના ઉપદેશ મુજબ એ પાળતો હતો.

પાદશાહ અકબરનો દરબાર આગ્રાના દિવાનેઆમમાં ભરાયો હતો. અમીર, ઉમરાવ, રાજા, નવાબો, સેનાધ્યક્ષોથી વીંટાઇ પાદશાહ તખ્ત ઉપર બેઠા હતા. પાદશાહની આજ્ઞા થતાં જ દિલ્હીના મુખ્ય ઝવેરીઓને ત્યાં ભેગા કરવામાં આવ્યા. આખા હિંદના મશહૂર ઝવેરીઓ ત્યાં ભેગાં થયાં હતાં. પાદશાહને કેટલુંક ઝવેરાત ખરીદવાનું હતું. પાદશાહ પોતે ઝવેરાતની સૂક્ષ્મ સમજ ધરાવતો હતો. એના શોખે એ ચતુર પાદશાહને એક સરસ ઝવેરી બનાવ્યો હતો. એણે બારીકીથી જાતજાતના અમૂલ્ય જવાહિરોને તપાસ્યાં. બાદશાહ-

ની પસંદગીનું કેટલુંક ઝવેરાત પાસે રાખી લઇ તેના કિંમતનાં નાણાંની ચીઠીઓ થવા લાગી. ઓચીંતા બાદશાહે પોતાના પાસે પડેલી પેટીમાંથી એક ઉત્તમ હીરો કાઢયો. આખી સભામાં ઝળઝળાટ થઇ ગયો. કોઇ શુક્ર જેવો મોટો તારો હોય તેની પેઠે હીરો ચમકવા માંડયો. પાદશાહે વૃદ્ધ ઝવેરીને બોલાવી કહ્યું:

"પનાલાલજી યહ હીરા દેખીએ."

ઝવેરીએ હીરો જોઇ કહ્યું: "હજુર પરવર, યહ બડા નામાંકિત ઝવાહીર હૈ."

"ઇસકા દામ કયા હૈ?"

પન્નાલાલે બે ચાર અનુભવી ઝવેરીઓને બોલાવી એને તોલ્યો. ૩૫૦ રતીનો એ મોટો હીરો હતો. આંખોને આંજી નાંખે એવું એનું તેજ હતું. ઝવેરીઓ એને બહુ બારીકીથી તપાસીને એની કિંમત આંકવા બેઠા. એનું પાણી, એનું તેજ, એનો સુંદર ઘાટ, પાસા અને મોટાઇથી સર્વે અંજાઇ ગયા. કયારેય પણ આવું મહાન જવાહિર એમના હાથમાં આવ્યું નહોતું. કયારેય સાંભળ્યું કે જોયું પણ નહોતું. તેઓ અંદર ઘુસપુસ કરવા લાગ્યા, પરંતુ કિંમત કરવાની કોઈની હામ ચાલી નહિં. એનું પાણી, તેજ, મોટાઇ, ઘાટ અલૌકિક હતાં. ઝવેરીઓ કિંમત કરી શકયા નહિ.

"કયોં પન્નાલાલજી હીરેકા દામ કયા હુવા?"

"જહાંપનાહ, હમ લોગ યહ જવાહિરકા દામ ઠીક કહ નહિ સકતા. હમને ઐસા પાનીવાલા ઔર બડા હીરા કભી દેખા નહિ. હમ લોગ ઇસકા દામ કા ખુલાસા કર સકેંગે નહિ."

"ઇતને હિંદભરકે નામી ઝવેરીઓમેં સે ઇતની લાયકાત કોઇકી નહિ હૈ?" બાદશાહે નિરાશાથી પૂછયું.

"ગરીબપરવર હમ લોગ બાળપનસે હી ઝવેરાત કા ધંધા કરતે હૈં, લેકિન યહ જવાહિર હમારી અક્કલ સે બડા હૈ."

બાદશાહ નારાજ થયો. એણે હીરો હાથમાં લીધો. ઝવેરીઓને સંબોધીને કહ્યું કે "અચ્છા આપ લોગ ફીર તજવીજ કીજીએ. આપકી હુન્નરમંદી જરૂર કુચ્છ રાસ્તા નીકાલેગી." પાદશાહે ફરી હીરો પન્નાલાલજીના હાથમાં મૂકયો.

ઝવેરીઓ ફરી પોતાની તર્કશકિત ચલાવવા માંડયાં, પરંતુ કોઈ રીતે એકમત થયા નહિ. સૌ અનુમાનથી જુદા જુદા ભાવો બતાવવા માંડયાં. પરંતુ શાસ્ત્રિય પરીક્ષામાં અનુભવીઓ પાસે અનુમાનો શું કામ આવે ? ગોળકોંડાની ખાણોમાંથી આવો હીરો અગાઉ ક્યારે પણ નીકળ્યો નહોતો. એઓ વિમાસણમાં પડયા. કોઈ નિશ્ચય ઉપર આવવાનું બન્યું નહિ.

એટલામાં એક યુવાન ઝવેરી આગળ નીકળી આવ્યો. એ દમામદાર દેખાવનો, ગૌર ચહેરાનો, તેજસ્વી મુખમુદ્રાવાળો યુવાન હતો. પન્નાલાલજી એને ઓળખતા હતા. એની સાથે લાખોની લેવડદેવડ થતી હતી. પાદશાહને કુરનસ બજાવીને એ આગળ આવ્યો.

"પન્નાલાલજી, મૈં યહ હીરાકું દેખું ?"

પાદશાહના મોં સામું જોઇ પન્નાલાલે કહ્યું: "હમારી નજદિક મેં આકર ખુશીસે હીરાકું દેખ સકતે હો."

શાંતિદાસે તરત જ કાંટલા કાઢી એને જોખ્યો. એના પાણીને સૂર્યનો તડકા અને છાયામાં જોયું. કોઇ એબ કે ખોડખાપણ નથી એ પણ તપાસી જોયું. ઉપર કાચ માંડી એનું નિરીક્ષણ કર્યું. એના પાસા તપાસી જોયા. એની પહોળાઇ ઊંચાઇ માપી લીધી.

"મૈં યહ હીરા કા દામ કહ સકતા હૂં." શાંતિદાસે શાંતિથી જણાવ્યું.

બાદશાહ સહિત સૌ દરબારીઓની નજર એની ઉપર ચોંટી.

"યહ ઝવેરી કૌન હૈ? પન્નાલાલજી."

"જનાબે હજુર, યહ અમદાબાદકે ઝવેરી હય. બડે લાયક ઔર શ્યાના હૈં. મેં ઉસકું અચ્છી રીતસે પીછાનતા હૂં."

"અચ્છા શાંતિદાસ ઇસ હીરા કા કયા મૂલ્ય હૈ?"

"સપ્તલક્ષ મુદ્રા ઇસકા મૂલ્ય હૈ."

"કૌન હિસાબ સેં?"

શાંતિદાસે પોતાની ભેટમાંથી તાડપત્ર ઉપર લખેલું એક પુસ્તક કાઢીને બાદશાહને ચરણે પહોંચતું કર્યું. એ અપભ્રંશ પ્રાકૃત ભાષામાં એક સાધુએ લખેલો ગ્રંથ હતો. એ સાધુ પૂર્વે કોઇ નામાંકિત ઝવેરી હતા. પછી વૈરાગ્ય આવતાં સાધુ થયા હતાં, પરંતુ પોતાની વિદ્યા પાછળ કોઇને પ્રાપ્ત થાય એવા ઉદાર આશયથી એમણે આ ગ્રંથ લખી રાખ્યો હતો. એનું નામ હતું "રત્નપરીક્ષા મિમાંસા." એ ગ્રંથમાં અનેક રત્નોની પરીક્ષાના નિયમો આપ્યા હતા. ભારે મોંઘા મૂલના જવાહિરની પરીક્ષાની રીતો એમાં શાસ્ત્રિય રીતે બતાવી હતી. શાંતિદાસે એ ગ્રંથમાંના ફકરા વાંચી પોતે કઇ પદ્ધતિથી હિસાબ કર્યો હતો તે વર્ણવી બતાવ્યું. સૌ આશ્ચર્યચકિત થયા. શાંતિદાસ તરફ બાદશાહે પ્રસન્ન દૃષ્ટિ કરી. એક હજુરીઓ કાસ્મીરી મહામૂલી શાલ અંદરથી લાવ્યો. પાદશાહે પોતાના હાથે એ શાંતિદાસને ઓઢાડી. આ બાદશાહી મહેરબાનીથી તેને 'પાદશાહી ઝવેરી' તરીકે ઓળખાવવાની સંજ્ઞા મળી.

શાંતિદાસ હવે પાદશાહને જાતજાતનાં જવાહિરો પૂરા પાડવા લાગ્યો. જનાનામાં પણ એનો અવરજવર શરૂ થયો.જનાનામાં રાજ્યાશ્રિતોનો પડદો થોડા પ્રમાણમાં પળાતો હતો. બાદશાહ અને બેગમોની હવે શાંતિદાસને પુષ્કળ ઝવેરાતની વરદીઓ મળવા લાગી. શાંતિદાસના સૌજન્યથી અમીર ઉમરાવોની ઝવેરાતોની ખરીદીમાં એને ભાગ મળવા લાગ્યો. થોડા વખતમાં એ હિંદનો પ્રસિદ્ધ ઝવેરી થઇ પડયો. એને અઢળક લક્ષ્મી મળી. એણે પોતાનો ઝવેરાતનો વેપાર ખૂબ વધારી દીધો. જવાહિરો એવી વસ્તુ છે કે તરત ખપે નહિં. એ વેચવા નીકળે તો એના ભાવો ધાર્યા ન મળે, પરંતુ જયારે કોઇ અમીર ઉમરાવના કુટુંબમાં વિવાહાદિક પ્રસંગે આ જવાહિરો પસંદ થાય એટલે તેની મનમાનતી કિંમત મળે. ઝવેરીનું દારિદ્ર પૂર્ણ થાય.

જૂના ઝવેરીઓ પાસે ૫૦ થી ૧૦૦ વરસો ઉપરનાં જવાહિરો રહે છે. એને વેચવા ગયે લેનાર મળે નહિ. એના ઉપર રોકાતી મૂડીનું વ્યાજ ગણાય નહિ. ધરાક મળ્યે એની અસલ કિંમત કરતાં અનેકગણી વધારે કિંમત પેદા થાય છે. જવાહિરો અમૂલ્ય છે. એની કિંમત લેનાર અને વેચનારની ગરજ ઉપર રહે છે. શાંતિદાસ શેઠ હવે હિંદના મહાન્ ધનવાન અને અમીર તરીકે પ્રસિદ્ધ થયા. હજી એની પચીશી વીતી નહોતી તેટલામાં તો તેણે હિંદભરમાં વિખ્યાતી મેળવી લીધી. એણે જનાનખાનામાં પણ બેગમોની પ્રીતિ, વિશ્વાસ અને સન્માન મેળવ્યાં હતાં. પાદશાહ પોતાના વૃદ્ધ ઝવેરીની સાથે શાંતિદાસની પણ ઝવેરાતોની બાબતમાં સલાહ લેતો. શાંતિદાસ વારંવાર દિલ્લી અને અમદાવાદ વચ્ચે અવરજવર કરતા હતા.

શાંતિદાસ અમદાવાદમાં હતા. ઓચીંતા ખબર પડી કે પાદશાહ

અકબરની બેગમ સાહેબા અમદાવાદ પધાર્યાં છે. પાદશાહ સાથે વાંધો પડવાથી બેગમ રીસાયાં હતાં. એમણે ખાનગી થોડાં દાસ-દાસીઓ સાથે લઇને પ્રવાસ કર્યો હતો. પાદશાહની અનુમતિ વગર એઓ અમદાવાદ ચાલ્યાં આવ્યાં હતાં. પાદશાહના ફરમાન વગર આજમખાન અમદાવાદનો મોગલ સૂબો એમનું સન્માન કરી શકે નહિ તેમ મોટાં બેગમનો અનાદર પણ ન થાય. શું કરવું ? એમણે મધ્યસ્થ માર્ગ શોધ્યો. શાંતિદાસની લાગવગ અને દિલ્લીના સન્માનને સૂબો જાણતો હતો. એણે શાંતિદાસને બોલાવી બેગમના સન્માન અને સત્કારનો ભાર એના ઉપર મૂકયો. શાંતિદાસે એ આનંદથી સ્વીકારી લીધો.

શાંતિદાસ પોતાની હવેલી ખાલી કરી પોતાના નાના મકાનમાં રહેવા ગયા. હવેલીમાં બેગમ સાહેબને ઉતારો આપવામાં આવ્યો. દાસદાસીઓ મોટી સંખ્યામાં તહેનાતમાં રોકવામાં આવ્યાં. પુષ્કળ રથો, ઘોડાઓ, સિગરામો, બેગમ સાહેબા માટે રાખવામાં આવ્યાં. ઉત્તમ ભોજનો, પકવાનો અને શ્રેષ્ઠ સામગ્રીઓ પહોંચતી કરવામાં આવી. પટલીના-ઉત્તમ ગાલીચા મોટી સંખ્યામાં પાથરવામાં આવ્યા. દરેક જાતની રાજશાહી સગવડો અને સાધનો પૂરાં પાડવામાં આવ્યાં. ફૂલો, અત્તરો, સુગંધી પદાર્થો મોટા પ્રમાણમાં હમેશાં હાજર થવા લાગ્યાં. બેગમની આગતાસ્વાગતા અને માનમરતબામાં કાંઇ ખામી રહી નહિ. શાંતિદાસ મોગલ દરબારની રાહ રસમ અને અમીરાતથી જાણીતો હતો તેથી તે પોતે જાતે વારંવાર આવી બેગ-મની સગવડની દરેક વ્યવસ્થા કરતો હતો. બેગમ સાહિબાએ એને એક વખત પોતાની પાસે બોલાવી ચકમાંથી વાત કરી.

"ઝવેરી તમે અમારી અત્યંત સુંદર આગતાસ્વાગતા કરી છે. હું પ્રસન્ન થઇ છું."

" બહેન ! મારી એ ફરજ છે. તમારાં પગલાં મારે ઝુંપડે ક્યાંથી ? "

" કદાચ પાદશાહ સલામત મને આશ્રય આપવા બદલ ગુસ્સે થાય તો ? "

" એ ગુસ્સો અને એના ફળ પણ હું આનંદથી ભોગવીશ. આતિથ્ય એ તો અમારો ધર્મ છે અને બાદશાહ સલામત તો અમારાં માવતર છે. માવતર તો માથું માગે તો તે દેવામાં પણ આનંદ માનીશ. "

" ભાઇ શાંતિદાસ, તમે જે લાગણી બતાવો છો તે માટે અંતઃકરણથી ધન્યવાદ દઉં છું. "

" બહેન, મારી એક નમ્ર અરજ સ્વીકારશો ? "

" કહો. ભાઇ, ખુશીથી કહો. "

" આજે તમે મને ભાઇનું માન આપ્યું છે. મને બહેન નહોતાં, આજે તમે નામવર મારી મોટી બહેન થયાં છો તો ભાઇની પસલી સ્વીકારશો ? "

બેગમ સાહિબાને આ વાત ખૂબ પસંદ આવી. કોઇપણ સ્ત્રીને બહેન થવું ખૂબ ગમે છે. બેગમને પણ ખૂબ ગમ્યું.

" શું પસલી આપશો ભાઇ ? " બેગમે હસતાં હસતાં પૂછ્યું.

" મારા ગજા પ્રમાણમાં જે માંગશો તે આપીશ બહેન. "

" ત્યારે તમારો હાથ લાંબો કરો. હું રાખડી બાંધું. ભાઇબીજ હોવાથી મેં રાખડી મંગાવી રાખી છે. "

શાંતિદાસે હાથ લાંબો કર્યો. બેગમ સાહિબાએ સ્વહસ્તે રાખડી બાંધી.

શાંતિદાસે તરતજ ભેટમાંથી રત્નજડિત કંકણો કાઢયાં. ખાસ સુંદર હીરાઓનાં એ બનાવ્યાં હતાં. બહુ જ મૂલ્યવાન હતાં.

બેગમ સાહેબા પ્રસન્ન થયાં.

બે માસ પછી દિલ્લિપતિ અકબર પાદશાહે બેગમ સાહેબાને તેડવા શાહજાદા સલીમને મૂકયો. બાદશાહ અને બેગમ વચ્ચે શાહજાદાની બાબતમાં જ વિવાદ હતો. શાહજાદો ભારે ઉચ્છૃંખલ અને ઉદ્ધત હતો. બાદશાહની આજ્ઞાઓને વારંવાર તોડતો, ખૂબ દારૂ પીતો અને હલકા સંગીઓ ભેગાં કરી અનાચાર ચલાવતો હતો. બાદશાહે એને સુધારવા માટે સારા વિદ્વાન્ શિક્ષકોની નિમણુક કરી હતી, પરંતુ શાહજાદો કોઇને ગાંઠતો નહોતો. શિક્ષકોની ક્રૂર મશ્કરી કરતો હતો. અકબરે સખ્ત પગલાં લેવા નિશ્ચય કર્યો, પરંતુ બેગમ પોતાના લાડકા કુંવરની સામે સખ્તાઇ પસંદ કરતાં નહોતાં. એમણે પોતાનો વિરોધ નોંધાવ્યો. બાદશાહ શાહજાદા સલીમના દુષ્કાર્યોથી કંટાળી ગયા હતા. એમણે બેગમનું કહેવું માન્યું નહિ. આથી બેગમ રીસાઇ અમદાવાદ ચાલ્યાં આવ્યાં હતાં. આ પછી બાદશાહ અને સલીમ વચ્ચેની તકરારમાં સલીમના મામા માનસિંહ જયપુરનરેશે વચ્ચે પડીને સમાધાન કરાવી દીધું. પાદશાહે બેગમને તેડવા માટે સલીમને મૂકયો.

"કુમાર સલીમ! શાંતિદાસ ઝવેરી તુમારા મમ્મા ગીના જાતા હય."

"યહ કૈસા માદર જાન ?"

"ઉસ્ને મેરેકું પસલી દી હૈ. મેરેકું બહેન કરકે બોલાયા હૈ. મેરી બહુત આગતાસ્વાગતા કી હૈ. મૈંને ઉસ્કુ ભાઇ કરકે રક્ષાબંધન કીયા હૈ. ઇસી તરહ યહ તુમેરા મમ્મા હો ગયે હૈ."

"અચ્છા, તભી તો શાંતિદાસ ઝવેરી હમારા છોટા મમ્મા હોને પર મુઝે આનંદ હોતે હૈ. મમ્મા માનસિંહને મેરે લીયે બાપુજીકા રોષ નીકાલ દીયા, ઇસી લીયે મમ્માકી મહોબત મૈં અચ્છી તરહ સમજ ગયે હું."

આજથી શાંતિદાસ શેઠ દીલ્લીના બાદશાહી કુટુંબમાં "ઝવેરી મમ્મા" તરીકે ઓળખાવા લાગ્યા.

બેગમે દિલ્લી જઇ બાદશાહ પાસે શાંતિદાસ ઝવેરીના ઔદાર્ય અને અતિથિ–સત્કારની વાતો કરી. બાદશાહ એના ઉપર પ્રસન્ન થયા. પોતાના દરબારની પ્રથમ પંક્તિના અમીર તરીકે એની નિમણૂક કરી, પોશાક અને પાઘડી મોકલ્યાં અને આજમખાન સૂબાને આજ્ઞા કરી કે શાંતિદાસને અમદાવાદના નગરશેઠ તરીકે સ્થાપો. એ રીતે શાંતિદાસની દિનપ્રતિદિન ચડતી થવા લાગી.

રાજકારણમાં શાંતિદાસની બુદ્ધિ કુશળ હતી, તેમજ તેઓ વેપારમાં ભારે રસ લેતા. એમણે ધંધાનો ઘણો વિકાસ કર્યો હતો. દેશ–દેશાવરોમાં એમણે જવેરાતની પેઢીની શાખાઓ ખોલી દીધી. વધતી જતી સમૃદ્ધિને લીધે એમણે શરાફી પેઢીઓ ખોલી વેપારીમાં ધીરધાર કરવા લાગ્યા અને આગળ વધીને પાદશાહના સૂબાને પણ એમણે ધીરધાર કરવી શરૂ કરી દીધી હતી.

શાંતિદાસ સાદા વેપારી હતા, ઝવેરી હતા, શરાફ હતા, રાજકારણી પુરુષ હતા, દયાળુ હતા, અમીર હતા; છતાં એમનું મન રાજકારણ, વેપાર કે શરાફીમાં નહોતું. તેઓ સાચા જૈન હતા. પ્રભુસેવામાં જીવન ગુજારવું એ એઓ અહોભાગ્ય સમજતા હતા.

અમદાવાદમાં આવેલા ભવ્ય જિનમંદિરોનો વહીવટ શાંતિદાસ શેઠ સંભાળતા એટલું જ નહિ પણ સોરઠમાં આવેલ સિદ્ધાચલજી

તીર્થ, પાટણ પાસે આવેલ શંખેશ્વરજીનું તીર્થ, મેવાડમાં આવેલ શ્રી કેશરીયાજી તીર્થ વગેરે દૂર દૂરના તીર્થસ્થાનોની વ્યવસ્થા–વહીવટ શાંતિદાસ શેઠ કરતા. મુગલાઈ સત્તા ગુજરાતમાં જામવા છતાં શેઠની લાગવગ અને પ્રતિભાને લીધે જૈન તીર્થો તેમની દેખરેખ નીચે સુરક્ષિત હતાં.

એક ભાવિક શ્રાવક તરીકે એઓ નિયમિત ઉપાશ્રયે જઇ ગુરુનો ઉપદેશ સાંભળતા હતા. વ્રતો, પચ્ચખ્ખાણો કરતા અને ગુરુભક્તિમાં અતિ ઉત્સાહથી ભાગ લેતા. એમના ગુરુ મુનિ મુક્તિ-સાગરજી મહારાજ મહાન્ વિદ્વાન્ ને ઉપદેશક હતા. સાગર ગચ્છના વિકાસ માટે શેઠની લાગણી અનન્ય હતી.

શાંતિદાસ શેઠે અમદાવાદ, રાધનપુર, ખંભાત, સુરતમાં ખરતરગચ્છના ઉપાશ્રયો બંધાવેલા અને પદવીપ્રદાન–મહોત્સવોમાં પુષ્કળ દ્રવ્ય ખર્ચેલ હતું.

મહાજનના અગ્રેસર અને નગરશેઠ તરીકેની ફરજો બજાવવામાં એમનો ઘણો સમય જતો. વેપારીઓના પરસ્પરના ઝગડામાં ઘણું કરી એઓ પંચ તરીકે નીમાતા હતા. વેપારનું ઊંડું જ્ઞાન, સારી સમજા-વટ, ન્યાય કરવાની સાદી સમજ અને સ્નેહથી તેઓ અનેક વાંધા, તકરારોનો સંતોષકારક નિવેડો લાવતા હતા. પોતે હજી યુવાન હતા તથાપિ એમનામાં વૃદ્ધો જેવી ગંભીરતા હતી. ધીરજ અને શાંતિથી વિચારપૂર્વક કાર્ય કરતા હતા. અમદાવાદની પાંજરાપોળનો વહીવટ પણ તેઓ જ સંભાળતા અને નિખાલસ ભાવે કામ કરતા હતા.

એમના ભાઇ વર્દ્ધમાન પણ બુદ્ધિમાન પુરુષ હતા. શાંતિદાસ જ્યારે બહારના, રાજ્યકારણના અને જાહેરના કાર્યો સંભાળતા હતા ત્યારે વર્દ્ધમાન શેઠ પેઢીનો વહીવટ સંભાળતા હતા અને તેમાં શેઠનો પુત્રપરિવાર સહાય કરતો.

શ્રી સિદ્ધાચલ તીર્થનો વહીવટ તેઓ કરતા. સને ૧૬૧૨ માં તેઓ ત્યાં યાત્રાર્થે ગયા ત્યારે પહાડ ઉપર જીર્ણ થઇ ગયેલ દેવાલયોનો પોતાના તરફથી જીર્ણોદ્ધાર કરવાને વ્યવસ્થા કરતા આવ્યા હતા.

ઉપરોક્ત કામ પૂરું થવાના ખબર પડતાં સને ૧૬૧૮ માં મુનિશ્રી મુક્તિસાગરજી મહારાજને આ વાત કરી. મહારાજશ્રીએ સંઘ સહ વર્તમાન સિદ્ધાચલજી જઇને પ્રતિષ્ઠા કરવાને ઉપદેશ કર્યો, તેથી શાંતિદાસ શેઠે પોતાના મોટાભાઈ વર્ધમાન શેઠની સંમતિ મેળવી શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢવાનો નિર્ણય કર્યો.

એ સમયે સંઘ કાઢવો એ આજના જેટલું સહેલું અને સુગમ નહોતું. સંઘ કાઢવાનું નક્કી થતાં તેમણે સૂબા આજમખાન પાસે વાત કરી. સૂબો એનો અંગત મિત્ર અને ભારે કાર્યદક્ષ પુરુષ હતો. એણે બંદોબસ્ત કરવાનું વચન આપ્યું. બાદ શેઠે લગભગ ત્રણેક હજાર ગાડાંઓ તૈયાર કરાવ્યાં. સૂબાએ રક્ષણ માટે ૫૦૦ માણસોનું સૈન્ય આપ્યું. જુદા જુદા સૂબાઓ ઉપર આ સંઘને સહાય કરવા માટેના આજ્ઞાપત્રો દિલ્લીથી જહાંગીર પાદશાહે મોકલ્યાં. સેંકડો તંબુઓ રાખવામાં આવ્યા હતા, કે જેથી એક ઠેકાણે મુકામ હોય તે વખતે આગળના મુકામે પણ તૈયારી કરવાને સગવડ રહેતી. આશરે પંદરેક હજાર માણસો માટે ઉતારા રસોઇ અને બીજા પ્રબંધો કરવામાં આવતા હતા. સાધુ–સાધ્વીનો મોટો સમુદાય સાથે હતો અને દેવદર્શન–પૂજન માટે જિનાલયની પણ સાથે સગવડ રાખી હતી.

સંઘમાં ઘણા દેશના અને વિધવિધ સ્વભાવના માણસો ભેગાં થયાં હતાં. એમનામાં કોઇ વખત તકરારો, ઝગડાઓ થતા કે ચોરી–ચપાટીના પ્રસંગો જણાતા ત્યારે સંઘપતિ શાંતિદાસની કુનેહ

અને સમજાવટથી સંતોષકારક શાંતિ જળવાઇ રહેતી. સંઘમાં જો કોઇ બીમાર પડે તો તેની સારવાર માટે વૈદ્યો સાથે લીધા હતા. રસ્તા ન હોય ત્યાં ગાડાઓને પસાર કરવા નવા રસ્તાઓ પણ બાંધવામાં આવતા હતા.

આ સમયમાં સંઘ કાઢવા માટે થતા લાખો રૂપિયાના ખર્ચને પહોંચી શકે તેવા કોઇ કોઇ શ્રીમંતો હતા, પરંતુ રાજદ્વારી સહાયના અભાવે માર્ગમાં નાના નાના ઠાકોરો, કાઠીઓ, કોળીઓ, મીયાણાઓ વગેરે ચોરી અને લૂંટફાટનો ધંધો નિયમિત રીતે કરતા હતા. ક્યારે ક્યારે મોટા ઠગો અને લૂંટારાઓનાં ધાડાં લૂંટફાટ માટે ભટકતાં હતાં. ચેપી રોગો વારંવાર ફાટી નીકળતા હતા. તેથી આ સમયે સંઘ કાઢવો એ રાજ્યસત્તાના સંપૂર્ણ સહકાર અને લાગવગ વગર બને તેમ નહોતું. શાંતિદાસને બાદશાહ જહાંગીરે લશ્કર અને સાધનસામગ્રીની દરેક સગવડ આપવાથી સારી શાંતિ જળવાઇ હતી.

શેઠનો સંઘ છ—રી પાળતો પાલીતાણે પહોંચ્યો. સિદ્ધાચલજીની તળેટી પાસેના મેદાનમાં તંબુ નખાયા. જીર્ણોદ્ધાર થયેલ દેવમંદિરોમાં મહોત્સવ કર્યો ને આદીશ્વર ભગવાનના મૂળ મંદિરમાં પ્રભુના બિંબની બે તરફ ગોખ* બંધાવેલા ત્યાં શુભ મુહૂર્તે નવાં બિંબોની પ્રતિષ્ઠા કરી.

આ પ્રસંગે શાંતિદાસ શેઠે સંઘભક્તિ તથા સ્વામીવાત્સલ્યજમણમાં છૂટા હાથે ખર્ચ કર્યો હતો.

શાંતિદાસની સંપત્તિ હવે ઘણી વધી ગઇ હતી. તે હિંદનો એક મોટામાં મોટો સમૃદ્ધિવાન પુરુષ હતો. એણે અખૂટ ધન ભેગું

* શ્રી શાંતિદાસ શેઠે પ્રતિષ્ઠા કરેલ આ બન્ને ગોખ અત્યારે પણ વિદ્યમાન છે.

કર્યું હતું. એની હુંડીઓ હિંદ બહાર પણ ચાલતી હતી. એનો વેપાર ખૂબ નફો લાવતું હતું.

તેમની આવક વધવાની સાથે ધર્મકાર્યોમાં પણ તે બહોળો વ્યય કરતા હતા. તેઓ કહેતા કે સારા કામમાં જે વપરાય તે જ સાચી કમાણી છે. તેમણે તીર્થોમાં અને પોતાની હવેલી પાસે પ્રભુભક્તિ માટે ભવ્ય જિનાલયો બંધાવ્યાં, પૌષધશાળાઓ બંધાવી, સંઘ કાઢ્યા, વિવિધ મહોત્સવો કર્યા. ગરીબ–ગુરબાને ગુપ્ત મદદ તો શરૂ હતી. દુષ્કાળમાં અન્નક્ષેત્રો ખોલતા. તેમને આંગણે આરબોની બેરખ રહેતી. એક મોટાં રજવાડાંને છાજતી સાહેબી તેમને આંગણે હતી. મહેમાન–પરોણા અને સ્વામીભાઇઓનો પ્રેમથી સત્કાર કરતા. ને જમવા સમયે સો–પચાસ પાટલા સાથે જ પડતા અને નિર્ભેદભાવે તે સૌની સાથે બેસી ભોજન કરતા.

સિદ્ધાચળનો સંઘ કાઢીને ઘરે આવ્યા પછી એક વખત તેમની ઇચ્છા અમદાવાદ નજીકનાં પરામાં ભવ્ય જિનાલય બંધાવવાની થઇ. તેમણે આ વિચાર પોતાના મોટા ભાઇ વર્ધમાનને જણાવ્યો. બન્ને ભાઇઓએ મળી સરસપુર નજીક બીબીપુરમાં એક ભવ્ય બાવન જિનાલયનું દેરાસર બંધાવવા નક્કી કર્યું. તેમાં લાખો દ્રવ્ય ખરચીને આબુ જેવું શિલ્પકામ કરાવવાનું નક્કી કરીને ગુરુશ્રી મુક્તિસાગરજી પાસે પોતાની ભાવના વિદિત કરવા બન્ને ભાઇ ગયા.

શ્રી મુક્તિસાગરજી મહારાજ વિદ્વાન્ અને નિઃસ્પૃહી સંત હતા. એમનું તપ પણ ઉગ્ર હતું. એઓ જૈન શાસ્ત્રો ઉપરાંત હિંદુ શાસ્ત્રોના પણ પૂરા અભ્યાસી હતા. એઓ સારા ઉપદેશક અને તેજસ્વી મૂર્તિ હતા. જૈનોમાં એમનું અત્યંત સન્માન હતું એટલું

જ નહિ પણ બ્રાહ્મણ વિદ્વાનો પણ એમની વિદ્વત્તા માટે સન્માન દર્શાવતા હતા. તેઓ બુદ્ધિમાન, જીતેન્દ્રિય, શાસ્ત્રાભ્યાસી, વિવેકી અને વિચારવંત પુરુષ હતા

બન્ને ભાઇઓ ગુરુવંદન કરી બેઠા. ગુરુજીએ 'ધર્મલાભ'નો આશીર્વાદ આપ્યો.

" ગુરુદેવ અમે એક વિનંતિ કરવા આવ્યાં છીએ. શાંતિદાસ આપને અમારી વિનંતિ રોશન કરશે." વર્ધમાન શેઠે વાતની શરૂઆત કરી.

" શું કહેવાનું છે શાંતિદાસ ?" મહારાજશ્રીએ મીઠાશથી પૂછયું.

શાંતિદાસે ભાઈ સાથે થયેલી વાતચીત મુજબ પોતાની ઇચ્છા વ્યક્ત કરી એમનો અભિપ્રાય માગ્યો.

"દેવાનુપ્રિય વર્દ્ધમાન તથા શાંતિદાસ, તમારી ધર્મભાવના જાણી મારો અંતરાત્મા પ્રસન્ન થયો છે. જાઓ, તમે ફતેહ કરો. મારા આશીર્વાદ છે."

ગુરુજીની સંમતિ મેળવી શાંતિદાસ ઘરે આવ્યા. તરતમાં જ પાદશાહ પાસેથી જમીનનો પરવાનો લેવાને શાંતિદાસ દિલ્લી ગયા. આ વખતે બાદશાહ જહાંગીર આગ્રે હતા, એટલે શાંતિદાસે આગ્રે જઇ બાદશાહની હજુરમાં મુલાકાત લીધી.

" કેમ ઝવેરી મમ્મા કુશળ છો ને ?"

" આપ જહાંપનાહની નિગાહથી સૌ ક્ષેમકુશળ છીએ."

" બેગમ સાહિબાને (નુરજહાન બેગમ) ઊંચા હીરા જોઇએ છીએ. કુમાર શેરીસાહ માટે માળા બનાવવી છે."

"હું નામદાર બેગમ સાહિબાની તહેનાતમાં તે માટે હાજર થઇશ. મારે આપ હજુરને એક અરજ કરવાની છે."

"શું છે ? કહો."

"અમદાવાદમાં અમારા ધર્મનું એક મંદિર બાંધવાનું છે તે માટે જમીન જોઇએ છીએ. આ રહ્યો નકશો. સૂબા સાહેબનો ઉપર શેરો છે. આ અરજી ઉપર નિગાહ કરવાથી જણાશે."

પાદશાહે બધું વાંચી લીધું. કાગળીઆ મીર મુનશીને સ્વાધીન કર્યાં અને તે માટે રૂક્કો મળી જશે એવી પાદશાહે ખાત્રી પણ આપી.

શાંતિદાસે આગ્રા અને દિલ્લીમાં આરસપહાણ ઉપર સરસ કોતરકામ કરનારા મીસ્ત્રીઓને શોધી એમને અમદાવાદ મોકલ્યા. જયપુર જઇ મોટી રકમનો મકરાનનો આરસપહાણ ખરીદી એને અમદાવાદ રવાના કરવાનો બંદોબસ્ત કર્યો. અમદાવાદ આવી શાંતિદાસ ખંભાત ગયા. ત્યાં જાતજાતના અકીકના પથ્થરો ખરીદ કર્યા. આખા ગુજરાતમાંથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કારીગરો બોલાવ્યા. સોમપુરા સલાટોએ આવીને શિલ્પશાસ્ત્રના નિયમો મુજબ નકશા તૈયાર કર્યા. ગુરુદેવ મુક્તિસાગરજી બહુશ્રુત અને અનુભવી પુરુષ હતા. એમણે ધાર્મિક નિયમો સમજાવી દેરાસરજીમાં ભોંયરાં અને ફરતાં બાવન જિનાલય બાંધવા કેવો પ્રબંધ રાખવો તે સમજાવ્યું. શાંતિદાસે હવે પોતાના સમયનો મોટો ભાગ આ દેરાસરજીની તૈયારી પાછળ ગાળવા માંડ્યો. એ એના રસનો વિષય હોઇ એમાં એ તન્મય થઇ ગયા. અને દિલ્હીથી પાદશાહનો રૂક્કો મળી જતાં એ મહાન્ મંદિરનું સને ૧૬૨૧ માં ખાતમુહૂર્ત કર્યું. ચાર વરસ એને બાંધતાં લાગ્યાં હતાં. એ મંદિરનું નામ **મેરુતુંગ** રાખવામાં આવ્યું અને વાચકેન્દ્ર નામના વિદ્વાન્ સાધુના નેતૃત્વ નીચે સને ૧૬૨૫ માં તેમાં મૂળનાયક **ચિંતામણિ પાર્શ્વનાથ** પ્રભુની પ્રતિષ્ઠા કરી.

એ નિઃસંશય વાત છે કે આ મંદિર આખા હિંદનું મહાન્ પ્રસિદ્ધ મંદિર બન્યું હતું. એના સૌંદર્ય અને આકર્ષકપણા વિષે અનેક પરદેશી વિદ્વાનોએ પ્રશસ્તિઓ લખી છે. તે સમયે યુરોપના પ્રસિદ્ધ મુસાફરો હિંદની મુસાફરીએ આવતા હતા. એમણે આ મંદિરનું વર્ણન લખ્યું છે. તેઓ મુખ્ય મુખ્ય હિંદમાં જોવા–જાણવા જેવી હકીકતોના વર્ણનો લખી ગયા છે. તે સમયના હિંદની પરિસ્થિતિ આપણને એમાંથી જાણવા મળે છે.

આલ્બર્ટ ડી. મેન્ડેલસ્લોએ સને ૧૬૩૮ માં હિંદનો પ્રવાસ ખેડ્યો હતો. તે આ મંદિર માટે લખી ગયેલ છે કે—

"આ મંદિર જગતમાં અતિ સુંદર હતું. મેં જ્યારે અમદાવાદનો પ્રવાસ કર્યો ત્યારે આ મંદિરના બંધાવનાર શેઠ શાંતિદાસ જીવતા હતા. એમણે તરતમાં જ આ મંદિર બંધાવ્યું હતું. મંદિરની આસપાસ ઊંચી દિવાલ હતી. વચ્ચે મોટો વિશાળ ચોક હતો. મુખદ્વાર પાસે કાળા આરસપહાણના બે મોટા હાથીઓ પુરા કદના સ્થાપેલા હતા. તેના ઉપર શેઠની મૂર્તિ બેસાડી હતી. મંદિરના ઉપર છત હતી. ભીંતો ઉપર શ્રેષ્ઠ કારીગરીવાળી અનેક વેલો, પક્ષીઓ, અપ્સરાઓ, રાજ્યદરબારો, દેવક્રીડાઓ કોતરવામાં આવી હતી. ચારે તરફ અનેક નાની દેરીઓમાં તીર્થંકરોની અસંખ્ય મૂર્તિઓ હતી. મધ્ય ભાગમાં ત્રણ મોટાં ગર્ભદ્વાર અને આંતરમંદિરો હતાં. તેમની વચ્ચે પ્રતિમાજીઓ હતી. પીત્તળની દીવીઓ ઉપર દીપમાળા ત્યાં પ્રકાશ નાંખતી હતી."

પ્રસિદ્ધ ફ્રેંચ મુસાફર ટ્રેવેનીઅરે પોતાના પ્રવાસનું વર્ણન લખતાં જણાવ્યું છે કે—

"શાંતિદાસના બનાવેલા મંદિરની અંદર પ્રવેશ કરતાં ત્રણ

મોટાં આંગણાઓ એક પછી એક આવતાં હતાં. એ આંગણામાં સંગેમરમરની લાદીઓ જડેલી હતી. તેની ચારે તરફ અનેક ગેલેરીઓ આવેલી હતી. અમોને પોતાના બુટો કાઢવા સિવાય અંદર જવાની રજા નહોતી. ભીંતો અને છત ઉપર જાતજાતના ખંભાતના અકીકના પથ્થરોના ટુકડા બેસાડી રમ્યતા વધારી હતી."

"ચિંતામણી પ્રશસ્તિ" નામે સંસ્કૃત ગ્રંથમાં આ દેરાસરનું વર્ણન કરવામાં આવ્યું છે કે–

"સંવત ૧૬૭૮ [સને ૧૬૨૧]માં વર્દ્ધમાન અને શાંતિદાસ અતિ વિપુલ લક્ષ્મીના સ્વામિત્વને પામ્યા. એમના કુટુંબનાં મનુષ્યો સાથે તેઓ અતિ ચારિત્રવાન જીવન ગાળતા હતા. એમણે મંદિરો બાંધવાથી ભાગ્યનો વિકાસ થાય છે એવા મંતવ્યથી મહાન્ સુંદર મંદિર બાંધ્યું હતું. બીબીપુરમાં આ મંદિર બાંધવામાં આવ્યું હતું. મંદિરના દ્વાર પાસે આશીર્વાદ માટે પંચ પત્ર હતાં. ઊંચા વિશાળ પગથિયાં સ્વર્ગ તરફ લઇ જવાની સંજ્ઞા બતાવતાં હતાં. મંદિરમાં છ ભવ્ય આવાસ હતા. તે મેઘનાદ, સિંહનાદ, સૂર્યનાદ, રંગમંડપ અને ગઢગોત્ર એવાં નામોથી ઓળખાતા હતા. બે મિનારા અને ૪ મંદિરો તેની આસપાસ હતાં. નીચે ભોંયરામાં મૂર્તિઓ પધરાવવામાં આવી હતી."

સને ૧૬૨૫માં મંદિર બંધાઇને તૈયાર થયું તે પછી બે દાયકા શાંતિથી પસાર થયા. દરમિયાન પાદશાહ અકબર અને જહાંગીરનો અમલ હિંદુ પ્રજાને માટે ઘણો સરલ અને સહકારનો હતો. આ બંને પાદશાહો સમદૃષ્ટિ અને ધર્માંધપણા વગર રાજ્યશાસન ચલાવતા હતા. એમના સમયમાં હિંદુ અને જૈન મંદિરોની રક્ષા થતી હતી. કોઇ પણ ધર્માંધ કામ કરનાર મુસલમાનને સખ્ત નસીઅત મળતી હતી.

પાદશાહ જહાંગીર પછી શાહજહાન ગાદીએ બેઠો. આ પાદશાહ આગળના બે પાદશાહ જેવો સમભાવવાળો નહોતો. એટલે શાંતિદાસને જૈન તીર્થસ્થળો અને પોતાના ધર્મસ્થળોના સંરક્ષણની ચિંતા થઇ પડી. શત્રુંજય ઉપર ઘણાં સરસ કારીગરીવાળાં મંદિરો આવેલાં હતાં. આ મંદિરોની પવિત્રતા અને રક્ષણ માટે એના ઉપર ચોકીયાતો નિભાવવા પડતા હતા. જો કે ગુજરાતનો સૂબો આજમખાન શેઠનો સંબંધી તેમજ સંસ્કારી અને પ્રજાપ્રિય હોવાથી અહીં સારી શાંતિ જળવાઇ રહી હતી. કાળક્રમે આજમખાન વૃદ્ધ થવાથી બાકીનું જીવન બંદગીમાં વીતાવવાને તે દીલ્હી જવાથી પાદશાહ શાહજહાનનો ત્રીજો પુત્ર સુલતાન ઔરંગઝેબ સને ૧૬૪૫ માં ગુજરાતનો સૂબો નીમાયો.

ઔરંગઝેબ અતિ ધર્માંધ, ઇસ્લામનો ચૂસ્ત અનુયાયી અને હિંદુઓના મંદિરો તથા દેવોને ધિક્કારનાર હતો. પાદશાહ શાહજહાં પોતે પણ ધર્માંધ મુસ્લીમ હતો, પરંતુ રાજ્યદ્વારી બાબતોમાં તે ધર્મને આડે આવવા દેતો નહોતો. વગર કારણે મંદિરોનો નાશ એને ઇષ્ટ નહોતો, પરંતુ સુલતાન આરંગઝેબ સ્વભાવે જ ક્રૂર અને દયા વગરનો હતો, જો કે એ ચતુર, બુદ્ધિમાન, કાર્યસાધક, પ્રપંચી અને મુત્સદ્દી હતો, પરંતુ એ સર્વે શક્તિઓ બીજા શાંત ધર્મોના વિનાશ માટે એ વાપરતો હતો. એનું ધર્માંધપણું અમર્યાદિત હતું.

ઔરંગઝેબ એક વખત ઘોડા ઉપર બેસીને શહેર જોવા નીકળ્યો. તે બીબીપુર તરફ જઇ ચડયો. જ્યાં એની સામે એક સુંદર અને ભવ્ય સ્થાપત્ય જોવામાં આવ્યું. તેના દ્વાર પાસે આરસપહાણના બે મોટા કાળા હાથીઓ ઊભેલા જોયા.

"આ શું છે ? આ જગ્યા કોની છે ?" ઔરંઝેબે પૃચ્છા કરી.

"આ તો શેઠ શાંતિદાસ ઝવેરીનું બાંધેલું દેરાસરજી છે."

"શાંતિદાસ કયા? ઝવેરી મમ્મા?"

"હાજી. એઓ અહીંના નગરશેઠ છે."

"મંદિરમાં શું છે?"

"તેમને બંદગી કરવાના સ્થાનો છે નામવર!"

"આપણા મુસ્લીમ રાજ્યમાં આ બુનપરસ્તી? અલ્લા! અલ્લા! આ શું થવા બેઠું છે?"

"જહાંપનાહે શાંતિદાસને મંદિર બાંધવા દીધું છે. આપ જાણો છો તેમ એઓ બાદશાહના માનીતા અમીર છે."

"ઠીઇઇઇક..."

ઔરંગઝેબ બીબીપુર ફરવા આવ્યો હતો અને દેરાસરજી માટે કડક વાતો કરી હતી તે ખબર શાંતિદાસ શેઠને તુર્ત પહોંચી ગયા. શેઠે દેરાસરજી બંધાવ્યું ત્યારે જ મુગલ બાદશાહીના તોરી સ્વભાવના અનુભવથી રક્ષણ માટે તેમાં છુપાં ભોયરાં બંધાવ્યાં હતાં, તેથી વખત વિચારી તત્કાળ મૂર્તિઓને ભોંયરાંમાં છુપાવી દેવામાં આવી અને પોતે કંઈ જાણતા જ ન હોય તેમ બહારનો દબદબો રહેવા દીધો.

ઔરંગઝેબ પોતાના મહેલમાં આવ્યો, પરંતુ એને તે ભવ્ય ઇમારત ખટક્યા કરતી હતી. એના દિલમાં કાંટો ભોંકાયા કરતો હતો. એનું મન હાથમાં રહ્યું નહિ. એણે કોટવાળને બોલાવ્યો.

"કોટવાળ, શાંતિદાસનું મંદિર કયાં છે?"

"બીબીપુરમાં છે જનાબ."

"એવ! કાફરોના મંદિરને અહીં કેમ રહેવા દીધું છે?"

" નામવરે હજુર જહાંગીરશાહ બાદશાહની મંજૂરીથી એ બાંધવામાં આવ્યું હતું. બાદશાહ પોતે અહીં જોઇ ગયા છે, પરંતુ કોઈ જાતનો એનો ધ્વંસ કરવાનો હુકમ કર્યો નથી નામદાર. "

" એ મંદિરમાં કેટલા ચોકીઆતો છે ? "

" પચાસ હથિઆરબંધ માણસો છે. "

" જાઓ, બસો માણસની એક ટુકડી સલામતજંગની સરદારી નીચે લઇ એ મંદિરનો કબજો લ્યો. હું હુકમ લખી આપું છું. "

"પરંતુ મહાજન વિરોધ કરશે. કોઇ સામા પણ થશે જનાબ. "

"સામા થાય તેને કોરડાનો માર મારજો. છતાં ન માને તેને દોજખમાં મૂકજો. લ્યો આ હુકમ સેનાધીશને આપજો. બસો માણસની ટુકડી તમારી સાથે આવશે. "

'જી હજુર' કહી કોટવાળ કુરનસ બજાવી ચાલ્યો ગયો.

એણે બસો સૈનિકોની ટુકડી લઇ મંદિરને ઘેરી લીધું. અંદરથી રક્ષકોને બહાર કાઢી મૂકવામાં આવ્યા. કેટલાક સામા થયા તેમને પરહેજ કરી મુસ્લીમ સૈનિકોએ મંદિરનો કબજો લઇ લીધો.

એક કલાક પછી શાંતિદાસ શાહજાદા સૂબાની મુલાકાતે આવ્યા. મુલાકાત આપવા માટે પરવાનગી મંગાવી, પરંતુ અંદરથી જવાબ મળ્યો કે મુલાકાત હમણાં મળશે નહિ, તેમજ જે થયું છે તેમાં કાંઇ ફેર થશે નહિ માટે ઘેર જાઓ.

શાંતિદાસે કહેવરાવ્યું કે શાહજાદા સાહેબને કહો કે જેટલી મુદ્રાઓનો દંડ કરવો હોય તેટલો હું ખુશીથી દેવા તૈયાર છું. મારાં ઘર, ધંધો, ઝવેરાત—એ સૌ બાદશાહને ભેટ આપવા હું ખુશી છું. માત્ર મારા પ્રાણપ્રિય દેરાસરજીનું રક્ષણ કરવા શાહજાદા આજ્ઞા ફરમાવે. હું રાજ્યનો

જૂનો—બાદશાહ અકબરના સમયનો—નોકર છું. મારી ખાનદાની, સેવા અને સંબંધ વિચારી શાહજાદો મારી માંગણી સ્વીકારે એવી અરજ કરું છું. એણે લેખિત અરજી આપી.

જૂના ફરાસના હાથમાં સોનાની મુદ્રા મૂકતાં એણે ઔરંગઝેબને આ અરજી આપી. ઔરંગઝેબનું દિલ જરા પણ પીગળ્યું નહિ. એણે કહ્યું કે જાઓ કહો, એમાં કાંઇ ફેરફાર થશે નહિ.

ભગ્નહૃદયે વૃદ્ધ ઝવેરી ઘરે આવ્યા. જ્યાં સુધી દેરાસરજીના પ્રશ્નનો નિર્ણય ન થાય ત્યાં સુધી એમણે આયંબિલ કરવાનું વ્રત લીધું. આ મજબૂત હૃદયનો માણસ પણ આજે છેક નિરાશ થઇ ગયો. ઘરના બધાં માણસો ગાઢ શોકમાં ડૂબી ગયાં.

સાંજે શાહજાદા ઔરંગઝેબે મંદિરમાં પ્રવેશ કર્યો. એને સ્થાપત્યના સૌંદર્ય જોવાની આંખ નહોતી. એને દેવમંદિરની આધ્યાત્મિકતા સ્પર્શ કરી શકે તેમ નહોતું. એને પ્રજાની લાગણી દબાવી શકે તેમ નહોતું. એની પાસે તો માત્ર એક જ વિધ્વંસકની આંખ હતી. ભયંકર, વિનાશ કરનાર અને પરધર્મીનો મહાન્ ધ્વંસક કાળરૂપે તે ત્યાં આવ્યો હતો.

" બુતપરસ્તોએ મંદિર બહુ વિશાળ બનાવ્યું છે."

" હા નામવર. લાખો મુદ્રા એની પાછળ ખર્ચાઈ છે."

" એનો કાંઇ સારો ઉપયોગ તો થવો જોઇએ." શાહજાદાની કરકસર વૃત્તિએ એના ધર્માંધપણા ઉપર વિજય મેળવ્યો.

" મંદિરનો આપણને શો ઉપયોગ ? હુકમ કરો તો જમીનદોસ્ત કરી નાખીએ."

"એ ઠીક નથી. એથી વધારે સારો રસ્તો છે. કારીગરોને

હુકમ કરો કે જેટલી ભીંત ઉપરની કોતરણી છે તેનો નાશ કરી સાદી ભીંતો બનાવે. આપણે એનો મસ્જીદ તરીકે ઉપયોગ કરશું. આ મોટાં આરસપહાણનાં ચોગાનો આપણને નમાઝ પઢવા માટે ઘણાં ઉપયોગી થશે. મારા મીસ્ત્રી નુરૂલ્લાને બોલાવી કહે તેવા ફેરફારો કરી એને મસીદ બનાવી દ્યો. અહીં પાણીનો કુંડ બનાવજો. આ સ્થળે મહેરાબ કરાવજો. પણે બે ઠેકાણે મીનારા બનાવજો. એના ઉપર ઊભીને બાંગી બાંગ પોકારશે. અહીં શાહી બેઠક રાખજો."

"ભલે નામવર તેમ થશે, આજ્ઞા મુજબ બધી વ્યવસ્થા કરાવું છું." નાયકે કહ્યું.

"આવતો મહિનો રમજાનનો પવિત્ર મહિનો છે. તે પહેલાં બધું તૈયાર થવું જોઇએ. હું જાતે મૌલવી ફતેહઉલ્લા સાથે આ મસીદ ખુદાને અર્પણ કરવા આવીશ."

સાંજે મંદિરની તોડફોડ થવાના સમાચાર વિજળી વેગે ગામમાં ફેલાયા. મહાજને ત્રણ દિવસની હડતાળ જાહેર કરી. શાંતિદાસ અને એનાં કુટુંબીઓએ ત્રણ દિવસો સુધી ઉપવાસ (અઠ્ઠમ) કર્યા.

મોટી લાંચો આપી પહેરેગીરો અને અમલદારો પાસે આંખ-મીંચ કરાવી પ્રતિમાજીઓને બચાવી લેવામાં આવી હતી, પરંતુ મંદિરનો તો કોઇ રીતે બચાવ થઇ શકે તેમ નહોતું. આખું કુટુંબ શોકસાગરમાં ડુબેલું બેઠું હતું. ઓચીંતા શાંતિદાસના અંતરમાં સ્ફુરણા થઇ આવી. એમના મુખ ઉપર દૃઢ નિશ્ચય તરવરતો હતો.

"મોટાભાઇ હું દિલ્હી જાઉં તો?"

"દિલ્હી જઈ શું કરશો? કંઇ આશા લાગે છે?"

"કાંઈ કહેવાય નહિ. કદાચ કાંઇ થઇ શકે. નિરાશામાં પણ આશા રહી છે."

"બાપ કાંઇ દિકરાનું કર્યું રદ કરશે? એ બનવું અસંભવિત છે."

"બાપ નહિ કરે પણ ભાઇ ફરશે. યુવરાજ દારા શિરોહમાં મારી આશા છે."

"એ ખરું છે. જાઓ ફતેહ કરો. શાસનદેવ તમને વિજય આપો."

શાંતિદાસ દિલ્લી પહોંચ્યા પછી તરત જ સુલતાન દારા શિરોહને મળ્યા. એ શાહજહાનના મોટા કુમાર હતા. એઓ અકબર પાદશાહ જેવા ઉદાર સંસ્કારવાળા હતા. હિંદુઓના સાધુઓની એમણે સેવા કરી હતી. ઉપનિષદોનું એમણે ભાષાંતર ફારશીમાં કરાવ્યું હતું. કાંઇક ઉતાવળા પણ સર્વે ધર્મો તરફ સમદૃષ્ટિ રાખવાવાળા આ રાજકુમારની શાંતિદાસે મુલાકાત લીધી. ઔરંગઝેબ સાથે એને બીલ્કુલ બનતું નહોતું એટલે એને હલકો પાડવાની તકનો લાભ જવા દે તેમ નહોતું. એણે સહાનુભૂતિથી શાંતિદાસ ઝવેરીની વાત સાંભળી. આશ્વાસન આપી પાદશાહને સમજાવવાની કબુલાત આપી.

ત્રીજે દિવસે પાદશાહ શાહજહાનના ખાનગી દરબારમાં શાંતિદાસ ઝવેરીને મુલાકાતનો લાભ મળ્યો. એણે બહુમૂલા ઝવેરાતો પાદશાહ પાસે ધર્યાં. પાદશાહે પ્રસન્ન મુદ્રાથી પૂછ્યું.

"ક્યોં શાંતિદાસ મમ્મા, સબ અચ્છા હૈ ને?"

"ખુદાવિંદ મેરી જિંદગી બરબાદ હુઇ. મેરે સફેદ બાલોમેં મિટ્ટી ડાલ દી. મેરા ખાના ખરાબ હો ગયા." શાંતિદાસે રડતા ચહેરે વાતની શરૂઆત કરી.

"ક્યા હુઆ? ઝવેરી મમ્મા બાત તો કીજીયે."

શાંતિદાસે યુક્તિથી પોતાના દેરાસરજીના ધ્વંસનો ઇતિહાસ કહ્યો. પોતાની નોકરી, સેવા, રાજ્યકૃપાની વાતો એણે પાદશાહ પાસે તાજી કરી.

"કયા, યહ મંદિર ફનાહ હો ગયા ? તુમારા કયા અરજ હય ?"

"મુજે યહ મંદિર કા કબજા મીલે, ઇસ લિયે હુકમ મીલના ચાઇએ ?"

"લેકીન મસીદકી જગહ પર મંદિર કૈસા હો શકતા ? યહ બાત સરેહ સે ઉલ્ટી હૈ."

"બાદશાહ સલામતકી મહેરબાની સે હો શકતા હય. મૈં યહ મંદિર પાદશાહ હજુર જહાંગીર શાહ પાદશાહકી નીગાહસે બંધા હુઆ હૈ. ઉસકા નકશા દેખને પર સબ ખુલાસા હો સકતે હય."

પાદશાહે નકશો જોયો. થોડીવાર વિચાર કર્યા પછી કહ્યું.

"મેં તુમારી પુરાની સેવા જાનતા હું. તુમકો મૈરે વડીલોને માન્ય કીયા હૈ, તો મૈં ભી તુમારા ભલામેં હું. જાઓ મૈં અમદાવાદ ફરમાન ભૈજતા હું. સબ ઠીક હોગા."

શાંતિદાસ પાદશાહની હજુરમાં મુલાકાત લઇ આશાપૂર્વક ફરી સુલતાન દારા શિરોહને મલ્યા. પાદશાહ ઉપર યુવરાજની મોટી લાગવગ હતી. એણે વધાઇ આપી કે ઔરંગઝેબને ગુજરાતની પદવીમાંથી ખસેડી દક્ષિણમાં મોકલવામાં આવશે. એની જગ્યાએ મને (સુલતાન દારા શિરોહને) નિમવાનું ફરમાન છે, પરંતુ હું પોતે દીલ્લી છોડી શકું તેમ ન હોવાથી મારાવતી વિશ્વાસુ અધિકારીને શાસન કરવા અમદાવાદ મોકલવામાં આવશે. આ સારી ખબરો લઇ ઝવેરી શાંતિદાસ અમદાવાદ પાછા આવ્યા.

અમદાવાદમાં ગૈરતખાન સૂબા તરીકે આવ્યો. બાદશાહી ફર-

માન પણ એને મળી ગયું. ફરમાન તા. ૩ જુલાઇ ૧૬૪૮ નું નીચે મુજબ હતું.

તોગ્રા (સોનેરી શાહીમાં ફરમાન) અબ્દુલ મુઝફ્ફર, શાહબુદીન મોહમદ સાહિબ કરાનસાની શાહજાદા બાદશાહ ગાઝી.

નિશાન—આલીશાન શાહઝાદા બુદેલ અકબાલ મહમદ દારા સિકોહ.

મુદ્રા—મહમદ દારા સિકોહ ઇબ્ન શાહજહાન બાદશાહ ગાઝી

સર્વે સુબાહો, સુબેદારો, મુત્સદીઓ, હાલના અને ભવિષ્યના પ્રત્યે જણાવવાનું કે અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરીના મંદિર માટે શાહસ્તખાન ઉનદ–તુલ–મુલ્ક તરફનો અમારા માનવંતા ગેરતખાનને ફરમાન મૂકવામાં આવે છે કે—

"શાહજાદા, સુલતાન ઔરંગઝેબ બહાદુરે આ ઠેકાણે થોડાં મહેરાબી કરાવી એની મસીદ બનાવી હતી, પરંતુ મુલ્લાં અબ્દુલ હકીમે અમારી હજુરમાં એવું જાહેર કર્યું છે કે પારકાની મિલ્કત ઉપર ગેરહક્કની મસીદ બનાવી શકવાનું કાનૂનથી વિરુદ્ધ છે. આ મિલ્કત નગરશેઠ શાંતિદાસની છે. માત્ર નામવર કુમારના કરેલાં મહેરાબોથી એ મસીદ ઠરી શકતી નથી. અમે આજ્ઞા કરીએ છીએ કે ઉપલા શખ્સને ખોટી રીતે સંતાપવામાં ન આવે. આ મહેરાબોને અહીંથી કાઢી નાંખવા અને આ મિલ્કત શાંતિદાસને સ્વાધીન કરી દેવી."

"હવે એવી રીતે આજ્ઞા કરવામાં આવે છે કે શાંતિદાસ ઝવેરી પ્રત્યે મહેરબાનીની રાહે તેના ઉપર નિગાહ કરી આ મિલ્કત શાંતિદાસને સોંપી દેવી. ત્યાં એનો ભોગવટો અને ધાર્મિક ક્રિયાઓ પોતાના

ધર્મ પ્રમાણે ભલે ખુશીથી કરે. કેટલાક ફકીરો આ જગ્યામાં પડયા રહે છે તેમને કાઢી મૂકવા. તેમને શાંતિદાસ સાથે કાંઈ ઝગડો કરવા દેવો નહિ."

"નામદાર શહેનશાહને જણાવવામાં આવે છે કે કેટલાક વહોરાઓ આ મંદિરનો તોડી પાડેલો સામાન ઉપાડી ગયા છે. આથી ફરમાવવામાં આવે છે કે આ વહોરાઓ પાસેથી એ સામાન મેળવીને શાંતિદાસને સોંપવો. જે ન મળે તેની કિંમત વહોરાઓ પાસેથી વસુલ કરી લેવી અને શાંતિદાસને આપવી. આ ફરમાન અત્યંત અગત્યનું હોવાથી એનો અમલ તરત કરવો. આ ફરમાનમાં જરા પણ ફેરફાર કે અવજ્ઞા કરવી નહિ." હીજરી સન ૧૦૫૮ ના જુમાહ-આલ્વેર–શાંની ૨૧ તારીખે આ ફરમાન જાહેર કરાયું.

શાહી ફરમાન મુજબ આ મિલ્કત શાંતિદાસ ઝવેરીને સોંપાઇ, પરંતુ એનો ફરી પુનરુદ્ધાર કરવાની વાત વધારે ગંભીર થઇ પડી. કેટલાક એનો મસ્જીદ તરીકે ઉપયોગ થવા બાદ અને ત્યાં ગૌવધ થવાથી ફરી એનો જિનાલય તરીકે ઉપયોગ ન થઇ શકે એવી દલીલ કરવા લાગ્યા. કેટલાકે ધાર્મિક ક્રિયા કરી શુદ્ધ થઇ શકશે એવો મત આપ્યો. છેવટે શાંતિદાસે મહાન્ સાધુસંઘને ભેગો કર્યો. તેમાં ઘણા દિવસો સુધી વિવાદ ચાલ્યો. પરિણામે આ સ્થાનમાં ફરી દેરાસરજીની પ્રતિષ્ઠા ન થઈ શકે એવો નિર્ણય મળ્યો. શાંતિદાસે આ મિલ્કત એમની એમ જ રહેવા દીધી. શાહી ફરમાન પછી મુસલમાનો પણ એનો ઉપયોગ કરી શકે તેમ નહોતું. આ રીતે જ્યાં લાખો ખર્ચાઈ મોટું દેરાસર બન્યું હતું ત્યાં આજે ઉજ્જડ ખંડીયર પડયું છે.

આ મંદિર વિષે છેવટ નોટ નામનો પ્રસિદ્ધ પ્રવાસી નીચે મુજબની નોંધ પોતાના પ્રવાસ પુસ્તકમાં કરી ગયો છે.

"અમદાવાદમાં ઘણાં મોટાં મંદિરો છે. મૂર્તિઓની પૂજા કરે છે. એ સૌમાં શાંતિદાસે સ્થાપેલ મંદિર અતિ મહાન્ હતું. ઔરંગઝેબે એની મસીદ બનાવી દીધી. ત્યાં ગૌવધ કરી એનું લોહી છાંટવામાં આવ્યું. આથી જૈનો હવે ત્યાં પૂજા કરી શકતા નથી. ચારે તરફ મંદિરમાં નાની નાની સુંદર દેરીઓ છે. છત અને દિવાલો ઉપર સુંદર કોતરકામ અને કારીગરી છે, પરંતુ ઔરંગઝેબના ધર્માંધપણાને લીધે: એણે સર્વે મૂર્તિઓ( કોતરકામની પુતલીયો વગેરે)ના નાકો તોડાવી નાખ્યાં છે."

આ રીતે શાંતિદાસ ઝવેરીની મોટી લાગવગ અને ધનસમૃદ્ધિ છતાં મ્લેચ્છોના હાથમાંથી દેરાસરજીનો બચાવ કરાવી શકયા નહિ. આ વાત તેમને મરણ સુધી સાલી હતી.

મીરાતે આહમદીના જણાવવા મુજબ આ મંદિરની બે મૂર્તિઓ જે દરેક સો સો મણના વજનની હતી એમને શાંતિદાસે ઝવેરીવાડામાં તેનાં રહેણાકના મકાન પાસે જમીનમાં ભોયરું બનાવી રાખી હતી. સને ૧૭૩૪માં બાદશાહ મહમદશાહ દિલ્લીની રાજ્યગાદી ઉપર હતો તે સમયે ફકરૂદીનખાન ગુજરાતનો સૂબો નીમાયો હતો. એણે જવાંમર્દખાનને પોતાના વતી ગુજરાતના શાસન માટે મૂકયો હતો, ત્યારે કોઇ એક ઇતિહાસકાર જણાવે છે કે ઇસ્લામની નબળાઈ અને ધર્માંધપણાની નરમ વલણ જોઈ શાંતિદાસના વંશજોએ એમની પુનઃ પ્રતિષ્ઠા* કરાવી હતી.

---

* અમદાવાદના ઇતિહાસમાં જણાવે છે કે ચિંતામણિના દેરાસરજીમાંથી નગરશેઠ જે પ્રતિમાજીઓ લઈ આવ્યા હતા તેમાંથી મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા ઝવેરીવાડામાં સુરજમલના દેરાસરમાં કરેલ છે, જ્યારે ચોમુખજીના ચાર મોટા બિંબોમાંનાં ત્રણ પ્રતિમાજીની ઝવેરીવાડામાં આદીશ્વરજીના ભોંયરામાં અને એક પ્રતિમાજીની નીશાપોળના દેરાસરે પ્રતિષ્ઠા થયેલ છે જે અત્યારે પણ વિદ્યમાન છે.

શાંતિદાસનો ઝવેરાતનો ધંધો હતો. તે સિવાય તેઓ શરાફી-નો ધંધો પણ કરતા હતા. એમનો શરાફીનો ધંધો વિકાસ પામતાં પામતાં બહુ વિશાળ પાયા ઉપર મૂકાયો. હવે શાંતિદાસ પાદશાહના શરાફ બન્યા હતા શાહજહાન પાદશાહ બહુ શોખીન હતો. ઊંચા ઝવેરાતનો એને ભારે શોખ હતો. એણે ૭ કરોડ રૂપિયાના ખર્ચે મયૂરાસન નામનું સિંહાસન પોતાને માટે બનાવરાવ્યું હતું. મોરની મોરપીછીઓમાં અતિશ્રેષ્ઠ રત્નો આખા હિંદમાંથી એણે ભેગાં કરાવીને ગોઠવ્યાં હતાં. શાંતિદાસ ઝવેરીએ બાદશાહને ઘણાં રત્નો ભેગાં કરી આપ્યાં હતાં. આથી પાદશાહની એના ઉપર મહેરબાની ઉતરી હતી. તે સિવાય બાદશાહે કંદહાર ઉપર ૭ વખત મોટી ચડાઇઓ મોકલી હતી. એમાં એ નાશીપાસ થયો હતો–કંદહાર લેવાઈ શકાયું નહિ; પરંતુ એ ચડાઇઓ પાછળ મોટો ખર્ચ થયો હતો. આ રીતે શહાજહાન બાદશાહને જ્યારે જ્યારે મોટી રકમોની જરૂર પડતી ત્યારે ત્યારે શાંતિદાસ ઝવેરી તેને એકી રકમે ધીરતા હતા.

શાંતિદાસ શેઠને ધન કરતાં ધર્મ વહાલો હતો. પાદશાહને તેઓ મોટા પ્રમાણમાં નાણાં ધીરતા હતા, જેમાં તેમનું લક્ષબિન્દુ પોતાના ધર્મના મંદિરોનું રક્ષણ મેળવવાનું હતું. તેઓ બાદશાહને મોટી રકમો ધીરવાની કબુલાત ત્યારે જ આપતા કે જ્યારે બાદશાહે એમની અરજ ઉપરથી એમના ધર્મસ્થાનોનું રક્ષણ કરવાનું ફરમાન કાઢવાનું સ્વીકાર્યું હોય. આવું પહેલું ફરમાન બાદશાહે ગાદીએ આવવા પછી બે વર્ષે તા. ૨૧ મે. ૧૬૨૯–૩૦ માં કાઢયું છે કે જે ફરમાન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે મોજુદ છે. તેમાં જણાવ્યું છે કે–

નામવર પાદશાહને ખબર મલી છે કે શેત્રુંજો પહાડ અને

સંખેશ્વરના દેવળો તેમજ કેસરીઆજીના દેવળો ઘણાં પ્રાચીન વખતથી અસ્તિત્વમાં છે. તે સિવાય ત્રણ પોશાળો અમદાવામાં, ચાર ખંભાતમાં, એક સુરતમાં અને એક રાધનપુર પોશાળ (ઉપાશ્રય) શાંતિદાસના વહીવટ અને કબજા નીચે છે. આ સ્થાનો જૈનોને આપવામાં આવ્યાં છે, એટલે કોઇએ તેમાં દખલ કરવી નહિ.

આ ફરમાનમાં અમદાવાદમાં જહાંગીરની પરવાનગીથી ઐતિહાસિક ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરજી માટે પણ કોઇએ દખલ ન કરવા જણાવેલ છે.

શાંતિદાસ શેઠ માત્ર અમદાવાદના નગરશેઠ અને પાદશાહના અમીર નહોતા, પરંતુ તેઓ આખા હિંદના શ્વેતાંબર જૈનોના મુખ્ય નાયક અને વડીલ હતા. ઘણાં મોટાં તીર્થો–મંદિરોનો વહીવટ તેમના હાથમાં હતો. તેઓ જૈનોના પ્રતિનિધિ તરીકે પાદશાહ પાસે અરજી કરી એમના ફરમાનો મેળવતા હતા. તેઓ એ માટે ભારે સંપત્તિ અને શકિત ખર્ચતા હતા.

પાલીતાણા જૈનોનું મોટામાં મોટું તીર્થસ્થાન હતું અને હજી પણ છે. મુગલાઇ સત્તા દરમિયાન એની સલામતી માટે જૈનોને અત્યંત ચિંતા ભોગવવી પડતી હતી, કારણ સૌરાષ્ટ્રમાં રાણપુર અને પાલીતાણા પાસેના માંડવી ગામે મુગલાઇ થાણા મુકાવાથી ધર્માંધ મુલ્લાઓની કદાચ ત્યાં દખલ થવાનો ભય રહેતો હતો.

આ સમયમાં તીર્થરક્ષણ માટે કેટલી મુશીબતો ભોગવવી પડતી હતી તેનો હમણાં આપણને સહેજ પણ ખ્યાલ આવે નહિં. જૈનો અને હિંદુઓને માટે એ ભયંકર સમય હતો. એવા અત્યાચારના સમયમાં એમણે પોતાના ધર્મસ્થાનોનું રક્ષણ કર્યું એ

મહાન્ ચમત્કાર છે. ચારે તરફ અગ્નિનો દવ લાગ્યો હોય તેવા સમયમાં ધરોને બચાવવા જેટલું આ કઠીન કામ હતું, છતાં શાંતિદાસ શેઠે કુનેહથી અકબર અને જહાંગીરના રાજ્યઅમલ દરમિયાન રાજ્યસંબંધ વધારીને સનંદો મેળવી હતી. આટલું જ નહિ પણ ધર્મઘેલા શાહજહાંન પાસેથી પણ શાંતિદાસ શેઠ તક મળ્યે તેવા તીર્થ સ્થળવાળાં ગામ ઇજારે રાખતા અગર તો તે તે તીર્થોના સ્વતંત્ર જૈનોના કબજા ભોગવટાની સનંદો મેળવી લેતા. સને ૧૬૫૬ ની એક સનંદમાં રાધનપુર તરફ આવેલ જૈન તીર્થવાળું શ્રી સંખેશ્વર ગામ શાંતિદાસે ઇજારે રાખવાનું જણ્યું છે અને તે જ અરસાના બીજા ફરમાનમાં ગુજરાતના બધાં અધિકારીઓને ઉદ્દેશીને લખવામાં આવ્યું હતું કે " શાંતિદાસ ઝવેરી જે અમારા અમીરોમાં મુખ્ય છે તેમણે એવી રીતે અરજ કરી છે કે મોઝે પાલીતાણામાં શેત્રુંજયના દેવાલય છે. ત્યાં યાત્રાળુઓ મોટી સંખ્યામાં આવે છે. આથી સૌને જાહેર કરવામાં આવે છે કે આ ગામ ઇનામ તરીકે મજકુર શેઠને આપવામાં આવ્યું છે. આથી અધિકારીઓએ એના કામની વચ્ચે આવવું નહિ. સર્વે યાત્રાળુઓને આ સ્થળે શાંતિથી યાત્રા કરવા દેવામાં આવે."

સને ૧૬૫૭ માં શાહનશાહ શાહજહાને એક વધુ ફરમાન બહાર પાડી આ શેત્રુંજય પરગણું બે લાખ દામ લઇને વંશપરંપરા શાંતિદાસ ઝવેરીને આપવાનું જણાવવામાં આવ્યું છે. આ ફરમાન વંશપરંપરાનું કાયમી હોવાથી દર વરસે નવી સનંદની માગણી કરવી નહિ. તેમજ કોઇ પણ જાતનો કર અથવા લાગો લેવો નહિ એવી તેમાં આજ્ઞા કરી છે.

શાંતિદાસ શેઠની હૈયાતીમાં જ એના પુત્રો વહીવટ કરતા હતા. જ્યારે તેઓ માત્ર કોઇ ધાર્મિક હિતનું રાજ્યદ્વારી કામ હોય તો જ સલાહ દેવા સિવાય બધો વખત પૂજાપાઠ, ધ્યાન, સ્મરણ અને વ્યાખ્યાન-વાણી સાંભળવા(દેવ-ગુરુભક્તિ)માં પસાર કરતા હતા. એમના મોટા ભાઇ અલગ થઇ ગુજરી જવાથી તેના પુત્રોની પણ અલગ પેઢીઓ ચાલતી હતી. આ રીતે શાંતિદાસને છોકરાંને ઘરે છોકરાં એટલે પૌત્ર-પરિવાર બહોળો અને સુખી હતો. એમની દોલત હવે કરોડોની અણાતી હતી. એમણે પોતાના હાથે ખૂબ દાન કર્યું, મંદિરો બંધાવ્યાં, સંઘો કાઢયા હતા અને સાધુઓની સેવા કરી હતી, એટલું જ નહિ પણ દુકાળીઆઓને નિભાવ્યાં હતાં, પાંજરાપોળ સ્થાપી હતી. મહાજનમાં તેઓ અગ્રપદે હતા. પાલીતાણા અને ગિરનારના મંદિરોનો વહીવટ પણ તેમણે સંભાળેલો.

નગરશેઠની મોટી હવેલી હતી. સિંહદ્વાર પાસે રાજ-દ્વારની પેઠે નોબતો વાગતી હતી. એને ત્રણ ડેલીઓ હતી. પહેલી ડેલી ઉપર હથિઆરબંધ આરબોની બેરખ બેસતી હતી. બીજી ડેલી ઉપર ભૈયાઓની ચોકી હતી. ત્રીજી ડેલી ઉપર રાજપુતોની ચોકી હતી. શેઠને મસાલ તથા છડી રાખવાની શાહી પરવાનગી હતી. ભારે દબદબા અને ઠાઠમાઠથી શેઠનું કુટુંબ રહેતું હતું. પાંચસો ઘોડાં, તેટલી જ ગાયો, ભેંસો શેઠને ત્યાં રહેતાં. પાર વગરના માફા, સીગ્રામો, રથો, પાલખીઓ રાખતા હતા. જ્યારે જૈનોનો રથયાત્રાનો વરઘોડો નીકળતો ત્યારે સોના ચાંદીના સાજવાળા વાહનો શેઠને ત્યાંથી આવતાં હતાં. શેઠની હિંદના ઘણા ભાગોમાં આડતો અને દુકાનો હતી. ઝવેરાતનો વેપાર અને શરાફીની બેંકો શેઠ નીભાવતા હતા.

શાંતિદાસનો વંશવિસ્તાર નીચે મુજબ હતો—

શાંતિદાસ–ચાર સ્ત્રીઓ

| | | | |
|---|---|---|---|
| રૂપા | કપુર | ફુલા | વાછી |
| પન્નાજી | રત્નાજી<br>૧૬૨૯ | કપુરચંદ<br>૧૬૩૮ | લક્ષ્મીચંદ<br>૧૬૪૦ |

આ સિવાય પાછળથી એમને માણેકચંદ નામનો પુત્ર થયો હતો, જેનો વંશપરિવાર અત્યારે સૂરતમાં નિવાસ કરી રહ્યો છે.

શાંતિદાસના મૃત્યુ માટે જુદા જુદા મતો છે, પરંતુ રાજસાગરસૂરિ નિર્વાણ રાસ નામના પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે કે—

**સંવત સતરસિ વરસ પનરોત્તરિ, અમ્હારાઈ પ્રાણ આધાર;**
**શાહ શાંતિદાસ સુરલોકિં ગયો, તિહાં અમ્હો જાવું નિરધાર.**

આ ઉપરથી શેઠ શાંતિદાસનો સને ૧૬૫૯ (સંવત ૧૭૧૫) માં સ્વર્ગવાસ થયો હતો. આ વખતે શાંતિદાસની વય ૭૦ વરસ લગભગ હોવી જોઇએ. આ રીતે ચાર પેઢીઓ મોગલ શહેનશાહની એમણે જોઇ. તેમાં ઝવેરી, અમીર અને શરાફ તરીકે મોટી નામના મેળવી. છેવટે સૈન્ય ને રાશન પૂરું પાડવાનું કામ પણ કરતા હતા. બાદશાહો પાસેથી સનંદો મેળવવી એ અતિ મોટી લાગવગ અને મોભા વગર બનતું નથી. શાંતિદાસ એ સમયનો સૌથી મહાન્ ગુજરાતી હતો તે નિર્વિવાદ વાત છે. શાહજહાન બાદશાહે એને હાથી–ઘોડાનો નજરાણો ભેટ આપ્યો હતો. એ પ્રમાણે પૂર્ણ પાદશાહી કૃપા એણે મેળવી હતી. એના વિષે ફ્રેંચ, જર્મન અને અંગ્રેજ મુસાફરો ખૂબ લખી ગયા છે, તેમજ તેના માટે ગુજરાતી અને સંસ્કૃતમાં કાવ્યો રચાયાં છે.

## ( ૨ ) લખપતિ લક્ષ્મીચંદ

**શાંતિદાસ** શેઠે ધંધા વહીવટની ઉપાધ છોડી દીધી એટલે તેનો વહીવટ તેમના પુત્ર લક્ષ્મીચંદે સંભાળી લીધો હતો.

દરમિયાન સને ૧૬૫૭ માં પાદશાહ શાહજહાં સખ્ત બીમાર થયો. એ વખતે તેના ચાર પુત્રો પૈકી પાટવી દારાદશાહ દીલ્લીમાં હતો, બીજો સુજા અબદુલ્લા બંગાળનો સૂબો હતો, ત્રીજો ઔરંગઝેબ દક્ષિણનો સૂબો હતો અને ચોથો મુરાદશાહ ગુજરાતનો સૂબો હતો. પાદશાહની માંદગીના ખબર સાંભળીને અને પાટવી કુંવરની નરમાઇનો લાભ લઇને શાનશાહત સ્વાધીન કરવા સૌએ તૈયારી કરી. મુરાદબક્ષે પણ અમદાવાદમાં પોતાને પાદશાહ તરીકે જાહેર કર્યો. મસ્જીદમાં એને નામે ખુતબા પઢાવવામાં આવ્યા. શાહજહાનના ચારે પુત્રો રણે ચઢ્યા. મોટા સૈન્યો તૈયાર થવા માંડ્યાં. આ સમયે મુરાદબક્ષને આર્થિક મદદની જરૂર પડી, જે લક્ષ્મીચંદ શેઠે પુરી પાડી. આ પ્રસંગે મુરાદબક્ષે શ્રીશત્રુંજય તીર્થ માટે નવી સનંદ કરી આપી. તેમાં એણે પોતાને બાદશાહ ગાઝીના નામથી ઓળખાવ્યો છે. એ સનંદમાં જણાવવામાં આવ્યું છે કે તાલુકે

પાલીતાણા જેને શેત્રુંજય તરીકે ઓળખવામાં આવે છે તે શાંતિદાસ ઝવેરીને ઇનામ તરીકે આગલી સનંદોથી બક્ષવામાં આવેલ છે. તે સનંદો છતાં પણ શાંતિદાસ ઝવેરીએ નવી સનંદની માંગણી કરી છે. આથી ફરમાવવામાં આવે છે કે આ પરગણાને શાંતિદાસ ઝવેરીના ઇનામી પરગણા તરીકે ગણવું. તા. ૨૦ જુન ૧૬૫૮ ના આ નવી સનંદ કાઢવામાં આવી છે. નવી સનંદ કરાવવાનું કારણ નવા બાદશાહનું રક્ષણ આગળથી મેળવી લેવાનું હતું.

ઔરંગઝેબે કુરાન ઉપર સોગંદ લઈ પોતે રાજ્ય કરવા વિચાર રાખતો નથી અને મક્કા જઇ ફકીર થવા ઇચ્છે છે એવી રીતે મુરાદબક્ષને સમજાવી એને પોતાના પક્ષમાં લીધો એ ઇતિહાસપ્રસિદ્ધ વાત છે. ઔરંગઝેબ અને મુરાદના સંયુક્ત સૈન્યોએ દારા શિકોહને સામગઢ પાસે સખ્ત હાર આપી. દારા નાઠો. સંયુક્ત સૈન્યે એની પૂંઠ પકડી. ઔરંગઝેબે મુરાદના મદદગારોને લાંચો આપી મુરાદને ખૂબ મદ્યપાન કરાવ્યું. એ કપડાંલત્તાંના ભાન વગરનો અને યદ્વાતદ્વા બકવા લાગ્યો. ઔરંગઝેબે મોટા સૈનિક અધિકારીઓ અને સેનાધ્યક્ષોને બોલાવી મુરાદની કફોડી સ્થિતિ બતાવી. આ પુરુષ રાજ્ય કરવા લાયક નથી એવો સૌના મનમાં અભાવ ઉત્પન્ન કર્યો. એણે મોટી લાલચો આપી અધિકારીઓને વશ કરી લીધા ને મુરાદબક્ષને પકડી કેદમાં નાંખ્યો. અને ખુદ શાહજહાંને આગ્રાના કિલ્લામાં કેદ પૂરી ઔરંગઝેબ ભપકા અને ધામધુમ વગર ગાદીએ બેઠો. ( ૨૧ જુલાઇ ૧૬૫૮ ).

લક્ષ્મીચંદે મુરાદબક્ષને અમદાવાદથી ચઢાઇ લઇ જતી વખતે સાડાપાંચ લાખ રૂપીયા ધીર્યાં હતા જે મુરાદે ગુજરાતના પાદશાહનું પદ ધારણ કરી ઉજ્જૈન સર કરવા પછી ત્યાંથી જ ગુજરાતની આમ-

દાની પૈકી સુરતની ઉપજમાંથી રૂા. ૧૫૦૦૦૦, ખંભાતની ઉપજમાંથી રૂા. ૧૦૦૦૦૦, ભરૂચની ઉપજમાંથી ૫૦૦૦૦, વીરમગામની ઉપજમાંથી રૂા. ૪૫૦૦૦ અને મીઠાની ઉપજમાંથી રૂા. ૩૦૦૦૦ એ રીતે ૫૫૦૦૦૦ લક્ષ્મીચંદ શેઠને ભરી દેવાને ગુજરાતના સૂબા ઉપરનો રૂકો લખી મોકલ્યો હતો.

પરંતુ ધાર્યું કોઇનું થતું નથી. મુરાદને ઔરંગઝેબે દગાથી મથુરામાં પકડીને કેદ કર્યો છે તેવા ખબર મળતાં લક્ષ્મીચંદ વગેરે ભાઇઓએ મળી શાંતિદાસ શેઠને બધી વાત કરી.

શાંતિદાસ ઝવેરી રાજકુટુંબના સ્વભાવ, રીતભાતના ખૂબ પરિચિત હતા. તેમણે પુત્રોને શાંતિથી સમજાવ્યું કે—

"ધીરધાર એ તો આપણો ધંધો છે. મુરાદબક્ષને નાણા આપી આપણે તીર્થરક્ષાના ફરમાનો એની પાસેથી મેળવ્યાં છે. હવે એ તો કેદમાં પડ્યો છે. હું સમજું છું ત્યાં સુધી ઔરંગઝેબનો ડંખીલો સ્વભાવ જોતાં હવે મુરાદ જેલમાંથી નીકળે તેમ નથી. આપણા નાણાં અને આપણા ધર્મ બંને ઉપર મહાસંકટ આવ્યું છે. આપણે મુરાદબક્ષના પક્ષના છીએ એમ મનાય છે, એટલે આપણા માટે કસોટી છે. આ બાબતમાં લક્ષ્મીચંદ તમારું ધ્યાન શું પડે છે?"

"બાપુજી, ઔરંગઝેબ ખારીલો અને અંટસવાળો માણસ છે. તે આ ધમ્યું સોનું ધૂળ મેળવે તેવો છે તેથી જ આપની સલાહ લેવા આવ્યા છીએ."

"ખરૂં છે. ઔરંગઝેબ ભયંકર માણસ છે. આપણા ધર્મનો મહાન્ શત્રુ છે. મને તો આપણાં નાણાં કરતાં આપણાં મંદિરોની ભારે ચિંતા થાય છે. એ પાપી શું નહિ કરે તે કહેવાય નહિ."

" બાપા, કોઇને મોકલી અથવા વચ્ચમાં રાખીને આપણે એને મનાવી ન શકીએ ? "

" નહી તેમ બની શકે તેવું નથી. વચ્ચલો આદમી માત્ર દબાવી ખાશે અને કામ કરશે નહિ. ઔરંગઝેબનો કોઇ મિત્ર નથી. એની પાસે કોઇનું ચલણ નથી. "

" કોઈ બેગમ મારફતે લાગવગ ન લગાવી શકીએ ? બધી બેગમો આપણને ઓળખે છે. થોડા દાગીના ભેટ કરશું તો બેગમો ખુશીથી એ કામ કરશે. "

" મને તે પણ યોગ્ય લાગતું નથી. ઔરંગઝેબની આ બેગમો માત્ર રમકડાં છે. એનું પ્રિય પાત્ર કોઇ નથી. એ ભારે સ્વાર્થી છે. કોઇનું પણ માને તેમ નથી. "

" બાપા, એમના વચેટ કુમાર સુલતાન આજમની મારા ઉપર સંપૂર્ણ મહેરબાની છે. પાદશાહનો એના ઉપર અત્યંત પ્રેમ છે. એને કામે ન લગાડીએ ? મારા કહેવાથી ઔરંગઝેબ એ પૂરતી ભલામણ કરશે. " નાના પુત્ર માણેકચંદે કહ્યું.

" ગાંડો છે. ઔરંગઝેબ બેગમનો પણ સગો નથી તેમ કુમારોનો પણ સગો નથી. ઊલટું કામ કથળી જશે. એ મને રુચતું નથી. "

" ત્યારે શું કરીશું બાપા ? " છોકરાઓએ પૂછ્યું.

શાંતિદાસે જરા વાર વિચાર કર્યો. તેમણે નિશ્ચય કરી લીધો હોય તેમ જણાવ્યું : " હું જાતે જઇશ, હું બાદશાહને મળીશ. "

" તમે ? જેણે આપણા મંદિરનો નાશ કર્યો હતો. અને તમારી હજારો વિનંતિઓને ઠોકરે મારી હતી. તેના પાસે આ ઉમરે આપને જવા કેમ દેવાય ?

" નહિ એ જ ઉત્તમ રસ્તો છે. વાઘને એના પીંજરામાં જઇને પકડવો જોઇએ. ના પાડશે તો પણ આજ છે તે કરતાં સ્થિતિ બગડવાની નથી. મહેનત કરવી તે આપણું કામ છે. મને ખાત્રી છે કે હું તેને સમજાવી શકીશ. "

શાંતિદાસ પાદશાહને મળવા દીલ્હી ગયા. ઔરંગઝેબને ચોતરફથી વિજય મળવાના ખબર આવવાથી આજે તે ખુશ મીજાજમાં હતો. શાંતિદાસ આ તકે તેમને મળવા ગયા અને કુરનસી બજાવી ઊભા રહ્યાં.

" કેમ શાંતિદાસ ઝવેરી કુશળ છો ને ? તમે તો બહુ વૃદ્ધ થઇ ગયા લાગો છો ? "

" હા જહાંપનાહ, મને વૃદ્ધાવસ્થાએ ઘેર્યો છે ખરો, પરંતુ પાદશાહ સલામતની ફતેહથી નવું જોમ આવતાં આપ હજુરની સલામીનો લાભ લેવા આવ્યો છું. "

" અચ્છા, ઝવેરી તમે તો અમારી શહેનશાહતના જૂના ને વફાદાર સેવક છો તે અમારા ધ્યાનમાં છે. "

" હા, નામવર. બડાદાદાજી અકબરશાહ પાદશાહ અને દાદાજી જહાંગીર શાહના વખતથી અમને બાદશાહી ઝવેરી અને અમીરાતનું માન આપવા માટે અમે શહેનશાહતના ઋણી છીએ. "

" તમારી હકીકત બરાબર છે, મોગલ બાદશાહી સાથેનો તમારો પચાસ વર્ષનો ઝવેરીનો સંબંધ અને અમીરાતનો દરજ્જો અમારા ધ્યાનમાં છે. ને અમો પણ તે સંબંધ ચાલુ રાખવાને ફરમાન કાઢવાના છીએ. "

"આપ નામવરની નીગાહને માટે અહેસાન માનું છું. ને આપ પાદશાહની ચઢતી ઇચ્છતાં આપ હજુર નજરાણું ચરણે ધરવા આવ્યો છું તે સ્વીકારવા વિનંતિ છે."

ઔરંગઝેબને નાણાની ઘણી જરૂર હતી. એટલે શાંતિદાસે નજરાણાની વાત મૂકતાં તેના મન ઉપર અજબ અસર થઇ. અણીને ટાંકણે ખુદાએ જ શાંતિદાસને મોકલેલ હોય તેમ તેને લાગ્યું. તેણે હસતે વદને કહ્યું : "ઝવેરી મમ્મા તમારો શહેનશાહત સાથે નિકટ સંબંધ છે, તેમાં આવા વિવેકની શું જરૂર હતી ?"

"નામદાર, અમારો શાનશાહત સાથેનો સંબંધ ઝવેરી ને અમીરનો જ નથી પણ સરાફીનો છે. જો કે હાલમાં અમારી ધીરધારમાં લાખોની રકમ પથરાઇ ગઇ છે. તે ધારી ન પતવાથી અમારી દેશ–દેશાવરમાં ચાલતી હુંડીઓનું કામ ધાર્યું થતું નથી. તે બધું આપ નામદારની કૃપાથી આગળ ઉપર થઇ રહેશે, પરંતુ આપ નામદારની શાનશાહતની ફતેહ ઇચ્છવાની અમારી ફરજ છે તેથી બનતા પ્રયત્ને એકઠી કરેલ આ થેલી આપના ચરણે ધરવા લાવ્યો છું, તો તે ફૂલ નહિ તો ફૂલની પાંખડી માનીને સ્વીકારવા કૃપા કરશો."

"અચ્છા, તમારા વિવેક અને વફાદારી માટે અમને માન છે. અમારા લાયક કંઇ કામકાજ હોય તો કહો."

"અમારી સંભાળ આપ જ રાખતા આવ્યા છો ને રાખશો. આપની શાનશાહતની અમારા ઉપર જ હમેશાં મીઠી નજર રહી છે. અમારા તીર્થસ્થાનો અને બંદગીસ્થાનો ચોર લૂંટારુથી રક્ષિત રહે તેની કાળજી કરીને શાહીમહોરના સનંદ સીક્કા રૂક્કા અમને મળ્યા કરે છે તેમ આપ નામદાર પણ તેવી સનંદો આપીને

સંભાળશો તેવી મને ખાત્રી છે."

નવા રાજ્યઅમલમાં દરેક કોમોને રાજી રાખવાની નીતિની કિંમત ઔરંગઝેબ સમજતો હતો અને આજે અણીના વખતે શાંતિદાસે વગરમાગી મદદ કરી આપી નિઃસ્વાર્થ માગણી કરવાથી તેના તરફ માન વધ્યું. જવાબમાં પાદશાહે જણાવ્યું કે—

"ખુદાના દરબારમાં રંજ ન થાય તે અમારી ઇચ્છા છે. તે માટે તમને સનંદો મળી જશે. તમારા જેવા શાનશાહતના સરાફ છે તે માટે અમારે મગરૂર થવા જેવું છે. તમે ખરે વખતે ધીરેલા લાખો રૂપીયાની રકમો પતતી નથી તેમ કહ્યું તેમાં કંઇ સમજાતું નથી. કહો તેમાં અમારી મદદની કઈ જરૂર છે ?"

"અમારા તીર્થરક્ષણ માટે સનંદ કાઢવાને આપ નામદારે અભય વચન આપીને જૈન જેવી શાંતિપ્રિય અને વફાદાર કોમની કદર કરી છે. અમારી લાખો રૂપીઆની ધીરધાર પતાવવામાં આપ નામદારે બતાવેલ લાગણી માટે ઋણી છું. અમારી ધીરધાર વેપારીઓ ઉપરાંત આ શાનશાહતમાં પણ છે. મુરાદબક્ષે શાન-શાહતના નામે સાડાપાંચ લાખ રૂપિયા ઉપાડેલા છે, તે આપ નામદારના જાણવામાં હશે."

પોતાના વિરોધી મુરાદબક્ષનું નામ સાંભળીને ઔરંગઝેબ ચમકયો હોય તેમ પૂછયું. "મુરાદબક્ષને એ નાણાં શા માટે આપ્યાં ? એવા ઉપાડને શાનશાહત સાથે શું સંબંધ ?"

"જહાંપનાહને મારી નમ્ર અરજ છે કે રાજ્યસત્તા પાસે અમારું બળ શું ? ગુજરાતના સૂબાપદેથી એ નાણાં અમારી પાસેથી લેવાયાં હતાં. એના દસ્તાવેજો ઉપર પાદશાહી સહી સિક્કો મારવામાં આવ્યાં છે. અમે કોઈ વ્યક્તિને આપ્યાં નથી. અમે

રાજ્યને ધીર્યાં છે. આપ નામદાર અમારી સ્થિતિ વિચારી જુવો. સત્તા પાસે શાણપણ શું કામ આવે ? આપ અમારા વેપારને ટેકો આપવા ધારો છો, તે માટે અહેશાનમંદ છું. અમારી દાદ સાંભળવી તે આપના હાથમાં છે. ”

“ તમે અરજી રાખી જાઓ. હું વિચાર કરી જોઇશ. ”

શાંતિદાસ પાદશાહને નમન કરી રાજી થઇ પાછા ફર્યા. થોડા દિવસોમાં નીચે મુજબનું બાદશાહી ફરમાન બહાર પડ્યું.

તોગ્રા ( સોનેરી અક્ષરમાં ) શાહ મહમદ ઔરંગઝેબ બહાદુર ગાઝીનું મહાન્ ફરમાન.

અમારી મહેરબાની મેળવનારા રહેમતખાનને ફરમાવવામાં આવે છે કે અમીરોમાં મહાન્ શાંતિદાસને મહાન્ પાદશાહની મુલાકાતનું મોટું માન મલ્યું હતું. એને રાજ્યદરબારમાંથી હમણાં અમદાવાદ જવાની પરવાનગી મહેરબાનીની રાહે બક્ષવામાં આવી છે. એમણે જાહેર કર્યું છે કે કુમાર મુરાદબક્ષે એમની પાસેથી સાડાપાંચ લાખ રૂપીઆ ઉધાર લીધા હતા એમાં ૪૦૦૦૦૦ શાંતિદાસના પુત્ર લક્ષ્મીચંદને નામે લીધા છે, ૬૨ હજાર એના ભાગીદાર રખીદાસ પાસેથી લીધા હતા અને ૮૦ હજાર એના સગાંસંબંધીઓ પાસેથી લીધા હતા—આથી શાંતિદાસને ભારે ચિંતા ભોગવવી પડે છે.

આથી અમારી ઉદારતા અને દયાના ઝરાના પીનાર તરીકે હવે એને એક લાખ રૂપિયા રાજ્યના ખજાનામાંથી આપવા આજ્ઞા કરીએ છીએ. ૪૪૨૦૦૦ની રકમ બાબત સંતોષકારક પુરાવા મેળવી દેવા ને એક લાખ રૂપિઆ સૂબા શાહ નવાઝખાનની પરવાનગી મેળવી આપી દેવાં. આ નાણાં તરત આપવાનાં છે. આથી એનો ધંધો

ચાલવામાં કામ લાગે. ( ઓગસ્ટ ૧૦, ૧૬૫૮ )

બીજું ફરમાન તારીખ ૩૦ જાનેવારી ૧૬૫૯ નીકળ્યું જેમાં ખુદાના દયાળુ અને પવિત્ર નામથી અબુલ મુઝાફર મહમદ ઔરંગઝેબ બાદશાહ આલમગીર ગાઝી બહાદુરની સહી-સીક્કાથી જણાવ્યું છે કે—

"અમારા હમણાના અને ભવિષ્યના અધિકારીઓને જણાવવામાં આવે છે કે શાંતિદાસના પુત્ર લક્ષ્મીચંદે જાહેર કર્યું છે કે તેના ઘણા પૈસા આ પ્રાંતના અધિકારીઓ અને લોકોને ધીરવામાં આવ્યા છે. તેઓ એ નાણાં આપતા નથી અને ખોટાં બહાનાં કાઢે છે. આથી એ નાણાં અપાવવા એણે મહાન્ શાહી સરકારને નમ્ર અરજ કરી છે.

આથી ફરમાવવામાં આવે છે કે આ મહાન્ ફરમાન જે જગત આખામાં માન્ય છે તેથી પૂરતી તપાસ કરીને હિસાબ દસ્તાવેજો જોઇ તપાસી એને નાણાં અપાવવામાં મદદ કરવી. કોઇ પણ ખોટી રીતે નાણાં અટકાવે નહિ તે માટે ધ્યાન દેવું."

ઔરંગઝેબે જૈન તીર્થોની સ્વતંત્રતા અને રક્ષણ માટે સને ૧૬૬૦ માં એવું મહાન્ ફરમાન કાઢયું હતું કે—"સહસ્રકિરણના પુત્ર શાંતિદાસ ઝવેરી—જે જૈન છે તેણે પાદશાહ પાસેથી ખાસ મહેરબાની માંગી છે. એણે સૈન્યને કૂચ કરતી વખતે રાશન અને ખોરાક પૂરો પાડવાની મોટી નોકરી બજાવી છે અને બદલામાં શાહી મહેરબાની માંગે છે. આથી પાલીતાણા ( જે અમદાવાદ નીચે આવ્યું છે) ગામ, તેમાંનું મંદિર જે 'શેત્રુંજા ડુંગર'ના નામથી ઓળખાય છે તે સર્વ અમે ઉપલા ઝવેરીને આપી દઇએ છીએ. ત્યાં

જે ઘાસ ઊગે છે તેમાં શ્રાવકોનાં જનાવરો ચરે. આ પર્વત ઉપરના લાકડાં અને બળતણ પણ શ્રાવકોના ઉપયોગ માટે છે. ભવિષ્યના કોઇપણ અધિકારીઓએ આમાં ફેરફાર કરવો નહિ.

તે સિવાય જૂનાગઢમાં ગિરનાર અને શિરોહીમાં આબુ નામે પર્વતો છે. આ બંને પર્વતો પણ અમે શાંતિદાસ ઝવેરીને આપીએ છીએ. આથી અધિકારીઓને ફરમાવવામાં આવે છે કે એનો ભોગવટો તેને કરવા દેવો અને કોઈ રાજાએ એમાં તકરાર કરવી નહિં. એની પાસેથી દર વર્ષે સનંદ માગવી નહિ. આ બાબતમાં કોઇ કાંઇ દાવો કરશે તો ઠપકાપાત્ર અને ઇશ્વરનો ગુન્હેગાર ઠરશે. આ સંબંધી જુદી સનંદ એને આપવામાં આવી છે." માર્ચ ૧૨, ૧૬૬૦

શ્રી શાંતિદાસ શેઠ પોતાની છેલ્લી પાદશાહી મુલાકાતના ફળ જોવા હૈયાત નહોતા.

લખમીચંદે પણ રાજદ્વારી ક્ષેત્રમાં પોતાના પિતાની મોટી લાગવગ ચાલુ રાખી હતી. ઓરંગઝેબ પાદશાહ કોઇની સાથે અંગત સંબંધ ભાગ્યે જ સાચવતો. તે સંપૂર્ણ સ્વાર્થી હતો, છતાં આ કુટુંબ સાથેનો ચાર પેઢીનો નાતો તે પણ નીભાવી શકયો હતો. લખમીચંદ શેઠને એણે અમદાવાદના નગરશેઠનો નવો પટો કરી આપ્યો હતો. આ કુટુંબ પાસેથી તેને વારંવાર નાણા વ્યાજુ લેવાં પડતાં હતાં. લખમીચંદ શેઠ વારંવાર દિલ્લી જતા—આવતા હતા. એમની જાહોજલાલી પિતાના જેવી જ ઉચ્ચ હતી.

ઓરંગઝેબના સમયથી જ મોગલ રાજ્યની પડતી શરૂ થઇ ચૂકી હતી. રાજપુતો અને મરાઠાઓ એની વિરુદ્ધ થઈ ગયા હતા. ઔરંગઝેબે પોતાના આયુષ્યની છેલ્લી પચ્ચીસી દક્ષિણમાં મરાઠાઓને નમાવવામાં ગાળી હતી. મરાઠાઓનો આજે પરાજય થાય

અને કાલે પાછા બીજા તૈયાર થઇ જાય. ઔરંગઝેબ દક્ષિણને સર કરી શકયો નહિ. એનું સામ્રાજ્ય નબળું બની ગયું. બહારથી જેવી ને તેવી જ જાહોજલાલી દેખાડવા છતાં અંદરથી પોલાણ થઇ ગયું હતું.

ઔરંગઝેબના અવસાન પછી એમના પુત્રો મુઆઝીમ, આજીમ અને કરમબક્ષ વચ્ચે કુટુંબકલેશ થયો. રાજ્યગાદીને માટે ત્રણ પેઢીઓ થયા ચાલ્યું આવતું હતું તેમ લડાઇઓ થઇ.

તે વખતે મુઆઝીમ કાબુલ અને લાહોરનો સૂબો હતો. તેણે ઔરંગઝેબના મરણ પછી પોતાનો પાદશાહ બહાદુરશાહ તરીકે રાજ્યાભિષેક કરાવ્યો.

ઔરંગઝેબના બીજા પુત્ર આજીમે પણ પોતાને પાદશાહ તરીકે જાહેર કર્યો હતો તેથી બંને ભાઇઓ વચ્ચે ચંબલ નદી પાસે મોટી લડાઇ થઇ. જેમાં આજીમનો પરાજય થયો ને તે માર્યો ગયો. બહાદુરશાહે વિજયી થઇ દિલ્લીનો કબજો લીધો. બીજાપુરમાં ઔરંગઝેબનો ત્રીજો પુત્ર કરમબક્ષ ગવર્નર હતો. એણે પણ પાદશાહ તરીકે પદાભિષેક કરાવ્યો પરંતુ બહાદુરશાહે એનો પણ પરાજય કર્યો. હૈદ્રાબાદમાં મોટું યુદ્ધ થયું. કરમબક્ષ માર્યો ગયો. છેવટે બહાદુરશાહ નિષ્કંટક પાદશાહ થયો.

શેઠ લખમીચંદ બહાદુરશાહને લાહોર જઇ મળ્યા. સારી રકમની ધીરધાર કરી લશ્કરને લઇ જવા લાવવા માટે સાધનો પૂરાં પાડ્યાં. રાશન પણ પૂરું પાડયું.

આ રીતે શેઠ લખમીચંદે ઔરંગઝેબ અને તે પછી પાદશાહ બહાદુરશાહની મહેરબાની મેળવી હતી. પાદશાહ માટે અને બેગમો માટે કુલ ઝવેરાતની ખરીદી શેઠને ત્યાંથી થતી હતી. શેઠ પાદશાહને નાણાં પણ ધીરતા હતા.

બહાદુરશાહ પોતે વિદ્વાન્, શાણો, ઉદાર, દયાળુ અને ધર્મની બાબતમાં સમભાવી હતો. આથી તે લોકપ્રિય થયો. નગરશેઠોને પાદશાહી સંબંધમાં પહેલી કાળજી પાલીતાણા વગેરે તીર્થોનું રક્ષણ જળવાય તે માટે બાદશાહી સનંદ મેળવવાની રહેતી. બહાદુરશાહે પણ તેને જૈન તીર્થોના સંરક્ષણ અને નગરશેઠના અધિકારની સનંદ આપી. એના માન અકરામ ખૂબ વધાર્યાં. એને પ્રથમ પંક્તિના અમીર બનાવી પાલખી અને છત્રી–મશાલનું માન આપ્યું. લખમીચંદ શેઠે પિતા કરતાં પણ વધારે જાહોજલાલી અને માન–મરતબો ભોગવ્યાં. લશ્કરી છાવણી હોય તેમ પાંચસો હથિઆરબંધ સિપાઇઓ તેની હવેલીએ તેની તહેનાતમાં રહેતા હતા. તેનો રાજશાહી દબદબો હતો. પાદશાહની તેમના પરત્વે પૂરી મહેરબાની હતી.

બહાદુરશાહે સને ૧૭૦૭ થી સને ૧૭૧૨ સુધી માત્ર પાંચ વરસ જ રાજ્ય કર્યું. તે રાજ્યગાદી ઉપર આવ્યો ત્યારે પણ વૃદ્ધ હતો. એની પાછળ એનાં ચાર પુત્રોમાં રાજ્યગાદી માટે યુદ્ધો થયાં. આમાં જહાંદારશાહ સૌથી મોટો અને શૂરવીર હતો. શેઠ લખમીચંદે એનો પક્ષ લીધો. મોટી લડાઇઓ લડ્યા પછી જહાંદારશાહને રાજ્યગાદી મળી. શેઠ લખમીચંદના માન વધ્યાં. જહાંદારશાહ રાજ્યગાદીએ આવ્યા પછી મોજશોખ અને વ્યસનમાં ઊતરી ગયો. તેને અફીણ અને દારૂનું વ્યસન થયું. આથી કેફમાં એ ગમે તેવી અવિચારી અને ક્રૂર આજ્ઞાઓ કરી બેસતો હતો. એની એક રખાતના કહેણ મુજબ તે રાજકારભાર ચલાવતો હતો. આથી લખમીચંદ શેઠે એની સાથેનો વ્યવહાર ઓછો કરી નાંખ્યો–જો કે એના અમલમાં શેઠ–કુટુંબનાં માનમર્યાદા પૂરેપૂરાં જળવાયાં હતાં.

*જહાંદારશાહ પાદશાહના વખતમાં અંધાધૂંધી થવા લાગી*

એનો નાનો ભાઈ આઝીમશાહ એના હાથે માર્યો ગયો એટલે પોતાના પિતાનું વૈર લેવાને માટે એના પુત્ર ફરૂખશિયરને એની રાજપુત માએ ચડાવ્યો. એણે બંડનો ઝંડો ઉપાડ્યો. આ વખતે દિલ્લીમાં રહેતા સૈયદ હુસેનઅલીખાં તથા તેનો ભાઇ સૈયદ અબ્દુલાખાં (અલ્હાબાદનો સૂબો) માથાભારે માણસો હતા. તેઓ ફુરૂખશિયરની પડખે ચઢયા અને લખમીચંદ શેઠ પાસેથી નાણાની મદદ માગી. લખમીચંદે સમય વર્તી નાણાં ધીર્યાં. સૈન્યને માટે વાહનો અને રાશન પૂરાં પાડ્યાં. ફરૂખશિયરે બાદશાહને હરાવી મારી નંખાવ્યો. પોતે શાહની પદવી ધારણ કરી. આ સમયે લખમીચંદ શેઠે વૃદ્ધાવસ્થાને અંગે વ્યવહારિક તેમજ રાજદ્વારી કામકાજ પોતાના પુત્ર ખુશાલચંદને સોંપીને પોતે આત્મસાધના અને ધાર્મિક પ્રવૃત્તિમાં શેષ જીવન વીતાવ્યું હતું.

## ( ૩ ) ખુશાલશાની ખાનદાની

લખમીચંદ શેઠ પછી ખુશાલચંદ શેઠ નગરશેઠ થયા. એમણે વડીલોની જાહોજલાલીમાં ખૂબ વધારો કર્યો હતો. ખુશાલશાની ધાર્મિક ભાવના, અને દેવ–ગુરુભક્તિ અનુકરણીય હતી. એમણે પણ પાલીતાણાનો સંઘ કાઢેલો. પાદશાહની મુલાકાતે તેઓ વારંવાર દિલ્લી જતા હતા. એના ઉપર ફરૂખશિયર પાદશાહના ચારે હાથ હતા. પાદશાહ એમનું મોટું સન્માન કરતા અને એમની વાતને બહુ વજન આપતા હતા. ખુશાલચંદ શેઠ પણ મોટું સૈન્ય રાખતા હતા. તેઓ મહાજનના નગરશેઠ અને જૈન તીર્થોના મુખ્ય વાલી પણ હતા.

" આજે મહાવીરસ્વામીના મંદિરેથી તમારો મહોત્સવનો વરઘોડો નીકળવાનો છે તે માટે પરવાનગી લઇ જવાનું સૂબાસાહેબે કહેવરાવ્યું છે." સૂબાના માણસે શેઠને ખબર આપ્યા.

" અમને તેમાં સૂબાસાહેબની પરવાનગીની જરૂર નથી." ખુશાલચંદ શેઠે પ્રત્યુત્તર આપ્યો.

"બાદશાહ સલામતના પ્રતીનિધિ સૂબાસાહેબની પરવાનગીની શું તમને જરૂર નથી ?"

"ના, બીલ્કુલ જરૂર નથી."

"હું સૂબાસાહેબ પાસે જઇને આપની વાત કહું ? હાથી, ઘોડાં, રથો સાથેની સ્વારી સૂબાસાહેબની પરવાનગી વિના નીકળી શકે નહિ તેમ તેઓ નામદારે ફરમાન કર્યું છે."

"ઠીક છે. તમે તમારે સૂબાસાહેબને કહો કે ખુશાલશા આવી પરવાનગી લેવાની સાફ ના પાડે છે."

"ઠીક છે. હું તો કહીશ, પરંતુ આવી સાદી પરવાનગી મેળવતાં તમને શું નુકશાન છે ? સૂબાસાહેબ કંઇ તેના માટે કર કે નાણું લેવા માંગતા નથી."

"ખરી વાત, પરંતુ એક નવું લાકડું ઘુસ્યું એટલે તેની પાછળ બીજું લાકડું તૈયાર રહે છે. આજે કર કે પૈસા નહિ લ્યો, પરંતુ ભવિષ્યમાં એવું નવું લફરું ઘુંસાડતાં શી વાર લાગે ? ભગવાનની ભક્તિમાં આવો નવો રિવાજ અમો નહિ કરીએ."

"પરંતુ તે દેશનો સૂબો છે એટલે એનું માન તો જાળવવું જોઇએ ને ?"

"તે અમે જાળવતા આવ્યા છીએ અને જાળવતા આવશું. પણ આ બાબતને અમે ઘણી ગંભીર ગણીએ છીએ, એટલે નવું લાકડું સ્વીકારવા કબૂલ થશું નહિ."

"શા માટે બળવાનનો રોષ વહોરી લ્યો છો ? તમે તો વેપારી વાણીઆભાઇ છો. તમારે વળી સૂબા સાથે તકરારો કેવી ? જોરાવરી કરશો તો નુકશાની ખમવી પડશે." સંદેશવાહકે દમદાટી આપતાં કહ્યું.

"અમે ખુશીથી બધી મુશ્કેલીઓ સહન કરશું. ફીકર કરશો નહિ. વેપારીવાણીઆ જરૂર છીએ, પણ કાંડામાં ચૂડીઓ નથી પહેરી."

"પરિણામ ઘણું ખરાબ આવશે."

"ભલે આવે. અમને અમારો ભરોંસો છે."

પોતાના પ્રતિનિધિની સાથે થયેલી ઉપલી વાત સાંભળી સૂબો રાતો પીળો થઇ ગયો. તેણે શેઠને પોતાની પાસે બોલાવવા માણસ મોકલ્યું.

"સૂબાસાહેબ તમને બોલાવે છે." માણસે કહ્યું.

"હમણાં મને કામ છે. આવી શકીશ નહિ."

"ક્યારે આવશો ? પાદશાહી તેડાનો આ શું જવાબ છે ?"

"પાદશાહી ફરમાનને માથા ઉપર ચડાવું છું, પરંતુ સૂબાસાહેબના મનસ્વી ફરમાનને નહિ. સૂબાને કહો કે નગરશેઠ ખુશાલશા આવવા ના પાડે છે."

સૂબાને આ જવાબ પહોંચતાં જ તે ગાદી ઉપરથી ઊભો થઈ ગયો. એણે લેખિત ફરમાન લખી નગરશેઠનો દશ હજાર મુદ્રાનો દંડ કર્યો. પચાસ ઘોડેસ્વારોને એ દંડ વસુલ કરવા નગરશેઠની હવેલીએ મોકલ્યા. જો ખુશીથી દંડ ન ભરે તો જોરાવરી કરવાનો હુકમ અને સહી–પરવાનગી પણ આપી દીધાં.

સૂબો અખત્યારખાન નવો જ આવેલો હતો. પાદશાહનો દૂરનો સગો હતો. યુવાન, મગરૂર અને જોહુકમી ચલાવવાનો શોખીન હતો. પાદશાહનો સંબંધ અને મોટી સત્તાનો એને નશો ચડ્યો હતો. એક વેપારી એના હુકમને તડછોડે એ વાત તેનો તુંડમિજાજ સહન કરી શકે તેમ નહોતું. મૂછો આમળીને વારંવાર ઉશ્કેરાઇ

જતાં સૂબાએ કડક હુકમો છોડયા. એના પેટા અધિકારીઓએ ધીરજથી આનો ઊકેલ લાવવા વિનંતિ કરી જોઇ, પરંતુ સૂબાએ એમને ધુત્કારી કાઢ્યા. તેણે આજ્ઞા કરી, "જાઓ હુકમ પ્રમાણે અમલ કરો ને એ વેપારીને પકડી મારી હજુરમાં હાજર કરો."

સુબેદાર દિલાવરખાન પચાસ ઘોડેસ્વાર સૈનિકોને લઇ ઝવેરીવાડમાં પહોંચ્યો. પોળમાં પ્રવેશ કરવા જાય છે ત્યાં તો સામેથી અવાજ આવ્યો.

"ખબરદાર, પરવાનગી વગર અંદર આવશો નહિ."

"અમે શાહી પાયગાના સ્વારો છીએ."

"ગમે તે હો પણ અંદર આવી શકશો નહિ." પચાસ લાંબી બંદૂકોની નળીઓ તેમની છાતી સામે નોંધાઇ રહી હતી.

"તમે કોણ છો ? કોની પરવાનગી જોઇએ છીએ ?" દિલાવરખાને આગળ આવી પૂછયું.

"અમે આરબો છીએ. અહીં દાખલ થવા માટે નગરશેઠની પરવાનગી જોઇશે."

"અમદાવાદના પાદશાહી શહેરમાં બાદશાહી સૈન્યને અટકાવવાના પરિણામો તમે જાણો છો ?"

"તે સાથે અમારે સંબંધ નથી. અમે માલીકનું લૂણ હલાલ કરીએ છીએ."

"તમને એકે એકને પકડીને ભયંકર રીતે રીબાવવામાં આવશે. શાહી ફરમાનની વિરુદ્ધ ચાલી તમારે અમારા દેશમાં રહેવું છે ! તમો જાનમાલથી માર્યા જશો. શાહી સૈન્યને રસ્તો આપો."

"અમારી બંદુકો સાજી છે. દારૂગોળો પુષ્કળ છે. હમણાં જ

તમારાં મુડદાં કૂતરાં કાગડા ચૂંથી નાખશે, માટે ધમકી આપ્યાં સિવાય ચાલ્યા જાઓ."

દિલાવરખાને ચારે તરફ આરબોનો ભારે જમાવ જોયો. લડવાથી લોહી રેડાશે. અંદર જઇ શકાશે નહિ એવી એને પાકી ખાત્રી થઇ. તે આરબોને ઓળખતો હતો. પ્રાણ આપશે પણ અંદર જવા દેશે નહિ. શું કરવું ? તે માટે એ વિમાસણમાં પડયો. જો પાછો જાય તો સૂબો એને બાયલો કહી એની બેઆબરૂ કરે. એને લશ્કરી નોકરીમાંથી બરતરફ કરે. આગળ વધે તો આરબોની બંદુકોની ચોકસ નેમની તેને ખબર હતી. સૂડી વચ્ચે સોપારી જેવી એની વિષમ સ્થિતિ હતી.

એણે વચલો રસ્તો લીધો. પોતે ઝવેરીવાડની બહાર રસ્તા ઉપર ઘોડાંઓ ઊભાં રાખ્યાં અને સૂબા પાસેથી વધારે સૈન્ય મંગાવ્યું.

" સૂબાસાહેબ, ઝવેરીવાડમેં શેઠને આરબ સૈન્ય ખડે રખે હૈ. વહાં દાખલ હોને પર ભારી તોફાનકા સંભવ હૈ."

" શાહી સૈન્યકો કયા પરવા હૈ ? ચલો, બંદુક ઔર શમશેર ચલાઓ. કાયકે વાસ્તે લશ્કરકો રોક રખે હૈ ?"

" આરબ બહોત હૈ; હમ થોડે હૈ. દિલાવરખાન જાસ્તી મદદ મંગવાતે હૈ."

" યહ બાત ઠીક હૈ. કીતની મદદ ચહીએ ?"

" પાંચસો લશ્કરકી."

" ઇતની બ્હોત ! આરબ કીતને હે ?"

" મૈં નહિ કહ શકતા હું લેકિન પાંચસો ઉપર હોગે."

સૂબાને પણ આ વાત ગંભીર લાગી. એણે પોતાનો સૈનિક

પોશાક પહેરી લીધો. પોતાનો ઘોડો મંગાવીને તે પણ ઝવેરીવાડ તરફ ચાલ્યો.

ઝવેરીવાડની આસપાસ ચારે તરફ ખાઇઓ ખોદીને ઉપર લાકડાના બીમ્બોને ઊભાં કરી તે ઉપર રેતીની ગુણીઓ ખડકીને આરબો પોતાની લાંબી બંદુકો તાકી ઉભેલા જોયા. એ મનમાં વિમાસી રહ્યો, પરંતુ હુકમ નીકળી ગયો હતો તે કોઇ રીતે ન પળાય તો આબરૂ જાય. એણે અમદાવાદમાં રહેતું કુલ પાંચસોનું સૈન્ય આ ઠેકાણે જમા કરવાનો હુકમ છોડયો. અહીં જ શાહી છાવણી મંડાઈ ગઇ. અમદાવાદના મધ્ય ચોકમાં મોટાં ધમસાણની તૈયારીઓ થવા માંડી. નગરશેઠ મક્કમ હતા. સૂબો પણ મક્કમ હતો. મોટા યુદ્ધને આવતું જોઇ શહેરીઓ થરથરવા લાગ્યા. શહેરની વચ્ચો-વચ્ચ આવું યુદ્ધ ભારે આફતકારક હતું. ચારે તરફ બજારો, ઘરો, હવેલીઓ, મંદિરો, મસ્જીદો આવેલાં હતાં.

ચાર પાંચ કલાકની અંદર શાહી પાંચ સો માણસો હાજર થઈ ગયાં. તેઓ સૌ ગોઠવાઇ હથિઆરબદ્ધ થઇ ઊભાં. આ તરફ આરબો પણ પોતાની બંદુકો જામગીરીઓ હાથમાં લઇ છોડવા તૈયાર થઇ ગયા. યુદ્ધ જામવાની પળો ગણાઇ રહી.

દિલાવરખાન સૂબાની નજદિક આવ્યો. એણે લશ્કરી સલામ કરી કહ્યું: "આપે જોયું ? આ આરબો ખાઇઓ ખોદી પડયા છે. રેતીની ગુણીઓ આસપાસ ગોઠવી દીધી છે. આપણા ઘોડેસ્વારો એના ઉપર કેવી રીતે હલ્લો કરી શકશે ? ખાઇમાંના આરબો આપણને સખ્ત નુકશાનીમાં ઉતારશે. તેઓ કેવા બંદૂકો તાકનાર છે તે તો આપને માલૂમ છે. આપણે આવી રીતે એમના ઉપર આક્રમણ કરીએ તે લશ્કરી નજરે મોટી ભૂલ ગણાશે."

" તારી વાત ખરી છે. ત્યારે હવે શું કરીશું ?"

" એમના ઉપર તોપોનો મારો કરવો જોઇએ."

" એ વાત ઠીક છે. તોપો મંગાવો."

તરત જ હુકમ છૂટયા. ચાર તોપો લાવવામાં આવી.

પરંતુ બીજી તરફ આરબો પણ ચૂપ બેઠા નહિ. તેઓ પણ હુડેલહમ કરતાં દોડયા. નગરશેઠના વાડામાંથી અંગ્રેજી બે તોપો ઘસડી લાવી તેને મોરચાઓ ઉપર ગોઠવી દીધી ને તેમાં દારૂગોળા ભરવા લાગ્યા.

શહેર વચ્ચે ભયંકર ઉત્પાત થઇ પડયો. શહેરના મધ્યભાગમાં તોપમારો ! વસ્તીના જાનમાલનો ધાણુ જ નીકળી જાય.

મહાજનના મોટા અગ્રેસરો તરત સૂબા પાસે આવ્યા.

" નામદાર, શહેર વચ્ચે ગોળાઓ છૂટશે. શહેરનો નાશ લઇ જશે. વસ્તીના બાલબચ્ચાંનો વિનાશ થશે."

" હું શું કરું ? તમારો નગરશેઠ માનતો નથી. શાહીહુકમને નમવાની સૌને ફરજ છે. એ માનતો નથી તેના ફળ સૌને ભોગવવાં પડશે."

" તમારે તો નગરશેઠ સાથે તકરાર છે. તેમાં શહેરની પ્રજાનો મરો શા માટે થવો જોઇએ ? અમે પાદશાહનું કે તમારું કાંઇ અપમાન કર્યું નથી."

" નગરશેઠની હવેલી શહેર વચ્ચોવચ્ચ છે. એ શાહી સૈન્યની સામો થાય છે, એટલે એનો ગર્વ ઉતારવાની મારી ફરજ છે."

" શહેરનો કચ્ચરઘાણુ નીકળશે. તમારી જીદ પૂરી કરતાં લાખો

કરોડોનું નુકશાન થશે. પાદશાહને દિલ્લી પુછાવી લ્યો. આવું જોખમ ઉપાડવા જેવું નથી."

"પાદશાહને મારે પુછાવવાની જરૂર નથી. મને સંપૂર્ણ સત્તા છે."

"ત્યારે અમારે શું કરવું? વખત આપો એટલે ગાંસડા પોટલાં બાંધી અમે રવાના થઇ બીજે કયાંઇ જઇ વસીએ. એ આખલાઓની લડતમાં ઝાડોનો ખો થાય. ભયંકર નુકશાન થશે. શહેરનો ગીચોગીચ બજારનો ભાગ નાશ પામશે. કાંઇ વિચાર કરો."

શહેરના કોટવાળ, સુબેદાર, મનસબદાર સૌએ મહાજનની અરજને ટેકો આપ્યો. સૂબો વિચારમાં પડ્યો.

"જાઓ ત્રણ દિવસનો સમય આપું છું. તેટલામાં કાં તો નગરશેઠને શરણે લાવો અથવા શહેરનો આ વિભાગ ખાલી કરી બીજે ચાલ્યા જાઓ. મારે આ નગરશેઠનો મદ ઉતારવો છે. તેમાં ફેર નહિ પડે."

મહાજન નગરશેઠ ખુશાલચંદ પાસે ગયું. સર્વે માનઆદર સાથે બેઠા.

"શહેરનું આ સત્યાનાશ જવા બેઠું છે. કાંઇ ઉપાય કરો. તમે મહાજનના નગરશેઠ છો. આ સૂબો રૂઠયો છે."

"હું જાણું છું. પણ એક વખત એને નમવાથી સૌની કમબખ્તી છે. એ વગરવિચારનો યુવાન છે. એને ગમે તેમ જુલમ કરવા નહી દઇએ."

"પણ શાહી સૈન્યની સાથે લડાઈ કરશો તે મોટો ગુન્હો નહિ ગણાય? સત્તા સામે શાણપણ કયાં સુધી ચાલશે?"

"મારા હાથ લાંબા છે. હું પહોંચી વળીશ."

"તે અમે પણ જાણીએ છીએ. પણ તમારી પહેલી ફરજ શહેરને બચાવવાની છે, માટે તેનો યોગ્ય રસ્તો લ્યો."

"પરંતુ આ જીદી માણસને હું જરા પણ નમતું દેવા નથી માંગતો."

"કાંઇક વચલો રસ્તો ન નીકળે?" વૃદ્ધ સાકરચંદે પૂછ્યું.

"તમે શું સુચવો છો?" નગરશેઠે ઈંતેજારીથી પૂછ્યું.

"તમે તમારું સૈન્ય લઇ અમદાવાદની બહાર કોઇ સ્થળે ચાલ્યા જાવ. ત્યાં સૂબો લડવા આવે તો હાથનો ચમત્કાર બતાવજો. નહિ તો તમારે જે બીજા ઉપાયો લેવા હોય તે લેજો, પરંતુ શહેરનો આથી બચાવ થશે."

નગરશેઠ વિચારમાં પડયા. "પણ એ મારી હવેલીનો કબજો લઇ બધું તોડી ફોડી નાંખે તો?"

"અમે એને સમજાવશું. તમારી હવેલી કે માલમિલ્કતને જરા પણ નુકશાન ન કરે, છતાં ન સમજે તો શહેરના બચાવ ખાતર એટલું નુકશાન સહન કરજો."

"ભલે તેમ થાઓ." નગરશેઠે વિચાર કરી જવાબ આપ્યો.

પાછું મહાજન સૂબા પાસે ગયું. પોતે જે ગોઠવણ કરી હતી તે વાત કરી. એની હવેલીને માટે અભયદાન માંગ્યું.

"એમ કેમ બને? એ તો હવે સરકારી મિલ્કત કહેવાય."

"સરકારી મિલ્કત ભલે કહેવાય, પરંતુ એનો નાશ તો કરવો ન ઘટે. એમાં તો ઊલટું નુકશાન થશે."

"નાશ તો હું નહિ કરૂં. પણ હું એમાં સરકારી થાણું રાખી વસવાટ કરીશ."

" બે માસની મુદત આપો. પછી તેમ ખુશીથી કરજો. અમારો એટલો આગ્રહ કબૂલ કરો."

સૂબાએ કબૂલ કર્યું. નગરશેઠે તડામાર હવેલી ખાલી કરાવી લીધી. એમણે ૨૧ દિવસમાં અમદાવાદમાં પાછા આવવાની ચેલેન્જ ફેંકી. પોતાની સાથે ૫૦૦ આરબો લઇ સરસામાનના સેંકડો ગાડાંઓ ભરી પેથાપુર નજદિકના તેમના વાસણા ગામમાં તંબુઓ તાણ્યા.

ખુશાલચંદ શેઠે તરત પાદશાહને અરજ લખાવી. તેમાં પોતાની સ્થિતિ સંપૂર્ણપણે દેખાડી. સૂબાનો અન્યાયી હુકમ, તે માન્ય ન કરવાના કારણો, તે સિવાય સૂબાએ કરેલી જબરદસ્તી અને પોતાને અમદાવાદ ત્યજવાની ફરજ–તે સંબંધી સર્વે વિગત અરજ સાથે લખી. પાદશાહની પોતાના ઉપરની મહેરબાની અને કરેલા ઉપકારો જણાવી અમદાવાદમાં પોતાને પાછા ફરવાની અને બાદશાહી રક્ષણની માંગણી કરી. પોતાને થતાં નુકશાન અને તકલીફો જાહેર કર્યાં. પોતાના લાગતાવળગતા ઉમરાવોને પણ ખબર આપ્યા અને ખાસ કરીને પાદશાહી રાજતંત્રમાં તે વખતે પુરતી લાગવગ ધરાવનાર સૈયદ હુસેનઅલીખાં તથા અબ્દુલ્લાખાંને પણ સર્વે હકીકતથી વાકેફ કર્યાં. સૂબાનો રિપોર્ટ પણ દિલ્હી પહોંચ્યો. સૈયદ ભાઇઓ આ વખતે સર્વસત્તાધીશ હતા. તેમની સલાહથી અમદાવાદના સૂબાને દિલ્હી બોલાવવાનું શાહી ફરમાન છૂટયું. તેને ઠેકાણે સૈયદ હસનઅલીના આશ્રિતની નિમણુંક થઇ. બરાબર ૨૧ મે દિવસે ખુશાલચંદ નગરશેઠ ધામધુમ અને ગાજતેવાજતે અમદાવાદ પધાર્યાં. જૂનો સૂબો ત્રણ દિવસ પહેલાં છાનોમાનો દિલ્હી ચાલ્યો ગયો હતો.

દિલ્હીમાં ફરૂખશિખર બાદશાહ માત્ર નામનો જ હતો. સત્તા

સર્વે સૈયદ ભાઇઓના હાથમાં હતી. પાદશાહ સાથે એમને અણ-બનાવ થયો. પાદશાહ પોતાનો પક્ષ ઊભો કરીને સૈયદ ભાઇઓનો નાશ કરવા કાવતરું કરવા લાગ્યો. સૈયદ ભાઇયોને એ ખબર પડી ગઇ. તેઓએ મરાઠાઓની મદદ મેળવી દિલ્હી લઈ લીધું. સને ૧૭૧૯માં ફરૂખશિયરનો વધ કરવામાં આવ્યો ને અનુક્રમે બહાદુરશાહ પાદશાહના બે નાના પૌત્રોને ગાદીએ બેસાડયાં. પણ તેઓ તરત મરી ગયા એટલે ચોથા પુત્રને મહમદશાહના નામે ગાદીએ બેસાડયો. આ વખત ભારે અંધાધુંધીનો હતો. દિલ્હીની સત્તા શિથિલ થઈ ગઈ હતી. સૂબાઓ સ્વતંત્ર જેવા હતા. દક્ષિણમાં નિઝામ અને મરાઠા એમ બે નવી સત્તાનો ઉદય થયો હતો. તેઓ થોડીવારમાં ભેગા થઈ જતા અને થોડીવારમાં પરસ્પર લડતા હતા. લૂંટફાટ, અત્યાચારો અને મારામારીઓ ખૂબ થતી હતી.

મુગલ શહેનશાહતમાં ગૃહકલેશ અને કાપાકાપીના આ વિષમ કાળ દરમિયાન ગુજરાતને પણ એવડી કસોટીમાંથી પસાર થવાનું હતું. સૈયદ ભાઈઓએ મરાઠાઓને ગુજરાતમાં ચોથ ઉઘરાવવા હક્ક આપવાનું કહી તેની મદદ મેળવી ફરૂખશિયર પાદશાહને હરાવ્યો હતો તે સમયથી મરાઠા ઘોડેસ્વારો ગુજરાતમાં ચોથ ઉઘરાવવા "હરિ બોલ, હરિ બોલ" પોકારતા ઘૂમી રહ્યા હતા. તેઓ ગમે તે હિંદુ–મુસલમાનોને લૂંટી લેતા. શહેરો ને ગામડાંઓ ઉપર રાત્રિના આક્રમણ કરી લૂંટફાટ ચલાવતા અને કોઈ કોઇ વખત તો ભક્ષ ન મળવાથી ગામોના ગામો સળગાવી દેતા.

બીજી તરફથી મુગલ શહેનશાહતે ગુજરાતમાં પોતાનો પગદંડો જમાવી રાખવાને નિઝામ–ઉલ્મુલ્કને સૂબાગીરી સોંપતાં તેના તરફથી તેના કાકા હમીદખાન અમદાવાદમાં રોકાયો હતો.

આ રીતે ગુજરાતની સ્થિતિ બે ધણીની બૈરી જેવી વિષમ

થઇ પડતાં જાનમાલના રક્ષણ માટે ખુશાલચંદ શેઠે સમયસૂચકતાથી પોતાને ત્યાં રહેતી આરબની બેરખમાં ભરતી કરી ને હથિયાર-સામગ્રીમાં જરૂરી વધારો કરી દીધો હતો.

પાંચેક વર્ષો આ રીતે પસાર થયાં. દરમિયાન મુગલ શહેનશાહતને ગુજરાતની સત્તા પોતાના પગ નીચેથી સરકી જતી હતી તેનું ભાન થયું અને પોતાને આંગણે પણ અધિકારીઓની અથડામણી થવા લાગી. પરિણામે ગુજરાતનો હાલનો સૂબો અને મરાઠા મળી ગયા છે તેમ પાદશાહને સમજાવી શાહબુલંદખાને ગુજરાતની સૂબાગીરી મેળવી ને લશ્કર સાથે પોતાના તરફથી સુજાદીખાનને મોકલ્યો.

આ આંતરયુદ્ધમાં સુજાદીખાન પાસે લશ્કરીબળ જોઇ હમીદખાન દાહોદ પહોંચ્યો ને મરાઠી સૈન્યની મદદથી અંદરોઅંદર અથડાતાં સુજાદીખાન મરાયો.

આ પ્રસંગે અમદાવાદને કીલ્લેબંધી હોવાથી અને તેના દરવાજા બંધ હોવાથી વસ્તી બહારના તોફાનથી સુરક્ષિત હતી, પરંતુ વિજયની ધૂનમાં મરાઠા સૈન્યને શહેર લૂંટવાનો ઉન્માદ જાગ્યો.

મરાઠા સૈન્ય ગઢના કીલ્લા તોડી શહેરમાં પ્રવેશ કરવા—ગામ લૂંટવા ઇચ્છે છે તેવા ખબર ખુશાલચંદ શેઠના જાણવામાં આવ્યા. તેમના પાસે પૂરતાં સાધન અને સમૃદ્ધિ હતાં, હિંમત અને મુત્સદ્દીગીરી હતી. મરાઠા સૈન્યને લાવનાર હમીદખાન ઉપર તેના ઘણા ઉપકાર હતા. તે હિંમત કરીને અમદાવાદને ઘેરો ઘાલી પડેલી મરાઠા છાવણીમાં ગયા. હમીદખાનને મળી તેના અંગત તોફાનમાં પ્રજા પાયમાલ થઇ જવાથી તેને જ નુકશાન છે તેમ સમજાવીને પોતાના પદરથી મોં-માંગ્યું દ્રવ્ય આપી મરાઠા સૈન્યને પાછું વાળ્યું.

નગરશેઠ ખુશાલચંદે તન-મન-ધનનો મોટો ભોગ આપીને

શહેરના વેપાર અને વસ્તીનું રક્ષણ કરવાથી તે વખતના અમદાવાદ શહેરના મોટા વેપારી અને મહાજનના મોવડી હિંદુ મુસ્લીમ તમામ કોમના આગેવાનોએ મહાજન એકઠું કર્યું ને ખુશાલચંદ શેઠના આ ઉપકારના બદલામાં અમદાવાદમાંથી રાજહક્કની લેવાતી દામદસ્તુરી (જમાબંધી) ઉપરાંત દરેક વેપાર મશરૂ વણાટ વગેરે ઉપર દરસેંકડે ચાર આના મુજબ* નગરશેઠને વંશપરંપરાને માટે રૈયત નિસ્બતે પાઘડી આપવાને પ્રજાએ કરારનામું કરી દીધું તથા વજીર કમરૂદીને તે કરારનો અઘાટ પરવાનો—રૂક્કો કરી આપ્યો.

મુગલાઇ સૂબાની આ અથડામણીના પરિણામે તેનું બળ વેડફાઇ જતાં ગુજરાતની ચોથ ઉઘરાવવાના મરાઠાઓએ મેળવેલા હક્કને આગળ ધરી તેનો પગપેસારો ગુજરાતમાં વધવા લાગ્યો.

પેશ્વાએ આ કામ પીલાજી ગાયકવાડને સોંપ્યું. એના પુત્ર દામાજી ગાયકવાડે પોતાનાં શૌર્ય અને ચતુરાઇથી ગુજરાતમાં ગાદી નાખી. ધીમે ધીમે ગુજરાતમાંથી મોગલોની સત્તા ઓસરવા લાગી.

નગરશેઠ ખુશાલચંદે મરાઠાઓ સાથે પણ દોસ્તી બાંધી હતી. એ ચતુર પુરુષ હતો. એણે ગાયકવાડની સાથે આર્થિક સંબંધ બાંધી પોતાના લાભોને નિર્ભય બનાવ્યા. એ સમયે વેપાર ઘણો ઘટી ગયો હતો. અંધાધૂંધી અને લૂંટફાટમાં વેપારનો વિકાસ નહોતો, પરંતુ નગરશેઠની ધીરધાર મોટી હતી. ઘણી વખત રાજતંત્ર બદલવાની સાથે મોટી ખોટ આવતી હતી, નાણાં સમૂળગાં જતાં પણ હતાં; છતાં નવી સત્તાને મળી જઇ તેઓ આગલાં નાણાં પણ વસુલ કરી લેતા હતા.

---

* શેઠકુટુંબને આપવાની આ પાઘડીના કંપની સરકારે ઉધડા રૂા. ૨૧૩૩ આપવાને ઠરાવ્યું છે, અને તે ચાલુ રાખવાને લંડન-પ્રીવી કાઉન્સીલના તા. ૩૧-૫-૧૮૬૧ ના ઠરાવ મુજબ હજી પણ શેઠ કુટુંબને આ રકમ સરકારદ્વારા મળે છે.

## (૪) વખતશાનું વહીવટીતંત્ર—

નગરશેઠ ખુશાલચંદ પછી તેના પુત્ર વખતચંદ શેઠ નગરશેઠ થયા. મુગલ અને મરાઠા એ બન્ને સત્તાઓએ એમને માન્ય રાખ્યા. સમય બહુ જ કપરો હતો. બે સત્તાઓને પ્રસન્ન રાખવાની હતી. વખતશાહ પિતાના હાથ નીચે રાજ્યદ્વારી મુત્સદ્દીગીરીમાં કેળવાયેલા હતા. એમણે શ્રી દામાજી ગાયકવાડ સાથે તેના ઝવેરી તરીકે સંબંધ બાંધી વડોદરામાં પણ પેઢી ખોલી. ગાયકવાડ સરકાર તરફથી પણ એમને છત્ર, મશાલ તથા પાલખી મળ્યાં હતાં. એમણે પાલીતાણા, આબુ અને ગિરનારના મોટા સંઘો કાઢ્યા હતા, જેમાં તેમને ગાયકવાડ તરફથી સૈનિક રક્ષણ મળ્યું હતું. એમણે કાઠિયાવાડના રાજાઓને ધીરધાર કરવાની શરૂઆત કરી. તેના ગામડાંઓ લખાવી લઈ તેઓ નાણાં ધીરતા હતા. કાઠિયાવાડના મોટાં દેશીરાજ્યો સાથે ઝવેરીકુટુંબનો ગાઢ સંબંધ બંધાવા લાગ્યો હતો. એ સમયે બેંકો અસ્તિત્વમાં નહોતી, પણ આવા શાહુકારો જ રાજ્યને મોટી રકમે નાણાં ધીરતા હતા. આખા ગુજરાતમાં ઝવેરી-નગરશેઠ જેવા મોટા શરાફો નહોતા. ઠેઠ દિલ્હી સુધી એમની ધીરધાર ચાલતી હતી. અકબર, જહાંગીર, શાહજહાન, ઔરંગઝેબ, બહાદુરશાહ, જહાંદારશાહ, ફરૂખશિયર સુધી સર્વે બાદશાહોને એમણે નાણાં ધીર્યાં હતાં. તે

સિવાય ગાયકવાડોને પણ એઓ ધીરધાર કરતા હતા. આવી રીતે આખા હિંદની મહાન્ સત્તાઓના શરાફ તરીકે નગરશેઠનું કુટુંબ આગળ પડતું હતું.

વખતશાના મોટાભાઇ નથુશા અમદાવાદમાં રહેતા હતા. તેઓ પણ રાજકાજ તથા મહાજનમાં આગળ પડતો ભાગ લેતા હતા.

ગુજરાતનું રાજતંત્ર હવે પેશ્વાઈ અને ગાયકવાડી (મરાઠી) સત્તાના હાથમાં હતું. તેઓ ગુજરાત અને સોરઠમાં ફેરો ખાઇને પેશકશી ઉઘરાવતા અને છૂટાછવાયાં થાણાં રાખી કામ લેતા. ધીમે ધીમે હિંદમાં અંગ્રેજસત્તાની જમાવટ થવા લાગી હતી. મરાઠી સત્તામાં આંતરકલહ દાખલ થતાં તેમણે પણ કંપની સરકારની દખલ નોતરી. પરિણામે અંગ્રેજ સત્તાએ સને ૧૭૮૦ માં અમદાવાદમાં પગપેસારો કર્યો. આ પ્રસંગે નથુશા શેઠ તેમજ અમદાવાદ મહાજનના બીજા આગેવાનોએ કુંપની સરકારના સેનાપતિને મળી–સમજાવીને પેશ્વા સાથેના આ યુદ્ધમાં કુંપની સરકારના સૈન્ય તરફથી વસ્તીને રંજાડ કે લૂંટફાટ થવા દીધી નહોતી.

હવે ગુજરાતનું રાજતંત્ર ગાયકવાડને સુવાંગ મળ્યું હતું. કુંપની સરકારે ગાયકવાડ સાથે દોસ્તીના કરાર કર્યા. તોફાન–તકરારો ને લૂંટફાટના પ્રસંગો ઓછા થઈ ગયા.

એ સમયે મુંબઇમાં બ્રિટિશ સત્તા સ્થપાઇ હતી. પોર્ટુગીઝ રાજાએ પોતાની બહેનના વિવાહ બ્રિટિશ રાજા સાથે કર્યા હતા તેની પહેરામણીમાં તેણે મુંબઇનો ટાપુ અંગ્રેજોને આપ્યો હતો. અંગ્રેજોના રાજા ચાર્લ્સે આ મુંબઇનું બંદર વાર્ષિક દશ પાઉંડના ભાડાથી ઇસ્ટઇન્ડીઆ કંપનીને સોંપ્યું હતું. વિલાયતથી આ બારું સીધું-નજદિકમાં અને તરતું હોવાથી એના ભવિષ્ય માટે મોટી આશાઓ

બંધાઇ. અંગ્રેજોની મોટી પેઢી સુરતખાતે હતી તે બદલીને મુંબઇ લાવવામાં આવી. મુંબઇનો વેપાર વધવા માંડ્યો. પશ્ચિમ હિંદમાં એ સૌથી મોટું બંદર બન્યું. જે ગામમાં થોડા માછીમારોનાં ઝુંપડાં હતાં તેમાં લાખોની વસ્તી વસવા લાગી. વખતશા શેઠે પણ મુંબઇમાં પોતાની પેઢી ખોલી અને શરાફીનું કામ શરૂ કરી દીધું. મુંબઇખાતે પોતે ગયા જ નહોતા પણ પોતાના પુત્રોને ત્યાં રાખવામાં આવ્યા હતા.

વખતશેઠના વહીવટ દરમિયાન ઉપર મુજબ મુગલ, મરાઠા, ગાયકવાડ અને બ્રિટિશ વગેરે રાજસત્તાના યુગપલટામાંથી પસાર થવાનું હતું, જેમાં તેમણે કુશળતાથી રાજ્યસંબંધ, ધંધાદારી અને નગરશેઠનો માન-મરતબો જમાવી રાખ્યો હતો તે તેમની કાર્યદક્ષતા અને સમયજ્ઞતા સૂચવે છે.

વખતશેઠને સાત પુત્રો, એક પુત્રી (ઉજમ) અને બહોળો પરિવાર હતો.

**વખતશા.**

- હેમાભાઇ
  - પ્રેમાભાઇ
    - મયાભાઇ
      - વિમળભાઇ
    - લાલભાઇ
    - મણીભાઇ
      - કસ્તુરભાઇ
      - ઉમાભાઇ
- પાનાચંદ
- મોતીચંદ
  - ફતેચંદ
    - ભગુભાઈ
      - દલપતભાઈ (ગંગાબહેન)
        - લાલભાઇ
          - કસ્તુરભાઈ
        - મણીભાઇ
        - જગાભાઈ
- સુરજમલ
- મનસુખભાઈ
- અનુપચંદ
- ઇચ્છાચંદ

## (૫) રાજરત્ન હેમાભાઇ

વખતશાનો વહીવટ બહોળો હોવાથી તેમના પુત્રોને જુદી જુદી પેઢીનું કામકાજ વહેંચી આપ્યું હતું. મોટા પુત્ર હેમાભાઇ અમદાવાદની પેઢી ઉપર રહેતા. ભાઇઓમાં સંપ સારો હતો અને વહીવટ તેમજ વસવાટમાં પણ આ સંયુક્ત કુટુંબ એક પંક્તે જમતું-રહેતું એ તેમના ઉત્કૃષ્ટ પુણ્યનો પુરાવો હતો.

વખતશેઠ પછી નગરશેઠાઇનો ભાર હેમાભાઇએ સંભાળ્યો. હેમાભાઇ શેઠનો જન્મ સંવત ૧૮૪૦ માં થયો હતો. પોતાની બસો વરસની જૂની પેઢીની આબરૂ સાચવવાનું એમને સંપૂર્ણ શિક્ષણ મળ્યું હતું. તેઓ અંગ્રેજી જાણતા નહોતા. મુગલસત્તાના સહવાસથી એમના વડીલો બધા ફારસી શીખ્યા હતા તેમજ હેમાભાઇ શેઠ પણ થોડું ફારસી શીખ્યા હતા. વર્તમાનપત્રો અને પુસ્તકોનો જમાનો નહોતો. માત્ર ધાર્મિક પુસ્તકો ( હસ્તલિખિત ) વંચાતાં હતાં. હેમાભાઇ શેઠ દુનિઆદારીના ડહાપણમાં સંસ્કારી અને પ્રૌઢ હતા.

હેમાભાઇ શેઠની જાહોજલાલી પણ અદ્ભૂત હતી. તે ઉદાર, બુદ્ધિમાન, મોટા મનના અને ધાર્મિક વૃત્તિના માણસ હતા. તેઓ

ભારે સહનશક્તિવાળા હતા. આવડું મોટું કુટુંબ હોવા છતાં એમની આમન્યા મોટા પ્રમાણમાં રહેતી હતી. સૌને હેમાભાઇ શેઠે જુદાં જુદાં કામો વહેંચી આપ્યાં હતાં. સૌનો ચોકસ ઉપાડ નક્કી કર્યો હતો અને વિવાહાદિક પ્રસંગો સંયુક્ત કુટુંબની રીતે થતા હતા. હેમાભાઈ–નગરશેઠની ફરજ તેમજ બહારનું કામ સંભાળતા હતા. તીર્થોનો વહીવટ કરવો, સરકાર દરબારમાં આવ–જા કરવી, મહાજનની યોગ્ય વ્યવસ્થા કરવી, પાંજરાપોળ ઉપર દેખરેખ રાખવી એ કામ એમનું હતું. તેઓના શાણપણથી સંયુક્ત કુટુંબનો સંપ ચાલુ જ રહ્યો હતો. સૌ ભાઇઓ વિવાહિત અને બાળકોવાળા હતા, પરંતુ શેઠ હેમાભાઇનો મોભો એવો હતો કે સૌ એમની આમન્યા સંપૂર્ણ રીતે જાળવતા હતા.

પોતાના વડીલોનો ઝવેરાતનો ધંધો હવે ગૌણ થયો હતો એટલે તેઓ શરાફીનો ધંધો વધારે પડતો કરતા હતા. કાઠિયાવાડના ઘણા રાજાઓ અને જાગીરદારોને તેઓ સારા વ્યાજે ગામો અને તાલુકાની ઉપજ ઉપર નાણાં ધીરતા હતા. મુંબઇ સરકારના હુકમ વગર રાજાઓ કોઈપણ ગામ વેચી શકતા નહિ પરંતુ ઉપજ ગીરવી મૂકવાનો તેમનો હક્ક હતો. તે સિવાય સુરત, મુંબઇ, પુના, રતલામ, જયપુર, દિલ્હી, આગ્રા, મેડતા, ચિતોડ, બુંદીકોટા, વડોદરા, ઘોઘા, વઢવાણ, લીંબડી, નવાનગર, ધોલેરા, પાલનપુર, શીરોહી વગેરે ઘણા સ્થળે તેમની પેઢીઓ અને આડતો હતી. તે વખતે બેંકો માત્ર હજી મુંબઇ ને કલકત્તામાં સ્થપાઇ હતી. એમની પાસે નાણાંની સારી છૂટ હતી. એટલે આ પેઢીઓ મારફત હિંદના શાહુકારોને તેઓ મોટી ધીરધાર કરતા હતા. તેમની ૩૦ શરાફી પેઢીઓની વ્યવસ્થામાં એમના છએ ભાઇઓ કામે લાગ્યા હતા. તેમની આંટ

ઘણી સરસ હતી. એમની સહીની હુંડી આખા ગુજરાતમાં નોટની માફક વટાવાતી હતી.

કુટુંબમાં સંપ પણ સારો હતો. હજી સૌ એક રસોડે જમતા હતા. શેઠ હેમાભાઇના વડપણ નીચે દરરોજ ૧૫૦ ભોજન–થાળો એક પંકતે પડતા હતા. શેઠ હેમાભાઇ સમદૃષ્ટિથી સૌની ખબર રાખતા હતા. આથી ભાઇઓમાં સારો ને સંપૂર્ણ સંતોષ રહેતો હતો. શેઠ હેમાભાઈ જેમ સારા વેપારી હતા તેમ મીલનસાર સ્વભાવના હતા. એમનામાં એક પણ ખરાબ વ્યસન નહોતું.

અમદાવાદ હવે અંગ્રેજ સરકારના હાથમાં હતું, એટલે જાન-માલની સલામતી ખાતર પોતાને ત્યાં રહેતી આરબોની બેરખ તથા તેને અંગે હથિયાર–સરંજામનો ખર્ચ તેમણે કમી કર્યો. સમય ફરતાં સ્વારી ચડાવવા અને તેવો રાજ–રીયાસતી દબદબો કાઢી નાખ્યો હતો, અને સમયને અનુકૂળ ગાડીઓ, ઘોડાઓ અને સિગરામો, બળદો મોટી સંખ્યામાં રાખતા હતા. હજી વિવાહાદિક પ્રસંગે બાદશાહી ઠાઠ–ઠઠારો થતો હતો. તે સિવાય શત્રુંજય, ગિરનાર, આબુ વિગેરે તીર્થસ્થળોની યાત્રા માટે મોટી સાહ્યબી અને દબદબા સાથે સંઘ કાઢતા હતા.

દરરોજ નિયમિત દેવદર્શને જવું, સાધુમહારાજોની સેવા શુશ્રૂષા કરવી અને મહોત્સવો કરી તેઓ કૃતકૃત્ય થતા. નગરશેઠની પાંચ પેઢીઓ થયાં ઐશ્વર્ય, સંપત્તિ અને કીર્તિ અખૂટ ચાલ્યાં આવતાં હતાં. શેઠ હેમાભાઇએ પણ વડીલોની યશ–કીર્તિમાં વધારો કર્યો હતો.

શેઠ હેમાભાઈ પરગજુ અને દાનેશ્વરી હતા. તેમણે વડીલોની મૂડી–મીલ્કત અને વેપાર સમયાનુકૂળ ખીલવીને લાખો બલ્કે કરોડો

પેદા કરી જાણ્યા હતા તેમજ ખર્ચી પણ જાણ્યા હતા. તેમની સખાવત વિશાળ દૃષ્ટિએ સાર્વજનિક કામોમાં પણ સારા પ્રમાણમાં થયેલી જોવાય છે.

કુંપની સરકારનો અમલ શરૂ થયા પછી તોફાનો ઓછા થયાં હતાં. ધંધો-ધાપો થાળે પડતો જતો હતો અને શાંતિ પથરાવાથી શિક્ષણ સંસ્કારના પ્રચાર તરફ લોકમત વળ્યો હતો. અમદાવાદમાં ગુજરાતી, અંગ્રેજી નિશાળો, કન્યાશાળા વગેરે જે જે શિક્ષણ-સંસ્થાઓ ખુલ્લી મુકાતી તેમાં હેમાભાઈનો સાથ અને ટેકો મુખ્ય હતાં; એટલું જ નહિ પણ આવા શિક્ષણક્ષેત્રો તેમજ શહેર સુધરાઇ અને આરોગ્યને લગતાં પ્રજાહિતના કાર્યો સંભાળવાને મ્યુનિસીપાલીટી જેવા ખાતાની પ્રાથમિક યોજના તેમના નેતૃત્વ નીચે શરૂ થઇ હતી.

અમદાવાદની પાંજરાપોળ એ શેઠ કુટુંબની પ્રાણીદયાનું સુંદર સ્મરણ છે. ગાયકવાડ તરફથી તેમને મળેલ રાચરડા ગામમાંથી પાંજરાપોળને અમુક સગવડ તેમજ છૂટક મદદ આપવા ઉપરાંત પાંજરાપોળની ઉત્તરોત્તર વ્યવસ્થા તેઓ જાળવતા આવ્યા હતા.

ધાર્મિક દૃષ્ટિએ તીર્થરક્ષા માટે ગમે તેવા રાજદ્વારી પરિવર્તનોમાં તેઓ મોટો ભોગ અને લાગવગનો ઉપયોગ કરતા આવ્યા હતા. શાંતિદાસ શેઠ અને તેમના પુત્રોએ તીર્થોની વ્યવસ્થા જાળવવા ઉપરાંત અમદાવાદમાં પણ તેમના રહેઠાણ પાસે રતનપોળ-ઝવેરીવાડામાં તેમનાં કુટુંબમાંથી ઉત્તરોત્તર એક બીજાથી ચઢતા-બાવન જિનાલય અને વિશાળ રંગમંડપોથી વિભૂષિત ૨૭ જિનાલયોની હારમાળા,આવેલી છે જેમાં શ્રી ખુશાલચંદ શેઠે સવાલાખના ખર્ચે બંધાવેલ આદીશ્વરજીના દેરાસરના ઊંડા ભોયરાં અને તેમાં બિરાજતા આઠ ફુટ

ઊંચા ને ૭ ફુટ પહોળા ત્રણ અદ્ભૂત જિનબિંબોની ભવ્યતા અત્યારે પણ શેઠકુટુંબની સમૃદ્ધિ અને ધર્મભાવનાનો ખ્યાલ આપી રહ્યાં છે. ઉપરાંત હેમાભાઇ શેઠે એક લાખના ખર્ચે બંધાવેલ શ્રીઅજિતનાથજીનું જિનાલય, નથુભાઇનું ચિંતામણિજીનું જિનાલય, શ્રી વખતચંદ શેઠે બંધાવેલ અજિતનાથ, વીર પ્રભુ તથા સંભવ-નાથના ત્રણ ગભારાના જિનાલયો અને તેમના બેન ઉજમબેને બંધાવેલ ચૌમુખજીનું જિનાલય તથા ધર્મશાળા બંધાવી છે કે જ્યાં અત્યારે પણ ઉજમ ફઇની ધર્મશાળાના નામથી ઉપાશ્રય તરીકે ધર્માંરાધના થઇ રહેલ છે.

હેમાભાઇ શેઠનું જીવનધ્યેય દેવમંદિરો અને ધર્મશાળાઓના આશ્રયસ્થાનોના સ્થાપત્યમાં ઓતપ્રોત રહેતું. તેમણે અમદાવાદમાં જિનાલયો બંધાવવા ઉપરાંત આસપાસના તીર્થસ્થળો માતર, સર-ખેજ, નરોડા વગેરે પંચતીર્થીમાં અને પેથાપુર વગેરે ઘણા ગામોમાં તેમના તરફથી દેરાસરો બંધાવવામાં આવ્યાં હતાં.

શ્રી શાંતિદાસ શેઠથી ઉત્તરોત્તર જેમ જિનાલયો બંધાવવાનો અને તીર્થયાત્રાના સંઘો કાઢવાનો નિત્ય નિયમ શેઠ કુટુંબમાં જળવાયો તેમ હેમાભાઇ અને તેમના આપ્તપરિવારમાંથી શ્રી સિદ્ધાચળજી, ગિરનારજી, આબુ અને પંચતીર્થીના લાખોના ખર્ચે ત્રીસ સંઘો નીકળ્યાનો નોંધ મળે છે. હેમાભાઈ તરફના સંઘમાં વિશિષ્ટતા એ જોવાય છે કે પ્રવાસના ગામોમાં જ્યાં જ્યાં ધર્મશાલા, દેરાસર, ઉપાશ્રય કે પ્રાણીરક્ષાના કામોમાં જરૂર જણાતી ત્યાં તેઓ પૂરી પાડતા. જુનાગઢમાં તેમણે એક વિશાળ ધર્મશાળા બંધાવી હતી કે જે અત્યારે પણ હેમાભાઇની ધર્મશાળા તરીકે જાણીતી છે.

શ્રી સિદ્ધાચલજીના સંઘો તો તેમણે ઘણી વખત કાઢેલા.

તેમની દેશી રજવાડામાં મોટી ધીરધાર હતી અને સરકાર વિદ્યમાન ગામો ઇજારે રાખતા. પાલીતાણાનું રાજ્ય તેમને ત્યાં ઇજારે હતું, તેથી પાલીતાણામાં તેમના દીવાન ( કારભારી ) રહેતા અને પોતે પણ વખતોવખત આવતા હતા. પેઢીની નજીક આવેલી હઠીભાઇની વિશાલ હવેલી, તેની અંદર આવેલા કચેરી હોલ, જેલખાનું વગેરે અત્યારે પણ તેના રાજતંત્રના સ્મરણચિહ્નો મોજુદ છે.

શેઠના પાલીતાણાના શાસન દરમિયાન તેમણે સિદ્ધાચલજી ઉપર લાખોના ખર્ચે ભવ્ય ટુંક બંધાવી હતી જે 'હિમાવસી'ના નામથી જાણીતી છે. સદરહુ ટુંકની નજીક આવેલી "નંદીશ્વરજી"ની ટુંક તેમના બહેને મોટા ખર્ચે બંધાવી હતી જે "ઉજમફઇની ટુંક"ના નામે ઓળખાય છે.

હેમાભાઇ શેઠ જેમ વ્યાપારકુશળ હતા તેમ રાજ્યકાર્યકુશળ પણ હતા. મહાજનમાં તેઓ આગેવાન નગરશેઠ હતા. વસ્તીમાં તેમનું માન અને વિશ્વાસ એવો હતો કે કોઇના કલેશ-કંકાસનો નિકાલ તેમની જીભાન ઉપર થતો; એટલું જ નહિ પણ રાજકુટુંબોમાં અને રાજા-પ્રજા વચ્ચે પણ તેમનો પંચ તરીકે નિર્ણય સર્વ પ્રિય થઇ પડતો. સરકારમાં તેમનો માન-મોભો આગળ પડતો હતો. તેમજ પોરબંદર, લીંબડી, પાલીતાણા વગેરે ઘણા દેશી રાજ્યોમાં તેમનો સંબંધ અને સન્માન બહોળાં હતાં.

હેમાભાઇ શેઠ દરરોજ ગુરુવંદન, વ્યાખ્યાનમાં કે સામાયિક કરવા ઉપાશ્રયે છડી-ચોપદાર વગેરે નગરશેઠને છાજતા ઠાઠમાઠથી જતા. સ્વજનપરિવાર અને આગેવાન વેપારીઓ તેમની સાથે ચાલતા અને માર્ગમાં ગરીબોને છૂટે હાથે દાન દેતા જતા.

હેમાભાઇ શેઠે પોતાના રહેવા માટે મોટી મહેલ જેવી હવેલી

બંધાવી હતી. એ સમયમાં અમદાવાદમાં એ સૌથી સરસ મકાન હતું. ઠેઠ માણેકચોકથી નાગોરી સરાહ સુધી એની લંબાઇ હતી અને રતનપોળથી પીરમશાહના રોજા સુધી એની પહોળાઇ હતી. એમાં નગરશેઠનું વિશાળ કુટુંબ રહેતું હતું. એ રાજ્યમહેલ જેવી મોટી અને સેંકડો ખંડવાળી હતી.* તેમને ત્યાં નગરશેઠને છાજતો વૈભવ, ગાડીઓ, સુખપાલ અને નોકર–ચાકરો હતાં. તેમનો ઘરખર્ચ દરવરસે એક લાખ રૂપિઆનો રહેતો હતો તે તેમની બાદશાહી જાહોજલાલીનો ખ્યાલ આપે છે.

પોતાના વડીલોની પેઠે હેમાભાઇ શેઠ પણ દશેરાની સવારી ભારે ધામધુમ અને ભપકા સહિત કાઢતા હતા. પ્રથમ સુવર્ણ જડિત પાલખીમાં એઓ બિરાજતા હતા. તેમની પાછળ એમની ૫૦ ઘોડાગાડીઓ ચાલતી હતી. ઢોલ વાજાં શરણાઇઓ વાગતાં. સવારી

* નગરશેઠની બાદશાહી હવેલીની વિશાળતાનો ખ્યાલ એટલા ઉપરથી આવી શકશે કે વિ. સંવત ૧૯૩૧ ના અરસામાં કમનસીબે શેઠની હવેલીમાં *આગ લાગી હતી ત્યારે તે આગને કાબૂમાં લેતાં બે દિવસ થયા હતા,* જ્યારે તેમાંથી સામાન–કાટવળો ફેરવતાં ધુંધવાએલ અગ્નિની જ્વાળાઓ બુઝાવવા માટે બંબાઓને તેમજ તે સ્થળના રક્ષણ–ચોકી માટે પોલિસ-પાર્ટી અને ઘોડેસ્વારની ટુકડીને લગભગ એક મહિના સુધી દિવસરાત ખડે પગે રોકાવું પડયું હતું, એટલું જ નહિ પણ તે મકાનમાંથી સરસામાન–કાટવળો ફેરવી લેવા પછી ત્યાં પડી રહેલ રાખના જ લગભગ બે લાખ રૂપિયા ઉપજ્યા હતા તેમ કહેવાય છે. આ આંકમાં કદાચ ફેરફાર હોય છતાં એટલું તો સ્પષ્ટ થાય છે કે આવો આંકડો શેઠ કુટુંબ સૈકાજૂનું શ્રીમંત ઝવેરીનું ઘર હોઈને તેના ખેરા–ઝેરામાં બળીજળી ગયેલ જરઝવેરાત તેમજ ઝરીયાન-વસ્ત્રાભૂષણની રાખનું મૂલ્ય શેઠ કુટુંબની શ્રીમંતાઈનો આબેહૂબ ખ્યાલ આપે છે.

ધ્વજાપતાકાથી ખૂબ શણગારવામાં આવતી હતી. એ સવારી જાણે કોઇ મહાન્ રાજાની હોય એવો ભપકો જણાતો.

નગરશેઠ હેમાભાઇ સંવત ૧૯૧૨ માં પહેલી વખત તેમની મુંબઇની પેઢીની મુલાકાતે આવ્યા ત્યારે તેમને મુંબઈમાં વેપારીઓ તરફથી સારું માન મળ્યું હતું.

આ મુસાફરીમાં મુંબઈના સંઘપતિ મોતીશા શેઠ સાથે હેમાભાઇનો સ્નેહ–સંબંધ ઘણો વધી ગયો હતો. શ્રી શત્રુંજય ઉપર મોતીશા શેઠે કુંતાસરનો ગાળો પુરાવીને બંધાવેલ વિશાળ દેવનગર એ આ કુટુંબ વચ્ચેનો સ્નેહ–સંબંધનો યાદગાર દાખલો છે.

હેમાભાઇએ જીવનભર જેમ રાજવૈભવ અને કુટુંબવ્યવસ્થા જાળવ્યાં હતાં તેમ વૃદ્ધાવસ્થાએ પોતાના કુટુંબપરિવારને મિલ્કતની સંતોષકારક વહેંચણી પોતાના હાથથી જ કરી દઇને સૌને સંતોષ્યાં હતાં. આવી રીતે દરેક ભાઇઓને નિર્ભેદભાવે મિલ્કત અને ધંધાની વહેંચણી કરી આપવા પછી એ સર્વ અમદાવાદમાં પોતપોતાનો સ્વતંત્ર ધંધો કરતા હતા. તે સિવાય મુંબઇમાં પણ તેમના કુટુંબમાંથી શેઠ મનસુખભાઇ વખતચંદ, સુરજમલ વખતચંદ, ડાહ્યાભાઈ અનુપચંદ, સારાભાઇ મનસુખભાઇ, ગોકુળભાઇ ફતેચંદ, છગનભાઇ પાનાચંદ વગેરે નામથી શરાફી પેઢીઓ ખોલવામાં આવી હતી. શેઠ હેમાભાઇનો સ્વર્ગવાસ સંવત ૧૯૧૩ ના મહા સુદ ૧૧ ગુરુવારે થયો ત્યારે તેમના માનમાં અમદાવાદ, મુંબઇ અને દેશ-દેશાવરમાં શોક છવાઇ ગયો. એમની પાછળ એક લાખ રૂપિયાનું પુન્ય-દાન કરવામાં આવ્યું હતું. શેઠ હેમાભાઇએ પોતાના વડીલોની કીર્તિ, યશ, મોભો, ઐશ્વર્ય, ધન, સંપત્તિ સર્વમાં સારો વધારો કર્યો હતો.

## (૬) પ્રજાકીય પ્રમુખ પ્રેમાભાઇ

હેમાભાઇના ભવિષ્ય પછી તેમનો વહીવટ અને નગરશેઠની ગાદી પ્રેમાભાઇને મળ્યાં. તેઓ સુશિક્ષિત અને વ્યવહારકુશળ હતા. તેમણે સમયાનુકૂળ અંગ્રેજી(રાજભાષા)નો અભ્યાસ કરેલો અને હેમાભાઇ શેઠના હાથ નીચે રાજદ્વારી તેમજ વ્યવહારિક તાલીમ લીધેલી હતી.

જેમ મીલ્કત વારસામાં મળે છે તેમ ખાનદાનીનું ખમીર પણ ઉત્તરોત્તર વારસાગુણ છે. પ્રેમાભાઇમાં પણ અમીરાત અને ઉદારતાનો મહાન ગુણ હતો. અમદાવાદમાં આવેલી સીવીલ હોસ્પીટલ કે જે 'હઠીસીંગ અને પ્રેમાભાઇ હોસ્પીટલ'ના નામથી ઓળખાય છે તે તેમની યાદગાર સખાવતનું સુચિહ્ન છે. કેળવણીના ક્ષેત્રમાં પણ તેમને રસ હતો. અમદાવાદમાં "હેમાભાઇ ઇન્સ્ટીટ્યુટ"ના નામે જાણીતાં પુસ્તકાલયનું પ્રેમાભાઇએ પોતાના પિતાના નામથી વાવેલ સાહિત્ય-બીજ અત્યારે ખૂબ ફાલ્યું-ફુલ્યું મોજુદ છે. આ ઉપરાંત 'ગુજરાત કોલેજ' ફંડમાં 'ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી' ફંડમાં તેમનો ફાળો તેમજ મુંબઇની ગ્રાંટ મેડિકલ કોલેજમાં વિદ્યાર્થી-

ઓને કાયમી ઉત્તેજન માટે સુવર્ણચંદ્રકની કરેલી યોજનાથી તેમનો કેળવણી પ્રત્યેનો રસ જોવાય છે.

શેઠકુટુંબની વિશિષ્ટતા એ હતી કે તેઓ સમયસૂચકતાથી દરેક રાજ્યસત્તામાં માનનીય અને મહત્ત્વનો અધિકાર મેળવી-ટકાવી શકયા હતા. વેપાર અર્થે આવેલ અંગ્રેજકુંપનીનો રાજઅમલ કુંપની સરકારના નામે જામી જવા પછી સને ૧૮૫૭ માં તેમના વિરૂદ્ધ હિંદમાં સત્તાવનનો બળવો ફાટી નીકળ્યો ત્યારે રેલ્વે, તાર કે ટપાલના સાધનો નહોતાં. આવા અસંસ્કારી સમયે પણ નગરશેઠની પેઢીઓ ચોતરફ પથરાએલી હોઇને તેમની ખાનગી ધંધાની ટપાલ હમેશાં આવ-જા કરતી. અમદાવાદ અને ઇંદોર વચ્ચે પણ તેમની ટપાલના કાસદો નિયમિત દોડતા હતા. અમદાવાદના કલેકટરે નગરશેઠ પ્રેમાભાઇના આ પોસ્ટખાતાનો લાભ માગ્યો ને કુંપની સરકારને મધ્ય હિંદ અને ગુજરાત વચ્ચેના ખબર મેળવવા મોકલવામાં શેઠની આ સગવડ ઉપકારક થઇ પડી હતી તેની સરકારી દફતરે નોંધ છે.

નગરશેઠની આવી બહોળી લાગવગ ને કાર્યવાહીને અંગે બળવા પછી બંધારણપૂર્વક બ્રિટીશ સરકારની સ્થાપના થતાં શેઠ પ્રેમાભાઇને વડી સરકારે 'રાવબહાદુર'નું માન આપ્યું હતું અને મુંબઇ સરકારે મુંબઇમાં ધારાસભા ખોલતાં તેમને રાજસભાના ઓનરેબલ સભ્ય (માનવંત સલાહકાર) નીમ્યા હતા. તેમજ માનદ્ માજીસ્ટ્રેટની સત્તા આપી હતી. આ ઉપરાંત અમદાવાદના પ્રજાકીય રાજતંત્ર-( મ્યુનીસીપાલીટી )નું પ્રમુખસ્થાન શેઠને મળ્યું હતું.

માનવદયા અને પ્રાણીદયામાં તેમની ઉદારતા તેટલી જ નોંધવા જેવી હતી. અમદાવાદની પાંજરાપોળ અને પ્રાણીદયાના

કાર્યો શેઠ કુટુંબ સંભાળતું આવતું હતું તે ઉપરાંત ગરીબોમાં છુપી મદદ અને સ્હાનુભૂતિ જાળવતાં. સંવત ઓગણીસત્તરો (૧૯૧૭) દુષ્કાળ કે જે બે વર્ષ લંબાયો હતો ત્યારે તેમણે દુષ્કાળ સ્હાયક ફંડમાં રૂા. વીશ હજારની મદદ આપી હતી.

તીર્થભક્તિ અને યાત્રિક ભક્તિના કાર્યોમાં પણ પ્રેમાભાઇની ઉદારતા સ્મરણીય છે. તેમણે કેસરીયાજીનો અને પંચતીર્થીનાં યાત્રાસંઘ કાઢ્યા હતાં.

અને અમદાવાદની આસપાસ આવેલ તીર્થસ્થળો કે જ્યાં હેમાભાઇ શેઠે દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવેલો ત્યાં (માતર, નરોડા, સરખેજ વગેરે) તેમજ બરવાળા, ગુંદા, ઉમરાળા વગેરે ઘણા સ્થળોમાં પ્રેમાભાઇએ ધર્મશાળા બંધાવી યાત્રિકોને આરામ–ઉતારાની સગવડ વધારી દીધી હતી. શ્રી પાલીતાણામાં પણ તેમણે ધર્મશાળા બંધાવી હતી જે સાત ઓરડાના નામે ઓળખાય છે. શ્રી સિદ્ધાચળજી ઉપર તેમના પિતાશ્રી અને ઉજમફઈની ટુંકની નજીકમાં પ્રેમાભાઇએ પણ એક ટુંક બંધાવી છે.

પાલીતાણા રાજ્ય સાથેની લેણ–દેણમાં અને ધરોબા જેવા સંબંધમાં રાજ્યદ્વારી સંયોગોએ પલટો લેવાથી તેમણે પોલિટીકલ ખાતાદ્વારા કામ લીધું અને તીર્થના વહીવટ માટે હિંદના તમામ દેશોના સંઘના પ્રતિનિધિઓને અમદાવાદ બોલાવીને જૈન તીર્થોનું સકળ સંઘના પ્રતિનિધિત્વવાળું શેઠ આણંદજી કલ્યાણજીના નામે કાયદાસર બંધારણ રચ્યું. તથા કાઠિયાવાડ એજન્સીમાં 'એસ્ટેટ' તરીકેનું પેઢીનું માન–સ્થાન મેળવ્યું.

રાજદ્વારી સ્થિતિસ્થાપકતાને લઇ જનતામાં ધીમે ધીમે ધંધાની ભૂખ જાગી હતી. મુંબઇનો ટાપુ બ્રિટિશ રાજ્યનું પાયતખ્ત સ્થપા-

વાથી અહીં નવી નવી પેઢીઓ નખાતી હતી. શેઠ કુટુંબની પણ સાત પેઢીઓ અહીં ખોલાયેલ હતી.

વેપાર–ધંધાની અવનવી ગડમથલો ચાલતી હતી તેમાં કમનશીબે મુંબઇને સને ૧૮૬૨ થી ૧૮૬૫ સુધીમાં શેર–મેનીયાનો રોગ લાગુ પડ્યો.

હકીકત એમ હતી કે–અમેરિકાનું યુનાઇટેડ સ્ટેટસ બહુ સમૃદ્ધ અને સાધન સંપત્તિવાળો દેશ છે. એ સમયે ત્યાં યુરોપીયનોની વસ્તી ઘણી ઓછી હતી. ત્યાંના કપાસના ખેતરમાં વાવણી અને કાપણી કરવા એમને મજૂરોની ઘણી જરૂર પડવા લાગી. અમેરિકનોની નજર આફ્રિકાના સીદીઓ ઉપર પડી, તેથી સીદીઓનાં ગામડાઓ ઉપર આરબો અને બીજા રાત્રે ઓચીંતા છાપો મારીને યુવાન માણસો અને યુવતીઓને પકડી લેતા. એમના ઉપર અમાનુષિક જુલમ ગુજારીને એમને બંદર ઉપર લાવવામાં આવતાં હતાં. અહીં એમને ખુલ્લી બજારમાં વેચવામાં આવતાં. અમેરિકન વેપારીઓ એમને ખરીદી લઇને સ્ટીમરદ્વારા યુનાઇટેડ સ્ટેટસખાતે ચડાવી દેતા હતા. બહુ મોટા જથ્થામાં આ રીતે સીદી ગુલામોને મંગાવવામાં આવતા હતા. એમની સંખ્યા ધીમે ધીમે વધતાં એક કરોડ જેટલી પહોંચી હતી. આ ગુલામો ઉપર અમેરિકાના કેટલાક ગોરા માલીકો અમાનુષી જુલમ ગુજારતા હતા. ગુલામો એમની મિલ્કત છે તેમ તેઓ માનતા હોવાથી જાનવરની જેમ એમને ગમે તેમ મારવા, ઉપવાસ કરાવવાં, કેદમાં નાખવા અને અપમાન કરવા જેવા અમાનુષી જુલમો ગુજારતા હતા.

યુ. સ્ટેટસ અમેરિકાના બે વિભાગ છે : ઉત્તર અને દક્ષિણ.

ઉત્તરના રહેવાસીઓ વધારે ધનવાન, સમૃદ્ધ અને સુસંસ્કૃત હતા. એઓ ગુલામોને મુક્તિ આપવા ઇચ્છતા હતા. દક્ષિણ તરફના ઘણુા-ખરા ગોરાઓ ગુલામોને મુક્તિ આપવાનો વિરોધ કરતા હતા. આ સમયે યુ. સ્ટેટસના પ્રેસીડેન્ટ તરીકે મહાનુભાવ અબ્રાહમ લીન્કન હતો. એણે ગુલામોને મુક્તિ આપવાનો કાયદો પસાર કરાવ્યો. આથી દક્ષિણવાળાઓએ એમની સાથે યુદ્ધ આરંભ્યું. આ યુદ્ધ બે વરસ સુધી ચાલ્યું. પ્રથમ દક્ષિણવાળાઓને વિજય મળ્યો, પરંતુ પાછળથી ઉત્તરવાળાઓએ એમનો પરાજય કરી શરણે આવવાની ફરજ પાડી. યુ. સ્ટેટસ જગતને કપાસ પૂરું પાડતું હતું પણ લડાઇને લીધે આ બે વરસ સુધી તે કપાસ વાવી શક્યું નહિ. આથી જગતમાં કપાસની મોટી તાણ પડી.

લેંકેશાયરમાં તે વખતે પણ કાપડનાં કારખાનાં ધમધોકાર ચાલતાં હતાં તેને કાપડને માટે કપાસ યુનાઇટેડ સ્ટેટસ તરફથી મળતો. તે લડાઇને લીધે બંધ થવાથી લેંકેશાયર હિંદમાંથી કપાસ ખરીદવા મંડી પડયું. કોઈ પણ ભાવે કપાસ લાવો. મુંબઇમાં કપાસ માટે ભારે લેવાળી નીકળી પડી. કપાસના ભાવો કૂદકે અને ભૂસકે વધવા લાગ્યા. હિંદના સર્વે ભાગોમાંથી કપાસ તણાઇ તણા-ઇને મુંબઇમાં આવવા લાગ્યો. લોકો પોતાનાં જૂનાં ગાદલાં ગોદડાં કાપીને તે કપાસ પણ મોકલવા માંડયાં ને આંખો મીંચીને લીવરપુર અને માન્ચેસ્ટર કપાસ લેવા માંડયું. કપાસના ભાવ રૂ. ૨૫૦ થી વધીને રૂ. ૭૫૦) સુધી પહોંચ્યા. હિંદમાંથી કુલ કપાસ સફાચટ થઇ લેંકેશાયર પહોંચી ગયો. આવા ભાવમાં હિંદના ખૂણેખાંચેથી કપાસ એકઠો કરવા માટે એજન્ટો ભમતા હતા.

કપાસના આવા ઊંચા ભાવોથી હિંદમાં ભારે સમૃદ્ધિની રેલ આવી હતી. એવી ગણત્રી કાઢવામાં આવી છે કે હિંદમાં કુલ

કપાસનો નફો રૂ. ૮૧) કરોડ જેટલો આવ્યો હતો. તેમાં રૂ. ૫૧) કરોડ તો મુંબઇમાં આવી પડ્યા. આ મોટી સમૃદ્ધિએ પૈસાદાર, મધ્યમ વર્ગ અને ગરીબોના ઘરમાં પણ સોનું, ચાંદી ભરી દીધાં. ને આ પૈસો રાખવો ક્યાં ? એ પ્રશ્ન થઇ પડયો.

તે વખતે લોકોમાં સાદાઇ વધારે હતી એટલે પૈસો ક્યાં નાંખવો તે માટે માણસો વિચારણામાં પડ્યાં. તે સમયે ઉદ્યોગો વધારે નહોતા. લોઢું, ખાંડ, સીમેન્ટ વિગેરે ઉદ્યોગોના વિકાસને તો અત્યારે પૂરાં ૨૫ વર્ષો પણ થયાં નથી. આથી લોકોનું ધ્યાન નવી કુંપનીઓ ઊભી કરવામાં ને તેના શેર કાઢીને લેવા-વેચવા તરફ વળ્યું. આ રીતે શેરનો વેપાર શરૂ થયો ને તેણે સટ્ટાનું રૂપ પકડયું. સૌએ પોતાના નાણાં શેર સટ્ટામાં નાંખવા માંડ્યાં.

આ સમયે શેઠ પ્રેમચંદ રાયચંદે મુંબઇના શેર બજારમાં દલાલી કરવા માંડી ને ધીમે ધીમે પ્રેમચંદ મુંબઇ બેંકના ડાયરેકટર થયા. તે સિવાય પ્રેમચંદને મેસર્સ ટીચી સ્ટુઅર્ટ કંપનીનું દલાલીનું કામ મળ્યું. એશીયાટિક બેંકના પણ ડાયરેકટર થયા. બીજી ઘણી યુરોપીયન કંપનીઓ સાથે એમણે નીકટનો સંબંધ બાંધ્યો. ધીમે ધીમે શેર બજાર ઉપર એમનો કાબૂ વધતો ગયો. પ્રેમચંદ રાયચંદ શેર બજારનો તાજ વગરનો સમ્રાટ્ બન્યો.

શેઠ પ્રેમચંદે ચતુરાઇ અને હોંશિયારીથી મુંબઇ બેંક અને એશિયાટિક બેંકને પોતાના કાબૂમાં લીધી. એને અને એના મિત્રોને જોઇએ એટલું નાણું આ બેંકોએ વગર સીકયુરીટીએ ધીરવા માંડયું. શેઠ પ્રેમચંદ જેના શેરના ભાવો ફુગાવવા ધારે તેના ભાવો એકદમ વધારી દેતા હતા. એમના હાથમાં બે બેંકોનાં નાણાં ગમે તેટલાં ઉપાડે તેની છૂટ હતી. એઓ બજારભાવે કોઇ પણ શેરો ખરીદ

કરી ગમે તે પ્રમાણે ભાવો રખાવતા હતા. બંને બેંકોની મૂડી એમણે નવા શેરો કાઢીને વધારી ને ભાવ ફુગાવી તેને બેવડાવી અને પછી ચોવડાવી. આથી એમના હાથમાં કરોડો રૂપિયા ગમે તેને ધીરવા માટે આવ્યા. બેંકના મેનેજરો, ડાયરેકટરો, એકાઉન્ટન્ટો સર્વેને શેઠ પ્રેમચંદ શેરોનો વેપાર કરાવી ખૂબ ખટાવતા હતા. આથી એ સર્વે એમને વશ થઇ ગયા હતા. શેઠ પ્રેમચંદ જેને કહે તેને લાખોની ધીરધાર સંકોચ વગર થતી હતી.

તેમને આટલાથી સંતોષ થયો નહિ, એમણે પોતાનું ક્ષેત્ર આગળ વધાર્યું. એમણે નવી નવી કંપનીઓ ઊભી કરવા માંડી. એની પોતાના હાથમાં કુલ સત્તા આવે એટલે એ નવી કંપનીના શેરોના ભાવો વધારીને ડબલ, ત્રણગણા, ચારગણા કરાવી નાંખતાં તેને વાર લાગે નહિ. પ્રેમચંદ પોતે કરોડાધિપતિ થયા. અનેકને લક્ષાધિપતિ બનાવ્યા. એમણે ૩૯ નાની નાની નાણાંની કંપનીઓ કાઢી. તેના શેરો બજારમાં વેચાવ્યા હતા. આઠ કંપનીઓ દરિઆ પુરવાની કાઢી, ૩૯ સરાફીની કંપનીઓ કાઢી, ૩૦ પરચુરણ કંપનીઓ કાઢી. આ સર્વે કંપનીઓમાં તેમની એકહથ્થુ સત્તા હતી. એની એકંદર મુડી ૩૦ કરોડની અંકાતી હતી. તે સિવાય એમના ભાવો ચડાવી ૩૮ કરોડનો નફો મેળવ્યો હતો. આ ૬૮ કરોડનો કુલ વહીવટ પ્રેમચંદ શેઠની બુદ્ધિ કરતી હતી. એમની યાદદાસ્ત શક્તિ એવી સરસ હતી કે દરરોજ હજારો સોદા તેઓ કરતા હતા, પરંતુ બધું કામકાજ પોતાની યાદદાસ્તમાં રાખી સાંજે લખાવતા હતા.

મુંબઇમાં એકએનો દરિયો પુરવાની મોટી કંપની પ્રેમચંદ શેઠે સ્થાપી. લોકો એના શેરો મેળવવા પડાપડી કરવા માંડ્યા. ૫૦૦૦ રૂપિયાનો શેર ૫૦૦૦૦ રૂપિયામાં વેચાયો. સને ૧૯૬૩થી ૧૯૬૫ના માર્ચ સુધી પ્રેમચંદ શેઠ મુંબઇના નાણાંખાતાના

સર્વાધ્યક્ષ હતા, પરંતુ પાછળથી જેમ બનવા કારણ હતું તે પ્રમાણે બન્યું. અમેરિકાની લડાઈ બંધ થતાં ત્યાં કપાસની ખેતી ધમધોકાર શરૂ થઈ. લેંકેશાયરે હિંદનો કપાસ લેવો બંધ કર્યો. કપાસના બજાર તૂટવા લાગ્યા ને તેની સાથે શેરબજારને પણ એકદમ શરદી આવી ગઇ. પ્રેમચંદ શેઠ કે બીજા કોઇની શકિત બજારને ટકાવી શકી નહિ. દાવાનળ સળગ્યો. વેપારીઓ, દલાલો, મોટા રાજ્યદ્વારી અમલદારો, કલાર્કો, કુટકલીઆં વગેરે હજારોની સંખ્યામાં નાદાર થયા. ભાવોમાં આટલો મોટો ઘટાડો હિંદમાં અગાઉ કયારે થયો નહોતો. છેવટે જૂની મુંબઇ બેંક પણ પડી. પ્રેમચંદ શેઠની બીજી એવી કંપનીઓને પણ આ મોટા ધડાકાએ પહેલે જ ઝપાટે ઉડાડી દીધી. પ્રેમચંદ શાહ પણ ઊડયા. એમની નુકશાની કરોડોની અંકાવા લાગી. એમણે પોતાની મિલ્કતો લેણદારોને સોંપી દીધી.

આ મોટા શેર સટ્ટાના પવનમાં નગરશેઠના કુટુંબની મુંબઇમાં ચાલતી બધી દુકાનો પણ સપડાઈ હતી. શેર મેનીયાએ ભલભલાને પણ તેમાં ખેંચ્યા હતા કેમકે જે કોઇ તે વેપારમાં પડે તેને લાભ જ મળે. સટ્ટો વધારતા જાય તેમ લાભ વધતો જાય. શરાફીમાં તો જુજ લાભ રહે છે, માત્ર વ્યાજ કે હુંડીયામણનો નજીવો લાભ મળે છે; ત્યારે આ શેરસટ્ટામાં આજે ૫૦૦ રૂપિયામાં ખરીદ કરેલ શેરના આવતી કાલે રૂ. ૧૦૦૦ મળવા લાગ્યા. આવો મોટો લાભ જોઇને મુંબઇએ આંખ મીંચીને શેર સટ્ટામાં ઝુકાવ્યું હતું. ગરીબ, તવંગર અને બધાએ ખૂબ કમાયા. ઓચીંતી મંદીની અસર થઈ. સૌને મુંઝવણનો પાર ન રહ્યો. હજારોને દીવાળાં કાઢવાં પડયાં. કઇકને દુકાનો વધાવી લેવી પડી. સૌને માથે તકલીફ હતી. એટલે કોઇ કોઇને આર્થિક મદદ કરી શકે તેમ નહોતું.

આ ઉલ્કાપાતની અસર નગરશેઠની મુંબઇની પેઢીને

પણ થઈ. એક વખત જે પેઢી મુંબઇમાં એંકની ગરજ સારતી હતી, જે પેઢીનું સુકાન શેઠ વીરચંદ દીપચંદે સંભાળેલું તેને શેરમેનીયાનો રોગ લાગુ પડી જવાથી શરદીનો વ્યાધિ થયો છે તેવા ખબર જાણી શેઠ પ્રેમાભાઇ મુંબઇ પહોંચ્યા અને તેમના સ્નેહી શેઠ મોરારજી ગોકળદાસ વગેરેએ મળી તેમનો લેણાદેણાનો ફુનેહભર્યો નીકાલ કરાવી દીધો. શેઠ પ્રેમાભાઇને પૈસા કરતાં પ્રતિષ્ઠાની કિમ્મત હતી. તેમણે મુંબઇનો પોતાનો ચીનાબાગ મોરારજી શેઠને સુપ્રત કર્યો, અને મુંબઇનો વહીવટ કુશળતાથી સંકેલી લીધો. જ્યારે અમદાવાદની પેઢીનો શરાફી વહીવટ તેમજ માનમરતબાભર્યો વૈભવ અને સખાવતનો પ્રવાહ જીવનભર શરૂ હતો. સં. ૧૯૪૩ માં શેઠ પ્રેમાભાઇનો સ્વર્ગવાસ થયો.

શેઠ પ્રેમાભાઇ પછી તેમના પુત્ર મણિભાઇ શેઠે શહેરસુધારાના પ્રમુખ તરીકેની જાહેર સેવા અને તીર્થોનો વહીવટ કરતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ તરીકેની કાર્યવાહી સંભાળી લીધાં હતાં.

ઉદારતા અને પરોપકાર એ શેઠ કુટુંબનો વારસાસ્વભાવ હતો. સં. ૧૯૫૬નો (છપનીઓ) દુષ્કાળ પડયો, માણસોને અન્નના અને ઢોરઢાંખરને ઘાસના સાંસા પડચા ત્યારે ગરીબોના નિર્વાહ ફંડમાં અને નિરાધાર ઢોરઢાંખરને સંભાળવાને 'કેટલ કેમ્પ' શેઠ મણિભાઇની મદદ અને આગેવાની નીચે ખોલવામાં આવ્યાં હતાં. એટલું જ નહિં પણ આ સમયે દુષ્કાળની સાથેસાથ રોગચાળો પણ ફાટી નીકળતાં શેઠ મણિભાઇ નાત-જાતના ભેદ વિના નિરાધાર મનુષ્યો અને પશુઓની દવા તેમજ જાતિભોગથી સારવાર કરવામાં રોકાઇ જતાં તેમને શીતળાનો ચેપી રોગ લાગુ પડયો ને અંતે તે સેવાકાર્ય કરતાં તેમનો સ્વર્ગવાસ થયો.

સમયના વહેવા સાથે વહેવાર–વ્યાપાર અને રાજ–પ્રજાતંત્રમાં અનેકવિધ પલટા થતા રહ્યા છે. અમદાવાદ શહેરનો વિસ્તાર અને વસ્તી માઇલો અને લાખોની ગણત્રીમાં વધી ગયેલ છે. અનેક કુટુંબો પરદેશ જઈ વસ્યાં છે ને અનેક કુટુંબો પરદેશથી આવીને અમદાવાદી તરીકે સ્થિર થયાં છે. પ્રજાતંત્રની સંકલના સંકોચાતાં પોળેપોળની સંઘવ્યવસ્થા ને જાતભાત કે સોસાઇટીના સ્વતંત્ર વહીવટી તંત્રો રચાયાં છે છતાં શેઠ કુટુંબનો નગરશેઠાઇનો મોભો તેમજ સરકારમાં તેમનો માન–મરતબો જળવાઇ રહ્યાં છે.

શાંતિદાસ શેઠનો પરિવાર બહોળો છે. તેમાં શિક્ષણ, સંસ્કાર અને સમૃદ્ધિની વિપુલતા જળવાઇ રહી છે એટલું જ નહિ પણ એ પુણ્યપુરુષના પ્રતાપથી આ કુટુંબમાં અત્યારે પણ નગરશેઠાઇનું વારસાસ્થાન ઉત્તરોત્તર ચાલ્યું આવે છે.

શેઠ ચીમનભાઇ, શેઠ મયાભાઇ, મીલ માલેક સરદારબહાદુર લાલભાઇ, વડી સરકારની કાઉન્સીલના ઓનરેબલ મેમ્બર અને અમદાવાદ મીલ મંડળના નિયામક તેમ જ રીઝર્વ બેંકના ડાયરેક્ટર સર કસ્તૂરભાઇ લાલભાઇ વગેરે નગરશેઠ કુટુંબના અગ્રગણ્ય વારસદારોની ઉજ્જ્વળ કારકીર્દી, શિક્ષણ સંસ્થાઓ અને ધર્મશાળાનું સ્થાપત્ય વગેરે ઉદારતા જાણીતી છે. જૈન તીર્થની વહીવટી પેઢીનું પ્રમુખસ્થાન એ કુટુંબના આ પ્રતિષ્ઠિત વારસો સંભાળતા આવ્યા છે. અને પેઢી હસ્તક ચાલતા શ્રી શત્રુંજય, ગિરનારજી આદિના વહીવટ ઉપરાંત તારંગાજી, આરાસુર, રાણકપુર, સમેતશિખર, મક્ષીજી વગેરે હિંદભરમાં આવેલાં અનેક પ્રાચીન તીર્થોનો વહીવટ પેઢી હસ્તક સંભાળે છે.

# સાહસિક શ્રીમંત

" વેલા, નિશાળે જા."

ઊં...ઊ...ઊં કહી વેલો રડવા માંડ્યો.

" નિશાળે જા છો કે નહિ? નહિં તો પંડ્યાને બોલાવું છું."

" મને પંડ્યો મારે છે." વેલો જોસથી રડવા માંડ્યો.

" ભણે નહિ તો પછી પંડ્યો શું કરે? જરૂર મારે."

" મને ભણવું નથી ગમતું."

" હંઅ, હું જાણું છું કે તને ભણવું નથી ગમતું. રખડવું ગમે છે. તારા બાપા આવે તો તને ટાંગાટોળી કરી ઉપાડી જાશે. ભણીશ નહિ તો શું ભીખ માંગીશ?"

માના કહેવાથી વેલો નિશાળે ગયો નહિ. બાપ માલુશાહ વખારેથી આવી જમીને બહાર નીકળ્યો. વેલો શેરીમાં રમતો હતો. એને પકડી તમાચા મારતો મારતો નિશાળમાં મૂકી આવ્યો.

બાપના ગયા પછી પંડ્યાએ પણ સારી રીતે લાતોનો વરસાદ વરસાવ્યો. એના હાથમાં લાકડાનું પાટીયું આપી એના ઉપર પાતળી ધૂળ નાંખી વતરણાથી અક્ષર ઘુંટવા દીધા. ધૂળ પાથરવાની રમત તો તેને ગમી, પરંતુ લખવાનું ગમ્યું નહિ. પોતાના

જેવા રખડુ ભેરુબંધોને ઈશારા કરી તૈયાર રહેવા સૂચના કરવા લાગ્યો. બે વાગ્યા એટલે મહેતાજીને ગાદી ઉપર ઝોકાં આવવા લાગ્યાં તે તકનો લાભ લઇ બેત્રણ રખડુ ભાઇબંધોને લઇને વેલો ધીમે ધીમે સરકી ગયો. ગામને છેડે આંબલીનું ઝાડ હતું. તે ઉપર ચડીને છોકરાઓ સાથે આંબલીના કાતરા તોડી મીઠાશથી ખાવા માંડ્યા. પીપર ઉપર ચડી ટેટીઓ ખાવા માંડી. બોરડી ખંખેરીને નીચે પડેલાં કાચાં–પાકાં બોર ખાધાં. આંબલીની ડાળને છેડે બેસીને હીંચકા ખાધા. ભમરડા કૂવા ઉપર જઇ કપડાં કાઢી કૂવામાં ઠેકડા માર્યા. ખૂબ પેટ ભરી રમ્યા. ને અંધારું થતાં ધીમેથી ઘરમાં ઘુસી ગયા. વેલો પણ છાનોમાનો ઘરે આવીને ફળીઆમાં રમવા લાગ્યો.

આ તેનો નિત્યક્રમ થઇ પડ્યો. ગમે તેટલો માર કે ગમે તેટલી સતામણી છતાં વેલાનું ચિત્ત ભણુવામાં ચોંટ્યું નહિ. બાપપણ હવે કંટાળી ગયો. એક દિવસ તેને બહુ ધમકાવ્યો.

"હરામખોર, નિશાળમાં નહિ શીખીશ તો શું કરીશ? હજામત?"

વેલે કાંઇ જવાબ દીધો નહિ, એટલે ટપોટપ તમાચા પડવા લાગ્યા.

માનો જીવ મુંઝાયો. એણે તેને માલુશાહના હાથમાંથી છોડાવ્યો.

બીજે દિવસે માલુશા જમતા હતા ત્યારે વેલાની બાએ વાત શરૂ કરી–"વેલો નિશાળમાં કાંઇ શીખતો નથી. ત્યારે હવે તેનું શું કરશું ?"

"નિશાળે જાય તો શીખેના ? પંડ્યાજી કહેતા હતા કે ત્યાંથી પણ ભાગી જાય છે. ટોળીઓ ઊભી કરી લડાઇઓ કરે છે. હું તો નોકરી કરું કે છોકરાંના ગામના કજીઆ પતાવવા જાઉં ?

મને કાંઇ સુઝતું નથી. હું એનાથી કંટાળ્યો છું."

"હજી અગીઆર વરસનો બાળક છે. મોટો થશે એટલે શીખી રહેશે. ધીરજ રાખો."

"મને અહીં શીખે એવો ભરોસો નથી. અહીં એના જેવા ખરાબ છોકરાઓની સોબતમાં એ કાળો અક્ષરે શીખશે નહિ. હું તો પારકે ઘરે મુનીમગીરી કરવા જાઉં કે આખો દિવસ વેલા પાછળ ભમું?"

"ત્યારે શું કરશું? મારા ભાઇ શામજી પાસે મુંબઇ મોકલીએ તો? ત્યાં એને ખરાબ સોબત પણ મળશે નહિ. છોકરો સુધરી આવશે. વેપાર પણ શીખશે."

"છોકરાને એકલો મુંબઈ સુધી દૂર કેમ મૂકાય?"

"પારકે ઘરે ક્યાં મૂકવો છે? શામજીને ઘરનો ધંધો છે તેની સાથે કામ શીખશે ને મારી ભાભી પણ હેતાળ છે તે છોકરાને ઓછું આવવા દેશે નહિં."

"હું વિચારીશ. શામજી મહેનતુ અને માયાળુ છે ખરો. થોડા દહાડામાં વિચાર કરીને નક્કી કરશું."

માંડવીના ગુલાબશાહ શેઠની મુનીમગીરી માલુશા કરતા હતા. વાર્ષિક પાંચસો કોરી (૧૨૫ રૂપિયાનો) પગાર મળતો હતો. એ જમાનામાં એ પગાર ઘણો મોટો ગણાતો હતો. બધું સસ્તું હતું. ભાવો દરેક ચીજના આજથી ઘણા ઓછા હતા એટલે અનાજ, ઘી, તેલ, દૂધ વાપરવા છતાં દસવીશ કોરીમાં માસિક કુટુંબનિર્વાહ થઇ શકતો. આડખરચ કે બાહ્ય આડંબર નહોતો. કચ્છના લોકો એ સસ્તાઇને લીધે અતિ સુખી હતાં. માલુશા—કચ્છ કોઠારાના દશા ઓસવાળ વણિક ગૃહસ્થ હતા. હમણાં કચ્છ—માંડવીખાતે આવી રહ્યા હતા.

શેઠનું વહાણ દોલતપશા કપાસ ભરીને મુંબઇ જવા રવાના થવાનું હતું. તેના માલમ લાખાને ભલામણ કરીને વેલજીને માલુશાહે સોંપ્યો. એના મામા ઉપર કાગળ લખી આપ્યો. તે વખતે હજી કચ્છમાં પોસ્ટ ઓફીસો આવી નહોતી. મુંબઇ તરફ પગરસ્તે રેલ્વે પણ બંધાઇ નહોતી. માત્ર સાગરમાર્ગે કચ્છનો કપાસ અને એરંડીઆ લઇને વહાણો મુંબઇ જતાં–આવતાં હતાં. વેલજીને આ મુસાફરી આકરી લાગી.

આકાશમાં ઓચીંતાં વાદળાં ચડી આવ્યાં. ઘનઘોર આકાશ થઇ ગયું. પશ્ચિમથી વંટોળીઓ ઉપડયો. વહાણની ચારે તરફ મોટાં મોટાં મોજાં ઉછળવા લાગ્યાં. ભારે ઉલ્કાપાત મચી રહ્યો. સમુદ્રમાં ગેબી અવાજો થવા લાગ્યાં. ચારે તરફ પવન ફુંકાવા માંડયો. વહાણ તોફાનમાં સપડાયું, આકાશ કાળાં વાદળાંથી ઘનઘોર અંધકારમય થઇ ગયું. ઝંઝાવાત વાવા લાગ્યો. વિજળી ચમકારા મારી આકાશને થોડો વખત પ્રકાશિત કરી દેતી હતી. તેની પાછળ કાન ફાડી નાંખે એવી ગર્જના થતી હતી. હાથી જેવડાં મોજાંઓ વહાણને સુકાં પાંદડાંની પેઠે આમતેમ નચાવતાં હતાં. નાવિકો આવા તોફાનમાં પણ ચપળ વાંદરાઓની પેઠે જેને તેને બાઝી–વળગીને પોતાની ફરજો અદા કરતા હતા.

આવા વિશાળ સાગરમાં જાણે દૈત્યો દડા ઉછાળતા હોય એવી રમત રમાઇ રહી હતી. વેલજીને તો ભંડારીયામાં પૂરી મૂકયો હતો. એણે કે બીજા કોઇએ કાંઇ ખાધું નહોતું. માલમ લાખો પોતાના શરીરને દોરડાથી સુકાન સાથે બાંધીને સુકાન ચલાવતો હતો. તેનો એક સાથી મદદ કરતો હતો, છતાં વહાણ આગળ ગતિ કરતું નહોતું. મોજાંઓ એને ભગતરાંની પેઠે અહીંતહી પછાડતાં

હતાં. વહાણુ ઉપર અત્યંત સંકટ આવેલું જોઇ ખલાસીઓએ માલમના હુકમથી કપાસની ગાંસડીઓ સાગરદેવને અર્પણ કરવા (હોમવા) માંડી. વહાણમાં ભાર ઓછો થયો. હવે એના ઉપરથી પાણીના મોજાં પસાર થવા માંડ્યાં પરંતુ લાખાના કૌશલ્યથી વહાણનું સુકાન ફેરવી મોજાંઓની હડફેટમાંથી તે દૂર જવા માંડ્યો.

તોફાન જેટલી જલદીથી આવ્યું હતું તેટલી જ જલદીથી વિદાય થયું. જાણે કાંઇ ન બન્યું હોય તેમ સાગર શાંત પડી ગયો. ચારે તરફ તોફાનની કાંઇ અસર રહી નહિ. ખારવાઓએ દરીઆ પીરની માનતા માની નાળીએર હોમ્યું. વેલજી અધમુઆ જેવો થઇ ગયો હતો તેને બહાર કાઢ્યો. સૌએ રાંધી ખાધું. વહાણના કેટલાંક સાધનો તોફાનમાં તણાઇ ગયાં હતાં. વહાણને નુકશાન પણ થયું હતું. નાવિકો હાથમાં હથિઆરો લઇ જોઇતું સમારકામ કરવા મંડી પડ્યા. ત્રણ દિવસે જોઇતું સમારકામ કરી લીધું.

વીસમે દિવસે વહાણ મુંબઇ પહોંચ્યું. એ સમયે મુંબઇમાં એક લાખ માણસની માત્ર વસ્તી હતી. એ બંદર પહેલાં પોર્ટુગીઝોના હાથમાં હતું. અંગ્રેજોની પેઢી એ વખતે સુરતમાં હતી. બંને વચ્ચે ભયંકર હરિફાઇ ચાલતી. અંગ્રેજો અને પોર્ટુગીઝો હિંદમાંથી સરસ કાપડ, રેશમ, હાથીદાંત, મસાલા, કપાસ વિગેરે ચીજો ખરીદી જતા હતા. વેપારને અંગે બંને પ્રજાઓ વચ્ચે તીવ્ર વિરોધ હતો.

અંગ્રેજોના રાજા ચાર્લ્સ બીજાનો સંબંધ આ સમયે પોર્ટુગલના રાજાની બહેન ઇન્ફેન્ટાની સાથે થયો. તેની પહેરામણીમાં અંગ્રેજોના રાજાને મુંબઇનો બેટ ભેટ તરીકે મળ્યો. પોર્ટુગલનો રાજા તે સમયે અંગ્રેજો કરતાં વધારે ધનવાન અને શક્તિશાળી હતો. રાજાએ પોતાના ગવર્નરને નીચે મુજબ કાગળ લખી મોકલ્યો હતો.

આન્ટોનીઓ ડી. મેલો ઇ. કાસ્ટ્રો જોગ.

મારા દોસ્ત,

તારા રાજાના સલામ વાંચજે. તને જણાવવાનું કે મારી પ્યારી અને માનવંતી બ્હેનના લગ્નની રીત અને પહેરામણી બાબતમાં મારા પરમ સ્નેહી ઇગ્લંડના રાજા સાથે જે કોલકરારો થયા છે તેની એક નકલ આ કાગળ સાથે બીડી છે, તેથી મુંબઇનો ટાપુ અને બંદર તે રાજાની મિલ્કત શામાટે કહેવાય અને તે તેને સ્વાધીન કરવા માટે શા સારુ તમને ફરમાશ કરવામાં આવી છે તે તમને જણાશે; માટે તમે ઇગ્લંડના રાજાના કાગળની રાહ જોજો. તે લખે તેને–આ મુંબઇનો હવાલો સોંપી દેવાનું જણાવે તેને–સોંપી દેજો. એ સાટાખત પ્રમાણેની દરેક સરત ચોકસીથી પાલન થાય તેનું ધ્યાન રાખજો. આ સઘળું કામ બજાવી તેની વિગતવાર હકીકત મને લખી જણાવજો એટલે એનું બરાબર પાલન થયું છે તે હું જાહેર કરી શકું. લખતની નકલ તમને બીડી છે તે ઉપરથી જણાશે કે જે આપણે આ વિવાહ કર્યો છે તેથી આપણને જરૂરને સમયે ઇગ્લાંડનો રાજા મદદ આપવા બંધાયલો છે.

લીસબોન તા. ૯ મેહ ૧૬૬૨ (સહી) રાજા

ઉપલો કાગળ કાસદ મારફતે મોકલવામાં આવ્યો. તેની સાથે અંગ્રેજી પાંચ મનવારોનો કાફલો અને ૫૦૦ માણસનું સૈન્ય મુંબઇ આવી પહોંચ્યું, પરંતુ પોર્ટુગીઝો સાથે વાંધો પડયો. અંગ્રેજોને છાસ્ટી જીલ્લો પણ સાથે જ લેવો હતો, જ્યારે પોર્ટુગીઝોએ માત્ર મુંબઇનો જ ટાપુ આપવાનું સ્વીકાર્યું હતું, આથી મનવારો કાંઇ પણ કર્યા વગર પાછી વિલાયત ચાલી ગઇ. પાંચસો માણસોનું સૈન્ય ડેરા–તંબુ તાણીને દમણ પાસે ઊતરી પડયું હતું, એટલામાં આ સૈન્ય વચ્ચે

મરકીએ કેર વર્તાવ્યો. એમની પાસે સેવા અને ચિકિત્સાની કાંઇ વ્યવસ્થા નહોતી. આથી અંગ્રેજોના ૩૦૦ માણસો અને સેનાધ્યક્ષ મરકીનો ભોગ થઇ પડયાં. સુરત પેઢીના મેનેજર મી. કુકને આ ખબર પડતાં જ એણે પોર્ટુગીઝો પાસેથી માત્ર મુંબઇનો જ કબજો લીધો અને બચેલાં માણસોને ત્યાં રાખ્યાં. પોર્ટુગીઝોએ અંગ્રેજોની ગરજ જોઇ પોતાના માટે મુંબઇમાં વેપારની સ્વતંત્રતા લખાવી લીધી.

ઇંગ્લાંડના રાજાએ લંડનથી પહેલા ગવર્નર તરીકે સર જાર્વીસ લ્યુકસને મુંબઇ મોકલ્યો. તેણે ૫મી નવેંબર ૧૬૬૬ માં મુંબઇનો ચાર્જ લીધો. તે વખતે મુંબઇની પેદાશમાંથી ખર્ચ પણ પૂરું નીકળતું નહોતું. મોગલો, મરાઠાઓ, પોર્ટુગીઝો અને સીદીઓના મુંબઇ ઉપર આક્રમણ કરવાના વારંવાર પ્રયત્નો થતા હતા. આથી મુંબઇનું રક્ષણ કરવા ત્રીસ લાખ રૂપિયાના ખર્ચે મજબૂત પથ્થરનો કિલ્લો બાંધવામાં આવ્યો. દરિયા પાસે મજબૂત દિવાલ ૧૫૦૦ ફીટ ફરતી બાંધી. મજગામ, શીવરી, શીવ, માહિમ અને વરલીના કિલ્લાઓને સુધરાવી મજબૂત બનાવ્યા. મુંબઇમાં દરિઆઇખાતું પણ સ્થાપ્યું.

રાજાને મુંબઇના વહીવટમાં પુષ્કળ ખર્ચ અને ખોટ આવવા માંડયાં. આથી આવા સફેદ હાથીને સંભાળતાં ઈંગ્લંડનો રાજા કંટાળ્યો. આથી ઇસ્ટ ઇંડીઆ કંપની જે હિંદના વેપાર માટે અંગ્રેજોએ સ્થાપી હતી તેને આ ટાપુ સોંપવાની વાત ચાલી. તા. ૨૭ માર્ચ ૧૬૬૮ માં ઈંગ્લાંડના રાજાએ એક લખત કરીને આ ટાપુ ઇસ્ટ ઇંડીઆ કંપનીને આપવાનું નક્કી કર્યું, તેમાં આ ટાપુ સારી હાલતમાં રાખવો અને રાજાને ભાડા પેટે વાર્ષિક ૨૧૦૦ રૂા.કંપની ભરી આપે. આ ટાપુ કંપની વેચી શકે નહિ, પણ વેપાર માટે અને બીજો કોઇ પણ ઉપયોગ કરે. પોલિસ, લશ્કર, અધિકારીઓ બધાં કંપની નીમે. કાયદાઓ પણ તે જ બાંધે એવો ઠરાવ થયો.

મુંબઇની એ વખતે પેદાશ રૂ. ૨૮૦૦૦)ની કુલ હતી. માછીમારો પાસેથી તે વસુલ થતી હતી. કંપનીએ પોતાની સુરતની મોટી ઑફિસમાંથી એક અધિકારી મોકલી એનો કબજો લીધો. રાજાના સૈન્યને નોકરીમાં રાખી લીધું. યુરોપીયનોને ખેતીવાડી માટે જમીન આપવાનું નક્કી કર્યું. કંપનીએ વેપારને ઉત્તેજન આપવા માટે મુંબઇ આવતા માલને સારે ભાવે ખરીદી નાના વહાણો ચાર્ટર કરીને બસરા અને આફ્રિકા મોકલવા માંડ્યો. વેપારની ખૂબ સગવડો કરી આપી. આથી વેપારીઓ મુંબઈમાં આવી વસવા લલચાયા. મુંબઇના કોટની આસપાસ મજબૂત દિવાલ બાંધી જાનમાલને રક્ષણ આપવામાં આવ્યું. પાંચ વરસ સુધી વેપારી પાસેથી જકાત લેવાનું બંધ રાખ્યું. તે સિવાય કારીગરોને વસાવવા માટે ચરખા અને સાળો ઓછે ભાવે પૂરી પાડવાનો બંદોબસ્ત કર્યો.

આ સમયે મી. જીરાલ્ડ એંજીનીઅર નવો ગવર્નર નિમાયો. એ ભારે ઉત્સાહી હતો. સને ૧૬૭૦ માં એણે કોર્ટોની સ્થાપના કરી. દીવાની દાવા અને ફોજદારી મુકર્દમા માટે મેજીસ્ટ્રેટની નિમણુક કરી. શહેરની કિલ્લેબંધીમાં એક મોટી તોપ અને બેટરી સ્થાપી બચાવના બાંધકામની મજબૂતાઇ કરી. કિલ્લાઓ ઉપર કુલ ૧૦૦ તોપો ગોઠવી દીધી. એણે સુરતને બદલે મુંબઇને મોટું વેપારી મથક અને મુખ્ય બંદર કરવાની સૂચના વિલાયત લખી મોકલી. દેશી સૈન્ય પણ એણે ઊભું કર્યું. ઘોડેસ્વાર પલ્ટન પણ ઊભી કરી. ૧૬૮૩માં સૈન્યનો પગાર ઘટાડ્યો તેથી સેનાધિપતિ કેપ્ટન કેવીને મુંબઇનો કબજો લઇ લીધો, પણ વિલાયતથી રાજાનો હુકમ અને સૈન્ય આવી પહોંચતાં પાછો કબજો સને ૧૬૮૫માં કંપનીને મળ્યો. આ વખતે મુંબઇની વસ્તી ૬૦૦૦૦ માણસોની હતી.

તા. ૨૨ ફેબ્રુઆરી ૧૬૮૯ને દિવસે પાદશાહ ઔરંગઝેબના

હુકમથી જીંજીરાના નવાબ સીદી યાકુબખાને પચીસ હજારનું સૈન્ય લઇને મુંબઇ ઉપર હુમલો કર્યો. અંગ્રેજોના અધિકારીઓ ગભરાઇ ગયા. એમણે બચાવ કર્યો નહિ. સીદી યાકુબખાને ઘેરો ઘાલ્યો. તેણે આ ટાપુમાં આવેલા આસપાસના ઘણા કિલ્લાઓ કબજે કરી લીધા. અંગ્રેજોને ખોરાકી પહોંચી નહિ એટલે તેઓ ગભરાયા. એમણે બચાવ ન કરતાં શરણે જવાની પેરવી કરી. અંગ્રેજો અને યાકુબખાન વચ્ચે સંધિ થઇ. તેમાં બધા કિલ્લાઓ તોડી પાડવા, સૈન્યને વિલાયત મોકલી દેવું, ગવર્નર સર જોન ચાઇલ્ડને બદલી નાંખવો તથા મોટો દંડ આપવો એમ ઠર્યું. આ અણગમતી સરતો અંગ્રેજોને કબૂલ કરવી પડી.

સીદીઓના સૈન્યમાં મરકી ફેલાઇ હતી. તેનો ચેપ મુંબઇને લાગ્યો. મુંબઇમાં મરકી ફેલાણી. ઘણા અંગ્રેજ અમલદારો એનો ભોગ થઇ પડયા. સૈન્ય ખસેડીને સુરત મોકલવું પડયું. અંગ્રેજ અમલદારો સૌ ચાલ્યા ગયા. ટાપુનો કબજો એમના નોકર રૂસ્તમજી દોરાબજી પટેલને મળ્યો. એણે માછીમારોનું સૈન્ય ઊભું કર્યું. મુંબઇના કિલ્લાને મજબૂત બનાવ્યો. સને ૧૬૯૧માં યાકુબખાન ફરીને ચઢી આવ્યો તેની સાથે બાથ ભીડી. છ માસના ઘેરા પછી યાકુબખાન કંટાળી ગયો. રૂસ્તમજીના સૈન્યથી થાકીને તે પાછો ચાલ્યો ગયો અને રૂસ્તમજી પટેલને માછીમારોની પટલાઇ વંશપરંપરા માટે મળી ગઇ. મુંબઇ બચી ગયું.

સને ૧૬૬૯થી શહેરની આસપાસ કોટ બાંધવાનું કામ શરૂ થયું હતું તે સને ૧૭૧૬માં પૂરું થયું. સને ૧૭૩૫માં મુંબઇમાં વહાણો બાંધવાની ગોદી સ્થપાઇ. સને ૧૭૩૯માં હિંદી વેપારીઓએ રૂા. ૩૬૦૦૦) ઉઘરાવીને મુંબઇની આસપાસ ખાઇ ખોદવા માટે

આપ્યા. સને ૧૭૫૨માં લોકોને પૈસા આપીને સરકારે મેદાન ઘણું ખુલ્લું કર્યું. સન ૧૭૭૨માં દારૂગોળા બનાવવાનું કારખાનું એપોલો બંદર ઉપરથી ખસેડીને મજગામખાતે લઇ જવામાં આવ્યું. સને ૧૮૬૮માં આ કારખાનું ત્યાંથી ખસેડીને પુના પાસેના ખડકી ગામમાં સ્થાપવામાં આવ્યું હતું અને જમીનના મોટા સટ્ટા વખતે એ જગ્યા શેઠ પ્રેમચંદ રાયચંદે ચાલીસ લાખમાં ખરીદી લઇ તેના શેરો કાઢીને એક કરોડ રૂપિઆ ઉપજાવ્યા હતા.

આવી રીતે મુંબઇનો વિકાસ થતો ગયો તેમ જમીનની જરૂર પડતાં જંગલો ને ઝાડીના તેમજ સમુદ્ર અને તળાવોનાં રૂપાંતર થતાં રહ્યાં હતાં. માજી જનરલ જોનસનના બાપે જ્યાં કોપરખાનું સ્થાપ્યું હતું, ત્યાં સને ૧૭૯૪માં ફ્રેંચો તે તરફ આક્રમણ કરશે એવા ભયથી ત્યાંની ઇમારતોને તોડી પાડી સરકારે મોટું મેદાન બનાવ્યું હતું. ફોર્બસ કંપનીથી તે એલ્ફીન્સ્ટન સરકલ સુધી ભીંડીનાં ઝાડોનું વન હતું. દેવળના દરવાજાની બહાર વડોનું મોટું વન હતું. કિલ્લાના દરવાજા આગળથી તે ટાઉન પાર્ક સુધી લશ્કરની બરાકો હતી. સને ૧૮૦૩ની મોટી આગમાં બરાકો બળી ગયા પછી ત્યાં મોટું મેદાન બનાવવામાં આવ્યું અને એપોલો સ્ટ્રીટથી મેડોઝ સ્ટ્રીટ સુધી મોટું તળાવ હતું તે ધીમે ધીમે પુરાઇને મેદાન ઊભું થયું.

શાહ વેલજી માલુએ આ સમયે ૧૧ વરસની ઉમરે મુંબઇમાં પગ મૂકયો હતો. વહાણના નાખુદાએ એને એના મામા શામજી સારંગને ત્યાં પહોંચતો કર્યો. મામાએ સ્નેહથી ભાણેજને આવકાર્યો ને એને સ્કૂલમાં તરત દાખલ કરી દીધો. મુંબઇમાં આ વખતે ગામઠી સ્કૂલમાંથી કાંઇક ધોરણસર ગુજરાતી નિશાળ સ્થપાઇ હતી. એમાં એક વરસ સુધી રહીને વેલજી થોડા આંક તથા ગુજરાતી બીજી

ચોપડી શીખ્યો. સ્કૂલમાં નહિ ગમવાથી બારમા વરસે એ મામાની દુકાને દાખલ થયો. એક વરસમાં તો એણે મામાની દુકાને સાધારણ નામુંઠામું અને વેચાણુ કરવાનું શીખી લીધું. સ્કૂલમાં જે છોકરો એકદમ બેદરકાર હતો તે હવે દુકાન ઉપર એકદમ ચપળ અને ઉદ્યોગી બની ગયો. એનો મામો એને કામકાજ બરાબર શીખવતો હતો ને વેલજી પૂરતી કાળજીથી કામ શીખતો હતો. આવી રીતે એક વરસ મામાની દુકાને કામ કર્યા પછી એક દિવસે તેણે મામા સાથે દુકાન કરવા સંબંધી વાત કાઢી.

"મામા, મારે તો જુદી દુકાન કરવી છે."

"કેમ, અહીં તને શું દુઃખ છે?"

"મને અહીં દુઃખ નથી પણુ ગોઠતું નથી. મને જુદી દુકાન કાઢી આપો તો?"

"પણુ તારી પાસે પૈસા ક્યાં છે. દુકાના ચલાવવા મૂડી જોશે."

"મારા બાપાને લખી મૂડી મંગાવો. તે ના નહિ પાડે."

"પણુ તું ઉડાવી નાખે તો તારા બાપાની પરસેવાની કમાઇના પૈસા બગડે."

"તમે દેખરેખ રાખજો. બાકી દુકાન નહિ કાઢી આપો તો હું કચ્છ નાશી જઇશ."

વ્હાલા ભાણેજની બાબતમાં મામાએ એના બાપને ભલામણુ સાથે કાગળ લખી બધી હકીકત જણાવી. પાછો વહાણુદ્વારા કાગળનો જવાબ આવ્યો. તે સાથે તેના બાપે પોતાની ૫૦૦૦ કોરીની બચતના રૂા. ૧૩૦૦) કરાવીને તેના સાળા શામજી સારંગને વેલજી માટે દુકાન કરાવવા મોકલી આપ્યા.

બહારકોટ માંડવી બંદર ઉપર એક નાની દુકાન કાથાબજારમાં ભાડે લેવામાં આવી. મામાએ મલબારથી આવતો કાથો અને તેની સીંદરી તથા રસીઓ ભાણેજને લઇ આપી. શું ભાવે લેવાઇ હતી, શું ભાવે વેચવાની હતી, તે સર્વે સમજાવ્યું. પોતે પણ સાંજ સવાર ભાણેજની હાટડીએ આંટો મારી જતા. દરરોજ વકરો તપાસતા હતા. છોકરો સમજુ અને આવડતવાળો નીકળ્યો. એને ભાંગીતૂટી ગુજરાતી, મરાઠી બોલતાં આવડતું હતું. પહેલા ત્રણ ચાર માસ વકરો થોડો થતો હતો. નફો બહુ રહ્યો નહિ. મામાએ ઉધાર આપવા તદ્દન મનાઈ કરી હતી. રોકડ વેચાણ કરવાની છૂટ હતી. છોકરો વહેલો સવારે આવી થડા ઉપર બેસતો હતો. દશ વાગે દુકાન બંધ કરીને ખાવા જતો. અગીઆરે પાછો આવતો હતો. સાંજના છ વાગે વાળુ કરવા જતો. પાછો સાતે આવી જતો. રાત્રે અગીઆર સુધી એ દુકાન ઉપર બેસતો હતો. તે દુકાનને જરા પણ રેઢી મૂકતો નહોતો.

છ મહિને દુકાનમાં નફો દેખાવા લાગ્યો. બાર માસ પૂરા થયા ત્યારે ગણત્રી કરતાં રૂ. ૧૦૦) વધ્યા હતા. છોકરો બહુ ખુશી થયો. મામો પણ સંતોષ પામ્યો. બીજે વરસે પોતાની ન્યાતના એક છોકરાને વધારાના કામ માટે રાખી લીધો. એક જમવા જાય ત્યારે બીજો બેસે. સવારના છથી રાત્રિના અગીઆર વાગ્યા સુધી દુકાન બંધ થાય જ નહિ. ઘરાક કોઇ પાછું વળે જ નહિ. પહેલાં દુકાનમાં ૫૦૦ રૂપિઆનો માલ રાખતા હતા. હવે વહાણના ઉપયોગના મોટા રસ્સા રસ્સીઓ પણ રાખવા માંડ્યા. દુકાન ઉપર ઘરાકી વધવા માંડી. વહાણવાળા પણ માલ લેવા માંડયા. હવે તો વેલજી શાહ સુતરની દોરીઓ પણ રાખવા માંડયા. એમનો બીજા વરસનો નફો ત્રણસો રૂપિયાનો થયો. વેલજીને ખૂબ આનંદ થયો ને આગળ વધવાની હોંશ વધી. દુકાન હવે બરાબર ચાલતી હતી.

ચાલુ દુકાન માલ ભરવામાં બહુ નાની પડતી હતી. માલ પૂરો રાખી શકાતો નહોતો. પંદર વરસનો વેલજી હજી મામાને ત્યાં જમતો હતો. દુકાન વધારીને મોટી કરવાની હતી. મામાની સલાહથી જોડેની દુકાન ખાલી થઇ તે પણ ભાડે રાખી લીધી ને વ્યાપારનું કામ વધાર્યું. દુકાનમાં હવે રૂા. ૧૫૦૦) નો માલ રાખવા માંડયો. ગામમાં શાખ એવી સારી બંધાઇ ગઇ હતી કે ૫૦૦—૧૦૦૦ નો માલ અંગઉધારે આંટથી મળી શકતો હતો. માછલું પાણીમાં હોશિયાર થઇ જાય તેમ તે દુકાનના કામમાં હોશિઆર થઈ ગયો. ઘરાકોને મીઠાશથી સમજાવવા તેમજ તેમને રાજી રાખવાનું તેને આવડી ગયું. જૂના ઘરાકોને હવે તે ઉધાર માલ પણ આપવા માંડયો. એની ઘરાકી બંધાઈ ગઇ. ત્રીજે વરસે પૂરા પાંચસો રૂપિયા બચ્યા. વેલજીને સ્વર્ગ એક વેંત છેટે રહ્યું હોય તેમ લાગવા માંડયું. એના માબાપ પણ કમાઉ દિકરા માટે ખૂબ રાજી થયાં.

સને ૧૮૨૫માં જ્યારે વેલજી સોળ વરસનો થયો ત્યારે માબાપે દેશમાં કન્યા શોધી કાઢીને વેલજીનો વિવાહ કરી દીધો. દશા ઓશવાળ જ્ઞાતિ ખર્ચાળ છે. એની સાંસારિક રીતભાતો ખર્ચાળ હોય છે. આમાં વેલજીને રૂા. ૧૦૦૦ દેશમાં મોકલવા પડ્યા. દુકાન મામાને સોંપી વેલજી કચ્છ જઇ પરણી આવ્યો. દેશમાંથી હવે મુંબઈ આવતાં પોતાનાં માતાપિતાને મુંબઇ સાથે તેડતો આવ્યો. અહીં સુખી કુટુંબ તરીકે તે રહેવા લાગ્યો. એના પિતા દેશની નોકરી મૂકી વેલજીની દુકાને બેસવા લાગ્યા.

દુકાન સારી ચાલવા માંડી. ખંત, ઉદ્યોગ, ધીરજ અને મીઠાશ એ ચારે ગુણો વેલજીમાં વસ્યા હતા એટલે દુકાન ફતેહમંદ થવા લાગી, કમાણી પણ વધવા લાગી. બે ત્રણ વરસ ૫૦૦–૬૦૦ રૂપિયા દર વરસે

ખરચ કાઢતાં વધ્યા. હવે વેલજીએ ઉધાર આપવાનું વધારે પ્રમાણમાં રાખ્યું. પોતે વેપારીઓમાં શાખ સારી રાખી હતી એટલે મલબારના કાથાના વેપારીઓ એને પાંચ હજાર રૂપિયા સુધી ધીરધાર કરતા હતા. પ્રથમ તે મુંબઈના મોટા કાથાના વેપારીઓ પાસેથી માલ ખરીદતો હતો. હવે એણે પરબારી મલબારના વેપારીઓ સાથે આડત બાંધીને વહાણોમાં સીધો માલ મંગાવવો શરૂ કર્યો. એનો વેપાર હવે સારો ચાલવા લાગ્યો. દર વરસે ૧૦૦૦–૧૨૦૦ રૂપિયાનો વધારો થવા માંડ્યો. વેલજી પાસે હવે ૫૦૦૦ રૂપિયાની મૂડી થઇ હતી. માબાપને એણે પંચતીર્થ, આબુ, પાલીતાણા, ગિરનારની યાત્રા કરાવી કૃતકૃત્ય થયો. અગિયાર વરસનાં વ્હાણાં વાઈ ગયાં. વેલજી ૨૫ વરસનો યુવાન થયો. તેના મા–બાપ વેલજીને સુખી જોઇને ધર્મધ્યાનમાં રહેતાં કાલક્રમે ગુજરી ગયાં.

વેલજી શાહનો પરિચય વહાણવાળાઓ સાથે ઘણો હતો. વહાણના નાખુદાઓ દેશ–પરદેશની વાતો એની પાસે કરતા હતા. અરબ-સ્થાનના આરબોની, ઇરાની અખાતના રહેવાસીઓની, રાતા સમુદ્રના રહીશોની, ત્યાંના વેપારવણજ, પેદાશ અને નફાની નવી નવી વાતો કરવા લાગ્યા. તે તરફ જઇ મોટો વેપાર ખેડાય છે. ઘણા લોકો, ઘણી ભાષાઓ, જાતજાતના વેપારોના અનુભવો મળે છે. વેલજી ઘણાં વરસો થયાં એ વાતો સાંભળતો હતો. એનું મન આવી આવી વાતો સાંભળી પાણી પાણી થઇ જતું હતું. એ દેશો જોવા, અનુ-ભવવા માટે એને તીવ્ર લાગણી થતી હતી. હવે તો એને તે સંબંધી સ્વપ્નો પણ આવતાં હતાં. એ દેશો તરફ પ્રવાસ કરી આવવાની એને ઉત્કંઠા થઇ. એણે પોતાની ધણીઆણી પાસે વાત કરી પણ તેણે પ્રથમ કોઇ રીતે રજા આપવા કબૂલ કર્યું નહિ. વેલજી નાહિંમત થયો નહિ. એણે લાગ આવતાં વારંવાર ઉલ્લેખ

કરવા માંડ્યો. છેવટે કંટાળીને તેની સ્ત્રીએ જવાની સંમતિ આપી.

આ પ્રદેશોમાં જવું તે માત્ર જોનારા તરીકે નહિ પરંતુ વેપારી તરીકે જવાનું વેલજી શાહે પસંદ કર્યું. એ પ્રદેશમાં કેવી કેવી જાતનો માલ મળે છે તે બધું નાખુદાઓને પૂછી માહિતગાર થયો હતો. પોતે પણ વેપારી બચ્ચો હતો, એટલે પોતાને પણ વેપારનો સારો અનુભવ હતો. આથી તે દેશો માટે જોઈતાં કાપડ, અનાજ, ગરમ કપડાં વિગેરે ખરીદ કર્યાં. દુકાન મુનીમને સોંપી, વૃદ્ધ મામાને દેખરેખ રાખવાનું સોંપ્યું. પરંતુ એને તરતમાં સારું વહાણ મળ્યું નહિ. એણે માંડવી, સલાયા, પોરબંદર, જોડીઆ, ભાવનગરના બંદરોએ આડતીયાઓ મારફતે પૂછપરછ કરી પણ પોતાના વહાણો ચાર્ટર કરવા માટે કોઇની ઇચ્છા થઇ નહિ. સૌ પોતાનો વેપાર કરતા હતા. દરમિયાન બસરાનું એક વહાણ ખજુર લઇને મુંબઈ આવ્યું. એ વહાણના ધણી અલકાસમ પાસે પોતાના આખા વહાણમાં ઉપડે તેટલો પૂરતો માલ નહોતો. એણે વેલજી શાહનો માલ શોભીસ્તાનૂરે લઇ જવા કબૂલ કર્યું એટલે વેલજી તેના મામા પાસે રજા લેવા ગયો. તેના મામાને આ વાત પસંદ ન હતી એટલે તેણે જવાબમાં કહ્યું.

"ભાઇ વેલજી, આ આરબ વહાણ સાથે જવું જોખમભરેલું છે."

"ના મામા, હું અલકાસમને જૂનેથી ઓળખું છું. મારો ઘરાક છે."

"એ તરકડાનો શું ભરોસો? મને ચેન પડતું નથી."

"મામા, હું એને છ વરસથી ઓળખું છું, હજારોનો માલ

મેં એને વેચ્યો છે, વચનનો સાચો છે; બીજા આરબો જેવો લબાડ નથી."

"ભાઇ, તારી તને ખબર, પણ મને ધીરજ આવતી નથી. આઠ હજારનો માલ અને પોતાના પંડને આવા અજાણ્યાના હાથમાં હું તો સોંપું નહિ. તું સમજીને કરતો હોઇશ."

"ફીકર ન કરો મામા, હું સમજીને કરું છું. મને ભય નથી, હું નચિંત છું."

"જેવી તારી મરજી."

વહાણમાં માલ ચડયો ને સારા મુહુર્તે વહાણ હંકાર્યું. એઓને એડન, હોડેડા, બસરા અને મોખા તરફ પ્રવાસ કરવાનો હતો. વહાણને ખુશનુમા હવા મળી હતી એટલે વહાણ સારી ગતિએ ચાલ્યું જતું હતું.

રાત્રિનો વખત હતો. આકાશમાં ચંદ્રના પ્રકાશથી ચારે તરફ ચાંદની રેલાઇ રહી હતી. પાણી ઉપર જાણે રૂપું પાથર્યું હોય એમ દેખાતું હતું. વેલજી શાહે ચુલા ઉપર ખીચડી બનાવી સાથે અથાણું, પાપડ વગેરે તૈયાર કર્યાં હતાં, કાચરી પણ તળી હતી. તેઓ પોતાની રીતે જમી બીડી પીતાં તુતક ઉપર ડીલ લાંબું કરીને આનંદથી વાતો કરતા હતા. સમુદ્રની માછલીઓ આકાશમાં ચળકતા ચંદ્રની સામે ઠેકડા મારતી ત્રણ ચાર ફીટ ઊંચે કૂદી રૂપેરી રંગના ચમકારાથી આશ્ચર્યચકિત દેખાવો કરતી હતી. શાંતસાગરમાં શાંત મોજાંઓ ચારે તરફ ધીમી ગતિથી પ્રયાણ કરતાં હતાં. તેમાં ઉઠતા બુંદબુંદો સંસારની અસારતાનું ભાન કરાવતાં હતાં. રાત્રિની નિરવ શાંતિમાં તૃપ્ત પેટે અને મને વેલજી શાહ સાગરને નિરખી રહ્યા હતાં. વહાણમાં કામ કરતો દેશી ખારવો વેલજી પાસે આવીને બેઠો.

"લે અબ્દુલા બીડી પી, આપણે મોખા ક્યારે પહોંચશું ?"

"હજી આઠ દશ દિવસ લાગશે. શેઠ, મારે તમને એક વાત કહેવાની છે. કહું ?"

"કહે, શું છે ?"

"હું તો તમારા દેશનો માણસ રહ્યા એટલે મારે કહેવું જોઇએ."

"કહેને ભાઈ, તારે શું કહેવાનું છે ?"

"આ અલકાસમ બહુ ખરાબ માણસ છે."

"કેમ ? શું કંઇ કહેવા જેવું છે ?"

"શેઠ, હું ગરીબ માણસ રહ્યો. મને માત્ર મુંબઇમાં જ એમનો એક ખલાસી બીમાર પડયો ત્યારે રાખ્યો છે. મને ભૂલશો નહિ ને ?"

"હું તને ભૂલીશ નહિ તેની ખાત્રી રાખજે. તને શું ગંધ આવી છે ?"

"પેલો છોકરો અલહસન છે ને ! તેને મારી સાથે ગોઠી ગયું છે. અમે વાતો કરતા હતા તેમાં વહેમ પડવાથી મેં એને પટાવી સમજાવીને ધીમે ધીમે બધી વાત કઢાવી લીધી છે. વાત ઘણી ગંભીર છે. આપણા જાનો જોખમમાં છે."

"એટલું બધું શું છે ?" વાતની ગંભીરતા વેલજી સમજી ગયા.

"આ લૂંટારુ અલકાસમની નજર તમારા માલ ઉપર છે. એણે એક યુક્તિ કરી છે. આ સમુદ્રમાં ચાંચીઆ ઘણા છે. સામેનો સોમી બેટ ચાંચીઆનો છે. તે બેટ અહીંથી બે દિવસના રસ્તા ઉપર છે. આ નાખુદા એમને ઓળખે છે. એ બેટ ઉપર જઇ બધો માલ અને આપણને ચાંચીઆને સોંપી દેશે. આપણને મરાવી નાખશે.

પોતાના થોડા નવા માણસોને પણ ચાંચીઆને સોંપી દેશે. પછી મોખા જઇ જાહેર કરશે કે ચાંચીએ એને લૂંટી લીધો."

"ખરેખર સાચી વાત છે?" વેલજીએ સફાળા બેઠા થઇ જઇને આશ્ચર્ય અને ભયની મિશ્ર લાગણીથી પૂછયું.

"તમે બેઠા ન થાઓ. સૂતા-સૂતા ધીમેથી વાત કરો. કોઇને શક આવશે. સાવ સાચી વાત છે. છોકરો અલકાસમનો ભાણેજ છે. એણે સૂતાં સૂતાં અલકાસમ અને તેના ભાઇને વાતચીત કરતાં સાંભળ્યા હતા. એમાં જરા ય શક રાખવાનું કારણ નથી. જુઓને આપણા વહાણનો મોરચો ફેરવી નાંખી બેટ તરફ લીધો છે."

વેલજી વિચારમાં પડી ગયો. દરિઆમાં એ એકલો શું કરી શકે? મામાની વાત ન માનવામાં એણે ભૂલ કરી હતી એ હવે તેને સ્પષ્ટ સમજાયું; પણ પસ્તાવા માત્રથી કંઇ વળે તેમ નહોતું.

"તું ફીકર કર નહિ. હું એની ગોઠવણ કરી યોગ્ય કરીશ." વેલજીએ અબદુલાને હિંમત આપતાં કહ્યું પરંતુ તેના મનમાં ધ્રાસ્કો પડી ગયો.

વેલજી ધીરજવાળો માણસ હતો. એણે આખી સ્થિતિ ઉપર ફરી વિચાર કરી જોયો. પોતાની સ્થિતિ અસહાય અને લાચાર જણાઇ. હવે ધીરજ વગર બીજો કાંઇ ઉપાય નહોતો. એણે શાંતિથી બીજી બીડી સળગાવી પીવા માંડી.

બીજે દિવસે બપોરના પવનની પ્રતિકૂળતાને લીધે વહાણ ધીમે ધીમે જતું હતું. એટલામાં દૂરથી ધૂમાડો દેખાયો.

એક નાની મનવાર એ રસ્તે પસાર થતી હતી. તે તદ્દન નજદિક આવી પહોંચી. અવાજ સંભળાય એટલે દૂર એ મનવાર હતી.

વેલજીએ સમયસૂચક્તા વાપરી આ તકનો લાભ લીધો. તેણે તરત ઊભા થઇ પોતે તૈયાર રાખેલ ધોતીઆને ખુલ્લું કરી હવામાં ફફડાવ્યું. ઊંચેથી હાથ હલાવી બોલાવવાનો અવાજ કર્યો. 'બચાવો, બચાવો' એવી જોસથી બૂમ પણ નાંખી.

મનવાર તરત મુખ ફેરવી વધારે નજદિક આવી. તેમાંથી એક નાની બોટ ઉતારીને વહાણ તરફ રવાના કરી.

"કેમ તમે અમને તેડાવ્યા ? શું છે ?" ઓફિસરે અંગ્રેજીમાં પૂછ્યું.

"મારા ઉપર બીક છે." વેલજીએ ભાંગીતૂટી અંગ્રેજીમાં કહ્યું.

"ચાલો મનવાર ઉપર." બોટમાં બેસારી એને તથા નાખુદા અલકાસમને મનવાર ઉપર લઇ જવામાં આવ્યા.

કેપ્ટન ભાંગીતૂટી હિંદી જાણતો હતો. એને વેલજીએ ધીમે ધીમે બધી વાત સમજાવી દીધી ને પોતાનો ભય બતાવ્યો.

"આરબ નાખુદા, આ વાત ખરી છે ?"

"તદ્દન ખોટી છે, હું કાંઇ જાણતો નથી. હું તો વેપારી વહાણધણી છું."

"જો તું જાણતો નથી તો શા માટે વહાણને આડે રસ્તે લીધું છે ? આ મોમ્બા બંદરનો રસ્તો છે ?"

"આમાં કાંઇક મારી સમજણફેર થઇ છે. બાકી હું તો મોખે જ જાઉં છું."

"મને તારી મુરાદ સારી લાગતી નથી. જાઓ તમારા વહાણમાં. મેં તારી અને તારા વહાણની નોંધ લીધી છે. ખબરદાર, જો આ શેઠને કે તેના માલને કાંઇ ઇજા કરી તો તારી બુરી વલેહ

થશે. અંગ્રેજ સરકારના હાથ લાંબા છે. તારા જેવાના વગર ફોગટના ભુક્કા નીકળી જાશે. ચેતતો રહેજે. તારી વાત હું માનતો નથી એટલે તું મારી નજરથી છટકી શકીશ નહિ. હું આટલામાં જ ચોકી કરતો ફરું છું. જરા પણ ભૂલ કરીશ તો માર્યો જાઇશ. તારું વહાણ જપ્ત થશે. જા મોખે જલદી પહોંચી જા."

અલકાસમે પોતાની નિર્દોષતા દેખાડી. તે મનમાં ડરી ગયો.

મનવારે દૂરથી જોયું તો વહાણને હવે મોખા તરફ ફેરવવામાં આવ્યું હતું.

વેલજીએ બે કલાક પછી અલકાસમને બોલાવ્યો. "નાખુદા સાહેબ અહીં આવો, તમારા ભાઇને સાથે લાવો, કોફી પી જાઓ."

એણે એમને પ્યાલામાં કોફી આપી. વેલજીએ એમને ગઇ ગુજરી ભૂલી જવા કહ્યું. પોતે એની સાથે ખૂબ વેપારની અને બીજી જૂની વાતો કરવા લાગ્યો. દરરોજ એ બે વખત નાખુદા અને તેના ભાઇને કોફી પાતો, એમને બીડીઓ પાતો અને ખૂબ વાતો કરી સ્નેહ બતાવતો. વેલજી એમની સાથે ખૂબ પલોટાઇ ગયો. ભારે દોસ્તી જામી. કડવાશ જૂની થઈ ગઇ, હવે તો કલાકોના કલાકો વાતચીતો ચાલવા માંડી.

મોખા આવ્યું. વેલજીનો હવે ભય જતો રહ્યો હતો. એણે આરબને મીઠાશથી વશ કરી લીધો હતો. વેલજીએ મોખામાં માલ વેચી ત્યાંથી નવો ખરીદ્યો. બસરા, બહેરીન વગેરે બંદરો ખાતે એણે માલ વેચ્યો ને નવો ખરીદ્યો. આમ એક જ વહાણમાં આઠ માસ મુસાફરી કરી, તેમાં તેને ચોખ્ખો અગીઆર હજાર રૂપિઆ નફો મળ્યો હતો. ઘણાં બંદરોનો એણે વેપાર કર્યો હતો. તે આરબી ભાષા બોલતાં શીખી ગયો હતો. વેપારનો વિશાળ અનુભવ લીધો

હતો. દેશપરદેશના પાણી પીધાં હતાં. અનેક વેપારી આરબ, યાહુદીઓ, ઇરાકી, સીદીઓ, ઇરાનીઓ સાથે પ્રસંગમાં આવ્યો હતો. દેશદેશના ચલણો, પેદાશની ચીજોનો જાત–અનુભવ મેળવ્યો હતો.

વેલજી આઠ માસે મુંબઇ આવ્યો. એ કમાઇને આવ્યો હતો તે કરતાં પણ વધારે અનુભવ એણે મેળવ્યો હતો. એ અનુભવ એણે કામ લગાડયો. એ જેટલાં બંદરો ફરી આવ્યો હતો ત્યાં આડતો બાંધી હતી. હવે એણે પોતાની વખાર સ્થાપી, દુકાન કાઢી નાખી. એ કુટકલીઆ દુકાનદારમાંથી વેપારી બન્યો. એણે પોતાના માટે એક વહાણ બનાવી લીધું. તે સિવાય બીજા વહાણો ચાર્ટર કરી એણે માલ દેશાવરોમાં મોકલવા માંડયો. ત્યાંથી પણ જાતજાતનો માલ મંગાવવા માંડયો. એણે વેપારનો ભારે વિકાસ કર્યો. એનો નફો હવે દર વરસે દશ હજાર રૂપિયા ઉપર થતો હતો, પરંતુ વેલજી શાહને હજી સંતોષ થયો નહિ. એક વહાણમાંથી એણે વધારીને બે વહાણો બંધાવ્યાં. એણે મલબારનો વેપાર વધાર્યો. નફો ખૂબ થવા માંડયો.

વેલજી માલુની હવે મોટી પેઢી ચાલતી હતી. હવે એમને ત્યાં પચીસ ત્રીસ મહેતા કામ કરતા હતા. ઘરે ગાડીઘોડા હતાં. ઘરનો માળો પણ લીધો. વેલજી શાહ સાહસિક હતા. એમણે કપાસનો વેપાર પણ ચાલુ કર્યો. ભરૂચ, ખાનદેશમાં આડતો બાંધી. પોતે કપાસ ખરીદી વિલાયત ચડાવવા માંડયો. હવે તેઓ પાસે લાખો રૂપિયા થયા હતા. દર વરસે નફો વધતો જતો હતો. એમણે હવે વેપારનો વિકાસ ખૂબ કરી દીધો. બધા દેશો માટે પોસાતો માલ મોકલવા ને મંગાવવાનો વેપારનો વેલજી શાહને પ્રથમથી જ શોખ હતો. એણે પોતાના શોખ ખાતર વેપાર વધારવા માંડયો.

એમની પાસે હવે પચાસ લાખ રૂપિયા થઇ ગયા હતા, છતાં નફા ખાતર નહિ પણ પોતાના શોખ ખાતર વેલજીશાહ વેપાર ખેડતા હતા. એમને ઘરે હવે માળા, ગાડી, ઘોડાં, જાહોજલાલી ખૂબ વધી ગઇ હતી. એક વખતનો ગરીબ વેલો આત્મબળે સેંકડો માણસોને નભાવનાર વેલજી શેઠ નામે ઓળખાતા ધનવાન ગૃહસ્થ હતા.

એમને પુત્રસંતતિની ઊણપ હોવાથી તે બાબતનો અસંતોષ રહેતો હતો, પરન્તુ પુણ્યોદયે એમની ૩૭ વરસની ઉમરે સંવત ૧૯૦૨ માં એમને ત્યાં પુત્રજન્મ થયો. એનું નામ ત્રીકમજી રાખવામાં આવ્યું. તે પછી બે વરસે ઉમરશી નામે બીજો પુત્ર અને પ્રેમબાઇ નામે પુત્રી જન્મ્યાં.

વેલજીશાહ ભણેલા નહોતા. એટલે દાનધર્મ જૂની રીતે કરતા હતા, છતાં જૈનધર્મ ઉપર તેની અખંડ શ્રદ્ધા હતી. દેવ–દર્શન ને સેવાપૂજા બહુ જ પ્રેમથી કરતા હતા. પોતાના ધર્મની દરેક ફરજો પાળી, ઉત્સવ તથા બીજા સારાં કામોમાં દાનપુન્ય મોટા પ્રમાણમાં કરવા લાગ્યા. હવે એમની પાસે પૈસો ઘણો વધી ગયો હતો. એટલે પોતાના વતન કચ્છ–કોઠારામાં એક ભવ્ય દેરાસરજી બંધાવવાનો નિશ્ચય કર્યો. સંવત ૧૯૧૪ માં એમણે મોટી ધામધુમથી કોઠારામાં દેરાસરજીનો પાયો નંખાવ્યો. આખા કચ્છમાંથી હોશિયારમાં હોશિયાર કારીગરો ભેગા કરવામાં આવ્યા. કાઠિયાવાડમાંથી પણ શિલ્પીઓને તેડાવવામાં આવ્યા. મોટે પાયે દેરાસરજીનું કામ શરૂ કરવામાં આવ્યું. એને બાંધતાં ચાર વરસો લાગ્યાં. એને કોતરકામ અને નકશીથી ખૂબ શણગારવામાં આવ્યું. દેરાસરજીના મંડપ, ગર્ભદ્વાર, વચ્ચેનો ઘુમટ બહુ વિશાળ રાખવામાં આવ્યો હતો.

સંવત ૧૯૧૮ માં દેરાસરજી શિખરબંધ તૈયાર થઇ ગયું,

એટલે વેલજી શેઠે પોતાના સ્નેહી સંબંધીઓ, મિત્રો, ઓળખીતાઓ, જ્ઞાતિભાઇઓને તથા કચ્છ-ગુજરાતના સંઘ સમુદાયમાં કંકોત્રી મોકલીને શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરાવી ત્યાંથી હજારો માણસોનો એ સંઘ યાત્રા કરતાં કરતાં રાજકોટ થઇને મોરબી રસ્તે વહાણમાં કચ્છ પહોંચ્યો. અહીં શ્રી સંઘને કોઠારા લઇ જઇ બહુ ધામધુમથી એમણે દેરાસરજીમાં પ્રતિષ્ઠા કરાવી. એ પ્રસંગે મોટું સાધુવૃંદ ભેગું થયું હતું. આખા ગામને ધુંવાડાબંધ જમાડવામાં આવ્યું. દેરાસરજીની પૂજા-અર્ચના માટે વિશાળ પાયે વ્યવસ્થા કરાવી. વેલજી શેઠે આ દેરાસરજીની પાછળ લાખો રૂપિયા ખર્ચ્યાં હતા. એવું ભવ્ય અને શિલ્પ કારીગરીવાળું દેરાસર આખા કચ્છમાં નથી. વેલજી શેઠ આ દેરાસરજી બાંધીને કૃતકૃત્ય થયા.

વેલજી શેઠને નાનપણથી સારણગાંઠનું દરદ હતું. તેઓને વારંવાર ગાંઠ ઉતરી આવી બહુ હેરાન કરતી હતી. એમના જમાનામાં હોસ્પીટલ સ્થાપાઇ હતી, પણ ઓપરેશન (શસ્ત્રક્રિયા) કરાવવાની બહુ થોડાઓ જ હિંમત કરતા હતા. વેલજી શેઠે પણ શસ્ત્રક્રિયા કરાવી નહિ. એક દિવસ મુંબઇમાં ઓચીંતી ગોળી નીચે ઉતરી આવી. શેઠને બહુ પીડા થવા માંડી. તેમણે ગ્રાન્ટ મેડીકલ કોલેજના સીવીલ સર્જયન, તથા ડૉ. ભાઉ દાજી અને બીજાં પાંચ મળી કુલ સાત ડોકટરોની દેખરેખ નીચે શસ્ત્રક્રિયા કરાવી, પરંતુ ગોળી (આંતરડું) ઊંચે ચડી નહિ. ડોકટરોની કોશેશ નિષ્ફળ ગઇ ને પરિણામે વેલજી શેઠનો દેહાંત થયો.

કચ્છના એક ગામડીઆ બાળકે મુંબઇ શહેરમાં કોઇની સહાય કે મૂડી વગર પોતાના આત્મબળ અને ઉદ્યોગથી આગળ વધીને લગભગ કરોડાધિપતિ થઈ મોટાં માન-આબરુ મેળવ્યાં હતાં. મરણસમયે એમની ઉમર ૫૬ વરસની હતી. દયાળુ, ઉદ્યોગી, ખંતીલા

વેલજી શેઠની વેપારીઓને, જૈનોને, એમની દશા ઓસવાળ જ્ઞાતિને અને જાહેર જનતાને મોટી ખોટ પડી.

શેઠ વેલજી માલુના વડા પુત્ર ત્રીકમજીના હાથમાં કારભાર આવ્યો એ વખતે એમની ઉમર નાની હતી. એમના વિવાહ એમના જેવા જ ધનવાન અને અગ્રણી શેઠ નરશી નાથાના દિકરા હરભમની પુત્રી હેમકુંવર સાથે થયાં હતાં. એમના પિતાએ એને પોતાની હૈયાતીમાં જ આર. કીંગ ગેન્નન કું.ના નામની અંગ્રેજી પેઢીમાં ભાગીદાર બનાવી દીધા હતા. એ ભાગીદારી થોડા વરસ ચાલી. પછી ત્રિકમજીએ પોતાનો કપાસનો વેપાર મોટે પાયે ચલાવ્યો અને કમનસીબ સટ્ટાનો ચેપ તેને ન લાગ્યો ત્યાં સુધી–ઘણું વરસ સુધી–એમનો કપાસનો વ્યાપાર વિશાળ પાયા પર ચાલતો હતો.



# ખાનદાનીનાં ખમીર.

## (૧) વફાદાર વાલી (મહોકમભાઇ)

આધેડ કેસરીસિંહ શેઠ બીછાનામાં પડ્યા હતા. તેની આગળ બેઠેલા વૈદ્યો માત્રાઓ ઘૂંટી રહ્યા હતા. ભયંકર રોગગ્રસ્ત દર્દી બોલી શક્તા નહોતા. આસપાસ સગાસંબંધીનું ટોળું વીંટળાઇ બેઠું હતું. એક જણ નવકારમંત્રોનો અને નવ સ્મરણનો જાપ કરતો બેઠો હતો. શેઠાણી સુરજબાઇની આંખમાં જળજળિયાં હતાં. તેઓ ધીમે હાથે પતિના પગો દાબતાં હતાં. એમની બાજુમાં આઠ વરસનો બાળક હઠીસિંહ અને નાનો ઉમેદ ઉદાસ ચહેરે બેઠા હતા.

'મહારાજ પધારે છે' તેવો અવાજ બહારથી આવ્યો. મુનિમહારાજે 'ધર્મલાભ'નો ઉચ્ચાર કરતાં ઓરડામાં પ્રવેશ કર્યો. શેઠાણી તથા ઓરડામાં એકઠાં થયેલ માણસો દૂર ખસીને ઊભાં રહ્યાં. શેઠ મહારાજને હાથ જોડી બેઠા થવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ તેવી શક્તિ નહોતી. મહારાજશ્રીએ સુઇ રહેવાનો સંકેત કરી વાસક્ષેપ નાખ્યો ને શાંત વાણીમાં મંગળિક સંભળાવ્યું.

મહારાજશ્રીના જવા પછી શેઠાણી તેમના પલંગ પાસે ગયાં. શેઠે હાથ ઊંચો કરી મોઢાં તરફ આંગળી કરી. શેઠાણીએ પાણીનો પ્યાલો ભરીને મોઢા પાસે ધરવાની તૈયારી કરી. રોગીએ માથું ધુણાવી

પાણીની ના પાડી અને જીભ તરફ અંગુલીનિર્દેશ કર્યો. તેઓએ કાંઇ બોલવાનો પ્રયત્ન કર્યો પણ વાચા બંધ થઇ ગઇ હોય તેમ જણાવ્યું. શેઠાણીનું હૈયું ભરાઇ આવ્યું. ત્યાં બેઠેલા અનુપચંદ ગોરજીએ પોતાના પાસેથી ઊંચી માત્રા કાઢીને ખરલમાં ઘસી રોગીને મોઢે મૂકી. પાંચેક મિનિટમાં જીભ છૂટી થઇ હોય તેમ શેઠે ધીમેથી કહ્યું:

" મહોકમ ક્યાં છો ? મારી પાસે આવ."

" આ રહ્યો કાકા, આજ્ઞા કરો."

" મહોકમ, આ હાથી (હઠીભાઇ) અને ઉમેદ તને ભળે છે. તારી કાકીનું ગઢપણ પાળજે. છોકરા નાના છે, તેને સાચવજે અને આપણો વહીવટ પણ તારે સંભાળવાનો છે." પછી શેઠાણીને ઉદ્દેશીને કહ્યું: "તમારે મહોકમભાઇની સલાહ લેવાની છે. સમજ્યાં કે ?"

શેઠાણીએ ડોકું ધુણાવી સંમતિ દર્શાવી.

" કેમ મહોકમ, આ બધું ખરા દિલથી સંભાળીશ કે ? મેં તને પુત્રવત્ પાળ્યો છે ને તારામાં મારું મન ઠરે છે, તેથી આ બધું તને ભળાવું છું."

" જેવી આજ્ઞા." આંસુઓથી ભરેલી આંખે મહોકમે જવાબ આપ્યો.

અત્યારની પેઠે તે વખતે વાલીપણાંનાં મુખત્યારનામાં કે કોર્ટફી ને કાગળોનાં કારસ્થાન નહોતાં; મીલ્કતનો નોંધ ને વીલના ભવાડા પાછળ વકીલ બારિસ્ટરોના ખીસ્સાં ભરવાના નહોતાં. કેસરીસિંહ શેઠે અણમાપ્યો લાખોનો વહીવટ જીભાન ઉપર પોતાના ભત્રીજાને સોંપ્યો ને ભત્રીજાએ શીર નમાવીને કાકાની ઇચ્છા—આજ્ઞાને

માથે ચડાવી તે પાળવાનો કોલ દીધો. તેમાં નહોતો કેસરીસિંહને અવિશ્વાસ કે ન હોતી મહોકમશામાં સ્વાર્થપટુતા. અહિં ખાનદાનીનાં ખમીરની ખરેખરી કસોટી હતી.

મહોકમના જવાબથી કેસરીસિંહ શેઠને શાંતિ વળી ગઇ હોય તેમ નિશ્ચિંત મનથી આત્મધ્યાનમાં રમણ કરતાં તેમનો સ્વર્ગવાસ થયો.

કેશરીસિંહ શેઠ મહાન ઐશ્વર્યપતિ હતા. એમના દાદા **નેહાલ ખુશાલ**ના સમયથી જ અમદાવાદમાં એમની ધીકતી પેઢી ચાલતી હતી. ઘરે રેશમ અને કીરમજનો વેપાર હતો. દેશપરદેશ માલ મોકલવા-મંગાવવાને ખંભાતમાં પોતાનાં વહાણો રહેતાં, વખારો હતી. તેમને આંગણે ગુમારતા, નોકર, ચાકર, ગાડી, ઘોડાં, એલો, સગ્રામો, ચોકીદારો વગેરે હતા. બાદશાહી હવેલી અને મોટો કારભાર હતો. જાહોજલાલી સંપૂર્ણ હતી. એના ભોગવનાર હઠીસિંહ અને ઉમેદ નાના બાળક હતા. તેની સમૃદ્ધિની ગણના લાખો ઉપર થતી.

સંવત ૧૮૬૦માં આ બનાવ બન્યો. પોતાના કાકાને વચન આપ્યા પ્રમાણે મહોકમભાઇએ પોતાનો વાલીધર્મ બજાવવો શરૂ કર્યો. પોતાની અંગત જંજાળના ભોગે કેશરીસિંહ શેઠના વહીવટને સારી રીતે સંભાળ્યો. મહોકમભાઇ દીર્ઘદષ્ટિવાળા પુરુષ હતા. પોતાના ઉપર મૂકેલા વિશ્વાસનો એમણે પ્રમાણિકપણે સદુપયોગ કર્યો. શેઠના વખતથી તેની પેઢી રેશમ અને કીરમજ દેશાવરોથી મંગાવી હિંદના જુદા જુદા ભાગમાં મોકલતી હતી તે સાથે મહોકમભાઇએ અમદાવાદમાં કીનખાબ અને અટલસ વણવાની સાળો ચાલુ કરાવીને સેંકડો કુટુંબોની રોજી વધારી અને કાચા માલનો અંગત ભાંગો શરૂ થતાં પેઢીને ચોધારી પેદાશ થવા માંડી.

મહોકમભાઇ આ પ્રમાણે પેઢીના વહીવટ ઉપર કાબૂ મેળવવા તથા ધંધાનો વિકાસ કરવા સાથે હઠીસિંહ તથા ઉમેદભાઇનું વહેવારિક અને નૈતિક જીવન ઘડવામાં બેદરકાર નહોતા. તેમનું દૃષ્ટિબિંદુ કાકાને અંતીમ સમયે આપેલ વચન વફાદારીથી પાળી બતાવવાની તાલાવેલી હતી. તેણે બન્નેને ધુડી નિશાળે મૂકી આંક, હિસાબ ને નામાનો અભ્યાસ કરાવી ધીમે ધીમે પેઢી ઉપર આવવા અને ઉપલક જોવા–જાણવાનો રસ લેતા કર્યાં. ને સંવત ૧૮૬૮માં હઠીસિંહની સોળ વર્ષની ઉમરે તેના લગ્ન અમદાવાદના નગરશેઠ હેમાભાઇની પુત્રી સાથે મોટી ધામધુમથી કર્યાં.

આ વખતે મુંબઇ ઇલાકાના જૈનોમાં શેઠ અમીચંદ સાકરચંદના સુપુત્ર શેઠ મોતીચંદે મોટા ધનવાન અને ઉદાર ગૃહસ્થ તરીકે પ્રખ્યાતિ મેળવી હતી. એમનો વેપાર વિશાળ પાયા પર હતો. એમની ઉદારતા તેથી પણ વિશાળ હતી. એમનો મુખ્ય વેપાર અફીણનો હતો. પાલી અને મારવાડથી તેઓ મોટી રકમે અફીણ ખરીદી પોતાના વહાણોમાં ચીન ખાતે ચડાવતા હતા. આ ધંધા સિવાય રેશમ ખરીદવા અને પરદેશ ચડાવવાનો વિગેરે બીજા ઘણા ધંધાઓ કરતા હતા. એઓ દરરોજ કાંઇપણ સખાવત કર્યાં વગર મોઢામાં અન્ન મૂકતા નહોતા. સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ સાથે એમને ભાગીદારી અને ભારે મહોબત હતાં. બંને એકબીજાને ભાઇઓની પેઠે ચાહતા હતા. એમની જાહેર અને ગુપ્ત સખાવતો લાખોની થતી હતી. ‘જમણો હાથ દાન કરે તે ડાબો જાણે નહિં’ એવી એમની ઇચ્છા રહેતી. શેઠ મોતીચંદ સાથે શેઠ કેશરીસિંહને સારો ઘરોબો હતો. તેઓએ પરસ્પર વેપારીસંબંધ સ્થાપ્યો હતો. મુંબઇખાતે રેશમ વેચવાની આડતનું કુલ કામ શેઠ મોતીશાહને એમણે આપ્યું હતું. મહોકમભાઇએ એમાં ખૂબ વૃદ્ધિ કરી. મુંબઇ અથવા અમદાવાદમાં તેઓ મોતીશા શેઠને ચાર છ માસે મળતા હતા. તેઓ બંને વચ્ચે

ગાઢ પ્રેમ બંધાયો હતો. બંને પ્રેમધર્મને પીછાણુતા હતા.

સંવત ૧૮૭૩માં અમદાવાદથી નગરશેઠ હેમાભાઇનો સંઘ ગિરનાર–શત્રુંજયની જાત્રાએ નીકળ્યો ત્યારે મહોકમભાઇ અને હઠીસિંહ સાથે હતા. ભારે ધામધૂમ હતી. સંઘ જુનાગઢ આવ્યો ત્યારે ત્યાં હજારો યાત્રિકોની માનવમેદની જામી હતી. આ પ્રસંગે શેઠ મહોકમભાઇએ ભારે ઉદારતાથી શેઠ મોતીચંદ અમીચંદના નામથી સંઘને જમણુ આપીને શ્રી મોતીશાહ શેઠ સાથેની પોતાની મિત્રતાની ઉન્નતતા દેખાડી દીધી. આ હકીકતની મોતીશાહ શેઠને ખબર પણ આપી નહિ, પરંતુ આ વાત છુપી રહે? શેઠ મોતીશાહને આ વાતની ખબર પડી ગઈ. એઓ મનથી મલકાયા. તેમને મહોકમભાઇની વિશાળ લાગણી માટે માન ઉપજ્યું. તેનો બદલો વાળી દેવાને તક મળતાં મોતીશાહે વાત છોડી.

" મહોકમભાઈ, મારે તમારું એક જરૂરતું કામ છે."

" આજ્ઞા કરો શેઠ, તમારાથી હું કયાં દૂર છું ?"

"પાલી અને રતલામ ખાતેના મારા આડતીઆ બરાબર કામ કરતા નથી. મારે ગયે વરસે વગર ફોકટની મોટી નુકશાની ભોગવવી પડી છે. તમે એ સ્થાનોની નજદિક છો. તમે મારું આ કામ ન સંભાળી શકો? બાર મહિને વીસ પચીસ હજારની ચોખ્ખી પેદાશ છે. શું જવાબ આપો છો?"

"શેઠ અમારે નેહાલ દાદાની પુન્યાઇથી ચાલતા ધંધાને માંડ પહોંચાય છે, તો શા માટે વધારે ઝંઝટમાં પડવું પડે? સંતોષ સારો છે."

"તે હું કયાં નથી જાણુતો? આ તો તમે અમારું અંગ છો

ને તે તરફ તમારી પેઢીઓ છે તેથી તમને આગ્રહથી આ કામ આપવા માગું છું. તમારે તે કરવું જ પડશે."

"તમારી ઇચ્છા છે તો મારાથી કેમ ના પડાય ? મુરબ્બી, ભલે હું ખુશીથી એ કામ સંભાળીશ, પરંતુ મને અંગત અફીણ ખરીદવાની છૂટ હોય તો જ તક મળતાં મોકળા મનથી લઇ શકાય. જો કે તેમ કરતાં તમને ન જોઇએ તે હું રાખી લઇશ."

"ભલે બહુ સારું. મને તેમાં વાંધો નથી."

મહોકમભાઇએ આ બંને સ્થળોએ વિશ્વાસુ માણસો મૂકીને અફીણની ખરીદ ચાલુ કરાવી. પોતે પણ વારંવાર આંટો મારી આવતા હતા. એ ધંધામાં સારો કસ હતો. પોતે અંગત જે અફીણ ખરીદતા તે પણ વેચવા માટે મોતીશાહ શેઠને મુંબઇ મોકલતા હતા. આમાં બંનેને સારો કસ રહેતો હતો.

આ સમયે ચીનખાતે હિંદમાંથી વીશ કરોડ રૂપિયાની કિંમતનું અફીણ ચડતું હતું. ચીનાઓ પોતાની બધી કમાણી આ અફીણના વ્યસનમાં ખર્ચતા હતા. મંચુરીઆના બાદશાહે ચીનને જીતી લીધું હતું. એણે ચીનાઓને ચાલુ ગુલામગીરીમાં ઝકડી રાખવા માટે ચીનમાં અફીણ દાખલ કર્યું હતું. તે સિવાય ચીનાઓમાં ચોટલી વધારવાની પ્રથા પણ દાખલ કરી હતી. ચીના ધનવાનો, મજૂરવર્ગ, વેપારીવર્ગ સૌ ચંડુલખાનામાં જઇ પીતળની ભુંગળીમાં અફીણની ગોળી ચડાવી તેને બત્તીમાં સળગાવીને પીતા (ફુંકતા) હતા. ધીમે ધીમે ધૂમ્રપાન તેમના મગજોમાં પહોંચતું હતું. ચીનાઓ તેના કેફની ધૂનમાં બહારની ચિંતાઓ, હાડમારીઓ, તકલીફો અને દુઃખો તથા રોગો સર્વે ભૂલી જતા. એમને બહારની સ્મૃતિ કાંઇ રહેતી નહિ. એને મીઠાં સ્વપ્નાં અને ઊર્મિઓ ઊઠતી હતી. એને પરીઓ

જેવી સુંદર સ્ત્રીઓ, મધુર ખાનપાન ને મુલાયમ બીછાનાંઓની કલ્પનાઓ આવતી ને પોતાની સામે સ્વર્ગ ખડું થઈ ગયું હોય તેમ જોતા.

ત્રણ ચાર વરસ અફીણ પીનાર ચીનાને પછી અફીણ જળોની જેમ ચોંટી જતું અને વારંવાર તલપ થઇ આવતી. જો સમયસર અફીણ પીવા ન મળે તો તેને પગ ઘસવા પડતા હતા. બે ત્રણ વરસે અફીણનો સડો એના શરીરમાં દાખલ થઇ જતો હતો. તે અફીણનો ગુલામ બની જતો. એના શરીર અને મનમાં મૂઢતા, જડતા અને ક્ષીણતા પ્રવેશ કરતાં હતાં. થોડાં વરસોમાં એ હાડપીંજર જેવો બની જતો હતો. એનું જીવન પરવશ બનતું. કોઇ કામ એનાથી થઇ શકતું નહિ. એ પીડાઈપીડાઇને મરી જતો હતો અને એને અકાળે મરવું પડતું હતું. એનું મનુષ્યત્વ અને સત્ત્વ હરાઇ જતાં હતાં.

ચીનના લોકો સુસંસ્કૃત છે. એમણે પાંચ હજાર વરસોનો જૂનો ઇતિહાસ સાચવી રાખ્યો છે. એના ભૂતકાળના બાદશાહો ભારે તેજસ્વી અને પ્રજાકલ્યાણકર્તા થઇ ગયા છે. હુન્નર, ઉદ્યોગ, કળા, સાહિત્ય, સંગીત, કારીગરીમાં ચીનાઓએ ખૂબ ઉન્નતિ મેળવી હતી. એ પ્રજા સંતોષી અને સુખી હતી. એનું સામ્રાજ્ય અતિ મહાન હતું. બ્રહ્મદેશ, ટીબેટ, ઇન્ડોચાઇના, મેંગોલીઆ, કોરીઆ, મંચુરીઆ, ચીની તુર્કસ્થાન દરેક દેશોમાં ચીનની આણ ફરતી હતી. ચીનાઓએ જ પ્રથમ છાપખાનાનાં બીબાં અને મુદ્રણકળા શોધી હતી. ચીનાઓએ જ દારૂગોળો શોધ્યો હતો. ચીનાઓએ જ દાંતનું કોતરકામ, ચીનીના વાસણો બનાવવાનું કામ, એવી એવી શોધો પહેલવહેલી કરી છે. જ્યારે યુરોપ એકદમ પછાત હતો ત્યારે ચીન ખૂબ આગળ વધેલો–સુધરેલો દેશ હતો.

ચીનને અફીણની બદીમાં સપડાયેલું જોઇ ચીનના શહેનશાહને

ભારે ગ્લાનિ થઇ. આવડા મોટા વિસ્તારવાળા દેશમાં અફીણબંધીના તેના પ્રયત્નો નિષ્ફળ નિવડયા. એણે અંગ્રેજોના એલચીને બોલાવી પોતાની લાચારી બતાવી અને હિંદમાંથી અફીણ આવતું બંધ કરવા વિનંતિ કરી. એણે ઇંગ્લાંડના પ્રધાનમંડળને ચીનના શહેનશાહને પેગામ પહોંચાડ્યો, પરંતુ હિંદના સરકારને આ અફીણના વેપારમાંથી વાર્ષિક છથી આઠ કરોડ રૂપિયાની પેદાશ હતી. એ પેદાશ ખોવી સત્તાધિકારીઓને ગમી નહિ. પ્રધાનમંડળે ના પાડી. આથી ચીનના શહેનશાહે મહારાણી વિકટોરીઆને એક અતિ હૃદયદ્રાવક પત્ર લખીને આ વેપાર અટકાવવા અપીલ કરી, પરંતુ તેનું પરિણામ પણ શૂન્યમાં આવ્યું. અફીણનો વેપાર ચાલુ રહ્યો.

ચીનના શહેનશાહે નછૂટકે ચીનમાં અફીણની આયાત બંધ કરવાનો હુકમ કાઢયો. તેની કાંઇ પણ દરકાર કર્યા વગર અંગ્રેજોએ અફીણની આયાત ચાલુ રાખી. કેન્ટોનના બંદરે વીશ હજાર પેટીઓ ભેગી થઇ. ચીનના શહેનશાહની આજ્ઞાથી આ પેટીઓને સાગરમાં હોમવામાં આવી. અંગ્રેજોએ યુદ્ધ જાહેર કર્યું. યુદ્ધમાં ચીન હાર્યું. અંગ્રેજોની શિસ્ત અને નવાં હથિઆરો પાસે ચીના સૈન્ય ટકી શક્યું નહિ. તેનો પરાજય થયો. અફીણનો વેપાર ચાલુ રહ્યો. ચીને દંડ પેટે રોકડી રકમ અને હોંગકોંગનું બંદર અંગ્રેજોને સોંપ્યું. ચીનાઓને પોતાનું પ્યારું અફીણ પાછું મળવા લાગ્યું. આસુરી સંપત્તિનો વિજય થયો. યુરોપીયન ગુલામગીરીમાં ચીન મુકાયું ત્યારથી ચીને માથું ઊંચું કર્યું નથી. ચાલીસ કરોડ ચીનાઓ વ્યસનો અને પરદેશીઓની સાંકળોમાં સલવાઇ બેઠા છે.

મહોકમભાઇ સાથે આડત બાંધ્યા પછી મોતીશા શેઠને પણ સારો નફો મળવા લાગ્યો હતો. મોતીશા કદરદાન માનવી હતા. તેમણે નહાલ શેઠની પેઢીના સંબંધમાં વધારે સારી આવક આવવાની એક યોજના વિચારી કાઢી. પ્રસંગે તેમણે એકદા વાત કાઢી.

" અરે મહોકમભાઈ, શા માટે અધૂરાં કામ કરો છો ? "

" કેમ મોતીશાહ શેઠ, અધૂરાં કેમ ? "

" ત્યારે કંઈ પૂરાં કહેવાય ? મુંબઈમાં અફીણ વેચી ઝુઝ નફો શા માટે લ્યો છો ? ચીન ચડાવતાં શું થાય છે ? ગઈ સાલ મેં ચીનખાતે અફીણ ચડાવી ત્રણ લાખનો નફો મેળવ્યો છે. તમે પણ હિંમત કરો."

" અમારો ચીનનો રેશમનો આડતીયો અફીણનું કામ કરવા ના પાડે છે તેથી ત્યાં કોણ માથું મારે ? "

" આવી અગવડ હતી તો વાત કરવી હતી ને ? ચાલો કાંઈ મોડું થયું નથી. તમારો અને મારો ભાગમાં વેપાર કરશું. મારો આડતીઓ શુંગ-લીંગ-ચાંગ સારો પ્રમાણિક છે એટલે આપણને સારી સગવડ છે."

બંનેનો ચીનખાતે મજમુ વેપાર ચાલ્યો, તેમાં અઢળક કમાઈ થઈ પડી. ત્રણ વરસના હિસાબમાં માત્ર કેશરીસિંહના ભાગમાં જ ચાર લાખ રૂપિઆ મળ્યા. ભાગીદારી લાભદાયી નિવડી.

મહોકમભાઈ યુવાની પસાર કરી આધેડ વયમાં પ્રવેશ કરતા હતા. એમને ઓચીંતા કાળદેવે ઝડપી લીધા. એમણે કાકાને આપેલ વચન પાળી બતાવ્યું. વાલી (ટ્રસ્ટી) કોને કહેવાય અને તે કઈ રીતે કાર્ય કરી શકે તે માટે મહોકમભાઈએ આદર્શ દૃષ્ટાંત પૂરું પાડી ખાનદાનીનાં ખમીરની વિશાળતા-નિઃસ્પૃહતા બતાવી દીધી. એણે પેઢીના ઐશ્વર્ય, વેપાર, ધન અને આબરૂનો ખૂબ વિકાસ કર્યો હતો.

## (૨) હાથિયો હાકેમ—

બાવીશ વર્ષના યુવાન હઠીસિંહના હાથમાં કુલ કારભાર આવ્યો. હઠીસિંહ ગુજરાતી ત્રણચાર ચોપડીઓ માત્ર ભણ્યા હતા. ચૌદ વરસની વયથી જ મહોકમભાઇના હાથ નીચે પેઢી ઉપર કામ કરતા થયા હતા. શેઠાણી સુરજબા પણ ભારે સમજુ હતાં. પોતાના પુત્રને એમણે સારા સંસ્કાર અને તાલીમ આપ્યાં હતાં. મહોકમભાઇ તેમના ઉપર સંપૂર્ણ વહાલ રાખતા, પરંતુ તે ઉન્માદી કે અભિમાની ન થઇ જાય તેટલો અંકુશ પણ રાખતા. બંને ભાઇઓને એમણે નાના નાના કાર્યોથી શરૂઆત કરાવી હતી. ધીમે ધીમે ઉમર વધતાં સમજણાં થઇને કામ શીખ્યા એટલે એમને મોટાં કામો સોંપ્યાં હતાં. એમને વેપાર-વણજમાં રસ લેતા કરીને એકને કેશીઅરનું એટલે રોકડનું કામ અને બીજાને કાગળો લખવાનું કામ આપ્યું હતું. નામાનો બન્નેને અભ્યાસ કરાવેલો.

મહોકમભાઇ સ્વર્ગવાસ પામ્યા એટલે સર્વે લગામ હઠીસિંહના હાથમાં આવી. યુવાની દિવાની છે. એક કવિ કહે છે કે—

**यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकता ।**

જુવાની, ધનસંપત્તિ, અધિકાર એ સર્વ અવિવેકનાં પેદા કરનારાં છે. હઠીસિંહ પાસે એ સર્વે હતું. તે લક્ષ્મીના લાડમાં લોટતો

હતો. તે મોઢામાં સોનાનો ચમચો લઇને જન્મ્યો હતો. નોકરચાકર, બાગબગીચા, ગાડીઘોડાં, પાલખીઓ, અઢળક લક્ષ્મી એ સૌ એને વર્યાં હતાં. ધનવાનોને ઊંધે રસ્તે દોરવનારાની જગતમાં ખોટ નથી. આ જગત ભુલભુલામણીથી ભરેલું છે. યુવાનોને તેમાં લપસી જતાં વાર લાગતી નથી, પરંતુ સદ્‌ભાગ્યે હઠીસંગમાં એના પિતાનું સૌજન્ય ઊતર્યું હતું. માતાનું માયાળુપણું વારસામાં મળ્યું હતું. મહોકમભાઈની શિસ્ત એને રગે રગ ઊતરી હતી. તેણે પોતાના નાનાભાઇને પડખામાં લઇ વહીવટ સંભાળી લીધો.

બન્ને ભાઇઓ સવારના વહેલા ઊઠીને નવકાર મંત્રનો જાપ કરીને બીછાનું છોડતા હતા. ત્યારપછી માતાજીને પાદવંદન કરી દેવમંદિરે જઇ પૂજા–અર્ચના અને સ્તવન–ભાવનામાં જોડાતા. ત્યાંથી આવી નાસ્તો કરી નવ વાગે પેઢી ઉપર દાખલ થઇ જતા હતા. બાર વાગે પેઢી ઉપરથી ઘરે આવી ભોજન કરતા. તે સમયના ધનવાનો અને શ્રીમંતો જમતી વખતે સગાંસંબંધી, સ્નેહીઓ, મિત્રો ને મહેમાન–પરોણાની સાથે એક પંગતે બેસીને આનંદથી ભોજન લેતા હતા. જમીને પાન સોપારી ખાઇ બપોરનો આરામ લઇ ત્રણ વાગ્યે પેઢી ઉપર જતા. પેઢીમાં કામકાજ ઉપર દેખરેખ રાખી, જરૂરી સૂચન કરી, દિવસ છતાં વાળું કરવા હવેલીએ પહોંચી જતા હતા. ત્યાંથી સાંજના દેવદર્શન કરી આઠ વાગે તો ફરી પેઢી ઉપર આવી જતા. તે સમયે રાત્રિના દરેક પેઢીનું કામ ચાલતું હતું. રાત્રિના બાર વાગ્યા સુધી પેઢીનું કામ ચાલતું, પણ બંને ભાઇઓને રાત્રે દશ વાગે પાછા ફરવાની માતુશ્રીની આજ્ઞા હતી. એ રીતે દિનચર્યા ચાલી જતી હતી.

હઠીસિંહ શેઠના વિવાહ સોળ વરસની નાની ઉમરે નગરશેઠ હેમાભાઇની પુત્રી સૌ. રૂક્મિણીબાઇ સાથે થયા હતા અને બંને

કુટુંબો અતિ ધનવાન અને આબરૂદાર હોવાથી વિવાહની ધામધુમમાં કચાશ રાખી નહોતી. આ પ્રસંગે હઠીસિંહ શેઠના માતુશ્રીએ અને મહોકમભાઇએ એક લાખ રૂપિયા ખર્ચ્યાં હતાં. નગરશેઠ હેમાભાઇની પૂર્ણ જાહોજલાલીનો સમય હતો. એટલે રૂકિમણી બેનને મોટી કિંમતનો દાયજો એમના તરફથી મળ્યો હતો. બંને કુટુંબ વચ્ચે દૂધ અને સાકરનો મેળ હતો તેમાં આ સંબંધથી ગાઢ સ્નેહ બંધાયો હતો.

હઠીસિંહ શેઠનો સ્વભાવ ઉદાર હતો. એઓ ધર્મકાર્યોમાં પુષ્કળ દાન આપતા હતા. ઉત્સવોમાં તેમનો ફાળો મોટો રહેતો. તે સાધુઓની સેવાભક્તિ ભૂલતા નહિ. એમને માતુશ્રી તરફથી જ ગુપ્ત દાન કરવાનો વારસો મળ્યો હતો. એમની પાસે બ્રાહ્મણ, જૈન કે બીજો કોઈ ખાલી હાથે પાછો ફરતો નહોતો. સખાવત કરવી એમના લોહીમાં પ્રવેશેલી હતી. એમને ધર્મનાં ઊંડાં રહસ્યનું જ્ઞાન નહોતું. એ તો માત્ર સાધારણ લખેલાભણેલા વ્યક્તિ હતા, પણ એમના ખાસ ગુણ દાતાપણું, સંયમ, ઔદાર્ય, પોતાનું સાદું જીવન, વેપારમાં દીર્ઘદૃષ્ટિ અને જીભની મીઠાશના હતા. હઠીભાઈના આ ગુણ–સ્વભાવથી લોકો તેને 'હાથીયો હાકેમ'ના હુલામણાથી સંબોધતા હતા. ટૂંકમાં તેમણે પોતાનાં માતાના મળેલા સંસ્કારથી—

**જનની જણજે ભકતજન, કાં દાતા કાં શૂર;**
**કાં તો રહેજે વાંઝણી, રખે ગુમાવે નૂર.**

એ કહેવત ચરિતાર્થ કરી બતાવેલી.

એમનું મન કેવું સહૃદયી હતું તે નીચેના પ્રસંગો પરથી પરખાશે.

અમદાવાદથી થોડા માઇલ દૂર એક ઉચ્ચ કુટુંબનો ગરાસીઓ રહેતો હતો. તેને પોતાના ગરાસમાંથી બહુ સારી પેદાશ

આવતી હતી. પોતે આબરૂદાર અને સેવાભાવી હતો. એને આતિથ્ય-સત્કાર ઘણો પસંદ હતો. એ સવારનાં પહોરમાં ઊઠી પોતે બંધાવેલ ધર્મશાળાના ઓટલા ઉપર બેસતો હતો. એ માર્ગ મોટો રાજમાર્ગ હતો. સવારના યાત્રાળુઓ, બાવા, સાધુઓ, બ્રાહ્મણો, ગૃહસ્થો, રાજપુતો, વેપારીઓ જે કોઇ એ રસ્તેથી પસાર થતું તેને આગ્રહપૂર્વક રોકી જમાડતો. તેનું કૃત્ય રાજકર્તા જેવું દાનેશ્વરી હતું. એનો આગ્રહ એટલો ભાવનાગ્રાહી હતો કે કોઇપણ એને ત્યાં જમવા કે રાતવાસો રહેવા વગર પસાર થઇ શકતો નહોતો. અતિથિઓ ઉપર એ ગરાસીઓ મરી ફીટતો હતો. ઉમળકાથી તે નાતજાત કે ધર્મના ભેદ વગર સૌનો સત્કાર કરતો હતો.

કાળે કરી કપરાં વરસો આવવા લાગ્યાં. એને આર્થિક સંકડામણ પડવા લાગી. થોડો ગીરાસ વાણીઆને ત્યાં ગીરો મૂકયો. વ્યાજ ભરાયું નહિ. એટલે બીજો ગીરાસ તેમાં તણાયો. વ્યાજવટાવમાં દેવાનો ભાર ભીંજેલાં લુગડાની પેઠે ભારે થઈ ગયો. એક દિવસે ઘરના માણસોએ મળીને ગરાસીઆનું ધ્યાન ખેંચ્યું.

" પિતાજી, વડીઆનું ખેતર દેવામાં ડુલી ગયું છે. "

" છો જતું. જેનું લેણું હોય તે ખાય. "

"પિતાજી, સરદારીઉં વાણીયાના વ્યાજમાં હજમ થઇ ગયું છે." બીજા પુત્રે ચોખવટ કરી.

" ઘણું સારું. એને એમાંથી સારો લાભ થાય."

" પછોડીઉં પણ લખી આપ્યું છે." ત્રીજા પુત્રે કહ્યું.

"ત્રિખુણીઉં તો કયારનું યે ચગ્રાઇ ગયું છે." ગરાસણીએ સૂર મેળવ્યો.

"આપણે સંભાળવાની પીડા મટી."સંતોષીએ સંતોષના ઉદ્દગાર કાઢ્યાં.

" બાપા હવે આપણા ખોરડાં બાકી રહ્યાં છે. "

" એમની સદ્દગતિ આ માસમાં કરી દેશું. ફિકર નહિ. "

" પછી ખાશું શું ? "

" સૌ હરિ નામ જપશું. ટેક નહિ મૂકીએ."

રહેવાના ઘરો પણ ગીરો મુકાઇ ગયાં. બે ત્રણ માસ પછી ઘરમાંનાં વાસણકુસણ પણ ગીરો મુકાયાં. ચાર કપડાં ભેર સૌને બહાર નીકળવાનું રહ્યું, છતાં અતિથિસેવામાં જરા પણ ઊણપ આવતી નહોતી. છેવટે એટલે સુધી વાત આવી કે આવતી કાલ માટે કાંઇ કુટુંબને ખાવાનું બાકી રહ્યું નહિ. ઉપવાસ કરવાનો વખત આવી પહોંચ્યો.

" રામજી આ તલવાર લઇ જા. એના બે ત્રણ રૂપિયા આવશે તે લઇ આવ. "

"ભલે બાપા, બજારમાંથી કાંઇ લાવવું છે ?"

"બે રૂપિયાનું અનાજ આજના અતિથિઓ માટે લાવજે. એક રૂપિયાનું અફીણ લાવજે."

"એટલાં બધાં અફીણનું શું કરશું બાપા ?"

" રાત્રે બધાં કુટુંબનાં માણસો ઘોળી પી જાશું. મારા વહાલાને શરણે ચિરનિદ્રામાં પોઢશું. "

વાત વાને મોઢે ગામમાં ફેલાઇ. હઠીસિંહ શેઠ ઘોડે બેસીને ફરવા માટે નિકળ્યા હતા. કોઇ ઓળખીતાએ રાજપુતના મહાન ટેકની વાત શેઠ પાસે કરી. શેઠ તરત જ રાજપુતના ઘરે ગયા.

"રામરામ ઠાકોર."

"અરે શેઠ સાહેબ, મારા ધન્યભાગ કે તમે પધાર્યા. ઉતરો, તમારા પગલાં ક્યાંથી? રોટલો ખાધા વિના નહિ જવાય બાપા."

"ભલે ઠાકોર સાહેબ, હું રોકાઉં છું."

શેઠ ગીરાસીઆને ત્યાં જમ્યાં. જમતાં જમતાં વાત કાઢી.

"અરે ઠાકોર સાહેબ, મારી મેથીપુરાની વાડીમાં સરખા માણસો નથી. વાડીમાં ખૂબ ખરાબી થાય છે. સારાં માણસોની શોધમાં છું. કોઇ નજરમાં આવે છે?"

"મારાં ધ્યાનમાં તો એવાં કોઇ નથી. પૂછપરછ કરો, કોઇ મળી આવશે."

"તમે કાં ન રહો? તમને દર માસે પચાસ રૂપિયા અને તમારા ત્રણે છોકરાઓને દરેકને માસિક પચીસ રૂપિયા મળશે. સૌ ઘરના છો તેથી મને નિરાંત રહે. શું કહો છો ઠાકોર સાહેબ?"

"કેમ છોકરાઓ, શેઠ સાહેબની મહેરબાનીનો શું જવાબ આપશું?"

"બાપા વધાવી લ્યો. શેઠ સાહેબની મહેરબાનીનો લાભ લ્યો."

"ભલે શેઠ સાહેબ, મારા વહાલાની મરજી એવી છે તો ભલે એમ થાઓ."

× × ×

હઠીસિંહ શેઠના દિલમાં કેટલી દયા હતી તે આ પ્રસંગ પુરાવો આપે છે. આ રહ્યો બીજો દાખલો. સંવત ૧૮૯૩ની આ વાત છે.

મુસાજી મુલ્લાં રેશમનો ધંધો કરતા હતા. એમને શેઠની પેઢી સાથે ઘણાં વરસોનો નાતો હતો. ધીમે ધીમે શેઠની સાથે સીધો સંબંધ બંધાયો. વોરાજીની મીઠી વાણી, પ્રમાણિકપણું, કામકાજમાં ધ્યાન અને ઉદ્યોગીપણું શેઠને બહુ ગમ્યાં. થોડાં વરસો પછી વોરાજીને ધંધામાં નુકશાની આવી. એને પોતાના ધંધાને સંકેલી લેવો પડ્યો.

"શેઠ મારે ધંધો બંધ કરવો પડ્યો છે. બીજો ધંધો સુઝતો નથી."

"ત્યારે શું કરશો મુસાજી?"

"મૂડી વગર શું થાય શેઠજી?"

"હું થોડી મૂડી આપું તો?"

"મારાં લેણદારો બધું લઇ જાશે. મને તો કામ પાટલો કરાવો."

શેઠે થોડીવાર વિચાર કરીને કહ્યું. "મારો ચીનનો અફીણનો વેપાર છે. હોંગકોંગ કે કેન્ટોન જઇ મારીવતી અફીણ વેચશો? તમને માસિક એકસો રૂપિયા પગાર અને બધો ખર્ચો મળશે. વેચવાની મુન્સફી તમારી છે."

"શેઠ, હું તૈયાર છું."

"આવતા મહિનાની પહેલી તારીખે સ્ટીમર જાય છે. ટીકીટ લઇ લ્યો. તૈયારી કરો. હું કેશીયરને પૈસા માટે કહી દઉં છું."

"જેવો શેઠનો હુકમ. તૈયારી કરું છું."

મુસાજી "કોર્નવોલીસ" વહાણમાં સંવત ૧૮૯૭માં રવાના થયા. તે જ વહાણમાં શેઠના હિસાબે ૨૦૦ પેટી અફીણ ચડયું હતું.

વોરાજી ખુશખુશાલીમાં કેન્ટોન પહોંચ્યા. અફીણ આડતી-

આના ગોડાઉનમાં મુકાવ્યું. દર પેટીના ૫૦૦ ડોલર આવતા હતા. ઠીક નફો મળતો હતો.

"કેમ પેટીઓ વેચવી છે." ચીના એજન્ટે પૂછ્યું.

" હમણાં નહિ. હજી વાર છે. "

ઓચીંતા ખબર આવ્યા કે હિંદથી અફીણ લઇને નીકળેલાં વહાણો "હોરમસજી બમનજી" અને "હામુદી" મહાસાગરમાં સખ્ત તોફાનમાં સપડાઈ ડુબી ગયાં. આથી અફીણની હજારો પેટીઓ સાગરમાં ડૂબી ગઇ. ચીનના બજારોમાં અફીણની તાણ પડવા લાગી. અફીણની તાણ પડયાથી બજારમાં ભાવો વધવા માંડયા. દર પેટીના ૬૦૦ ડોલરો બોલાયા, ૭૦૦ ડોલર બોલાયા, આઠસો ડોલરે પેટીની માંગણી છૂટથી થવા માંડી.

" વોટ ચેંગની કંપની આઠસો ડોલરે પેટી માગે છે. મેં સોદો કરી રાખ્યો છે. તમારી સંમતિની જરૂર છે." ચીના એજન્ટે કહ્યું.

" નાજી, મારે એ ભાવે વેચવી નથી. " મુસાજીએ ના પાડી.

" આ ભાવે નહિ વેચો ? ત્યારે કયે ભાવે વેચશો ?"

"હું તો દર પેટીના ૯૦૦ ડોલર લઇશ."

" જુઓ શેઠ, તમારા માલીક સાથે મારો ઘણાં વરસનો નાતો છે. આ ભાવે બહુ સારો નફો મળે છે. આવતા નફાનાં બારણાં બંધ કરો નહિ. આવો મોકો કયારેક જ હાથ આવે છે. "

"ઈ હું ન સમજું, બજારની વલણ સારી છે. હું તો નવસો ડોલર દરેક પેટીના લઈશ. છો પડી, ઓછે વેચવી નથી. "

" ભાઇ શામાટે તમે ખોટી જીદ કરો છો ? બીજા વહાણો આવ-

નાર છે. આ તો અછતના ભાવો છે. તેનો લાભ લઇ લ્યોને? મારી બુઢાની સૂચના સ્વીકારો. તમારા શેઠના હિતની વાત કરું છું."

"મારે ઓછે નથી વેચવું." વોરાજીએ નાડું પકડી રાખ્યું.

"જેવી તમારી મરજી, પણ ખોટું કરો છો."

વોરાજી માન્યા નહિ. થોડા જ દિવસોમાં બીજાં વહાણો અફીણ લઇને આવી પહોંચ્યાં. અફીણની કિંમત ઘટીને ૪૦૦ ડોલરની પેટી થઇ ગઇ. શેઠનો મોટો નફો ચાલ્યો ગયો. આ બધી હકીકત એજન્ટે શેઠને અમદાવાદ લખી. શેઠે ત્યાંનું અફીણ એજન્ટને સોંપીને દેશમાં પાછા આવવા મુસાજીને લખ્યું. દર પેટીના ૩૫૦ ડોલર લેખે એ અફીણ વેચાયું. શેઠને નુકશાની ભોગવવી પડી. શેઠે મુસાજીને એક પણ ઠપકાનો શબ્દ લખ્યો નહિ. એને ખર્ચ આપી પાછો બોલાવી લીધો. એનો પગાર ચૂકતે ચૂકવી આપ્યો.

"હવે મારું શું થશે શેઠ? મને કાંઇ ધંધો નથી."

"તમે ધંધો શોધી કાઢો ત્યાં સુધી દરમાસે પચાસ રૂપીઆ તમને પેઢીએથી નિયમિત મળતા રહેશે. પેઢી તમને છેહ દેશે નહિ."

વોરાજી થોડા વખતમાં મરી ગયા. એમનાં કુટુંબને શેઠે ચાલુ પગાર આપ્યા કર્યો.

× × ×

હઠીસિંહ શેઠ દરિઆવ દિલના હતા. એમને દુઃખીયાઓ માટે બહુ લાગી આવતું. એમણે બીજાઓનાં દુઃખો દૂર કરવામાં કદી પાછી પાની કરી નહોતી. એમનાં ગુપ્ત દાનો અગણિત હતાં.

શેઠ ઉપર આ વખતે એક મોટી તકલીફ આવી પડી. એમની

ધર્મપત્ની રૂક્મિણી બાઇની આંખોમાં કાંઇ રોગ થયો. આપણાં બૈરાંઓ દર્દની વેળાસર દવા–સારવાર કે ચિકિત્સા કરાવ્યા વગર ખેંચ્યા કરે છે. આનું પરિણામ કેટલીક વખત ઘણું ખરાબ આવે છે. રૂક્મિણી બાઇની આંખો બગડી અને પાછળથી સારવાર છતાં આંખો ખોઇ. બાઇ પ્રજ્ઞાચક્ષુ બન્યાં. હઠીસિંહ શેઠને વારસ નહોતો. શેર માટીની દરકાર હતી. આટલું ધન–ઐશ્વર્ય કોણ ભોગવશે? નેહાલ ખુશાલનું જૂનું નામ કોણ રાખશે? એવી ચિંતા એમને હમેશાં થતી હતી. આથી એમણે હેમાભાઇ શેઠની બીજી પુત્રી ‘પરસનબાઇ’ સાથે સૌની સંમતિથી પોતાના બીજા વિવાહ સાદાઈથી કર્યા.

હઠીસિંહ શેઠે સંવત ૧૮૮૦માં મુંબઇમાં પેઢી ખોલી હતી. ત્યાં પોતે અવારનવાર જતા હતા. ધીમે ધીમે મુંબઇના મોટા વેપાર તરફ એમનું ચિત્ત ચોંટયું. એમણે હવે વધારે વખત મુંબઈ રહેવા માંડયું. ત્યાં ધંધાને અંગે એમણે સટ્ટો પણ કરવાનું શરૂ કર્યું, પરંતુ હદમાં રહીને વિચારપૂર્વક કામ કરતા હતા. નુકશાનીની હદ બાંધી રાખી હતી. આથી એમને એમાં મોટી નુકશાની ભોગવવી પડી નથી. શેઠને ઘણાઓની સાથે કામ પડતું હતું. કોઇ વેપારી ઘરે આવીને તેમને ભાવ કાપવાની વિનવણી કરતો, તો તેઓ તેની કદી અવગણના કરતા નહિ. નુકશાની પામનાર વેપારીને પોતે વચ્ચે પડી માંગનારાઓ સાથે સમાધાન કરાવી આપતા હતા. તેઓનું દિલ દિલાવર હોવાથી સર્વેને મદદ કરવાનું તેમને બહુ ગમતું હતું. બજારમાં દુઃખી, દીન, પીડાયેલાં, ગરજુ સર્વે હઠીસિંહ શેઠ પાસે દોડતાં હતાં. શેઠ કોઇને ખાલી હાથે ધકેલતા નહિ. ઉદારતા તેમને જન્મથી જ વરી હતી.

શેઠના દ્વિતીય પત્ની પરસનબાઇ થોડાં વર્ષ ઘરવાસ ભોગવી

કાંઇ પણ સંતાનની બક્ષીસ વગર સ્વર્ગવાસી થયાં. પરસન શેઠાણીના સ્વર્ગવાસ પછી બીજું લગ્ન કરવાની એમની ઇચ્છા નહોતી. પરંતુ રૂકિમણી બાઇ અપંગ હતાં, શેઠની માતુશ્રીને પૌત્રનું મુખ જોવાની અત્યંત અભિલાષા રહેલી એટલે તેમના આગ્રહથી શેઠે ( ઘોઘાવાળા એક વણિક ગૃહસ્થની વિદુષી અને ચતુર કન્યા હરકુંવર સાથે) ત્રીજી વખતનો વિવાહ કર્યો. શેઠ પોતે રૂકિમણી બાઇનું બહુમાન સાચવતા હતા. ત્રીજાં નવવધુ ઘરે આવ્યા છતાં એમણે રૂકિમણી બાઇને ઓછું આવવા દીધું નહોતું.

સંવત ૧૮૯૯માં શેઠ હેમાભાઇ વખતચંદ નગરશેઠ અને રાવબહાદુર મગનભાઇ કરમચંદને પોતાની સંગાથે લઇ પંચતીર્થની યાત્રા કરવા માટે સંઘ કાઢવાની તેમણે મોટે પાયે તૈયારીઓ કરી.

સંઘમાં ૫૦૦૦ ગાડાં, સીગરામ, વેલો, તંબુ, રાવટીયોની બહોળી સાજ-સામગ્રી લીધી. હજારો માણસો સાથે ચાલ્યાં. સંઘ વિદાય થઇને આગળ પ્રયાણ કરતો હતો ત્યાં સરકારી સ્વારે આવીને સંઘને આગળ ન લઇ જવાને કલેકટરે મોકલાવેલ પત્ર સંઘવીને આપ્યો.

યાત્રાએ જતા સંઘનું બહુમાન અને અનુમોદના કરવાને બદલે આગળ જતો અટકાવવાનું કલેકટર કહેવરાવે છે તેમ સાંભળી સૌને આશ્ચર્ય થયું. શેઠે સ્વાર પાસેથી શાંતિપૂર્વક પત્ર લઇને વાંચ્યો. તેમાં જણાવ્યું હતું કે-

“આગળના જીલ્લાઓમાં ભયંકર કોલેરા ફાટી નીકળેલ છે. તમારા મોટા સંઘને એ ભયવાળી હવામાંથી પસાર થવા દેવો તે દેખીતી આંખે અગ્નિમાં ઝંપલાવવા જેવું છે, તેથી જાહેર પ્રજાના જાન-માલના હિત-રક્ષણને ખાતર તમારે અત્યારે પ્રવાસ મોકુફ રાખવો.”

સંઘ કાઢવાના ઉત્સાહભર્યા કોડમાં ચોતરફ તે વખતે મહામારીનો ઉપદ્રવ શરૂ હતો તે ખ્યાલ નહોતો રહ્યો. આ પત્ર મળતાં સત્તાએ શાણપણ આણ્યું. સંઘ-પ્રયાણ મુલ્તવી રહ્યું.

શેઠની લક્ષ્મી વધતી જતી હતી. પાછળ કોઇ નહોતું. ત્રણ ત્રણ વિવાહો કર્યા છતાં એમને સંતતિ થઇ નહિ. સંઘયાત્રાના વિચારો પણ લંબાયા તેથી તાત્કાલિક અમદાવાદમાં ભવ્ય તીર્થ જેવું જિનાલય બાંધવાની તેમને ઇચ્છા થઇ.

આજે હિંદમાં શત્રુંજય, ગિરનાર, આબુ અને અન્ય સેંકડો સ્થળે સુંદર કારીગરી અને નાદર હુન્નરમંદીના જે સુંદર સ્થાપત્યો બંધાયાં છે એ જૈન શ્રીમંતોની ધર્મભાવનાનાં સુચિહ્નો છે. હિંદની સરસ સ્થાપત્યકળાને જીવન્ત રાખવામાં જૈનોનો હિસ્સો મોટો છે. જૈન શ્રીમંતોએ હમેશાં ઝવાહીરો અને બીજા વેપારો કર્યા છે. એમણે સેંકડો-હજારો વર્ષોના ઇતિહાસમાં પુષ્કળ ધન મેળવ્યું હતું. આ ધનનો મુખ્ય ભાગ હુન્નરમંદીની નાદર કળારૂપ આવાં મહાન મંદિરો ઊભાં કરવા પાછળ ખર્ચાયો છે. સ્વચ્છતા, દેખાવ, સૌંદર્ય, શુદ્ધ આધ્યાત્મિકતા માટે જૈન મંદિરો શ્રેષ્ઠત્વ ભોગવે છે.

હઠીસિંહશેઠની વાડીમાં તેમના વૃદ્ધ માતુશ્રીની ઇચ્છાથી ઘર દેરાસરજી કર્યું હતું. ત્યાં પૂજા-અર્ચના થતી હતી. હવે શેઠને દીલ્હી દરવાજાની તેની વિશાળ જગામાં મોટું મંદિર બાંધવાની ઇચ્છા થઇ. શાસ્ત્રોમાં વર્ણવેલું, સ્થાપત્યની સર્વે કળા ધરાવનારું મહાન જિનાલય બંધાવવા તેઓ આતુર હતા. વચ્ચમાં એમનાં માતુશ્રી સુરજબાની માંદગીથી આ કામ અટકી પડ્યું, પરંતુ છેવટે શેઠે બાવન જિનાલયનું શિખરબંધ-વિશાળ મંદિર બાંધવાનું નક્કી કર્યું.

તે માટે તેમણે સર્વે વ્યવસ્થા કરવા માંડી. મોટા કોન્ટ્રાકટો અપાયા. પથ્થરો, આરસપહાણની વ્યવસ્થાઓ કરી લીધી અને સંવત ૧૯૦૧ ના માહ મહિનામાં ખાતમુહૂર્ત પણ કર્યું

શેઠ હઠીસિંહને જ્યારે કાંઈ સંતતિ ન થઈ ત્યારે તેઓએ નિરાશ ન થતાં દત્તકપુત્રો લેવાનો વિચાર રાખ્યો. પોતાના પિત્રાઇ દોલુભાઇ(મહોકમભાઇથી નાના)ના બે પુત્રો જેસંગભાઇ અને મગનભાઈને પોતાની બે સ્ત્રીઓને દત્તક લેવરાવ્યા. એ રીતે તેમણે મહોકમભાઇનો નિઃસ્વાર્થ આપ્તભાવ સાચવીને પોતાનો વંશવેલો ચાલુ રાખ્યો.

શેઠનાં માતુશ્રી સુરજબાઇ બીમારીમાંથી સાજાં થઇ ખાટલેથી ઉઠયાં, એટલામાં હઠીસિંહ શેઠને સાધારણ બીમારી થઇ. હોઠ ઉપર એક નાની ફોડકી નીકળી. ઘી જેવી કંઇ ચીકાસ અડવાથી એ પાકી-ને વકરી. ડોકટરોની દોડધામ થઈ પડી. સારી સારવાર છતાં આયુષ્યના અભાવે માંદગીએ ભયંકર સ્વરૂપ લીધું ને પરિણામે સંવત ૧૯૦૧ ના શ્રાવણ શુદ ૫ ના રોજ ૪૯ વરસની ઉમરે જાહોજલાલી ભોગવતાં હઠીસિંહ શેઠનો અકાળે સ્વર્ગવાસ થયો.

હઠીસિંહ શેઠ લોકપ્રિય હતા. એમનો સ્વભાવ મીઠો, પરોપ-કારી અને વ્હાલસોયો હતો. એમના દુઃખદ સ્વર્ગવાસથી રાજનગરમાં ભારે શોકની લાગણી ફેલાઇ હતી. સગાંસંબંધીઓનો વિપુલ સમૂહ, નોકર, આશ્રિતો, મિત્રો અને ઓળખીતાઓ ઉપરાંત અમદાવાદની પ્રજાએ—હજારોની જનસંખ્યાએ—એમની સ્મશાનયાત્રામાં ભાગ લીધો હતો. શેઠના મરણથી એમની ગુપ્ત ને ચાલુ સખાવત મેળવ-નારાઓની મોટી સંખ્યા ખરેખર દિલગીર થઇ હતી. શેઠની ઉદાર-તાનો ઝરો નાતજાતના ભેદ વગર સતત વહ્યા જ કર્યો હતો.

જૈનેતરોની મોટી સંખ્યા એમના દરિયાવ દિલનો લાભ લેતી હતી. પોતાનો પાલનહાર ખોવાથી તેમને ભારે દુઃખ થયું હતું.

શેઠ હઠીસિંહનો શારીરિક બાંધો સુદૃઢ હતો. તેઓ ધઉં-વર્ણા હતા. કદે પૂરા છ ફીટ ઊંચા હતા. એમનું મોઢું લંબગોળ, આંખો તેજસ્વી અને દયાથી નીતરતી હતી. તે મિતભાષી અને ખપ પૂરતું બોલનાર હતા. થોડું બોલવું અને વિશેષ કરવું એ એમનો સિદ્ધાન્ત હતો. બહારથી તેઓ એકમાર્ગી જેવા લાગતા હતા, પરંતુ એમના હૃદયમાં ભારે સ્નેહ, પ્રેમ અને માયા–દયાના ઝરા વહેતા હતા.

લક્ષ્મીની તેમના ઉપર સંપૂર્ણ કૃપા હતી, છતાં તેઓ ખાનગી જીવનમાં તદ્દન સાદા હતા. બીડી, તમાકુ જેવું પણ એમને વ્યસન ન હોતું.

શેઠના સ્વર્ગવાસનો વિલાપ તેમનાં માતુશ્રી સુરજબાઇને પ્રાણઘાતક થઈ પડ્યો. પોતે હમણાં જ માંદગીના બીછાનેથી ઊઠયાં હતા, તેમાં પુત્રવિયોગના પડેલા ફટકાને એ સહન કરી શકયાં નહિ. પુત્રને માટે એમનું હૃદય વલોપાત કરવા લાગ્યું. ડોશી બહુ રડાકૂટ કરવા લાગ્યાં. છેવટે પુત્રના મરણ પછી એક મહિનાની જ મુદ્દતમાં ભાદરવા સુદ ૫ ના રોજે તેમણે પણ આ જગતમાંથી પુત્રની પાછળ પ્રયાણ કર્યું.

હઠીસિંહ શેઠ પોતાની પાછળ લગભગ એક કરોડની મૂડી મૂકી ગયા. છેલ્લાં કેટલાક વરસો થયાં તેમને જે નફો વેપારમાંથી મળતો તે સર્વે સત્કાર્યોમાં વાપરવા નિશ્ચય કર્યો હતો. તે મુજબ ખાનગી અને જાહેર સખાવતોમાં પુષ્કળ નાણું ખર્ચતા હતા. એમની સખાવતો એટલી ખાનગી અને ગુપ્ત રહેતી કે એમના

મુનીમો અને સગા-સંબંધીને પણ પૂરતી ખબર રહેતી નહીં. એનો આંકડો લાખો ઉપર જાય છે, છતાં ચોપડાઓમાં તેનો નોંધ સુધાં નહોતો.

આપણા હિંદુઓમાં મરણ પાછળ રડાકૂટ કરવાનો ખોટો ચાલ હતો. તેમાં અત્યંત અતિશયતા થતી હતી. જાહેર ચોકમાં સ્ત્રીઓ અમર્યાદિત રીતે કૂટતી હતી. શેઠે પોતાની માંદગી વધી જતાં મરણના બે દિવસો અગાઉ સૌને બોલાવીને પોતાની પાછળ રડવા-કૂટવાની મનાઇ કરી હતી. અને મોટી રકમનો ધરમાદો કરવાને પોતાના માતુશ્રી તથા બન્ને સ્ત્રીઓ રૂબરૂ ખોળે લીધેલ વારસોને ફરમાવ્યું હતું, તેમજ પોતાના ગરીબ સંબંધીઓને આપવાને સારી રકમ અલગ કાઢી હતી.

## (૩) વ્યાપારકુશળ વનિતા ( હરકુંવર શેઠાણી )

પુરુષોમાં શૂરા, દાનવીરો અને વિદ્વાનો ઘણા થાય છે. ભૂતકાલમાં આ મોનોપોલી પુરુષોની હતી. માત્ર કોઇ દાખલામાં સન્નારીએ પુરુષોની કીર્તિને પણ હરિફાઇમાં હરાવે એવાં મહાન કાર્યો કર્યાં છે. ઝહાંસીની લક્ષ્મીબાઇ, હોલ્કરની અહલ્યાબાઇ, બંગાળની રાણી ભવાની એ સર્વે મહાન મહિલાઓ હતી. એમની સત્કીર્તિ આજે પણ ભારતભૂમિમાં પ્રસિદ્ધ છે. શેઠાણી હરકુંવર આવાં અસાધારણ મહિલાઓમાંનાં એક હતાં. એમને વિષે ગુજરાત ઘણું જ થોડું જાણે છે.

હરકુંવર શેઠાણી બહુ સામાન્ય કુટુંબમાં જન્મ્યાં હતાં. તેમના પિતા સાધારણ સ્થિતિના—ઘોઘા શહેરના વેપારી હતા. એ સમયે કન્યાઓને ભણાવવાની પ્રથા નહોતી. કન્યાને ભણાવવી એ તેના પતિના ભાગ્યને માટે અપશુકનિયાળ નિવડે એવી કિંવદંતી, લોકોના હૃદયમાં વહેમનાં ઊંડાં મૂળ નાંખીને બેઠી હતી. આથી હરકુંવરને ભણાવવાની તેનાં માબાપની વલણ ક્યાંથી જ હોય?

એક દિવસ વિહાર કરતાં એક વિદ્વાન સાધુ ઘોઘાની યાત્રાએ પધાર્યા હતા. તેઓ રત્નપરીક્ષક અને સદ્‌ગુણી હતા.

તેઓ ત્યાં ચાતુર્માસ રહ્યા હતા. દરમિયાન એક વખત મંદિરમાં સ્તવન પાઠ કરતાં બાળક-બાળિકાઓએ એમનું ધ્યાન ખેંચ્યું અને હરકુંવરનો મીઠો અવાજ, શુદ્ધ ઉચ્ચાર સાંભળી બાળકોને ધર્મનો અભ્યાસ કરાવવા સંઘને ઉપદેશ કર્યો. પાઠશાળામાં બીજી બાજુ હરકુંવરે પણ પ્રતિક્રમણ અને સ્તવનો શીખવા માંડ્યાં. ચાલાક કન્યા તરત જ આ બધું શીખી ગઈ. કન્યાને તો સરસ્વતી વરેલ હોય છે એ ઉક્તિ હરકુંવરે ચરિતાર્થ કરી બતાવી.

ચોમાસુ પૂરું થયે સાધુજી વિહાર કરી ગયા, પરંતુ પાછળથી ત્યાં રહેલાં વૃદ્ધ સાધ્વીજીએ આ કન્યાને જીવવિચાર, નવતત્ત્વ અને જૈન સિદ્ધાન્તોનું સામાન્ય જ્ઞાન આપ્યું. ચપળ હરકુંવર ધીમે ધીમે માગધી ભાષા પણ સમજવા લાગી.

કન્યાઓને ધાર્મિક શિક્ષણ મળવા માટે કોઈ જૈન માબાપ નારાજ નહોતાં. આથી હરકુંવરનો ધાર્મિક અભ્યાસ દિનપ્રતિદિન વધવા લાગ્યો. હરકુંવરમાં કુદરતી જ્ઞાનપિપાસા હતી. તેનો ધાર્મિક અભ્યાસ ખૂબ આગળ વધ્યો. જૈન પુરુષો પણ સાધારણ ક્રિયાવિધિ કે નવકાર મંત્રથી આગળ વધેલા થોડા હતા. સાધારણ જનતામાં જૈન-સાહિત્ય સંબંધી કેવળ અજ્ઞાન જ હતું. બાહ્યાચાર સૌ પાળતું, સિદ્ધાન્તોનું જ્ઞાન તો સાધુઓ અને વિરલ સાધ્વીઓ સિવાય બીજાઓને ગમ્ય નહોતું. હરકુંવર તેમાં અપવાદરૂપ હતાં.

આ કન્યા માત્ર વિદુષી નહોતી, પદ્મણીના લક્ષણ તેમનામાં હતાં. ગૌરવર્ણ, સુડોળ મુખ, મોટી આંખો, ભવ્ય કપોળપ્રદેશ તથા ત્રાંબાના જેવી દેહલતા, નાગપાશ જેવો કેશકલાપ અને માધુર્યયુક્ત વાણી એ એનાં વિશિષ્ટ લક્ષણો હતાં. કન્યા ભાગ્યવાનનું ઘર દીપાવે તેવી હતી.

હરકુંવર એક દિવસ સવારના પોતાના ઘરના આંગણામાં છાણુ ભેગું કરી, છાણુમાં ઘઉંની પરાળ ભેળવી પોતાના ઘરની બહાર વંડી પાછળના ઊંચા ભાગમાં છાણાં થાપતી હતી. તેનાં સુડોળ અને સીધા શરીરના અંગપ્રત્યંગો છાણાં થાપવાની ક્રિયામાં લંબાઇ યા સંકોચાઇ અવનવી ભાત પાડતાં હતાં. બાળસૂર્યના કિરણો તેનાં શરીરને સોનેરી રંગે રંગતાં હતાં. સ્વરૂપવાન કન્યાનું રૂપ ખૂબ પ્રફુલ્લ અને નયનાકર્ષક લાગતું હતું.

"શેઠ, પેલી કન્યા જોઇ." અમદાવાદથી ઘોઘે નવખંડા પાર્શ્વનાથની યાત્રાએ આવી ચડેલા હઠીસિંહ શેઠનું તેના સાથીએ ધ્યાન ખેંચ્યું.

" પારકી કન્યાઓ ઉપર નજર નાખવામાં આપણું ભૂષણ નહિં."

" હું એના રૂપની વાત કરતો નથી, પણ એના આદર્શ લક્ષણો તરફ મારું ધ્યાન ખેંચાવાથી કહું છું."

" એમાં હું સમજું નહિ. ખાસ જોવાનું શું છે ?"

" જુઓ ! આ છોકરી છાણાં થાપે છે તેમાં પણ તેની આંગળીઓ ચિત્રામણુ ચીતરી રહી જણાય છે. એક સરખી થતી હારોમાં પણ કળા તરી આવે છે અને દરમિયાન તેનો પગ ઊંચો થયેલો હતો તેમાં ભાગ્યસૂચક મહાન ગૌરવવતી પાદરેખાઓ છે. એ બધાં આ છોકરી ભવિષ્યમાં બહુ ભાગ્યશાળી-ગૃહરાણી થવાનાં સૂચક ચિહ્ન છે."

" એમ ? એ કન્યા કોણ છે ?"

" ઘોઘાની જ કન્યા છે. એ કન્યા બહુ ભણેલી છે. સુંદર તો

આંખે જોતાં જ જણાય છે. આધુનિક શાસ્ત્ર પ્રમાણે એ શ્રેષ્ઠ લક્ષણવતી કન્યા ગણાય."

હઠીસિંહ શેઠ યાત્રાએ નીકળ્યા હતા. ઘોઘામાં એમના તંબુઓ તણાયા હતા. શેઠ પોતાની હમેશની રૂઢિએ દેરાસરજીમાં દર્શન કરવા જતા હતા. આ સમયે ઉપલો પ્રસંગ સાંપડ્યો. એમણે કન્યાને માટે તપાસ કરાવી જોતાં એ અવિવાહિત જણાઇ. પરસન શેઠાણીને સ્વર્ગવાસી થયે છ માસ થયા હતા. દરમિયાન શેઠનાં માતુશ્રી સુરજબાઇ આ બનાવ પછી ત્રીજો વિવાહ કરવા દબાણુ કરતાં હતાં. શેઠને પોતાને ઇચ્છા નહોતી, પણ સુલક્ષણવાળી–ભાગ્યશાળી કન્યા જોતાં એમનુ મન પીગળી ગયું. પોતાના વૃદ્ધ મુનીમને બોલાવી બધી પૂછપરછ કરી. કન્યાના પિતા સજ્જન, આબરૂદાર અને કુલીન કુળના જણાવાથી તેના સંબંધ માટે મુનીમને વાત કરવાનું જણાવ્યું.

"શેઠજી મારે તમારી સાથે ખાનગી વાત કરવી છે." જુહાર કરી વૃદ્ધ મુનીમે ઘોઘાના શેઠને પૂછ્યું.

"ભલે ખુશીથી મેડા ઉપર પધારો. અમારે ઘરે તમારાં પગલાં ક્યાંથી ?"

"હું તમારે ત્યાં એક શુભ કામ માટે આવ્યો છું. તમારે મોટી કન્યા છે."

"હા, મારી કન્યા વિવાહ યોગ્ય થઈ છે."

"હું કન્યાનું માગું કરવા આવ્યો છું."

"મારા માથા ઉપર. પણ કેની સાથે ?"

"ખુદ હઠીસિંહ શેઠજી સાથે."

"મારાં ધન્ય ભાગ્ય, પણ એમને તો પત્ની છે. હું એક ઉપર બીજી નહિ આપું."

"શેઠાણી રૂકિમણી પ્રજ્ઞાચક્ષુ છે. તેમની સંમતિથી જ શેઠના બીજાં લગ્ન કરેલાં. તે પરસન શેઠાણીને સ્વર્ગવાસી થયે છ માસ થયા છે. દૂધમાં સાકર ભેળવો. શેઠના નામથી તો પરિચિત હશો ?"

"હઠીસિંહ શેઠ તો જૈનોમાં રત્ન છે, એમનાથી કયો જૈન અપરિચિત હોય ?"

"ત્યારે હવે વાટ કેની જુવો છો? હા કહો એટલે સાકર વહેંચાય."

"તમે બેસો, આવા કામમાં આપ્તજનોની સંમતિ લેવી જોઇએ." વૃદ્ધ મુનીમને એક કલાક ધીરજથી વાટ જોવરાવી વણિક ગૃહસ્થે ઉપર આવી વાત સ્વીકારી લીધી. કરોડાધિપતિ અને ઉદારચરિત જમાઇ દુર્લભ છે.

સાધારણ ધામધુમથી શેઠ અને હરકુંવર શેઠાણીના વિવાહ થયા.

હરકુંવર સાસરે આવ્યાં. શેઠને તે જ દિવસે અફીણ અને રેશમના વેપારમાં સારો લાભ મળ્યો. નવી શેઠાણીના માન અને પ્રતિષ્ઠા સુગનવંતાં તરીકે વધ્યાં. હરકુંવર અસાધારણ સ્ત્રી હતાં. સારી સમજ, દીર્ઘદૃષ્ટિ, ધીરજ, વ્યવહારકુશળતા અને ચતુરાઇ એમને સહેજે વર્યાં હતાં. શેઠાણીની સલાહની કિંમત અને કદર થવા લાગી. પહેલાં સાંસારિક બાબતોમાં એમને શેઠ પૂછતા હતા. ધીમે ધીમે શેઠાણી વેપારમાં પણ રસ લેવા લાગ્યાં. તેમની તીક્ષ્ણ-બુદ્ધિ થોડી વારમાં બધું સમજી તેનો તોડ કાઢી શકતી હતી.

"તમે હમણાં અફીણ ખરીદશો નહિં."

"કેમ? હમણાં જ મોકો છે."

"ચીનમાં હમણાં ભારે તેજી છે, એટલે અહીં પણ બજાર ઘણી વધી છે તેથી તેજીમાં પડશો નહિં. ચીન માટે ત્રણ વહાણો ગયાં છે તેથી ત્યાં મંદી જરૂર થશે."

"તમને ક્યાંથી ખબર પડી?"

"હું તો તમારી સહચરી છું. તમે જ વાત કરી હતી."

ખરેખર એમ જ બન્યું. શેઠે ત્યારે અફીણ ખરીદ્યું નહિં. બજાર ઘટી ગઈ ત્યારે શેઠે અફીણ ખરીદી લીધું. એ રીતે શેઠને ફાયદો થયો.

" હમણાં ચીનમાં આપણી જે બસો પેટી વહાણ ' કોર્નવાલીસ'માં ચડી છે. એને રાખી મૂકવી સારી છે. વેચવી ઠીક નથી. "

" કેમ વારૂ ? થોડી નુકશાનીએ બચી જઈશું. "

" ચીનખાતે પાછળથી માલ થોડો ચડયો છે. માસ બે માસ વાટ જોવાથી ફાયદો થશે. "

શેઠાણીની સલાહ વારંવાર ફળરૂપ થવાથી એમના ઉપર શેઠની શ્રધ્ધા વધી. વિચક્ષણ નારી દરેક વાતમાં આગળ–પાછળનો વિચાર કરીને યોગ્ય સલાહ આપતી હતી.

સાધારણ રીતે આપણી સ્ત્રીઓ ગૃહકામ અને સાંસારિક સવાલો સિવાય બીજાં ધંધા–રોજગાર કે વહીવટી કામોમાં માથું મારતી નથી, તેટલી બુદ્ધિ કે યોગ્યતા પણ હોતી નથી; પરંતુ અપવાદો સૌ સ્થળે હોય છે. હરકુંવર શેઠાણી એવા અપવાદરૂપ હતાં. એની સૂક્ષ્મ બુદ્ધિ સર્વત્ર સોંસરી નીકળી જતી હતી. એની બુદ્ધિ નિર્ણયાત્મક હતી. પતિના સંપૂર્ણ વિશ્વાસને એણે કેળવ્યો. પ્રસંગોપાત પતિ સાથે ધંધા અને વ્યાપાર સંબંધી ચર્ચા થવા લાગી. દેશાવરના ભાવો, રીત–રિવાજનું ધોરણ, હિસાબ, વજન, જાત,

વહાણોમાં ચડકત, જુદા જુદા દેશાવરોખાતે જુદી જુદી જાતના માલની રહેતી માગણી એવી એવી હકીકત શેઠાણીના ખ્યાલમાં આવવા માંડી. નિત્ય સહવાસ અને કુશાગ્ર બુદ્ધિ શું શીખવતાં નથી ?

હળવે હળવે વેપારની બધી ચાવીઓ અને લગામ શેઠાણીના હાથમાં આવતી ગઈ. માણસો રાખવાં, માણસોના પગાર વધારવા, કયા દેશાવરખાતે કોની નિમણુક કરવી, માલની ખરીદ કરવી કે ધીરજ રાખવી, માલ વેચવો કે રાખી મૂકવો, માલ કેવો અને કેટલો ખરીદવો એ સર્વ વિષયોમાં શેઠાણી હરકુંવરની સલાહ લેવાવા લાગી હતી.

કમનસીબે સં. ૧૯૦૧ માં હઠીસિંહ શેઠનો અકાળે સ્વર્ગવાસ થતાં કુટુંબ ઉપર અણુસર્જી આફત આવી પડી. મહિનામાં તેમનાં વૃદ્ધ માતુશ્રી પણ ગુજરી ગયાં. આ સંયોગમાં ઘર-વહેવારની બધી સત્તા રૂક્મિણી શેઠાણીના હાથમાં વડીલ તરીકે આવવી જોઇએ, પરંતુ તેમની અપંગ હાલત હોવાથી અને વેપાર વગેરે બાબતોમાં તેમને જ્ઞાન નહિ હોવાથી સહેજે સર્વે સત્તા હરકુંવર શેઠાણીના હાથમાં આવી. પોતાની શોકયનું વડીલ બહેન જેટલું માન તેઓ રાખતાં હતાં. દરેક વાત તેમને માન આપી પૂછતાં હતાં. અત્યંત વ્યવહારકુશળ હરકુંવર શેઠાણી સૌની સાથે કેમ વર્તવું એ જાણતાં હતાં. તેનો સ્વભાવ આકરો હોવાથી કયારેક તેનો મિજાજ અત્યંત ગરમ થઈ જતો. એ સમયે પોતાના મનને તેઓ વાળી શકતાં નહિ, ને બોલવામાં કડકાઇ આવી જતી; પરંતુ પાછળથી એમને પસ્તાવો થતો.

પતિની ગેરહાજરીમાં હિમ્મતથી વહીવટ સંભાળી લઇને હરકુંવર દરરોજ ૭ કલાક વેપાર પાછળ રોકવા લાગ્યાં. મુનીમને

દરેક બાબતમાં એમની સાથે સલાહ અને મસલત કરવી પડતી. એમની આજ્ઞા વગર પાંદડું પણ ફરકી શકતું નહિ. પોતાની આજ્ઞા પળાય છે કે નહિ તેનું તેઓ બરાબર ધ્યાન રાખતા. બધી ટપાલ જાતે વાંચી તેના ઉપર સૂચનાઓ આપતાં હતાં. તેઓનો સ્વભાવ દરેક વાતનો સૂક્ષ્મ અભ્યાસ જાતે કરવાનો હતો.

પોતાના પતિને ભારે ઉત્તેજન આપીને શેઠાણીએ સંવત ૧૯૦૧ ના માહ માસમાં શેઠની ભાવના તાત્કાલિક ફલિત કરવાને બાવન જિનાલય સાથેનું વિશાળ દેરાસરજી બંધાવવાને ખાતમુહૂર્ત કરાવ્યું હતું.શેઠના સ્વર્ગવાસ પછી હરકુંવર શેઠાણીએ આ કામ પહેલી તકે હાથમાં લીધું. તેઓ જાતે નકશાઓ જોતાં. ફેરફાર સૂચવતાં હતાં. તેઓ ધાર્મિક વાતાવરણમાં સાધુઓ અને સાધ્વીજીઓના સંસર્ગમાં સુશિક્ષિત થયાં હતાં. એટલે એમનું માનસ અભ્યાસી–ધર્મપરાયણ હતું. ધર્મને એઓ પ્રાણથી પણ વધારે ચાહતાં હતાં. શેઠાણીએ પતિના ધાર્યા કરતાં પણ વધારે મોટા પાયા ઉપર દેરાસરજીનો વિસ્તાર કર્યો. દરરોજ સવારે અને સાંજે પોતે એક એક કલાક જોવા આવતાં. મિસ્ત્રીઓને બધું બતાવવા માટે અને સૂક્ષ્મ સવાલોના જવાબ દેવા માટે હાજર રહેવું પડતું હતું. કામમાં હેરફેર કે સૂચનાનો ભંગ શેઠાણી બીલકુલ સહન કરતાં નહિ.

એક એક પથ્થરમાં એમનો આત્મા ઊંડો ઊતરતો હતો. એકાદ વરસના અનુભવ પછી તેઓ મીસ્ત્રીઓને ઊલટી સાચી દોરવણી આપતાં હતાં. દેરાસરજીના સ્થાપત્યની તૈયારીઓ વિકાસ પામવા લાગી. કામ તડામાર ચાલવા માંડયું. શેઠાણી કહેતાં કે "જીવનનો શું ભરોસો ? સારાં કામ તાકીદે પૂરાં કરવાં ભલાં." તેઓ દીર્ઘદૃષ્ટિ વાપરીને અગાઉથી દરેક વસ્તુ મંગાવીને તૈયાર કરાવી રાખતાં હતાં. ગુજરાત–કાઠિયાવાડમાંથી પુષ્કળ મિસ્ત્રીઓ બોલાવી મંગાવ્યા હતા.

ગમે તેટલું નાણું ખર્ચીને આ કામ પૂરું કરવા રાત્રિદિવસ શેઠાણીને ચિંતા થવા લાગી. બે વરસમાં આવા મહાન મંદિરનું કામ સંપૂર્ણ થયું. સંવત ૧૯૦૩ ના મહા વદ ૫ ની પ્રતિષ્ઠાનું મુહૂર્ત આવતાં તે માટે મહાન્ તૈયારીઓ થઇ. દેશદેશાવરના સંઘને તથા સાધુ-સાધ્વીઓને નિમંત્રણ આપવામાં આવ્યાં. સગાસંબંધીઓ, સ્નેહીઓ, ઓળખીતાઓને બોલાવ્યાં. જૈનધર્મના મહાન અગ્રેસરો, શેઠીઆઓ, વ્યાપારીઓને કંકોત્રી લખવામાં આવી. આગ્રહ, વિનવણીઓ, સત્કાર સાથે સૌને નિમંત્રણો કર્યાં. અમદાવાદ મહેમાનોની વિરાટ મેદનીથી ભરચક થઇ ગયું. બહારથી એક લાખ માણસો પ્રતિષ્ઠામાં ભાગ લેવા આવ્યાં.

નિમંત્રણ કરવું સહેલ છે પણ સૌની આગતાસ્વાગતા, સૌની સંભાળ, ઉતારા, ભોજન અને અનુકૂળ સગવડો કરવી એ ભારે મુશ્કેલ છે. શેઠે નિયત કરેલા વારસદારો તેમજ પ્રેમાભાઇ શેઠ અને બીજા શેઠીઆઓએ આ સમયે ભારે સહકાર આપ્યો, પરંતુ બધી દેખરેખનો ભાર હરકુંવર શેઠાણી ઉપર હતો. સંઘ માટે તૈયાર કરાવેલ તંબુ-રાવટીઓ ઊભા કરાવીને તથા વધારાના કલેકટરની મારફત અરજી કરી, મીલીટરીના તંબુઓ મેળવીને દિલ્લી દરવાજાથી તે છેક શાહીબાગના મહેલ સુધી તંબુઓની હારો ને હારોથી પથરાએલ નગર વસી ગયું, (કે જે ભાગ અત્યારે પણ હઠીપરાના નામથી ઓળખાય છે.) આ નવા નગરમાં સફાઈ રાખવાની વ્યવસ્થા થઇ. જુદા જુદા વિભાગો માટે રસોડાં ખોલ્યાં. એક લાખ માણસો માટે સગવડ કરવી એ રમત વાત નથી. શેઠાણી રાત્રિદિન જાગીને બધી વ્યવસ્થા કરાવતાં હતાં. એમનાં વિશાળ વ્યવસ્થા જ્ઞાનની અત્યારે પૂરી કસોટી થઇ. આ વિશાળ મેદની માટે તૈયાર થતો માનભોગ ભરવાના વાસણોને સ્થાને શીરો

ભરવાને અવેડા બંધાવ્યા હતા.

આ ભવ્ય દેરાસરજી તૈયાર કરતાં લગભગ આઠ લાખ રૂપિયાનો અને પ્રતિષ્ઠાની ધામધુમ અતિ મોટા પાયા ઉપર કરતાં તે પ્રસંગે પણ પાંચેક લાખનો ખર્ચ કર્યાનું કહેવાય છે. કદાચ આ યુગના યુવાનોને આ ખર્ચ કરવો અનુકૂળ નહિ લાગે.

પરંતુ આવા કીસ્સામાં સ્થિતિ, સંયોગ અને સ્થાનની દૃષ્ટિએ જોવાનું રહે છે. એક રજવાડું કે દેવ દરબારની કાર્યવાહીને આમ જનતાને કાટલે જોખી શકાય નહિ. હરકુંવર શેઠાણી સમજતાં હતાં કે ' લક્ષ્મી ચંચલ છે, તેનો દાન કે ભોગથી ઉપયોગ ન થાય તો અંતે વિનાશ તો છે જ. ' તેને ભોગની સ્પૃહા નહોતી. તેમ શેઠે ત્રણ લગ્ન કરવા છતાં સંતતી નહોતી. અને હોય તેનાં નામ પણ અમુક પેઢીએ ભુંસાઇ-ભુલાઇ જાય છે. જ્યારે આવા તીર્થ-સ્થાપત્યથી આત્મસાધના થાય છે અને યાવત્ચંદ્રદિવાકરૌ નામ-સ્મરણ રહે છે. આ રીતે આ ભવનું સાધવા અને પરભવનું ભાથું બાંધવાને જે તક મળી હતી તેની સાર્થકતામાં સંકોચ ન કરે તેમાં તેમની વિશિષ્ટતા હતી. કહ્યું છે કેઃ—

**નામ રહંતાં ઠાકરાં, નાણાં નહિં રહંત;**
**કીર્તિકેરાં કોટડાં, પાડયાં નહિં પડંત.**

ઉપરોક્ત કહેતીની વાસ્તવિકતા બતાવતું સદરહુ હઠીભાઈનું મંદિર આજે પણ અમદાવાદના સુંદર સ્થાપત્યોમાં મશહુર છે. ખરેખર એ અદ્ભુત મંદિર છે.

આ ઉપરાંત સદ્ગત હઠીસિંહ શેઠના નામ-સ્મરણાર્થે તેમના વડીલ બ્હેન રૂકિમણી શેઠાણીના હસ્તક શેઠના નામથી અમદાવાદમાં

જાહેર હોસ્પીટાલ ખોલવાને રૂા. ૫૧૦૦૦) કલેકટરને સોંપીને સરકારી બાંહેધરી નીચે શેઠ હઠીસિંહ કેશરીસિંહ સીવીલ હોસ્પીટાલ ખોલાવી હતી, જે અત્યારે પણ અનેક દર્દીના આશીર્વાદ લઈ રહેલ છે. તેમજ અમદાવાદમાં ગુજરાત કોલેજ ખોલતાં તેમાં રૂ. ૧૦૦૦૦) શ્રી રૂકિમણી શેઠાણી હસ્તક ભર્યા હતા.

બન્ને બ્હેનોમાં સારો સંપ હતો. તેઓ સાથે જ રહેતાં, જમતાં અને દરેક જાહેર સખાવતમાં તેમ જ ઘરકામમાં હરકુંવર શેઠાણી તેનાં મોટાં બ્હેન રૂકિમણીને પૂછતાં ને તેમને યશ અપાવતાં હતાં. પરંતુ સત્યયુગમાં પણ રામચંદ્રજીની અપરમાતા કૈકેયીના માનસને દૂષિત કરનાર મંથરા નીકળી હતી, તો પછી આ કલિયુગ( પાંચમા આરા )માં બંને શેઠાણીઓ વચ્ચે વૈમનસ્ય કરાવનારનો ત્રોટો કેમ હોય? એક વખત વિઘ્નસંતોષી બાઇએ તક મળી જતાં રૂકિમણી શેઠાણી પાસે વાત છેડીઃ—

"હા શેઠાણી, તમે મોટાં ખરાં, પરંતુ તમારૂં શું ચલણ છે? બધું નાની શેઠાણીના હાથમાં છે."

"મને હરકુંવર બધું પૂછે છે. મારી સંમતિ વગર કાંઇ પગલું ભરતી નથી."

"એ તો હાથીના દેખાડવાના દાંત છે, ચાવવાના જુદા હોય. તેમાં તમે શું સમજો?"

"ના ના એમ તો ન હોય, તારી ભૂલ થાય છે."

"હજી આવડાં મોટાં થયાં છતાં કાંઈ સમજો નહિં, તમને શું કહેવું? લાખોનો વહીવટ હરકુંવરના હાથમાં છે. તેનું ચારે કોર થાપ્યું થપાય ને ઉથાપ્યું ઉથાપાય છે. તેમાં તમને કોણ ઓળખે છે? પાકી છે, એ તો તમને રમાડે છે—રમાડે. તમે તમારૂં પોતાનું હિત

સમજતાં નથી, હૈયાફુટાં છો. મારે શું? આ તો મારાં છો તે આ બધું જોઇને જીવ બળે છે. આ વાત મારે તમને નહોતી કહેવી છતાં કહેવાય જાય છે. તમને ગમે તેમ કરો. મારું નામ ન લેજો. નહિ તો મારા જેવા ગરીબ માણસને જીવવું ભોં ભારે થઇ પડશે. મારા સમ, કોઇને વાત ન કરતાં હો કે બેન."

સાંસારિક સંયુક્ત કુટુંબમાં અસંતોષ વધારવાના અનેક ખોટાસાચા પ્રસંગો મળે છે. આજસુધી જે ગમ ખાઇને આવા પ્રસંગો નિભાવી લેવામાં આવતા હતા તેમાં મંથરાઓના પ્રયત્નોથી ઘી હોમાયું. હરકુંવર શેઠાણીને પડખે પણ આવી મંથરાઓ ચડતી, પરંતુ એના વિશાળ સાગર જેવા હૃદય પાસે કોઇ અસર કરી શકતું નહિં. તેને ઉશ્કેરવાના પ્રયત્નો એ હવામાં તીરો મારવા જેવા નિષ્ફળ પ્રયત્નો હતા. પરંતુ રૂકિમણીબાઇની થોડી વ્યવહારકુશળતા અને અપંગપણાનો લાભ મંથરાઓ જરૂર લેતી હતી. ધીમે ધીમે અગ્નિને પવન નાંખી પ્રજ્વલિત કરવામાં આવતો હતો. કુસંપ ધુંવાડાવાળા અગ્નિની પેઠે ધુંધવાતો હતો. ક્યારે ભડકો પ્રજ્વલિત થશે તેની રાહ જોવાતી હતી.

કોઇ કારણસર એક ધાર્મિક કામમાં ફાળો ભરતી વખતે રૂકિમણીની સલાહ લેવાનું હરકુંવરબાઇથી ભુલાઇ જવાયું. રૂકિમણીબાઇએ લાગ જોઈ મ્હેણું માર્યું.

હરકુંવરબાઇને આ મ્હેણું ખટક્યું, બંને વચ્ચે સહેજ ચડભડાટ થયો. આ રીતે ઝેરી બીજ જમીનમાં રોપાઇ ગયું. હવે પરસ્પર ખાટાં મન થવાના પ્રસંગો વધવા લાગ્યા. પરસ્પર અબોલા જેવું થઇ પડ્યું. હરકુંવર સ્થિતિ સમજી ગયાં. તેમણે આ સ્થિતિ સુધારવા પ્રયત્નો કર્યાં, પરંતુ બહુ મોડું થયું. પડેલી વડ

પ્રયત્નો છતાં સંધાઇ નહિં. ફાટ પહોળી થતી ચાલી. હવે બંને વિધવાઓને જુદી જુદી રહેવા માટે સગવડો થઇ. હરકુંવરને આના પરિણામો ભયંકર લાગ્યાં, પણ મનુષ્ય સંયોગોને આધીન હોવાથી ભાવી ઉપર છોડવા વિના બીજો ઉપાય રહ્યો નહોતો.

શેઠ હઠીસિંહની મિલ્કત વહેંચવાની વાતો ચાલવા લાગી. પ્રથમ વાતાવરણમાં પડઘા થવા લાગ્યા, પછી ખરેખર માંગણી થઇ. કોર્ટ દરબારે વાત ચડવા જેવી સ્થિતિ આવી પહોંચી. વકીલોની સલાહ લેવાઇ. વિસ્તૃત વેપાર-વ્યાપક ધંધાઓ અને બહોળી સ્થાવર જંગમ મિલ્કતોના ભાગો કરવા સહેલા નહોતા. દેશદેશાવરોમાં પથારો હતો. હરકુંવરને આવી રીતે જુદા થવું ન ગમ્યું, પરંતુ મનનો મેળ થઇ શકે તેમ દેખાયું નહિ. તેઓની મુંબઇમાં મોટી મિલ્કત હતી. તે સંબંધી સંપૂર્ણ હકીકત એમને સમજવાની જરૂર હતી. બાકી તો સર્વે વહીવટ એમની આંગળીઓને ટેરવે હતો. હરકુંવર શેઠાણી માવિત્રે જવાનું બહાનું કાઢી ઘોઘે પહોંચ્યાં. ત્યાંથી મુંબઈ જઇ બધી મિલ્કતની યોગ્ય વ્યવસ્થા અને સમજણ મેળવી લીધી. ચાર માસના પ્રવાસ પછી તેઓ પાછા ફર્યાં. એમણે વિભક્ત થવાની બધી તૈયારીઓ કરી રાખી.

સંવત ૧૯૦૮ ના એક સારો દિવસ જોઇ હરકુંવર શેઠાણી સાંજના પાલખીમાં બેસી તેમના ભાઇ નગરશેઠની હવેલીએ પહોંચ્યાં. વાળુ કરીને શેઠ પ્રેમાભાઇ મુખવિહાર કરતાં હીંચકે બેઠા હતા.

" આવો આવો નાની બહેન, અત્યારે કેમ આવવું થયું ? "

" મારે જરૂરનું કામ છે, તેથી આવી છું. ભાઇ "

" શું છે કહો ? હું સાંભળવા તૈયાર છું. "

" મોટાં બહેન આજે તમારે ત્યાં રોકાયાં છે એમને બોલાવો એટલે કહું. "

રૂકિમણી બહેન આજે પીયર આવ્યાં હતાં. તેને બોલાવતાં ત્યાં આવીને બેઠાં. હરકુંવરે અબોલા ભૂલી જઇ પ્રણામ કરી આશીર્વાદ મેળવ્યો.

"હવે મોટાભાઈ, કોઇ પણ આપણને વિક્ષેપ ન નાંખે તેવી સગવડ કરી આપો. મારે ઘણી ઘણી વાતો કરવી છે."

"શેની વાતો કરવી છે બહેન, કાંઇ સમજણ તો આપ."

"એ પછી. પહેલા ખાનગી બેઠકની વ્યવસ્થા કરો."

શેઠે ઓરડાનું બારણું બંધ કર્યું. બહાર માણસ બેસાડયો.

"જુવો મોટાભાઇ મારું અને મોટી બહેનનું મન નિર્મળ છે, પણ અમારા બંનેના હિતસ્વીઓ જુદાઇના રસ્તે અમને દોરી જાય છે. હવે કોઇ રીતે આમાં બીજો ઉપાય મને જોવામાં આવતો નથી. એટલે છૂટા થવું એ વાત નક્કી છે. બાકી રહી મિલ્કતની વહેંચણી. તે સંપસલાહથી થવી જોઇએ. ત્રીજા કાનને સાંભળવાની જરૂર નથી. તમારામાં અમારો બંનેનો વિશ્વાસ છે, તો તમે વહેંચણી કરી આપો. હું તમને લખી આપવા તૈયાર છું."

"આવડું મોટું કામ મારા એકલાથી ઉપડી શકે નહિ. તમારા તરફથી બીજો કોઇ પંચ જોઇએ, બહેન."

"મેં પહેલેથી જ કહ્યું છે કે ત્રીજા માણસનું આમાં કામ નથી. હું ચાલી ચલાવીને ભાઇને ઘેર આવી છું. ભાઇ, મને એટલી ભીખ નહિ આપો?"

"વહીવટ ઘણો મોટો છે બહેન. ચોપડા તપાસવા પડશે. કિંમતો કરાવવી પડશે. સ્થાવર મિલ્કતો ઘણી છે તે પણ અંકાવવી પડશે."

"તમારે કાંઇપણ કરવું નહિ પડે. અહીં બેઠે સર્વે વ્યવસ્થા એક પળમાં થઇ શકશે. તમે માત્ર અહીં બેસી અમને બંનેને યોગ્ય સલાહ અને દોરવણી આપજો એટલે અહીં જ બધું પતી જશે."

"એ કેમ બને? આ કાંઇ બચ્ચાનો ખેલ નથી, બ્હેન?"

"અરે મોટાભાઇ આવી ઢીલી વાતો શું કરો છો? જુવો આ વહી વાંચો. આમાં અમારી દેશ-દેશાવરની સંયુકત મિલ્કતોની યાદી છે. એમની આંકણી વાજબી રીતે કરાવી કિંમત માંડી છે. નીચે દેશદેશાવરોખાતેના માલની કિમ્મત વિગતવાર લખી છે. તેની નીચે ઉઘરાણીના બાકી નાણાંની વિગતવાર તપસીલ છે. પેઢીઓના ફરનીચરની કિંમત પણ નક્કી કરી છે. અહીંના ઘરનાં ફરનીચર અને દર દાગીના એમાં ગણ્યાં નથી, કેમકે તે જેની પાસે હોય તે ભલે ભોગવે. જુઓ, આમાં કાંઇ પૂછવા જેવું છે? મેં પોતાના હાથે બનતાં સુધી ચોક્કસ કરીને લખ્યું છે."

અનુભવી નગરશેઠની વેપારીબુદ્ધિએ વહી બારીકાઇથી વાંચી જોઇ. હઠીસિંહ શેઠના કારભાર સંબંધી પ્રેમાભાઇ શેઠને ઘણી હકીકત જાણવા-જોવાને તક મળી હતી. બહેનોના કંકાસ પછી ઘણું પુછપરછ કરી જાણ્યું હતું. પરંતુ હરકુંવરે તૈયાર કરેલી યાદી જોવાથી તે છક્ક થઇ ગયા. તેમાં એવું ઘણું હતું કે જે તે જાણી શકેલ નહોતા. એમણે યાદીનાં પાનાં બે કલાક સુધી ચીપી ચીપીને ફરી ફરી વાંચ્યાં. બધું નિયમિત અને વ્યવસ્થાસર નોંધેલું હતું.

"નાની બહેન, હજી સુધી મેં એવો મુનીમ જોયો નથી કે આવી સફાઇબંધ અને ચોકસાઇવાળી વહી તૈયાર કરે. હવે તારૂં શું કહેવું છે?"

"મારે શું કહેવાનું હોય મોટા ભાઇ? આ બીજો કાગળીઓ

લ્યો, એમાં મિલ્કતોની વહેંચણી બે સમાન ભાગે મારી ટૂંકી બુદ્ધિ પ્રમાણે કરી છે. આમાં બધી અમારી મિલ્કતો નોંધેલી છે. તમે એ અમારા ચોપડાંઓ જોઇ ખાત્રી કરી શકો છો. આ મિલ્કતોના બે ભાગમાંથી એક ભાગમાં વહીવટ ધંધો અને અમુક મિલ્કત તથા રોકડ જાય છે. બીજા ભાગમાં બધી સ્થાવર મીલ્કતો અને થોડી રોકડ છે આમાં રૂકિમણી બહેનની ઇચ્છા જો વહીવટ અને રોકડ સંભાળવાની હોય તો તે પણ લઇ શકે છે. અને સ્થાવર મિલ્કતો સંભાળવી હોય તો તે પણ તેમને છૂટ છે. મોટાં બહેન આ બંને ભાગોમાંથી એમની ઇચ્છા થાય તે કોઇ પણ લઇ શકે છે.”

ગંભીર ભાવથી નગરશેઠે ખત લઇ જોયું. આમાં અધોઁ અર્ધ વહેંચણી કરવાની ગોઠવણ જેમ બને તેમ સફાઈ અને નિષ્પક્ષપાતભાવે કરવામાં આવી હતી. નગરશેઠે દરેક મિલ્કત અને વહીવટને અંગે બારીક ઊલટપાલટ તપાસ કરી લીધી. દરેકના જવાબો સંતોષકારક અને પૂરી વિગત સાથે મળ્યા. વિગતો પૂછતાં પૂછતાં અને જવાબ લેતાં દેતાં સવારના પાંચ વાગ્યા. વચમાં રૂકિમણી બહેન પણ કાંઇક હકીકતો થોડી થોડી જણાવતાં રહેતાં હતાં. નગરશેઠે રૂકિમણીનો હાથ ઝાલી બીજા ઓરડામાં તેડી જતાં હરકુંવરને કહ્યું. નાની બહેન, દાતણ પાણી, દેવદર્શન, સેવા–પૂજા કરી લ્યો. હું તથા રૂકિમણી થોડી વાતચીત કરી આવીએ છીએ. અરે છોકરીઓ, નાની ફઇને બધી સગવડો કરી આપો, ફઈબા આજે અહીં જમશે.”

“બહેન, તું બધું સમજી ? હવે શું કરવું છે ?”

“ભાઇ, જેમ તમને મારા હકમાં ફાયદો લાગે તેમ કરો. હું તો અપંગ રહી.”

“છતાં તું બધું સમજે છે. આવા મોટા વહીવટમાં બધું

તો સરખું ક્યાંથી વહેંચાય, છતાં હરકુંવરે સારી વહેંચણી કરી છે."

"જો તમને વ્યાજબી લાગતું હોય તો મારે નાહકનો ઝગડો કરવો નથી."

"આ વહેંચણી સંજોગો જોતાં મને યોગ્ય લાગે છે. તું શું લઇશ? વહીવટ કે મિલ્કતો?"

"વહીવટ–વેપાર મારાથી કેમ સંભાળાય? હું અપંગ છું. છોકરો (દત્તક) નાનો રહ્યો. દેશાવરોનું કામ મારાથી નહિ સંભાળાય."

"ખરૂં છે. તું સ્થાવર મિલ્કતો લે એમ હું પણ ઇચ્છું છું. મિલ્કતો બહુ કિંમતી છે. ભલે ફારગતીઓ લખાવી લ્યો."

"ભાઇ જેવી તમારી મરજી."

હરકુંવર દેવદર્શન કરીને ભાઇ પાસે આવ્યાં. એટલે પ્રેમાભાઇ શેઠે નાની બહેનને આવકાર આપતાં કહ્યું:

"નાની બહેન મેં રૂક્મિણી સાથે વાત કરી છે. વહીવટ તારે સંભાળવો. મિલ્કતો રૂક્મિણીના ભાગે રહે. ફારગતીઓ લખાવી લેજો, બહેન"

"પાછળ શા માટે? હમણાં તમે લખી આપો. એમાં વકીલોનું કામ નથી."

ફારગતીઓ લખાઇ, તેમાં સહીઓ થઇ ગઇ. મોટા મુનીમ અને નગરશેઠની સાક્ષીઓ થઈ. એને રજીષ્ટર કરાવવા અને મિલ્કતોના કાગળીઆં–ઓચરીઆં નામે ચઢાવવા મુનીમને સૂચનાઓ અપાઈ. એક જ દિવસમાં વહીવટની વહેંચણી થઇ ગઇ.

રૂક્મિણી શેઠાણી પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં પોતાના પતિની મિલ્કતમાંથી મોટી રકમો એમણે ખર્ચવાને પોતાની શોક્યને સંમતિ આપી

હતી. આ રકમ લાખોની હતી. આ ઉપરાંત સં. ૧૯૨૫ના વૈશાખ સુદ ૧૪ ને રવિવારે રૂક્મિણીબાઇની માંદગી વધી જતાં તેમણે અંતિમ સમયે ધર્માદામાં રૂ.૫૦૦૦૦ અને સગાં-સંબંધીઓને રૂ. ૧૦૦૦૦ આપવાને હરકુંવરને ભલામણ કરી અને પરસ્પર ખમતખામણાં કરીને નિર્ભેદભાવે સ્વર્ગગમન કર્યું હતું. આ પ્રસંગે તેમના ભાઇ નગરશેઠ પ્રેમાભાઇ હેમાભાઇએ પોતાના પદરથી પાંચ હજાર રૂપિયા બહેનના પુણ્યાર્થે ધર્માદામાં ખર્ચ્યાં હતા.

હરકુંવરબાઇએ ધંધા-વહેપારનો વહીવટ સંભાળી લીધો. એમાંથી તેમણે સારો લાભ મેળવ્યો. લાખો રૂપિયાનો નફો અફીણ અને રેશમના વેપારમાંથી મળતો હતો. શેઠાણી હવે પાકા અને જૂના વેપારી બન્યાં હતાં. સં. ૧૯૨૦ સુધી વેપાર ચાલુ હતો. શામાટે બંધ કરવો પડયો તે ચોક્કસ જાણવાનું મળ્યું નથી, પરંતુ પેદાશ જેમ વધવા માંડી તેમ તેમ તે સર્વે ધર્માદામાં વાપરવા માંડયું. પતિએ આપેલ મૂડીમાંથી જે વધે તે ધર્માદામાં વાપરવું એવો શેઠાણીએ પાકો નિશ્ચય કર્યો હતો.

હરકુંવરબાઇ બહુ હિંમતવાન હતાં. ધર્મના વાતાવરણમાં ઉછરેલાં અને ધાર્મિક શિક્ષણ તેમજ સાધુ-સાધ્વીના સંસર્ગમાં બાલ્યકાળ અને પ્રૌઢાવસ્થા વીતાવનાર હરકુંવર શેઠાણીએ ઉત્તરાવસ્થામાં અનેક દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવવામાં લાખો રૂપિયા આપ્યા હતા. તેઓ ભારે ઉદાર હતાં. તેઓ દર બીજે ત્રીજે વરસે જાત્રાએ જતાં. તેમણે સિદ્ધાચળનો સંઘ કાઢ્યો ત્યારે શત્રુંજય ચડતાં હીંગડાજના હડાનું ચઢાણ મુસ્કેલ હોવાથી ઘણા લોકોને ચડતાં અગવડ પડતી, તે તેમણે મોટો ખર્ચ કરી પગથિયા બંધાવી દૂર કરી. માંડવીની પોળમાં ને ટંકશાળમાં દેરાસરજી બંધાવવા માટે એમણે લાખો રૂપિયા ખર્ચેલા હતા. ફતાશાની પોળના

દેરાસરજીનો જીર્ણોદ્ધાર કરતાં કહેવાય છે કે એમણે લગભગ પોણા બે લાખ ખર્ચ્યાં હતા. અને તે બધામાં પોતાના પતિનું નામ જોડાવ્યું હતું. ટંકશાળમાં શેઠના નામથી કન્યાશાળા ખોલી અને સંવત ૧૯૨૧ ના દુષ્કાળ પ્રસંગે સસ્તા અનાજની દુકાન ઉઘાડી ને તેના નિભાવમાં સીત્તેર હજાર ખર્ચેલા હતા તેવો નોંધ મળે છે.

આ ઉપરાંત તેમણે ઠેઠ સમેતશિખરજી( બંગાળ )નો સંઘ અજબ હિંમતથી કાઢેલ હતો. તેમની વ્યવસ્થાશક્તિ બહુ ઊંચા પ્રકારની હોવાથી, તેઓ અગમચેતીથી સર્વે તૈયારીઓ આગળથી કરાવતાં હતાં. તંબુ અને રાવટીઓની બેવડી જોડી રાખી આગળના મુકામે તૈયારી રખાવતાં, ભોજન, ગાડાં, આરામ અને રોગીની સારવાર માટે વ્યવસ્થા રાખેલી હતી. બધા હુકમો શેઠાણી જાતે આપતાં હતાં. રેલ્વે નહોતી એટલે ગાડામાં મુસાફરી કરવી પડતી હતી. નદી નાળાં ઓળંગવાં, ગામડાઓમાંથી વસ્તુઓ ભેગી કરવી, અગાઉથી રસ્તાઓનું સમારકામ કરાવવું, ચોકીયાતો લેવાં, અધિકારીઓ પાસેથી રક્ષણપત્રો મેળવવાં એવાં એવાં અનેક કામો શેઠાણીની હિંમતથી પૂરાં થતાં હતાં. સમેતશિખરજીની યાત્રા દૂર હોવાથી તે પ્રવાસમાં મહિનાઓ લાગ્યા હતા. શેઠાણીના સંઘનો ભપકો બહુ ભારે હતો. કોઇ મહારાણી યાત્રાએ નીકળે તેવો ગૌરવવંતો ઠાઠ હતો. ઘોડા, પાયદળ, પાલખીઓ, સીગ્રામોની હારો ને હારો પ્રવાસમાં સાથે હતી.

શેઠાણી હરકુંવરબાઇ બહુ સમજુ હતાં. પરંતુ તેમનો સ્વભાવ આકરો હોવાથી તેઓની પાસે કોઇ જેવો તેવો ટકી શકતો નહિ. પતિએ પોતાના ભત્રીજા મગનભાઇને ખોળે બેસાર્યા હતા, પરંતુ બન્ને વચ્ચે મનની ઐકયતા સ્થાપાઈ નહિ. સ્વભાવ બંનેના ગરમ

હોવાથી કંકાશ થવા લાગ્યો, આથી મગનભાઇ પોતાનો હક્ક મૂકીને પોતાની પૈતૃક સંપત્તિના ભાગીદાર બન્યા. તે પછી શેઠનાં બહેનના પુત્ર ઉમાભાઇને દત્તક લીધા. ઉમાભાઇને ત્રણ વખત પરણાવ્યા હતા. એમની પહેલી પરણેતર સાથે એમને હંમેશના અબોલા હતા, છતાં તેમના તરફની રખાવટમાં સમભાવ જાળવી રાખ્યો હતો.

નામદાર સરકારે આ બાઇની સખાવતોથી પ્રસન્ન થઇ એમને "નેકનામદાર સખાવતે બહાદુર" નો ઇલ્કાબ આપ્યો હતો. (તે વખતે ચાલુ હતો) આ ઇલ્કાબ એક સ્ત્રીને મળ્યો એ અતિ મહત્ત્વનો પ્રસંગ હતો.

ફતાશાની પોળ સામેના રસ્તા ઉપર હરકુંવરબાઇની હવેલી અત્યારે પણ તેમની અત્યારે સમૃદ્ધિ અને શિલ્પકળાનો ખ્યાલ આપતી નજરે પડે છે. તેની નીચે જાતજાતના દુકાનદારોની દુકાનો છે.

હરકુંવરબાઇ ગુજરાતની પુત્રી હતી. ગુજરાતને એણે ઉજળું કર્યું છે. ધન્ય છે એ મહાભાગ્યશાળી બાઇને !

# મલબારના મલકા વાણિયા

ખંભાત અતિ જૂનું શહેર છે તેટલું જ જૂનું બંદર છે. આજે એની જાહોજલાલી ઘણી ઘટી ગઇ છે. આજે ખંભાતનો અખાત પુરાઇ જવાથી ત્યાં સ્ટીમરો આવી શકતી નથી. મોટાં વહાણો પણ આવતાં નથી. ખંભાતથી સાગર દૂર જતો જાય છે. એની ખીલવણી કરવાની ત્યાંના નવાબની મોટી ઇચ્છા છતાં એ ખીલવણી થઇ શકતી નથી. નવાબ ધન વાપરવા તૈયાર છે. એ જુવે છે કે ભાવનગરની પચાસ લાખની પેદાશ બંદરને લીધે ૨। કરોડ લગભગ પહોંચી હતી. જામનગરે પણ બેડી બંદર ખીલવી દર વરસે ચોખ્ખો એક કરોડ રૂપિયા નફો મેળવ્યો હતો. મોરબીએ પણ પોતાની પેદાશમાં ૩૦ લાખનો વધારો થોડાં વરસો ભોગવ્યો હતો. પોતાને પણ જૂનું અને જાણીતું બંદર છે. એની ખીલવણી ન થાય ? એણે એંજીનીઅરોનો મત લીધો, પરંતુ દરિઆના ભરતી ઓટના પાણી તપાસી એંજીનીયરોએ ડોકું ધુણાવ્યું. અખાત પુરાઇ ગયો છે.

પરંતુ એક વખત ખંભાત મહાન બંદર હતું. એના મોટા વેપારીઓ હજારોની સંખ્યામાં વહાણો ઉપર ચડીને પરદેશો સેવતા હતા. પરદેશોથી મોટી લક્ષ્મીના પુર ખંભાતમાં લાવતાં હતાં.

ગુજરાત-કાઠિયાવાડમાં ખંભાતનું બંદર મોટું ગણાતું હતું. આ જાહોજલાલી સૈકાઓ સુધી ચાલુ હતી. ખંભાતમાં વેપારને લીધે સમૃદ્ધિઓની છોળો ઊડવા લાગી. વેપારીઓ મોટા વેપાર કરી ધન કમાયા. ધન અને બુદ્ધિની મદદથી એઓએ રાજ્યકાર્યમાં ચિત્ત પરોવ્યું. રાજકાર્યમાં કુશાગ્ર બુદ્ધિ તેમજ શક્તિઓથી ખૂબ ઉન્નતિ પામીને દંડનાયક જેવી ઊંચી પદવી મેળવી ઉદયન મહેતા જેવા મહાન્ અમાત્યો આ રીતે વેપારદ્વારા આગળ વધ્યા હતા. એમના પુત્રોએ પણ એ જ માર્ગનું અનુકરણ કર્યું હતું. ગુજરાતમાં ભરૂચ, સુરત પ્રાચીન કાળનાં મોટાં બંદરો હતાં, જે બધાં હમણા વૃદ્ધાવસ્થાની અશક્તિ ભોગવે છે.

શ્રી ખંભાતથી છસો સાતસો વરસો પહેલાં વહાણો વેપારને માટે મલબાર જતાં હતાં. મલબારખાતે સાગનું લાકડું, સુંઠ, મરી, નાળીએર, તેલ, એલાયચી, કાથો, સીંદરી થાય છે. ત્યાંથી એ વસ્તુઓ લાવવામાં આવતી હતી. અહીંથી હાથનું વણેલું કાપડ, માટીના વાસણો, રેશમ, ઝવેરાત વગેરે ત્યાં નિકાશ થતી હતી. ખંભાતના અનેક વહાણો સેંકડો વરસો થયાં મલબાર જતાં હતાં. પુષ્કળ વેપાર ચાલતો હતો. સાગનું લાકડું તો ત્યાંથી જ આવતું હતું. ખંભાતના વણિકો સાહસિક હતા. સાથે ધર્મચુસ્ત પણ હતા. સાગરના પ્રવાસે નીકળી પરદેશોમાં ખૂબ ફરતા. ત્યાંના લોકોના રીતરિવાજ વિષે અનુભવ મેળવતા, અનેક ભાષાઓ જાણતા, અનેક દેશની પેદાશોને ઓળખતા, દેશાવરોના ખર્ચા, પડતર વિષે પણ અનુભવી હતા.

ખંભાતના જૈન વેપારીઓ જેમ વેપાર કરી જાણતા હતા તેમ હથિઆરોના ઉપયોગમાં પ્રવીણ હતા. યુદ્ધ લડતા, સૈનિકોના નાયક થતા. પાટણના મહામંત્રીઓ સાંતુ મહેતા, સજ્જન, મુંજાલ

મહેતાનો ખંભાત સાથે સંબંધ હતો. તેઓ જેમ મહામંત્રીઓ, મોટા વેપારીઓ અને મુત્સદ્દીઓ હતા તેમ ભડવીરો પણ હતા. સૈન્યની સરદારી તેઓ લેતા હતા. કલમ અને સમશેર બંનેનો ઉપયોગ જાણતા હતા. વિમલશાહ મંત્રી, વસ્તુપાળ–તેજપાળ એ સર્વે પ્રથમ વેપારીઓ હતા. પાછળથી મોટા બુદ્ધિમાન મંત્રીઓ, દેશ-નેતાઓ, શાસનકર્તા અને શૂરા થઇ ગયા છે. વેપાર, મુત્સદ્દીગીરી, શાસન અને શૌર્ય બધી દિશાઓમાં તેઓ પ્રગતિશીલ હતા. ધર્મમાં જેવા ચુસ્ત હતા તેવા જ બીજા કાર્યોમાં પ્રવીણ હતાં.

સાતસોએક વર્ષોની વાત છે (વરસ અને વ્યક્તિઓનાં નામોની ખબર નથી. એમના વંશજો પણ જાણતા નથી). એક વહાણમાં બે ત્રણ વણિક ગૃહસ્થો વેપાર માટે ખંભાતથી રવાના થયા. તેઓ મલબાર લાકડું લેવા માટે આવ્યા હતા. એમણે કલીકટના બંદરે ઊતરીને ત્યાંથી સાગનું લાકડું ખરીદી પોતાના વહાણમાં ચડાવ્યું.

"મોટાભાઇ હું તો દેશ નહિ આવું, મને અહીં રહેવું છે."

"અહીં શું કરીશ? શા માટે રોકાવું છે?"

"આ મલબારનો લીલોછમ દેશ મને ગમ્યો છે. જ્યાં જુઓ ત્યાં અઢારે ભાર વનસ્પતિઓ ઝૂકી રહી છે. નાળીએરીનાં વનો છે. સમુદ્ર કિનારે કેવા સુંદર સૂર્યોદય અને સૂર્યાસ્તના દેખાવો દેખાય છે. મને તો અહીં ગોઠી ગયું છે. તમે તમારે જાવ, હું તો અહીં રહીશ."

"ગાંડો છે ગાંડો, પારકે પરદેશ રહીને શું કરીશ? અહીં આપણું કોઇ સગું કે વહાલું નથી. આપણા કોઇ નાતભાઇ પણ નથી. માંદે સાજે તારી કોણ સંભાળ લેશે? ચાલ ચાલ, મૂર્ખ બન નહિ."

"ભાગ્ય ક્યાં વેચી ખાધાં છે ? તમે ગભરાવ નહિ. મારી ચિંતા કરો નહિ." ભાઈઓની સમજાવટ એકે ય કામ લાગી નહિ. જીદ્દી યુવક કલીકટમાં રહ્યો. વહાણ હંકારી ગયું.

યુવક વેપારીનો છોકરો હતો. એની પાસે થોડા રૂપિયા હતા. એણે દુકાન માંડી. ભાષા થોડી થોડી બે માસ રહીને શીખ્યો. વધારે અનુભવથી મલબારની મલયાલમ્ ભાષા બોલતાં શીખી ગયો. નાની દુકાન અને નાના ઘરમાં ત્યાં રહ્યો. એકે ય ગુજરાતી નહોતો. એક નાયર ગૃહસ્થના પાડોશમાં રહ્યો. વેપારીનો છોકરો, શાંત પ્રકૃતિનો અને એકે ય ખરાબ લક્ષણ નહિ. સીધે માર્ગે જવું અને સીધે માર્ગે આવવું.

દુકાનમાં કાપડ રાખે. બીજી પરચુરણ ચીજો પણ રાખે. બારેક માસમાં ઘરાકી બંધાઈ. દુકાન ઠીક ચાલવા માંડી. મલબાર એ બહુ સસ્તો પ્રદેશ છે. એમાં ઝાઝું ખર્ચ પણ નથી આવતું. ત્રણ વરસમાં એણે ખર્ચ કાઢતાં બે હજારની મૂડી આ નાની દુકાનમાંથી પેદા કરી.

ત્રણ વરસે ભાઈઓ ફરી લાકડું ખરીદવા વહાણ લઈને આવ્યા.

"ભાઈ હવે ઘરે ચાલ."

"પણ મારી દુકાન કોણ સંભાળે ?"

"તારો મલબારી માણસ સંભાળશે. થોડો માલ રાખજે. હાલ તારા વિવાહની અમે બધી ગોઠવણ કરી રાખી છે."

ભાઈઓ સમજાવીને દેશ તેડી ગયા. એને પરણાવ્યો, પરંતુ ચાર છ માસ થયા ત્યાં એને ફરી મલબારની લગની લાગી.

"મોટા ભાઈ મારે દુકાન સંભાળવા મલબાર જવું છે."

"દુકાન ઘોડાને જાય. અહીં સુકો પાકો રોટલો મળે છે તે સુખેથી ખા."

" ના. આપણને તો મલબારમાં મજાહ છે. રોજ પાંચ મુદ્રા પેદા કરૂં છું. અહીં અર્ધી મુદ્રા પણ પેદા કરતો નથી, મારે તો ત્યાં જવું છે."

" પણ પુંઠે બૈરું બાંધ્યું છે તેનું શું ? "

" એ પણ સાથે ચાલશે. "

" ભોળા મૂર્ખ, બૈરાંને કદી ઇ મુલકમાં રહેવાનું ફાવે ખરૂં ?"

" જ્યાં ધણી ત્યાં ધણીઆણી. અહીં એકલી રહીને શું કરશે ? ત્યાં હું સાથે જ છું ને ? તેને બીજું ફાવવાનું શું છે ? "

" તું ધાર્યું કરવાનો. તું જાણે ને તારી ઘરવાળી જાણે. પણ અમારી તો ભલામણ છે કે આવા મ્લેચ્છ મુલકમાં વસવાટ સારો નહિં "

" મને ઇ મુલકનો અનુભવ છે, ત્યાં કોઇ ખાઇ જતાં નથી."

એણે યુક્તિઓ સાધી. સ્ત્રીને નવાં નવાં વસ્ત્રોથી રંજન કરવા માંડી. મલબારના ખૂબ વખાણ કરવા માંડ્યાં. ત્યાં જાણે સ્વર્ગ હોય તેમ સાચા ખોટા આંબા આંખલી દેખાડવા માંડ્યાં.

બહુ સમજાવટ અને મીઠાશભરેલી વર્તણુકથી એ સ્ત્રીને સમજાવી સાથે લઇ વહાણ ઉપર ચડી બેઠો. કલીકટમાં એણે ઘર માંડ્યું. સ્ત્રીને પ્રથમ ભારે અકળામણ અને એકાંત લાગવા માંડ્યાં. પાસે રહેલા નાયર કુટુંબ સાથે ઘરોબો થયો. બે ચાર માસે સ્ત્રી મલીયાલમ ભાષા બોલતાં શીખી ગઇ. એટલે નાયર સ્ત્રીઓ સાથે ભેળાઈ ગઈ.

નાયર લોકો મલબારની રાજ્ય કરનારી કોમ છે. છેલ્લાં બે હજાર વર્ષો થયાં કોચીન, ત્રીવેન્દ્રમ, પુદુકોટા, કલીકટમાં એમનાં રાજ્યો હતાં.

નાયર કોમ બહુ બહાદુર અને તેજસ્વી જાતિ છે. પરંતુ એમના સાંસારિક રીતરિવાજો વિચિત્ર છે. પ્રથમ દરેક કન્યાનું પાણિ-ગ્રહણ નંબુદરી બ્રાહ્મણ સાથે નામ માત્ર થતું હતું, પરંતુ પાછળથી તરત જ તે કન્યા નાયર યુવકને સોંપવામાં આવતી હતી. નાયરોમાં પોતાના પુત્રોને વારસા હક્ક આપણી પેઠે મળતો નથી, પરંતુ દોહિત્ર અથવા ભાણેજને મળે છે. પોતાના છોકરાને એના નાના-મામા તરફથી વારસો મળે. પોતાનો વારસો પુત્રોને નહિ પરંતુ ભાણેજ કે દોહિત્રને મળે. રાજાથી રંક સુધી આ પ્રથા કાયદાની જેમ ચાલે છે. ત્રાવણકોરના અને કોચીનના મહારાજાઓ ભાણેજ કે દોહિત્ર હોય છે.

વણિક યુવક સાહસિક હતો. તેણે દુકાન જમાવી સારો પૈસો પેદા કર્યો. નાણાની ધીરધાર પણ કરવા માંડી. બગીચાવાળાઓને નાણાં ધીરવા માંડ્યાં. આથી વેળાસર માલ અને સારું વ્યાજ મળવા લાગ્યું. વણિકે પોતાના ધંધાનો વિકાસ કરવા માંડ્યો. તેણે વહાણોમાં આડતીયાનો માલ ચડાવવા માંડ્યો. તેને ફુલેલો–ફાલેલો જોઈ બીજાં એક બે કુટુંબો ખંભાતથી આવી વસ્યાં. આ રીતે આ વણિક કુટુંબો અહીં આનંદથી રહેવા લાગ્યાં. પ્રથમ યુવક તો હવે સારો ધનવાન થયો હતો. મલબારમાં તે લાખો કમાયો હતો. એને ઘરે ત્રણ પુત્રો હતા. બહોળી મિલ્કતો હતી.

"બાપા, કાંઈ ઇચ્છા હોય તો કહી નાંખો." મરણપથારીએ પડેલા પિતાને પુત્રોએ પૂછ્યું.

"હા, મારી એક ઇચ્છા છે. તમારાથી તે પૂરી થશે?"

"જરૂર પૂર્ણ કરશું. પિતાજી સુખેથી કહો."

"કામ કઠણુ છે, છતાં કહું છું. આ દેશમાં એક દેરાસરજી બાંધી તેમાં પ્રભુ પધરાવવાની અને દેરાસરજીનો ખર્ચ નિભાવવાની મારી ઇચ્છા હતી, તે પૂરી કરશો?"

"પણ આ દેશમાં? કહો તો આપણા ખંભાતમાં બંધાવીએ."

"આ દેશમાં જ આપણે ફૂલ્યા-ફાલ્યાં છીએ, આ દેશમાં જ ધન, આબરૂ, મિલ્કતો મેળવી છે; માટે અહીં જ બાંધવું તેવી મારી અભિલાષા હતી, અને છે."

આજ્ઞાંકિત છોકરાઓએ પાણી આપ્યું.

છોકરાઓએ બાપની છેલ્લી ઇચ્છા મુજબ દેરાસરજી બાંધવા વિચાર કર્યો–જોકે પરદેશમાં–પરધર્મના ક્ષેત્રમાં એ અતિ કઠીન કામ હતું.

પહેલાં તો રાજાની પરવાનગી મેળવવી જોઇએ. મલબારના નાયર રાજાઓ ઉદાર હતા. ધાર્મિક બાબતમાં એમના વિચારો ભારે ઉદાર હતા. આજે બે હજાર વર્ષો થયાં યાહુદીઓને કોચીનના રાજાએ આશ્રય આપ્યો છે. યાહુદીઓનું જૂનું સંસ્થાન કોચીનમાં વસ્યું છે. છેક છઠ્ઠા સૈકાથી ખ્રીસ્તીઓ કોચીન-ત્રાવણકોરમાં વસ્યા છે. સીરીઅન ખ્રીસ્તીઓનાં જૂનાં દેવળો મલબારમાં બંધાયાં છે. આ રાજાઓએ ત્યાં પહેલાં આવનાર ખ્રીસ્તી ધર્મગુરુઓને પોતાની અછુત પ્રજામાં ખ્રીસ્તી ધર્મનો ફેલાવો કરવા માટે તક આપી હતી. આ ફેલાવો એટલો મોટો અને વિશાળ પાયે થયો છે કે આજે મલબારમાં ચોથા ભાગની પ્રજા ખ્રીસ્તી થઇ ગઇ છે. તે સિવાય આ રાજાઓએ આરબોને વેપાર કરવાની મલબારમાં છૂટ આપી હતી. પરિણામે આરબ વેપારીઓ અને અછુત મલબારી સ્ત્રીઓમાંથી માપલા જાતિની પ્રજા ઉત્પન્ન થઇ છે. એ પ્રજા પણ વિશાળ પ્રમાણમાં મલબારમાં પ્રચાર પામી છે.

પંદરમી સદીમાં સૌથી પ્રથમ યુરોપીયનો હિંદમાં આવ્યા. વાસકોડી ગામાએ મલબારના કલીકટ બંદરે પોતાના વહાણને લાંગરીને કલીકટના રાજા–ઝામોરીનની પાસે વેપાર કરવાની પરવાનગી માંગી હતી. તે રાજાએ ઉદાર મનથી એમને પરવાનગી આપી. પાછળથી ડચો પણ આવીને અહીં મોટો વેપાર કરતા હતા.

વણિકપુત્રો પણ મલબારના વેપારી હતા. એમણે મોટો વેપાર ચાલુ રાખ્યો હતો. રાજા અને મોટા અધિકારીઓ વચ્ચે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. એમની મોટી મિલ્કતો કલીકટમાં હતી. એ ભાઇઓએ ઝામોરીનના દરબારમાં લાગવગ લગાડી. એક વખતે એમને ઝામોરીને પોતાની હજુરમાં લાવીને જૈન ધર્મ વિષે પૂછ્યું. જૈન ધર્મ એ હિંદુ ધર્મનો વિરોધી નથી પણ સહકારી છે એમ વણિકોએ રાજાને સમજાવ્યું. રાજાએ તપાસ કરાવી તો જૈન ધર્મના અહિંસા, સત્ય, ત્યાગ, બ્રહ્મચર્ય, સંયમ, યમ–નિયમ, વિગેરે સિદ્ધાન્તો હિંદુ ધર્મને અનુરૂપ જણાયાં. વણિકપુત્રોને દેરાસરજી બાંધવાની પરવાનગી મળી.

એક વણિકપુત્ર વહાણમાં બેસીને ખંભાત ગયો. ત્યાંથી સારા મિસ્ત્રીઓને મોટા દરમાયા નક્કી કરી સાથે તેડી લાવ્યો. બધું કામ પથ્થરોનું અતિ મજબૂત અને સુંદર બનાવવાનું હતું. સારા મુહૂર્તે પાયો નાખ્યો. મિસ્ત્રીઓ બહુ અનુભવી અને પ્રવિણ હતા. શેઠીઆઓ ઉદાર હતા. શિલ્પશાસ્ત્રના નિયમો મુજબ નકશા તૈયાર થયા. ધાર્મિક નિયમો, આજ્ઞાઓ અને સૂચનાઓ મુજબ દેરાસરજી ભોંયરા સાથે તૈયાર થયું. કલીકટના મધ્યમાં ગુજરાતીઓના વસવાટના મધ્ય વિભાગમાં આ દેરાસરજી બંધાવ્યું છે. હજુ તે અણિશુદ્ધ હાલતમાં ઊભું છે.

એમને થયે છસો વરસો થયાં છે, પરન્તુ એક કાંકરો પણ ખસ્યો નથી. એ દેરાસરજીમાં ખૂબ મોટી ધામધુમથી મૂર્તિની પ્રતિષ્ઠા થઇ હતી. ભોંયરાની મૂર્તિઓ તો અનુપમ છે. આ લેખક એ જોઇ આનંદાશ્ચર્ય પામ્યો હતો. કાકાસાહેબ કાલેલકરે પણ એની ખૂબ પ્રશંસા કરી હતી. દેરાસરજીમાં સારું કોતરકામ છે. કલીકટ શહેરનું એ મુખ્ય આકર્ષણ છે. શિખરબદ્ધ અને કારીગરી યુક્ત એ સ્થાપત્ય અપૂર્વ છે.

હમણાના કલીકટસંઘના આગેવાન અતિ સમૃદ્ધ શેઠ અમરસી. (માણેકલાલ પરશોતમની કું. વાળા) એ દેરાસરજીનો વહીવટ સંભાળે છે. વિશાળ જગ્યા એના માટે વાળવામાં આવી છે. કલીકટમાં પચાસેક જૈન કુટુંબો વસે છે. તેઓ સારા વેપારી કુટુંબો છે. શાંતપણે વેપાર કરી દેરાસરજીની અતિ શ્રદ્ધાથી સંભાળ રાખે છે. જો કે દેરાસરજીમાં છેલ્લે ઇટાલીયન લાદી વાપરીને જરા વિસંવાદતા કરવામાં આવી છે, છતાં જૈન સાહસ, સમૃદ્ધિ, પરદેશગમન અને શક્તિના પ્રતીકરૂપ આ દેરાસર કલીકટમાં પ્રવાસીઓને આમંત્રે છે.

ખંભાતના આ વણિક ગૃહસ્થના વંશજો હજી હયાત છે. સાત આઠ કુટુંબો હજી ત્યાં વસે છે. એમની સ્થિતિ સામાન્ય છે. આગલી જાહોજલાલી હવે નથી. મલબારમાં એ "**મલકા વાણિયા**" તરીકે ઓળખાય છે. જૈન સંઘે તેમના પ્રત્યે ઉદારતા બતાવી એમને ગાંધીયુગમાં અપનાવી પોતાના ભેગા ભેળવ્યા છે. મલબારમાં આ પ્રાચીન દેરાસરજી સુંદર હાલતમાં ઊભું છે—જો કે બનાવનારાના નામોની એમના વંશજોને પણ ખબર નથી.

—ઃ કલકત્તા(બંગાળ) માંઃ—

# છાપરીયાની શેઠાઈ

શ્રી કાઠિયાવાડમાં માંગરોલનું બંદર સાહસિક વણિક ગૃહસ્થો-થી વિખ્યાત થયું છે. માંગરોલનું રાજ્ય ઘણું નાનું છે. જૂનાગઢના ભાયાતો એટલે મુસલમાન બાબીઓનું એ રાજ્ય છે. એના રાજ્ય-કર્તા "શેખસાહેબ" કહેવાય છે. એમના ચાલીશેક ગામોની પેદાશ એથી અઢી લાખ રૂપિયાની છે. મુખ્ય વસ્તીમાં દશાશ્રીમાળી વણિક ગૃહસ્થો છે. એમાં કેટલોક ભાગ વૈષ્ણવ ધર્મ પાળે છે, કેટલોક ભાગ જૈન ધર્મ પાળે છે; પરંતુ બંને વિભાગો ખૂબ સંપથી એકત્ર થઇ રહે છે. અરસપરસ કન્યાવ્યવહાર રાખે છે. ધર્મને નામે જરા પણ દ્વેષ નથી. હજી સુધી માંગરોલમાં આ ઉદાર ધાર્મિક સહિષ્ણુતા ચાલુ છે. માંગરોલની જમીન ભારે ફળદ્રૂપ છે. ઠેઠ મુંબઇ, કરાંચી સુધી શાકભાજી અને ફળફૂલોનો નિકાશ કરે છે.

શ્રી માંગરોલના વણિકો અને નાવિકો સાહસિક છે. ત્યાંનું વહાણવટું અતિ પ્રસિદ્ધ છે. માંગરોલના વણિકો આજે બસોથી અઢીસો વરસો થયાં પરદેશગમન કરે છે. એમનો મોટો વેપાર બુખારા, સમરકંદ અને બલ્ખ સુધી હતો. માંગરોલના વણિકો આજે પણ

મુંબઇની શેર બજારમાં અગત્યની લાગવગ ધરાવે છે. રાતા સમુદ્રનાં બંદરો એડન, સુયાકિમ અને હોડીડામાં એમની પેઢીઓ છે. માંગરોલના વેપારીઓએ પરદેશથી ખૂબ લક્ષ્મી આણી છે. આજે તેઓ ધન, ઐશ્વર્ય અને સુખસંપત્તિમાં મ્હાલે છે. એનું મુખ્ય કારણ સાહસિકતા છે. નાનપણથી વણિકપુત્ર મુંબઇ, કલકત્તા અથવા રાતા સમુદ્રના બંદરોખાતે નીકળી પડે છે. ને ત્યાં યશકીર્તિ મેળવે છે.

આ વણિક યુવકો બહુ થોડું ભણ્યા હોય છે. એમનું જ્ઞાન ગુજરાતી અને અંગ્રેજી ચાર–પાંચ ધોરણો સુધીનું જ માત્ર હોય છે. નાનપણથી જ વેપારીની નોકરીમાં દાખલ થઇ પ્રથમ સાદાં કામ, ઉઘરાણી અને નામું શીખે છે. ધીમે ધીમે નોકરીમાંથી રજા લઇને પછી પોતાના પગ ઉપર સ્વતંત્ર ઊભા રહેવાનું શીખે છે. તેઓ પાકા વેપારી છે. કરકસરીઆ હોય છે, પરંતુ ખાધેપીધે કે સારાં વસ્ત્રો પહેરવા માટેનો લોભ કરતા નથી. તેઓ ધીમે ધીમે પોતાના વેપારનો વિકાસ કરે છે. થોડા વરસોમાં સારો પૈસો મેળવે છે. એમને ઉત્તરાવસ્થા માંગરોલમાં ગાળવી ગમે છે. માંગરોલના શેખ પોતાની વસ્તીની કિંમત અને કદર જાણે છે અને એમને હમેશાં માનથી રાખે છે.

માંગરોળમાં સંવત ૧૮૩૦ એટલે આજથી ૧૬૭ વર્ષો પહેલા નાનજીશાનો જન્મ શા. જેકરણ ખીમજીને ત્યાં થયો હતો. તેઓ જ્ઞાતે દશાશ્રીમાળી અને જૈન ધર્મના અનુયાયી હતા. પિતાની નાની દુકાન હતી, પરંતુ મૂડીના અભાવથી એ દુકાન સારી ચાલતી નહોતી. નાનજી શાહ ગામઠી નિશાળમાં જઇ થોડા આંક અને લખવા વાંચવાનું સાધારણ શીખ્યા હતા, પરંતુ એમને વિશેષ જ્ઞાન નહોતું. ઘણો વખત પિતાની દુકાને બેસી રહેવું પડતું હતું. પિતાની તબીયત બરાબર નહોતી. છોકરો બહુ ચાલાક અને ઉદ્યોગી હતો,

પરંતુ સંયોગો બહુ પ્રતિકૂળ હતા. તે નિશાળે જઇ શકતો નહોતો. દરમહિને પંડયાને થોડું અનાજ આપવું પડતું હતું તે પણ નાનજી શાહ માતા પાસેથી મેળવી શકતા નહોતા. દુકાન પણ ઠીક ચાલતી નહોતી. નાનજીના સાહસિક સ્વભાવને આ પસંદ પડતું નહિ. સમય જોઇ તેણે એકદિવસે પિતા પાસે વાત ઉખેળી:

" બાપા, હું મુંબઇ જાઉં તો ? "

" મુંબઇ જઇ તું શું કરીશ ? આપણો કાંઇ લાગવગ કે વગ-વશીલો ત્યાં નથી. "

" ગમે ત્યાં કમાઇ ખાઇશ. અહીં તો સૌને ભૂખે મરવાના દિવસો આવશે. "

" ના ભાઇ, અર્ધો રોટલો હળીમળીને ખાશું. ચાર આંખો મળે એ જ શાંતિ છે. આપણે ક્યાંયે જવું નથી. "

નાનજીને તો મુંબઇની લગની લાગી હતી. તેણે વારંવાર વાત છેડી. પોતાના જ્ઞાતિના બીજા યુવકો મુંબઇ જઇ કમાતા હતા. પોતે પણ શા માટે ન કમાય ? તે માટે તેને લાગી આવતું હતું. મુંબઇ જનારને તે સમયે સોનાના પાસા મળતા હતા એવી સૌની સમજણ હતી. માંગરોળ સાથે મુંબઇનો વેપારી સંબંધ હતો, છતાં મુંબઇ તે વખતે લંડનથી પણ વધારે દૂરનો પ્રદેશ ગણાતો હતો. મુંબઇ જવું એ તો અતિ દૂરના પરદેશે જવા જેવું હતું. માથા-ફરેલાં થોડા ત્યાં જતાં હતાં. બાપને રોજની કડાકૂટ અને જીકરથી કંટાળીને એમ થયું કે ભલે નાનજી મુંબઇ ફરી આવે.

નાનજી માંગરોળ જેવા નાના ગામમાં ઉછર્યો હતો તે બીજા અનુભવ કે શિક્ષણની ગેરહાજરીમાં તદ્દન કાચો ગણાય. માત્ર દુકાન ઉપર બેસીને પઇની પીપરમીંટ અને કાંકરો વેચતાં શીખ્યો હતો.

તારાચંદ શેઠનું વહાણુ 'દરિઆદોલત' કપાસ ભરી મુંબઇ રવાના થવાનું હતું. એ વહાણમાં લાગવગ લગાડીને નાનજીને મોકલવાની જેકરણે ગોઠવણ કરી. પોતાના નાતીલા પાસેથી કાંઇ નોર વહાણધણીએ લીધો નહિ. નાનજીને સાચવીને લઇ જવાની વહાણના માલમને ભલામણ કરી, વહાણ તોફાનનો અનુભવ કરી મુંબઇ પહોંચ્યું. કદી બહાર ન નીકળેલા બાળક છોકરાને મુંબઇનો શું અનુભવ હોય? કોઇને ઓળખતો નહોતો. બંદર ઉપર માલમે ઉતારી મૂકયો. સગાસંબંધી કોઇ નહોતાં. હાથમાં પોતાની ફાટેલી ગોદડી અને બે જૂનાં પહેરવાનાં લુગડાં લઇને તે બંદરેથી નીકળ્યો. ખીસામાં પૈસા નહિ. કોઇની સાથે સંબંધ નહિ. હેબતાયલા જેવો આ કિશોર નાનજી અહીંતહીં ભમવા લાગ્યો.

આ વખતે મુંબઈમાં પુરી લાખ માણુસની વસતી નહોતી. હજી પાકાં મકાનો થોડાં હતાં, બાકી ઘરો ઘણાં નીચાં અને ઉપર જાળીઆવાળાં હતાં. ઘણા ઉપર તો ઘાસની છાજલી છાયેલી હતી. શહેર એક માઇલના ઘેરાવામાં હતું. તેની બહાર ખેતરો હતાં. મજગામ તો તે વખતે ઘણું દૂર ગણાતું હતું. તે વખતે માહીમ તથા શીવની અને મુંબઇની વચ્ચે મોટી ખાડી હતી. ગવર્નર પોતે બળદની બગીમાં બેસી નીકળતો હતો. પાછળથી ઘોડાની બગી કરી. પાયધુની આગળ દરિઆનો કીચડ અને ભરતી આવતી હોવાથી ત્યાં પગ ધોવા પડતા. આથી એનું નામ પાયધુની પડ્યું હતું. સર જમશેદજી હોસ્પીટલ સુધી હોડીઓ અને બોટો આવી શકતી હતી. લૂંટફાટ પણ કયારેક થતી, તેથી પોલિસનો બંદોબસ્ત થવા માંડયો હતો.

"કોણ છો છોકરા? કયાંથી આવ્યો?" અહીંતહીં રઝળતા નાનજીને એક સોરઠી દુકાનદારે પ્રશ્ન કર્યો.

"કાઠિયાવાડના માંગરોળ બંદરથી આવું છું. કાંઇ કામધંધો આપશો ?"

"કામધંધો તો મારી પાસે કાંઇ નથી. આ નાની દુકાનમાં હું રહું છું, સૂઉ છું. મને બીજો માણસ પરવડે નહિ."

"અહીં મારો કોઈ સગો-સંબંધી નથી. તમે મને જરા રસ્તે ચડાવી દ્યો તો હું ભારે નહિ પડું. ચીલો મળેથી મારું ગાડું ચાલશે તેનો જશ તમને છે."

પોતાના દેશનો વતની અને જૈન ભાઇ જોઇને દુકાનદારને દયા આવી. ભૂખે મરતા નાનજીને એણે આશ્રય આપી પોતાને ત્યાં ખવરાવ્યું. કાપડના બે ત્રણ તાકા આપીને ફેરી કરવા કહ્યું. રોકડે પૈસે માલ વેચવા જણાવ્યું.

છોકરો હાથવણાટના તાકા લઇને આખો દિવસ ફરતો હતો. ગોદીના મજૂરો ને માછીમારોનાં ઝુંપડાઓમાં તે ફેરી કરવા લાગ્યો. દરરોજ ૦)= કમાઇ આવવા લાગ્યો. વણિક દુકાનદારને એની પ્રમાણિકતાની ખાત્રી થઇ. દુકાન બહાર મેદાન હતું, તેમાં ત્રણ પથ્થર મૂકી નાનજી રોટલા ઘડી લેતો હતો. ચટણી કે શાક કોઇ દિવસે બનાવતો હતો. ફેરી કરતાં કરતાં રસ્તાઓ અને માણસોની સાથે ઓળખાણ થઇ. તેણે હવે બેને બદલે ચાર તાકાની ફેરી શરૂ કરી. ધીમે ધીમે ચાર છ માસે એની પેદાશ રૂ. ૦૧ દરરોજની થઇ.

એક મહારાષ્ટ્રના ભંડારીના ઘરના ઓટલે મકાન ધણીની મહેરબાનીથી બેસી તેણે કાપડના તાકા રાખવા માંડયાં. હવે વિલાયતથી લેંકેશાયરની મિલનું કાપડ પણ આવવા માંડયું હતું. નાનજીના ઓળખીતા પડેલા દુકાનદારે પણ એને જાંગડ માલ વેચવા આપવા માંડયો. નાનજીને માલ આપતો તેમાં દુકાનદારને પણ કસ રહેતો.

બાર માસ પછી નાનજીને દરરોજ એક રૂપિઓ મળવા લાગ્યો. એણે એક રૂપિઆના માસિક ભાડે સ્વતંત્ર ઓરડી લીધી. માબાપને માંગરોળથી તેડાવી લીધાં. તે દિવસે આટલી પેદાશ બાદશાહી ગણાતી હતી. નાનજી રોકડે માલ વેચતો હતો. ખૂબ પ્રમાણિક હતો એટલે એનું ગાડું સારું ચાલતું હતું. વેપારીઓ માલ ઉધાર આપતા હતા. આ રીતે ફેરીઆના ધંધામાં એનો ઉદરનિર્વાહ ચાલતો હતો, પરંતુ નાનજી શાહ સાહસિક વૃત્તિના હતા. એમને આટલા નાના કામથી સંતોષ ન થયો.

હિંદમાં તે વખતે રસ્તાઓ નહોતા. ગાડાંવાટો પણ થોડી હતી. પ્રવાસ કરવા માટે સીગ્રામ-પાલખીઓનો ઉપયોગ મુખ્ય રાજમાર્ગો ઉપર થઇ શકતો હતો. બાકી પર્વતમય અને કઠીન માર્ગો ઉપર જવાની કેડીઓ હતી. ગાડાંઓ કે બીજાં વાહનો એવા કઠીન રસ્તાઓની કેડીઓ ઉપર ચાલી શકતાં નહિ. તે સમયે પોઠો ચાલતી હતી. હજારો બળદોની પીઠ ઉપર માલ લાદીને વણજારાઓ ફરતા હતા. એક ગામથી બીજા ગામો સુધી આવી વણજારો ફરીને અનાજ, ગોળ, કાપડ વિગેરે લેતા–વેચતા હતા. વણજારાઓ બળદોની બંને બાજુઓએ બકરાંના વાળોના બનાવેલા બે છાલકાં (થેલા) એકથી દોઢ મણ અંગાલી માલ નાંખીને તેને બળદની બે બાજુએ સમતોલપણે ચડાવે છે. પછી ગામે ગામ ફરી એક ઠેકાણે જોઇતો માલ વેચી ત્યાંની પેદાશનો બીજો માલ ખરીદી લે છે. મારવાડના રણમાં હજુ આવી જાતનો પોઠો ચાલે છે. હિમાલયની કેડીઓ ઉપર પણ આવી બકરાં અને ઘેટાંની પોઠો ચાલતી મેં નજરે જોઇ છે.

હમણાં રેલ્વે, મોટરો અને વિમાનોના જમાનામાં આવી પોઠોનો ઉપયોગ લગભગ બંધ થયો છે, પરંતુ દોઢસો વરસો ઉપર યાંત્રિક વાહનોના અભાવે આવી વણજારો ખૂબ નીકળતી હતી.

નાનજી શાહ આવી વણજારોની સાથે સંબંધમાં આવ્યા. તેઓ સવારના વહેલાં ઊઠીને એવી વણજારોએ રાત્રે જ્યાં પડાવ નાખ્યો હોય ત્યાં પહોંચી જતા હતા. પ્રથમ એમણે હાથનું વણેલું કાપડ ગામડાઓમાંથી આવતું તે ખરીદ કરવા માંડયું. પોતાના વેપાર પૂરતું કાપડ લઇને તે છૂટક વેચવા લાગ્યા. તેમાં બે પૈસાની તારવણી ઠીક થવા લાગી. પાછળથી ગોધમ, ગોળ, ઘી, મગ પણ ખરીદવા માંડ્યાં. આ માલ લઇ તેઓ બીજા વેપારીઓને વેચવા માંડ્યા. એમની પાસે બસો ત્રણસો રૂપિયાની મૂડી થઈ ગઇ હતી તેમાંથી વેપાર કરવો શરૂ કર્યો.

આ સમયે દરેક વેપારમાં સારો કસ હતો. મુંબઇ શહેર વિકાસ પામતું જતું હતું. દેશાવરોથી કપાસ, ગોળ, કાપડ વિગેરે અનેક જાતનો માલ મોટા પ્રમાણમાં આવતો હતો. સાહસિક વેપારી માટે આ સારો મોકો હતો. નાનજી શાહ ચાલાક હતા. વેપારની એમને લગની લાગી હતી. રાત્રિદિવસ વેપારના જ ખ્યાલ આવતા. ભાવ પાડ, પડતર, ખર્ચ એ બધું આંગળીને ટેરવે રમવા લાગ્યું. વેપારમાં એ તલ્લીન થઇ ગયા હતા. બાપના અને માતાના આગ્રહથી એમણે વિવાહ કર્યો હતો; પરંતુ ખરો વિવાહ વેપાર સાથે હતો.

એમને મુંબઈ આવ્યે દશ બાર વર્ષો થયાં હતાં. મૂડી વધીને પાંચ હજારની થઇ હતી. તેમણે હવે વણજારાઓને વ્યાજે નાણાં ધીરવા માંડયાં. વણજારા માલ લઇ આવે તે પણ એમને સૌથી પ્રથમ મળે. તેમને સસ્તે ભાવે માલ મળવા લાગ્યો. તેઓ ખૂબ સાહસિક હતા અને વેપારનો શોખ પણ ભારે એટલે કામકાજનો વિકાસ થવા માંડયો. જેટલી વણજારો આવે તે સૌ હવે નાનજી શેઠ હસ્તક જ વેચાય. તેમણે બધા વણજારાઓને ધીરધાર કરવા માંડી. કામ ઘણું વધી ગયું. પોતાની શાખ સારી બંધાઇ હતી એટલે ગામ-

માંથી પુષ્કળ નાણું ઓછા વ્યાજે લઈને મોટા વ્યાજે નાનજી શાહે ધીરવા માંડયું. તેઓ હવે શ્રીમંતની ગણત્રીમાં આવ્યા. ઘરની ગાડી લીધી. માળો ખરીદવાની વાતચીત પણ ચાલતી હતી.

નાનજીશાહે જોયું કે માલ તરત લઇ તરત વેચવાથી નફો બહુ થોડો રહે છે. આથી તેમણે વખારો ભાડે રાખી માલ ભરવા માંડ્યો. તેજીએ માલ કાઢી વેચે; મંદીમાં વખારો ભરી રાખે. પરંતુ હમેશાં વેપારીને એ "પાર" છે. જેમ નફો મળે છે તેમ આસ્માની સુલ્તાનીએ નુકશાની પણ થાય છે. કયારેક કોઇ કજા લાગે છે ત્યારે વેપારી ગાલ પંપાળતો તદ્દન ભૂખડી બારસ જેવો થઇ જાય છે. ઉન્નતિ પાછલ અવનતિ ઘટમાળની પેઠે ચાલી આવે છે. નાનજી શાહ છેલ્લાં પંદર વરસો થયાં ઊંચે ઊંચે ચડયા જ જતા હતા, તેવામાં ઓચીંતા વિધાતાએ મોટો ફટકો લગાવ્યો.

હકીકત એવી બની કે સં. ૧૮૫૮ ની સાલમાં ચીંચ બંદર ઉપર મોટી આગ લાગી. અહિં નાનજી શાહની સર્વે વખારો આવી હતી. મ્યુનિસિપાલીટી પણ નહોતી. કે નહોતો બંબાઓનો બંદોબસ્ત. વખારો લગભગ કાચી બાંધેલી હતી. આગની ચીણગારીએ ભયંકર સ્વરૂપ લીધું. વખારોમાં જાતજાતના રસ-કસ, ઘી, ગોળ, તેલ, કાપડ, અનાજ ભર્યાં હતાં. જોતજોતામાં આગે ભયંકર સ્વરૂપ લીધું. આકાશગામી શિખાઓ જોઇ માલ ભરનાર વેપારીઓનાં હૃદયોમાં જ્વાળાઓ સળગવા લાગી. સૈન્યના માણસો આવી પહોંચ્યાં. તેમણે આગથી પથરાએલા ભાગને ઘેરી લીધો. તમાસબીનોને મારી કાઢયાં. ચારે તરફ ધૂળના ટોપલા નાંખીને આગને મર્યાદિત કરવામાં આવી. કૂવાઓમાંથી પાણી કાઢી છાંટવામાં આવ્યું. બે દિવસ પજરણ ચાલુ રહ્યું. છેવટે આગને કાબૂમાં લેવાઈ. આ આગમાં નાનજી

શાહનો બધો જથો ભસ્મીભૂત થઇ ગયો. વરસોની મહેનતે મેળવેલા ધનથી ખરીદેલા માલની રાખ થઈ ગઈ હતી.

નાનજીશાહને આજે નજદિકના કુટુંબીનાં મરણ કરતાં પણ વધારે ગમગીની થઇ. પંદર વરસની સખ્ત તનમનની મહેનત પછી ઐશ્વર્ય અને સંપત્તિની ઊભી કરેલી ઇમારત કરડ...ડ...ડ ભૂસ કરતી ધસી પડી હતી. આશાઓના અંબાર ઉપર પાણી ફરી વળ્યું હતું. જવાંમર્દ નાનજી શાહની આંખે ઝળઝળીઆં આવી ગયાં. ખાવા–પીવાનું ભાવતું નહોતું.

મોતીશા શેઠના મોટા ભાઇ નેમચંદ અમીચંદ સાથે એને મૈત્રી હતી. બંને દેરાસરજી દર્શને જતા ત્યારે સાથે થઇ જવાથી તેમના વચ્ચે વાતચીતનો વ્યવહાર શરૂ થયો. બંનેના સ્વભાવનો મેળ જામ્યો. પછી તો સાથે હરવા ફરવાનું થતું. સુખદુઃખની વાતો એક બીજાની સાથે કરતા. બંને વચ્ચે ગાઢ મૈત્રી બંધાણી હતી.

ચીચ બંદરની આગના બનાવ પછી દર્શને જતાં નાનજી શાહને નેમચંદ શેઠ મળ્યા. તેમણે પૂછયું:

" આગથી તમને કંઇ નુકશાન થયું ?"

" નેમચંદ શેઠ, હું તો મરી ગયો. મારું સર્વસ્વ ખલાસ થયું. હું ખાલી ખમ થઇ ગયો. સવા લાખ રૂપિયાની મારી ભેગી થયેલ મૂડી તો ગઈ, પણ પોણા લાખ ગામના ઉધાર લીધા હતા તે પણ રાખ થઇ ગયા. તેની ચિંતા મને મુંજવે છે."

" નાનજી ભાઇ એમ નાહિમત શું થાઓ છો ? ઊભા થાવ. ફેર લડેંગે. છાતી મજબૂત રાખો. વેપારીને નફો નુકશાન તો નસીબમાં લખ્યાં જ હોય છે."

"પણ મારા ઉપર તો બહુ વીતી છે. કરજના ડુંગર કેમ કપાશે તે સુઝતું નથી."

"એમાં તે શું થયું? કોના ઉપર નથી વીતતું. અમારી ઉપર કેવું વિત્યું હતું? મારા બાપાને વેપારમાં મોટું નુકશાન થયું. ભારે કરજ થયું. બાપા ઓચીંતા મરી ગયા. હું અને મોતીશાહ બંને નાના હતા, મારી માતા રૂપબાઇએ કમર કસી. તેણે લેણદારોને ઘરે તેડાવીને કાંધાં કરી આપ્યાં. કરકસર કરી ઘરનો ખર્ચ ઘટાડી નાંખ્યો. ધીમે ધીમે પંદર વરસમાં કરજ સાફ કરી નાખ્યું. અમને બંને પુત્રોને યોગ્ય રીતે ઉછેર્યાં. આજે એમના પૂણ્યપ્રતાપે પાછી લીલા લહેર થઇ ગઇ છે. ઊઠો ઊભા થાવ. મારા માતાજી પાસે ચાલો. તે યોગ્ય સલાહ આપશે."

બંને રૂપબાઇ પાસે આવ્યા. પ્રણામ કરી અશ્રુભીની આંખે નાનજીએ બધી વાત કરી.

"બેટા નાનજી, હિંમત શું હારે છે? માટી થા. લેણદારોને કાંધા કરી આપ. ભાઇ નેમા તું સાથે જઇને લેણદારો સાથે પતાવી દે. નિરાશ થઇશ નહિ. નશીબનું નવું પાનું ઉથલાવ. પુરુષના કપાળ આડું પાંદડું હોય છે. ધીરજ, ખંત અને પ્રમાણિકતાથી કામે લાગી જા. શું માણસો ઉપર દુઃખ નથી પડતું? કયો માણસ દુઃખથી છૂટ્યો છે? પ્રભુનું નામ લઇ ઊભો થઇ જા. ભલભલાઓને પણ આફતો આવી પડી છે. સૌ લેણદારોને પાઇએ પાઇ દૂધમાં ધોઇને દેવાની તારી દાનત છે તો સારું થશે. જા ભાઇ મુંઝાઇને બેસી ન રહે. મારા તને આશીર્વાદ છે. નેમા, એને મદદ કરજે."

નેમચંદશાહે સાથે જઇને બધા લેણુદારોને ભેગા કર્યા. બધાના લેણાની ચોકસી કરી ફરીથી નવાં ખાતાં પડાવી દીધાં.

"નાનજીભાઇ કલકત્તે જશો ?" એક વખત નેમચંદ શેઠના ભાઈ મોતીશાહ શેઠે નાનજી શાહને પ્રશ્ન કર્યો.

"કલકત્તે જેટલે છેટે જઇને શું કરું ? માંડ માંડ માએ સુખ જોયું હતું ત્યાં આફ્ત આવી પડી. તેમાં તેમને રઝળતાં કોના ઓથારે મૂકું ?"

"જુઓ નાનજીભાઇ, બંગાળની ખરીદનું મોટી રકમનું આપણું અફીણુ ચીન ચડે છે. કલકત્તાનો આડતીઓ બધું હોઇયા કરી જાય છે, માટે વિશ્વાસુ માણુસની જરૂર છે. ત્યાં તમે જઇ શકો તો બંનેને લાભ છે. બૈરાંની ફીકર ન કરો? તમે મરદ થઇ આવી ઢીલી વાત કેમ કરો છો. જાશો તો ઘર જેવું જ લાગશે."

"પણુ ત્યાં આપણું કોઇ સગુંસંબંધી, જ્ઞાતિભાઇ કે કોઇ ગુજરાતી નથી. બંગાળીઓની હું ભાષા જાણું નહિ. આપણો કોઈ ગુજરાતી બંગાળ ગયો મેં સાંભળ્યો નથી. અજાણ્યાં હું શું કરું ?"

"નાનજી શાહ, આવા ઢીલા કેમ પડી ગયા છો ? મુંબઇ આવ્યા ત્યારે કોણુ હતું? ત્યાં આપણા જૈન મારવાડીઓ ઘણાં છે. જિનાલય પણુ છે. હું કાગળો લખી આપીશ. જાઓ ફતેહ કરો. બંગાળમાં મંગળ વર્તાવો. મૂડી મારી, મહેનત તમારી, અર્ધો ભાગ તમારો, અર્ધો મારો. માલ ખરીદી ત્યાંથી સ્ટીમરોમાં ચીનના શેંગાઇ કે કેન્ટોન બંદરે ચડાવજો. ત્યાં આપણા આડતીઆ સંભાળી લેશે. કસીને માલ ખરીદવાની ત્યાં સગવડ છે. મારવાડી પૂનમચંદ હકમીચંદની પેઢી ઉપર એક લાખ રૂપિયા સુધી તમને ધીરવા માટે કાગળ લખી દઇશ.

આમ નિરાશ ન થાઓ, તમે ધૂળમાંથી ધન પેદા કરી શકયા હતા, તે આજ મુઝાઇ કેમ ગયા છો? જાઓ, પુરુષાર્થ જરૂર યારી દેશે."

સંવત ૧૮૫૯માં નાનજી શાહ કલકત્તા તરફ રવાના થયા. રેલ્વે તો હજી બંધાઇ નહોતી. એટલે પગરસ્તે પ્રવાસ શરૂ કર્યો. રસ્તામાં અનેક સંકટો ભોગવ્યાં. જંગલોમાં વળાવા લઇને મોટી વણજારો સાથે મુસાફરી કરી. દરરોજ પંદર વીશ માઇલોનો પ્રવાસ થતો હતો. ચોર લૂંટારુંઓ, હિંસક પશુઓનો ભારે ભય હતો. જંગલી ભીલો, ગોંડ, સંથાલ વિગેરે અનાર્ય જાતિઓનાં માણસો તીરકામઠાં લઇને તૂટી પડતાં હતાં. એમનાથી રક્ષણ માટે બંદૂકવાળા વળાવીઆ હતા. વળાવીઆ છતાં પણ કયારેક કયારેક ઝપાઝપીઓ થતી હતી. એક રાજાની સરહદ ઉપરથી બીજા રાજાની સરહદ ઉપર જતાં જકાતનો મોટો ત્રાસ હતો. જંગલમાં કયારેક જંગલી હાથીઓનાં ટોળાંઓ ભારે ગભરાટ ફેલાવતાં હતાં. વાઘ ચિત્તાઓ પણ બળદો ઉપર હલ્લા કરવા નીકળી પડતા હતા. રાત્રે મોટા તાપણાં કરીને તેની વચ્ચે સૂવું પડતું હતું. હાથમાં ભરેલી બંદુકો લઇ વળાવીઆ ચોકી કરતા હતા.

જંગલોમાં કયાંઇ કયાંઇ મચ્છરોનો ત્રાસ ભારે રહેતો ત્યારે સૌને એક બે વખત તાવ આવી જતો હતો. કયારેક કયારેક કીચડમાં ગાડાંનાં પૈડાં ખુંચી જતાં તે કાઢવા ભારે મહેનત કરવી પડતી. રેતીમાં પણ મુસાફરી ભારે તકલીફવાળી થતી. સૌથી મોટી મુશ્કેલીઓ નાની મોટી નદીઓ ઓળંગતાં થતી હતી. હોડીઓ ઉપર ગાડાંઓ તથા બળદો ચડાવીને બીજે પાર લઇ જવાં પડતાં. કોઇ સ્થળે યુદ્ધના છમકલાં થતાં તેવે સ્થળે સૈનિકો ગાડાંઓને વેઠે પકડી લેતા હતા. આ વણજારનાં ગાડાઓ પણ એક વખત પકડાયાં હતાં. ત્યારે તેને હાથે પગે લાગી લાંચો આપી છોડાવ્યાં હતાં. કયાંઇ કયાંઇ વણજાર

માટે દિવસો સુધી ખોટી થવું પડતું હતું. એક બે વખત એક બે અંગ્રેજ સૈનિક અમલદારો પાલખીમાં બેસીને જતા હતા. તેમનો સાથ મેળવી નાનજી શાહ આગળ પ્રવાસ કરતા હતા. આવી અનેક હાડમારીઓ ભોગવીને તેઓ ત્રણ મહિને કલકત્તે પહોંચ્યા હતા.

કલકત્તામાં મારવાડી આડતીઆની પૂછપરછ કરી તેને શોધી કાઢ્યા. મારવાડી ભાઈએ પોતાના ધર્મબંધુને આવકાર આપ્યો. એ વખતે હિંદી ભાષાનો પ્રચાર મુંબઈમાં જુજ હતો. નાનજી શાહ પ્રથમ ગુજરાતી તરીકે કલકત્તામાં આવ્યા હતા. તેમને સૌ નવું નવું લાગવા માંડયું. મારવાડી આડતીઆને એ આડખીલી જેવા જણાયા. આડતીયો તેમને કામકાજમાં વાકેફ કરતો નહોતો. તેની ખૂબ ખુશામત–સીફારસ કરવા માંડી, પરંતુ કામકાજ બતાવે નહિ. નાનજી શાહ જમાનાના ખાધેલા હતા. તેમણે ધીમે ધીમે બીજા વેપારીઓ સાથે દોસ્તી કરી લીધી. આખો દિવસ દલાલોની સાથે ફરવા માંડયું. વેપારની સર્વે બાજુઓ જોઈ લીધી. કયાંથી અફીણ આવે છે, કોણ મોટા વેપારીઓ છે, કોણ પ્રમાણિક દલાલો છે, કયારે કેટલો માલ મળે છે એ બધી ખબરો મેળવી લીધી. બે ચાર માસમાં તો પોતે જૂના થઈ ગયા. હવે તેણે સ્વતંત્ર પેઢી ખોલી દીધી. માણસો રાખી લીધાં. મારવાડી આડતીઆ પાસે લાખ રૂપિયા લઈ એનો માલ પણ ખરીદી લીધો. સ્ટીમર માસે બે માસે ચીનની જતી હતી. તેમાં નૂર બાંધી માલ ચડાવી દીધો. કાસદોની મારફતે મુંબઈ ટપાલ જતી હતી. ત્યાં એ બધી હકીકત લખી મોકલી.

પહેલી સફરમાં ૫૦ પેટી મોકલી દીધી. પછી સ્ટીમર મળી ગઈ તેમાં ૧૦૦ પેટી ચડાવી. ચીનખાતે વેચાણ સારું

આવ્યું એટલે માલ ચાલુ સ્ટીમરોમાં ૧૦૦ થી ૧૫૦ પેટી ચડાવવાનું ચાલુ રાખ્યું. માલના પૈસા ચીનનું ચલણ (ગોલ્ડર) લંડનમાં વટાવીને લંડનની બેંક મારફતે મુંબઇ આવતા હતા, પરંતુ હોંગકોંગ અને શેંગાઇ બેંકની કલકત્તામાં શાખા થતાં એ તકલીફ મટી ગઇ. નાનજી શાહ વેપારમાં બહુ રસ લઇ રહ્યા હતા. જે વેચાણ આવ્યાં તેમાં સારો નફો પોતાને ભાગે આવ્યો. નાનજી શાહની અરજ ઉપરથી નેમચંદ શાહે એક લાખને બદલે બે લાખની ક્રેડીટ કલકત્તે મોકલી. પહેલે જ વરસે ચોખ્ખા અડધો લાખ રૂપિયા બંને ભાગીદારોને નફો મલ્યો. નફો જોઇ બીજે વરસે નાનજી શાહે સારો વેપાર ખેડ્યો, તેમાં કંપનીને લાખ રૂપિયા નફો મલ્યો.

આ રીતે નફામાંથી નાનજી શાહે પોતાના લેણદારોનાં કાંધાં ભર્યાં. પછી એમણે પોતાની મૂડી ભેગી કરવા માંડી. પાંચ વરસને આખરે તેમની ગાંઠમાં ખર્ચ તથા દેણું કાઢતાં એક લાખ રૂપિયા થઇ ગયા. પોતે મુંબઇ તરત જવાનો વિચાર રાખ્યો હતો, પરંતુ કલકત્તા એમને અનુકૂળ પડી ગયું. કલકત્તાનો અફીણનો વેપાર એમની આંગળીઓને વેઢે આવી ગયો. એમને જોઇ બીજા બે–ત્રણ ગુજરાતીઓ પણ ચોખા તથા જારના ધંધાને વાસ્તે કલકત્તામાં આવી પહોંચ્યા હતા. જ્યાં વેપાર હોય ત્યાં ગુજરાતીઓ દોડે છે. જ્યાં કાંઇ પણ નફો મેળવવાની વાત હોય તો વણિકપુત્રને તરત સુગંધ આવે ને એકદમ ત્યાં પહોંચી પોતાનું નસીબ અજમાવે છે. નાનજી શાહે ગાડી–ઘોડા રાખ્યા. એમણે પોતાના કુટુંબને કલકત્તે તેડાવી લીધું. બૈરાંઓને પ્રથમ તો મારવાડી કુટુંબોમાં ભાષાના અજ્ઞાનને લીધે તકલીફ થઇ, પરંતુ પરિચયથી ભાષા આવડી ગઇ એટલે જીવ મળી ગયો. નાનજી શેઠ હવે કલકત્તાના વાસી થઇ ગયાં. સ્ટીમરોની આવજાવ શરૂ થઇ ગઇ હતી એટલે મુંબઇ વિવાહ

દિક પ્રસંગે પાંચ સાત વર્ષે જતા આવતા હતા.

નાનજીશાહ ચીનનો વેપાર કરતા હતા એટલે વેપારીઓમાં તેઓ બાબુ નાનજી ચીનાઇ તરીકે ઓળખાવા લાગ્યા. એટલામાં મુંબઇથી સમાચાર આવ્યા કે નેમચંદ શાહ સ્વર્ગવાસી થયા છે. નાનજી શાહને આથી ઘણી દિલગીરી થઇ. તેઓ એમને ખરખરે મુંબઇ જઇ આવ્યા. નેમચંદશાહને ગુલાબચંદ નામે નાનો બાલક પુત્ર હતો. વહીવટ બધો મોતીચંદ શાહે સંભાળી લીધો. પંતીઆળાની ગોઠવણો સર્વે મોતીચંદ અમીચંદ સાથે કરી. પહેલાની ગોઠવણમાં નાનજીશા બીજો કાંઇ વેપાર ન કરે, માત્ર અફીણનો જ કરે એવી સરત હતી, હવે મોતીશાહ સાથે એમણે સરતમાં બીજો વેપાર પણ કરવાની છૂટ રખાવી. પછી એમણે કલકત્તામાં આડતનો ધંધો ચાલુ કર્યો. પોતાનાં કેટલાંક સંબંધીઓને કલકત્તે બોલાવીને નાના ભાગ આપીને ધંધે ચડાવ્યા ને દેખરેખ પોતાની રાખી.

મુંબઇ કલકત્તા વચ્ચે હવે રેલ્વે બંધાતી હતી. વેપાર વધતો હતો. મુંબઇ ઇલાકામાં ચોખા બહુ થોડા થતા હતા. ઊંચા ચોખા અરીબોને અનુકૂળ આવતા નહોતા. બંગાલી પાકા ચોખાની મુંબઇમાં સારી માંગ હતી. નાનજીશાહે વેપારીઓને પોતાની આડતમાં આ માલ મોકલવા માંડ્યો. જુટના વણાટના કોથળા પણ મોકલવા માંડ્યા. ખજુર ખારેક વિગેરે બસરા, બહેરાનથી મગાવવા માંડ્યાં. મલબારથી કાથાના દોરડાં, કરીઆણું, સુંઠ, મરી, એલચી આવવા માંડ્યાં. મુંબઇમાં કાપડની મિલોની શરૂઆત થઇ હતી એટલે ત્યાંથી કલકત્તે કાપડ આવતું હતું. આ રીતે પોતાની આડતની દુકાન સારી ચાલતી જોઇ નાનજીશાહે મુંબઇમાં શાખા ખોલી. ત્યાં પોતાના મોટા છોકરાને કામ સોંપ્યું. ઘરનો વેપાર કાંઇ કરવો નહિ. આડતનું કામ કરવું એવો પ્રબંધ રાખવામાં આવ્યો હતો.

મુંબઇના સર જમશેદજી જીજીભાઇ પહેલા બેરોનેટ જાતે પાંચ વખત ચીનની મુસાફરીએ કરી આવ્યા હતા. એમણે અફીણનો મોટો વેપાર શરૂ કર્યો હતો, પરંતુ કલકત્તામાં એમને આડતીઆ માટે પુરતો સંતોષ નહોતો. આડતીઓ બજારને કસીને ખરીદી કરતો નહોતો. આથી સર જમશેદજીએ પોતાની ખરીદનું કામ નાનજીશાહને આપવા પૂછયું. નાનજીશાહે એમને લખી વાળ્યું કે આ વેપારમાં અમારો પણ રસ છે. આથી અમે તમારું કામ કરી શકશું નહિ. અમારો વેપાર ન હોય એવી વસ્તુઓ અમે મોકલી શકશું. સર જમશેદજી અને મોતીશાહને ઘરોબા જેવો સંબંધ હતો. મોતીશાહે સર જમશેદજીની ભલામણથી નાનજીશાહને મુંબઇ તેડાવ્યા. તેમને સમજાવી શરમાવીને ત્રણે જણાનો સરખો ભાગ ઠરાવી નવી કંપની ઊભી કરીને તે રીતે કલકત્તેથી અફીણની ખરીદી કરવાનું અને ચીન ચડાવવાનું ચાલુ રાખ્યું. આ કું. નો વહીવટ પણ સર્વને માટે યશસ્વી નીવડ્યો. આડતીઆઓને હિસાબે પણ અફીણ ખરીદવાની છૂટ લઇ લીધી હતી.

હવે નાનજીશાહ ખરેખર શાહ સોદાગર થયા. એમને લાખો રૂપિયાની મૂડીની છૂટ હતી. આડતીઆઓની પુષ્કળ ખરીદી આવતી હતી. પોતાનો વેપાર પણ મોટે પાયે ચાલતો હતો. અફીણના સૌથી મોટા ખરીદીયા નાનજીશાહ થયા. એમના હસ્તક હવે અફીણનો અર્ધો અર્ધ જથ્થો ખરીદાવા લાગ્યો. મોટા અને પ્રમાણિક વેપારી તરીકે તેઓની ભારે ખ્યાતિ થઇ. સેંકડો માણસો એમની પેઢીઓમાં કામ કરવા માંડયાં.

નાનજીશાહે જગતની લીલી-સૂકી જોઇ હતી. સતત ઉદ્યોગ અને નેક નિષ્ઠા તેમના જીવનમાં વણાઇ ગયાં હતાં. પુષ્કળ ધન છતાં એ મોજશોખને આધીન થયા નહિ. સવારે દેરાસરજીમાં

દર્શન-પૂજા કરી આવ્યા પછી વખારે આવી જાતે કામકાજ જુએ, નામું રોજ તપાસે. આખો દિવસ ઉદ્યોગપરાયણ રહે. કોઈ દિવસે એમણે નાટક જોયું નહોતું. જ્યારે પણ સમય મળે ત્યારે પોતાના ધર્મના નિયમો મુજબ જપ, તપ કરે. વિશેષ ભણ્યા નહોતા એટલે એમને બીજું વાંચવા કે વિચારવા જેવું નહોતું. યાત્રાઓ તો ઘણી વખત કરી આવ્યા હતા. દાન પુન્ય પણ સારું કરતા. જૂના જમાનાના એકેય ખરાબ લક્ષણ વગરના સાદા સીધા ધનવાન ગૃહસ્થ હતા. કરકસર પણ બહુ ગમે. છોકરાઓને લાંબો પગ ભરવા આપે નહિ.

તેઓ હવે ચાલુ કલકત્તાખાતે રહેવા લાગ્યા. વેપારી સમાજ સિવાય બીજે વધારે ઓળખાણ નહિ. વરસોનાં વરસો કલકત્તામાં રહ્યા છતાં બંગાળી વાંચતાં લખતાં આવડતું નહોતું. અધકચરું બંગાળી બોલતા હતા. બંગાળીઓ વેપારી પ્રજા નથી. એમનામાં જમીનદારીનો ભારે માનમરતબો છે. ગમે તેવો ધનવાન હશે તો પણ વધારેના પૈસા ગવર્નમેન્ટ શેરોમાં રોકશે. એમનો દેશ બહુ સમૃદ્ધ-કાચી ધાતુઓનો ભંડાર છે. ગંગા અને બ્રહ્મપુત્રા જેવી વિશાળ નદીઓ બંગાળમાં વહે છે. એટલે જમીનમાં માથા વાવે તે પણ ઊગે તેવી રસાળ છે. જુટ તો એ જમીનમાં ખૂબ પ્રમાણમાં થાય છે. ચોખા મોટી રકમે પેદા થાય છે. બંગાળીઓમાં હજારો જમીનદારો છે. કોલસો પણ પુષ્કળ મળે છે. છતાં એ સર્વે ઉદ્યોગો મોટે ભાગે અંગ્રેજો અને થોડે ભાગે મારવાડીઓ તથા ગુજરાતીઓના હાથમાં છે. બંગાલીઓ ધનવાન હોવા છતાં ઉદ્યોગ-વેપારને પડખે ચડયા નહિ. હવે થોડો થોડો રસ લે છે, છતાં ઉદ્યોગોમાંથી બાર આના રકોચ લોકોના હાથોમાં છે.

નાનજીશાહ ગુજરાતી તરીકે સૌથી પહેલા બંગાળમાં આવ્યા

ત્યારે કોઇ ગુજરાતી વેપારી ત્યાં રહેતો નહોતો, પરંતુ એમના આવ્યા પછી ધીમે ધીમે ગુજરાતીઓ આવ્યા. કરીમભાઇ ઇબ્રાહિમ અફીણના વેપાર માટે ત્યાં આવ્યા. તેમની સાથે કેટલાક પારસી ગૃહસ્થો પણ વેપાર માટે આવ્યા. શેઠ ચંદા રામજીએ એક જુટ મિલની સ્થાપના કરી. કચ્છ—માંડવીના પાંચ ભાટીઆ ગૃહસ્થોએ પેઢી સ્થાપી. સુરતના બે વહોરા ગૃહસ્થોએ પેઢીઓ ખોલી. એ રીતે આપણા ગુજરાતીઓ કલકત્તામાં આવવા લાગ્યા. હવે ઇસ્ટ ઇંડીયા રેલ્વે બંધાઇ ગઇ હતી. જબલપુર માર્ગે લોકો આવતાં હતાં. પોતાના કુટુંબોને પણ તેડી લાવતાં હતાં. મારવાડીઓ વધારે સંખ્યામાં આવ્યા હતા. ગુજરાતીઓ પણ ૫૦૦ જેટલાં આવી ગયા હતા. નાનજી શાહ કલકત્તામાં ૬૮ વરસો રહ્યા તે દરમ્યાન ૨૦૦૦ ગુજરાતીઓની વસ્તી થઇ ગઇ હતી. હમણા (૧૯૪૧ માં) વીશ હજાર ગુજરાતીઓ કલકત્તામાં વસે છે.

એ સમયે ગુજરાતીઓની માત્ર ૩૦૦ સ્ત્રીઓ કલકત્તે આવી હતી, બાકી સૌ છડાં એટલે એકલાં આવતાં હતાં. વીશીમાં સૌ જમતાં હતાં. બધું સસ્તું હતું એટલે માસિક પાંચ રૂપિયામાં વીશી-વાળો જમાડતો હતો. બાર માસ રહી આમાંનાં ઘણાંખરાં દેશ આંટો મારીને પાછા આવતા હતા. કોઈ વિવાહ કે બીજાં સાંસા-રિક કાર્યો ત્યાં થતાં નહોતાં. ગુજરાતીઓ પાકું સંસ્થાન વસાવી રહ્યા નહોતા. ઘણા દુકાનદારો હતા, ઘણા મહેતાજીઓ હતા, ઘણા દલાલી કરતા હતા, સોએક વેપારીઓ હતા. બૃહદ ગુજરાતમાંથી ધીમે ધીમે કલકત્તા તરફ પ્રવાહ આવતો હતો. મારવાડીઓ સાથે થોડો મિલાપ હતો, બંગાળીઓ સાથે જુજ હતો. ગુજરાતીઓમાં એકસંપી સારી હતી. ભાટીઆઓ વેપારમાં કાંઇક આગળ વધેલા હોવાથી ગુજરાતીઓનો લત્તો ભાટીઆપટીને નામે ઓળખાતો હતો.

નાનજી શાહ આડત્રીસ વર્ષો સુધી કલકત્તામાં ચાલુ રહ્યા. હવે તેઓ બાબુ નાનજી ચીનાઇને નામે ઓળખાતા હતા. ધર્મમાં ભારે ચુસ્ત હતા. બાકીનો સમય વેપારમાં ગાળતા હતા. એકમાર્ગી પ્રમાણિક, વ્યવહારિક ચતુરાઇવાળા ગૃહસ્થ ગણાતાં હતાં. પુષ્કળ પૈસો હેવા છતાં સાદાઇથી રહેતા. જાતે મહેનત કરવાનો વૃદ્ધાવસ્થા સુધી પણ એમનો સ્વભાવ હતો. મોતીશાહની ભાગીદારી પા સૈકાથી ઉપર ચાલી હતી. મોતીશા શેઠ સંવત ૧૮૯૨ માં સ્વર્ગવાસી થયા. તેમના વારસ ખીમચંદ શેઠનું ધ્યાન સટ્ટા ઉપર ખેંચાયું હતું. નાનજીશાહ ૨૮ વરસ કલકત્તામાં રહ્યા છતાં સટ્ટાની નજદિક ગયા નહોતા. એમને સટ્ટા પ્રત્યે ઘૃણા હતી. દેશકાળ હવે ફરતો જોઇને વિચાર થતાં દૂધમાં મીઠું નાખી બગાડવા કરતાં સાકર નાંખી અરસપરસ છૂટા થઈ જવું સારું છે તેમ તેના અનુભવી વૃદ્ધ મગજને લાગ્યું. તેથી નાનજીશાહે દીર્ઘદષ્ટિ વાપરીને સં. ૧૮૯૭ માં ખીમચંદ શેઠને મળી રાજીખુશીથી પત્યાળું જુદું કરી નાખ્યું ને પોતે મુંબઇ તેમજ કલકત્તાનો સ્વતંત્ર વેપાર પોતાને નામે કરવા માંડયો.

મોતીશાહ શેઠની સાથે જુદા થયા પછી નાનજીશાહને કલકત્તામાં રહેવું ગમ્યું નહિ. અફીણના વેપારમાં હરિફાઈ વધી જવાથી કાંઇ કસ રહ્યો નહોતો. આથી આડતનું કામ રાખી ઘરનો વેપાર બંધ કરી દીધો. નાનજીશાહ હવે વૃદ્ધ થયા હતા. સીત્તેરની લગભગ એમની ઉમર થઇ હતી. બાકીનો સમય સ્વદેશમાં ગાળીને ત્યાંના પંચભૂતમાં મળી જવાનો વિચાર રાખ્યો. તેઓશ્રી મુંબઈ આવી થોડા માસ રહ્યા. ત્યાં અનુકૂલ ન આવ્યાથી દેશમાં (માંગરોલમાં) આવી રહ્યા. જે ભૂખડી બારસ છોકરો ત્રણ લુગડે વહાણમાં બાવન વરસો ઉપર નીકળ્યો હતો તે માંગરોલમાં અતિ ધનવાન થઇ મોટી સાહ્યબી

સાથે પાછો ફર્યો. તેણે હવે પેઢીઓ પોતાનાં છોકરાંઓને સોંપી હતી. દેખરેખ પણ રાખવી મૂકી દીધી હતી.

એમણે હવે પોતાનું બધું ધ્યાન ધર્મ ઉપર રેડયું. સાધુમુનિ-નો નિત્ય ઉપદેશ સાંભળવો અને ધ્યાન તેમજ દાન કરવામાં વખત ગાળવા માંડયો. યુવાનીમાં સારી રીતે મહેનત કરેલી. સાદું જીવન ગાળેલું એટલે એમની તંદુરસ્તી છેવટ સુધી સચવાઈ રહી. દેવદર્શન, પૂજા તથા વ્યાખ્યાન-વાણી સાંભળીને પછી પોતાને હાથે શાક ખરીદી ઘરે આવતા હતા. બપોરે સુવાનો અભ્યાસ નહોતો. એટલે બેઠા બેઠા સામાયક કરતા હતા. ખુશી-સમાચારના કાગળ પત્રો પણ છેવટ સુધી પોતાને હાથે જ લખતા હતા. ગાડી ઘોડો રાખ્યાં હતાં તેમાં બેસી સાંજના મિત્રો સાથે ફરવા જતા હતા. આવી રીતે સાત વરસો પસાર થયાં. નાનજીશાહ અતિ સુખી હાલતમાં સ્વર્ગવાસી થયા. વૃદ્ધ ઉમર, સાધારણ સારી તંદુરસ્તી, સારું ધન, વાડી, ગાડી, પુત્રો, પૌત્રો, દીકરીઓ, દોહીત્રાં, કુટુંબ-પરિવારથી વીંટળાઇ ૭૪ વરસની પાકી ઉમરે ભાગ્યશાળી ડોસા પોતાના સત્કર્મના સુંદર ફળો ભોગવવા ચાલી નીકળ્યા. સંવત ૧૯૦૪ ના માગશર વદ ૪ શનિવારના રોજે ૭૪ વરસો સુધી આ સંસારમાં રહી એમણે વિદાય લીધી. આવા સુખી જીવડાં હજારોમાંથી એકાદ મળે છે.

નાનજીશાહ પોતાની પાછળ ચાર પૂત્રો મુકી ગયા હતા. તેમાં મોટા મકનજી પિતાની હૈયાતીમાં છૂટા થયા હતા. નાના ત્રણ સુંદરજી, જેઠાભાઈ અને મદનજી સાથે એક સંપે રહીને શા. નાનજી જેકરણને નામે પેઢી ચલાવવા લાગ્યા. કામકાજ સારું ચાલતું હતું. ધન, દોલત, જાગીર બધું હતું. વેપાર હતો. પરંતુ સંતોષ નહોતો. હજારવાળાને દશ હજાર મેળવવાની, દશ હજારવાળાને લાખ મેળ-

વવાની, લાખવાળાને દશ લાખ મેળવવાની અને દશ લાખવાળાને કરોડ મેળવવાની તૃષ્ણા જાગે છે. હિંદીઓમાં વડીલોએ પેદા કરેલું ધન સાચવવાની દરકાર બહુ થોડાને જ રહે છે. સાત પેઢીએ સાહુકાર બહુ થોડાં જ નીકળે છે. બાકી તો સટ્ટો, વેશ્યાઓ કે રેસમાં નાણું ગુમાવી નાંખે છે.

નાનજીશાહના છોકરાંઓને ધર્મસંસ્કાર હતા. એમને ખરાબ રસ્તે જવાની કુબુદ્ધિ તો સુઝી નહિ, પરંતુ અતિ ધનવાન થવાનો લાગ જોવા લાગ્યા. એઓ સટ્ટાને નાદે ચડયા. સને ૧૮૬૫માં મુંબઇમાં બેકબેનો દરિઓ પુરવાનો મોટો સટ્ટો ઉપડયો. એ ક્રૂર પવનના વેગમાં નાનજીશાહના ત્રણે પુત્રો આવી ગયા. પિતાની સકમાઇનો પૈસો એસીડની પેઠે હવામાં ઊડી ગયો. પેઢીને નાદાર બનવું પડયું. અધૂરામાં પૂરું ભાઇઓ વચ્ચે ક્લેશ જાગ્યો. સુંદરજી સજ્જન હતો, પરંતુ ક્લેશના વકેણથી તેને ભાઇ ભાઇના ઝગડામાં ઘણું સહન કરવું પડયું. નાદારી મેળવતા ચાર વરસ લાગ્યાં. છેવટે નાદારી મળી એટલે કલકત્તે જઇ નાને પાયે વેપાર કરવા લાગ્યા. નાનજી બાબુનો સુખદ સમય તો હવે સંભારવાનો જ રહ્યો, છતાં કલકત્તામાં નાનજીશેઠે જે પ્રતિષ્ઠા સંપાદન કરી હતી તેના પરિણામે કલકત્તામાં જમીનદારો, શ્રીમંતો અને રાજ્યમાન્ય બાબુઓનો વસવાટ છે છતાં પણ સંઘપતિનું સ્થાન ( માન–મરતબો ) અત્યારે પણ માંગરોળી ( છાપરીયા ) આગેવાનને મળતું આવ્યું છે.

# ચીનનો પહેલો પ્રવાસી

ચીનાઇની અટકથી ઓળખાતા શાહ તારાચંદ મોતીચંદ મૂળ કાઠિયાવાડના વતની હતા. એમણે મુંબઈના સૂર્યોદયની શરૂઆતમાં જ મુંબઇ આવીને સારા વેપારી તરીકે નામના અને સમૃદ્ધિ મેળવી હતી. પાછળથી તેઓ અફીણની ખરીદી કરી ચીનખાતે ચડાવતા હતા. આ ગૃહસ્થ મૂળ કયાંના રહેવાસી હતા? અને કયારે મુંબઇ આવ્યા? તે કાંઇ જણાયું નથી. એમનો આગલો ઇતિહાસ પણ કાંઇ જણાયો નથી પણ જે હકીકત મળી છે તે જોતાં તેઓની ભાષા–પહેરવેશ કાઠિયાવાડી હતા. રહેણીકરણીમાં શ્રદ્ધાળુ જૈન હતા. તેમને ધંધા રોજગાર ઉપરાંત વાંચવા, વિચારવા અને જોવા–અવલોકવાનો શોખ પણ હતો. સાધારણ રીતે વેપારીઓને પોતાના વેપારધંધાનો જ ખ્યાલ હોય છે અને પૈસો પેદા કરવાની જ તાલાવેલી રહે છે ત્યારે તારાચંદની દૃષ્ટિ વ્યાપક હતી.

તે ચીનમાં અફીણ વેચવા મોકલતા હતા પરંતુ એથી એમને સંતોષ ન થયો. તેઓએ ચીન વિષે ઘણું સાંભળ્યું હતું. એ દેશ જોવા–અવલોકવાની એમને ઇચ્છા થઇ. પરંતુ ચીન હજુ સુધી

કોઈ હિંદુ ગયો નહોતો. એ દેશ તદ્દન અપરિચિત હતો. કોઇ કોઇ ચીના મુંબઇમાં હતા. તેમની સાથે પ્રસંગ પાડી તેણે ચીનને લગતી કેટલીક હકીકત મેળવી લીધી. એનું જિજ્ઞાસુ મન ચીનની સફર કરવા ખેંચાયું. સગાંસંબંધી અને કુટુંબીઓની સલાહ પૂછી, તો એવા અજાણ્યા દેશમાં એકલા જવાની સૌ ના પાડવા લાગ્યા. ચીન દેશ તે વખતે દુનિયાપાર ભારે ભયંકર લાગતો હતો. એની સ્ત્રી કોઈ રીતે રજા આપતી નહોતી. ચીન જવાની તારાચંદને લગની લાગી હતી, પરંતુ કુટુંબના વિરોધથી બે વરસ નીકળી ગયાં.

છેવટે ચાલુ સમજાવટથી એને રજા મળી. એ વહાણમાં બેસી કલકત્તે આવ્યો. ત્યાંથી અંગ્રેજી વહાણ મળ્યું તેમાં બેસીને ચીન તરફ રવાના થયા. સાથે એક હિંમતવાન ઘાટી નોકર હતો. વહાણમાં રસોઇ પાણી માટે પોતાની સગવડ જુદી કરી લીધી હતી. રસ્તામાં તોફાન નડ્યું. મોટા ધડાકા સાથે વિજળી થવા લાગી. પવન સાથે વરસાદ પણ આવ્યો. છીછીઆરા પવનને લીધે સમુદ્રમાં વાવાઝોડું ઉમટ્યું. વંટોળીઆમાં વહાણની ગતિ બંધ જેવી થઈ પડી. મોટાં હાથી જેવડાં મોજાંઓ તણખલાની પેઠે વહાણને આમતેમ ફેંકવા માંડ્યાં. ચારે તરફ મોજાંઓના મારથી વહાણ દડાની પેઠે ઉછળવા લાગ્યું. ચારે તરફ ઘોર ગર્જનાઓ ને વિજળીના ઝબકારા થવા લાગ્યા. છીંછીઆરો પવન વાવા લાગ્યો. વહાણનો કપ્તાન અનુભવી હતો, છતાં આવા ભયંકર ઝંઝાવાત સામે એનું શું બળ? એણે વહાણને બચાવવા અનેક પ્રયત્નો કર્યા.

તોફાન જેવું જલદી આવ્યું હતું હતું તેવું જ જલદીથી બંધ થઇ ગયું. જે સાગરમાં તાંડવ નૃત્ય ચાલતું હતું તે હવે શાંત થઇ ગયું. પર્વત જેવાં મોટાં મોજાં હવે સાદા સ્વરૂપને ધારણ કરવા લાગ્યાં. વહાણ ઘવાયું હતું પણ બચી ગયું. એના સઢો,

દોરડાં, સામાન સર્વે નાશ પામ્યાં હતાં. વહાણના ડક્કા ઉપરની સર્વે ચીજો સમુદ્ર ખેંચી ગયો હતો. વહાણ ઘવાયલા પક્ષીની પેઠે લથડીઆં ખાતું હતું. તરત જ કપ્તાનની આજ્ઞાથી ખલાસીઓ વહાણના તાત્કાલિક સમારકામમાં મંડી ગયા. ત્રણ ચાર દિવસો સુધી થીગડથાગડ કામચલાઉ સમારકામ કરવામાં આવ્યું. રસ્તામાં મળેલ એક વહાણે એમને થોડી ભોજનસામગ્રી અને બીજી વસ્તુઓ આપી.

તારાચંદ પંદર દિવસે શાંગહાઇ પહોંચ્યો. અહીં દશ લાખની વસ્તીવાળા શહેરમાં પોતે એકલવાયો લાગ્યો. કોઈ ભાષા જાણે નહિ. પોતાને ભાંગી ત્રુટી અંગ્રેજી આવડે. એક બંદરના અંગ્રેજ અધિકારીને પોતાના આડતીઆનું ઠેકાણું પૂછયું. અંગ્રેજ અધિકારી સારો માણસ હતો. એણે ગાડી કરી આપી. ત્યાંથી આડતીઆને ત્યાં પહોંચ્યો. આડતીઆને દુભાષિયા મારફતે અંગ્રેજીમાં પોતા માટે જુદાં મકાનની વ્યવ્વસ્થા કરવા કહ્યું. એક ઘર ભાડે લઇને રહ્યા. પરંતુ ચીનાઈ ભાષાના જ્ઞાન વગર આ દેશમાં આગળ કામકાજ ચાલી ન શકવાની તેમને ખાત્રી થઇ.

ચીન અતિ વિશાળ દેશ છે. આ સમયે એનું સામ્રાજ્ય મંચુરીઆ, મંગોલીઆ, કોરીઆ, ટીબેટ, ઇન્ડોચાઇના, ચીનાઇ તુર્કસ્તાન વિગેરે ઘણા દેશોનું બનેલ હતું. ચીનમાં હજી યુરોપીયનોનો પ્રવેશ શરૂ થયો હતો. વેપાર માટે આવેલાં તે મુસદ્દીઓએ હજી જમીનોનો અને બંદરોનો કબજો સંપૂર્ણ રીતે લીધો નહોતો. ચીનમાં બહુ ગીચ વસ્તી છે. લગભગ ૪૦ થી ૪૫ કરોડ ચીનાઓ ચીનમાં વસે છે. જમીન ઉપર રહેવાની પ્રજાને પૂરતી જગ્યા ન મળવાથી વસ્તીનો કેટલોક ભાગ નદીઓમાં—બોટોમાં રહે છે.

આખા દેશમા એક ભાષા, એક જાતના લોકો, એક સામ્રાજ્ય અને એક સમ્રાટ હતા. લોકો અતિશય ઉદ્યોગી હતા, પરંતુ જૂના રીતરિવાજોને ચીવટથી વળગી રહેનારા હતા. જૂના વિચારોમાં સુધારો ન કરવાનો ઉપદેશ એમને મલ્યો હતો. યુરોપિયન સુધારા તરફ એમને ધૃણા હતી.

ચીનાઓ સુસંસ્કૃત પ્રજા હતી. એમણે દરેક દિશામાં ભૂતકાળમાં મોટી પ્રગતિ કરી હતી. પુસ્તકો છાપવાનાં બીબાંઓ અને મુદ્રણાલયોની શોધ એમણે સૌથી પ્રથમ કરી હતી. ચીનાઓએ જ પ્રથમ દારૂગોળો અને તોપો શોધી હતી. એમણે જ ચાહના છોડવા વાવ્યા હતા. જગતની બીજી અનેક શોધો ચીનાઓએ કરી હતી. અનેક પ્રકારના હુન્નરો–રેશમ વણવું, ચીની વાસણો બનાવવાં, સુંદર કળાયુક્ત ચિત્રો ચિતરવાં વિગેરે ચીનાઓએ ભારે પ્રગતિશીલ પ્રવૃતિઓની શરૂઆત કરી હતી. પાંચ હજાર વર્ષોની પ્રાચીન એમની સુસંસ્કૃતિ હતી. યુરોપ જ્યારે અત્યંત અંધકાર અને અજ્ઞાનમાં ડૂબ્યું હતું ત્યારે ચીનાઓએ સુધારાની ઊંચી સંસ્કૃતિ ભોગવી હતી. એક પછી એક મહાન્ સમ્રાટોએ ચીનને અત્યંત શ્રેષ્ઠ સ્થાને મુકયું હતું. ચીની પ્રજાએ કોઇપણ સામ્રાજ્ય કરતાં લાંબા સમય સુધી સુખ–શાંતિ અને સમૃદ્ધિ ભોગવ્યાં હતાં. સાહિત્ય-સંગીત વગેરે લલિત કળાઓમાં ચીન વિકાસવાન હતું.

મંચુ રાજ્યકર્તાઓના હાથમાં ચીન પછાત પડતું હતું. એમણે ચીનની પ્રજાને ગુલામીમાં રાખવા માટે ચોટલીઓ અને સ્ત્રીઓના પગ નાના રાખવાની પ્રથાઓ દાખલ કરી હતી. ચીનમાં અફીણ દાખલ થયું હતું. પરદેશીઓ દાખલ થયા હતા. ગીધોની માફક પરદેશીઓએ ચીનને ફોલી ખાવા માટે ભારે પેરવીઓની શરૂઆત કરી હતી. ચીનાઓમાં એવી માન્યતા હતી કે વડીલોની કૃતિઓમાં

કાંઇ સુધારો કરવો નહિ. જે કોઇ સુધારો કરશે તેને મરણ દંડની સજા થશે. મંચુ સમ્રાટોના બસો અઢીસો વરસોના રાજ્યશાસનમાં ચીન ઘણું પછાત પડી ગયું. ઊંચે શિખરે ચડેલું ચીન હવે નીચે ગબડતું હતું. વૃદ્ધ વડલો અંદરથી સડયો હતો.

તારાચંદે ચીની ભાષા શીખવાના પ્રયત્નો કર્યા. એ ભાષામાં જેટલા શબ્દો છે તેટલા તેના જુદા જુદા સંકેતો છે. આ રીતે ભાષા બહુ ખેડાયલી છતાં હજારો અક્ષરો હોવાથી શીખવાને માટે બહુ મુશ્કેલી છે. જગતમાં એવી અઘરી ભાષાઓ બહુ થોડી છે. વીશ વીશ વરસોના અભ્યાસ પછી પણ એમાં વિદ્વાન્ થવું મુશ્કેલ હતું. તારાચંદ મહેનત કરી ભાષા બોલતાં શીખ્યા. એને ધર્મ વિષે જાણવાનો બહુ શોખ હતો. પોતે જૈન ધર્મ સંબંધી ઊંડો અભ્યાસ કર્યો હતો. સાધુ મહારાજેનાં સંસર્ગમાં ખૂબ આવીને એમણે શકય એટલો જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો. એમણે સાંભળ્યું હતું કે બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મમાં બહુ સામ્ય છે. આ માટે જ તેઓ ચીનમાં આવ્યા હતા—અલબત્ત વેપારનું નિમિત્ત તો ખરૂં.

ચીની ભાષા બોલતાં શીખ્યા પછી તેઓ વિદ્વાન્ બુદ્ધ ધર્મના સાધુઓનાં પરિચયમાં આવ્યા. ચોથા સૈકામાં બુદ્ધ ધર્મના એક સાધુ અને સાતમા સૈકામાં બીજા સાધુ હ્યુ-એન-સ્યંગ હિંદમાં આવી બુદ્ધ ધર્મનાં સેંકડો પુસ્તકો ચીન લઇ ગયા હતા. હિંદમાં આ પુસ્તકો મળવાં દુર્લભ હતાં, પરંતુ ચીનમાં સાધુઓએ આ ગ્રંથો બહુ સંભાળથી સાચવી રાખ્યા હતા. તારાચંદે એ બધા ગ્રંથોમાંથી થોડું થોડું પાન સાધુઓદ્વારા કર્યું. તારાચંદ થોડું ભણેલા હતા, પરંતુ બહુશ્રુત હતા. એમની ધર્મબુભુક્ષા ઊંડી અને

વ્યાપક હતી. પોતાનો વેપાર કરવા ઉપરાંતનો સમય સાધુઓની સાથે ગાળવા માંડયો.

જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મમાં એમને ઘણું સામ્ય જણાયું. બંનેના તત્ત્વજ્ઞાનો અને મૂળતત્ત્વો ભિન્ન ભિન્ન હોવા છતાં બાહ્ય સમાન ભાવ પુષ્કળ જોવામાં આવ્યો. બંને અહિંસક ધર્મ હતા, બંનેમાં નીતિના ઉચ્ચ સિદ્ધાન્તોનો સમન્વય હતો. બંનેમાં પૂજા, પાઠની ક્રિયાઓ હતી. બંનેમાં ચોવીસ ચોવીસ તીર્થંકરો અને બુદ્ધો હતા. બંનેમાં પૂર્વ કથાઓનું વિશાળ સાહિત્ય હતું. બંનેએ મનના અને ઇંદ્રિયોના સંયમ પરત્વે મોટું મહત્ત્વ આપ્યું હતું. બંને યજ્ઞયાગ વિધિઓને, વર્ણોને, જાતિભેદોને તિરસ્કારે છે. એ બધું સમજી તારાચંદ આશ્ચર્ય પામ્યા. હિંદમાં એ સમયે બૌદ્ધ ધર્મનો લોપ થયો હતો. પુસ્તકો કે સિદ્ધાન્ત સમજાવનાર કોઇ નહોતા. તેણે ત્રણ વરસ ચીનમાં ગાળ્યાં.

કુટુંબમાં કાંઇ કારણ બનવાથી તારાચંદને પાછું આવવું પડયું. મુંબઇમાં આવી બારેક માસ રહ્યા. ચીનમાંથી તેઓ નાણું કમાઇ આવ્યા હતા—જો કે અતિ ધનવાન નહિ, પણ સમૃદ્ધ સ્થિતિ હતી. મુંબઇમાં તેઓ બાર માસ રહ્યા, પરંતુ એમનું મન તો ચીનમાં ચોંટયું હતું. ચીનમાં એમને બૌદ્ધ ધર્મનું જ્ઞાન વધારે પ્રમાણમાં મેળવવાની લગની લાગી હતી. આથી પોતાના ધંધા અને કુટુંબનો યોગ્ય બંદોબસ્ત કરી ફરી તેઓએ ચીનનો માર્ગ લીધો. એક અંગ્રેજી વેપારી વહાણ ઉપર ચડી બે ત્રણ માસે શેંગહાઇ ઉતર્યા. મુંબઇથી બીજી વખત તા. ૨૭ મી જુલાઇ ૧૮૧૪ ના રવાના થયા હતા.

શેંગહાઇ મોટું શહેર છે. મોટું બંદર અને વેપારનું મથક છે.

પરંતુ એ શહેરમાં અનેક પરદેશીઓ વસતા હતા એટલે પોતે ચીનાઓની વસ્તીવાળાં શહેરમાં જવા ઇચ્છા રાખી. આથી પોતાના મુનીમ જહાંગીરજી ખરશેદજી લીકીમના નામના પારસી ગૃહસ્થ (જે તેમની સાથે જ મુંબઇથી આવ્યા હતા)ને પોતાની ચીનની પેઢીનો વહીવટ સોંપ્યો. પોતે કંતાન ગયા. આ શહેર પણ મોટું બંદર છે. માત્ર ચીનાઓની વસ્તી છે. કંતાનમાં તેઓ ચીના વેશમાં રહેતા હતા. શાકભાજી ખાવાને વનસ્પતિ આહાર કરતા હતા. એમના રીત-રિવાજ બહુ સાદા, નીતિમાન અને ધર્મિષ્ઠ હતા. સ્વભાવ બહુ મળતીઓ હતો. રાજ્યદારી કે બીજી ખટપટમાં પડતા નહોતા. સરલભાવે પોતાના કાર્યમાં અને બુદ્ધ સાધુઓની પાસે બેસવા ઉઠવામાં એમનો સમય જતો હતો.

તેઓ હવે અહીં ચીના થઇ ગયા હતા. છતાં પોતાન જૈન ધર્મની આજ્ઞાઓ ભૂલ્યાં નહોતા. સમય પ્રમાણે ધર્મ-ધ્યાન બરાબર કરતા હતા. બૌદ્ધ સાધુઓ સાથે ઘરોબો સંબંધ બંધાયો હતો. સાધુઓને દાન પણ આપતા હતા. સૌની સાથે મીઠી વાતચીત કરવાની એમની ટેવ હતી. તેઓ ચીના વેપારીઓ સાથે બહુ સલુકાઇથી વર્તતા હતા. આથી એમનામાં એ લોકપ્રિય હતા. સાધુઓ પણ એમના ઉપર પ્રીતિ રાખતા હતા. સાધુઓની કૃપાને લીધે રાજ્યના અધિકારીઓ અને મોટેરાઓમાં પણ તેઓ જાણીતા થયા હતા. સૌ એમને ધાર્મિક પુરુષ તરીકે માન આપતું હતું. સાધુઓ અજાણ્યાને ધર્મ પુસ્તકો બતાવતા કે શીખવતા નથી તેમાં તારાચંદ અપવાદરૂપ હતા. એમના ઉપર સાધુઓની કૃપા હતી.

તારાચંદે લગભગ આઠ વરસો ત્યાં ગાળ્યાં. બૌદ્ધ ધર્મ અને બૌદ્ધોની વચ્ચે રહ્યા છતાં જૈન ધર્મને ભૂલ્યા નહોતા. મોટા બૌદ્ધધર્મના વૃદ્ધમહંત તેના ઉપર પુત્ર જેવી પ્રીતિ રાખતા હતા.

"ગુરુશ્રી ! એક નમ્ર વિનંતિ છે."

"વત્સ ! શું છે ? કહી નાંખ."

"ગુરો, પ્રભુશ્રી મહાવીરસ્વામી બુદ્ધની પેઠે મહાન્ વિભૂતિ હતા, એઓ પણ જગતના દુઃખો કાપવા જન્મ્યા હતા. મેં એમના જીવન અને બોધવચનોની આપની પાસે અનેક વાર વાતો કરી છે. તેમનુ ઊંડું અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન, ઊંચો સંયમ અને સર્વજ્ઞપણું, એમનો મહાન્ વિભૂતિ તરીકે ઇતિહાસ, ધર્મગ્રંથોને પાને પ્રકાશે છે. આપણા હોનાનના તે મહાન્ મંદિરમાં તેમની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવીએ તો ? આવાં સત્કાર્યોમાં સહકાર આપવો એ તમારા જેવા મહાપુરુષોનું કામ છે."

ધર્મગુરુ વિચારમાં પડી ગયા. પા કલાક પછી તેમણે ધીરે-ઉદાત્ત અવાજે કહ્યું:

"હું તારી પાસેથી એ મહાન્ તીર્થંકરની હકીકતો સમજ્યો છું. તે પ્રમાણે નિશંસય એ જગતના કલ્યાણકર્તા હતા, પરંતુ આ કાર્ય નવીન અને મહત્વતાભરેલું છે. એમાં બુદ્ધ સંઘ, સાધુઓ અને રાજ્યસત્તાની સંમતિ જોઇએ. એકલી મારી સંમતિ બસ નથી."

"ગુરો, આપ આખા કંતાનમાં—અરે ઉત્તર ચીનમાં સૌથી મહાન્ મહંત છો. આપના ઉન્નત આચાર, વિદ્વત્તા, વૃદ્ધવય, મહાન્ અધિકારથી આપ સૌને પૂજનીય છો. આપના લાખો અનુયાયીઓ છે. આપ જ આ કામ ન ઉપાડો ? મારા ઉપર પ્રસન્ન થાઓ. આઠ વરસના સહવાસમાં આ એક જ વર માગું છું."

"ભદ્ર, તારું કલ્યાણ થાઓ. હું પેરવી કરીશ."

પુનમને દિવસે મોટો સંઘ ભરાયો. મોટા અધિકા

જડજો, વેપારી ધનવાનો, વિદ્વાનો ત્યાં હાજર હતા. હજારો સાધુઓ પણ ત્યાં હાજર હતા. કંતાનનો વાઇસરોય ચેંગ પણ ત્યાં આવ્યો હતો. મહાન્ ધર્મગુરુએ બોધ આપવાનું શરૂ કર્યું. તેણે શ્રી મહાવીરસ્વામી અને બુદ્ધ દેવની સમકાલીનતા અને ધર્મ, સિદ્ધાન્તના સામ્ય વિષે લંબાણથી શ્રોતાઓ પાસે વાત કરી. એ પણ ભગવાન બુદ્ધના દેશના મહાન વિભૂતિ હતા. આચાર, સંયમ, અહિંસાના પાલક હતા. પૂજનીય અને શ્રદ્ધાસંપન્ન હતા. એમની મૂર્તિ હોનાનના મંદિરમાં પ્રતિષ્ઠિત કરવાનો પોતાનો અભિપ્રાય જાહેર કર્યો. ધર્મગુરુની મહત્તામાં સૌને વિશ્વાસ હતો. સૌએ મૂંગી સંમતિ આપી.

આજે કાર્તિક શુદિ પૂર્ણિમા છે. મોટો મહોત્સવ હોનાનના મંદિરમાં છે. શ્રી મહાવીરસ્વામીની પિત્તળની સુંદર મૂર્તિ હિંદથી મંગાવવામાં આવી હતી. તારાચંદના ખર્ચે મોટો ઉત્સવ થયો હતો. હજારો સાધુઓને ભિક્ષા અને વસ્ત્રોનું દાન કરવામાં આવ્યું. તારાચંદે હજારો ડોલરો ખર્ચી મોટો મહોત્સવ કરાવ્યો હતો. ભગવાન મહાવીરની સુંદર પિત્તળની મૂર્તિની પ્રતિષ્ઠાની ક્રિયા કંતાનના–હોનાનના મંદિરમાં બૌદ્ધ ધર્મગુરુના હાથથી થઇ. હજુ પણ હોનાનના મંદિરમાં એ મૂર્તિના દર્શન, પૂજા, અર્ચાનો લાભ હજારો માનવી મેળવે છે.

તારાચંદ સને ૧૮૨૨ માં મુંબઇ આવ્યા. તેમણે વૃદ્ધાવસ્થા આરામથી દેશમાં ગાળી હતી. તેના વિષે તેથી વધુ હકીકત કંઇ મળતી નથી.

બૌદ્ધોના

બૌદ્ધધર્મના વૃ